અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)
AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૪૧ |
| પાઉન્ડ | ૧૦૩.૯૫ |
| યુરો | ૮૮.૯૮ |
| સઉદી રિયાલ | ૨૨.૨૩ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૫,૭૬૦ |
| ચાંદી (૧ કિલો) | ૮૬,૫૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૨૬૧ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ ૭૭ ટકા, બિહારમાં સૌથી ઓછું ૪૬ ટકા મતદાન થયું

# લોકસભા ચૂંટણી : પ્રથમ તબક્કામાં ૬૦% જેટલું મતદાન

## તમિલનાડુની તમામ ૩૯ બેઠકો, રાજસ્થાનની ૧૨, ઉત્તરપ્રદેશની ૮, મધ્યપ્રદેશની ૬, પશ્ચિમ બંગાળની ત્રણ, બિહારની ચાર, મણિપુર અને જમ્મુ-કાશ્મીરની એક-એક બેઠકો સહિત ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર મતદાન પૂર્ણ ● કેટલાક રાજ્યોમાં છૂટીછવાઈ હિંસા છતાં પ્રથમ તબક્કામાં એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ભાજપની આગેવાનીવાળી એનડીએ અને વિપક્ષ ઈન્ડિયા વચ્ચેની સીધી લડાઈમાં શુક્રવારે પ્રથમ તબક્કા માટે મતદાન યોજાયું હતું. ૭ તબક્કાની ચૂંટણી પ્રક્રિયાના પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો પર મતદાન થયું હતું જેમાં આશરે ૬૦ ટકા જેટલું મતદાન થયું હતું તેમ ચૂંટણી પંચના પ્રાથમિક આંકડાઓમાં જાણવા મળ્યું હતું. પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ ૭૭ ટકા કરતાં વધારે જ્યારે બિહારમાં સૌથી ઓછું ૪૬ ટકા જેટલું મતદાન યોજાયું હતું.

**આ અંગે ૧૦ મહત્ત્વના મુદ્દા :-**

૧. પ્રથમ તબક્કામાં તમિલનાડુ (૩૯), રાજસ્થાન (૧૨), ઉત્તરપ્રદેશ (૮), મધ્યપ્રદેશ (૬), ઉત્તરાખંડ (૫), અરૂણાચલપ્રદેશ (૨), મેઘાલય (૨)ની તમામ બેઠકો ઉપરાંત આંદામાન અને નિકોબાર ટાપુઓ (૧), મિઝોરમ (૧), નાગાલેન્ડ (૧), પુડુચેરી (૧), સિક્કિમ (૧) અને લક્ષદ્વીપ (૧), આસામ અને મહારાષ્ટ્રમાં પાંચ-પાંચ, બિહારમાં ચાર, પશ્ચિમ બંગાળમાં ત્રણ, મણિપુરમાં બે અને ત્રિપુરા, જમ્મુ અને કાશ્મીર અને છત્તીસગઢમાં એક-એક બેઠક પર મતદાન થયું હતું.

૨. ચાર રાજ્યો આંધ્રપ્રદેશ, ઓડિશા, સિક્કિમ અને અરૂણાચલપ્રદેશમાં પણ આ લોકસભા ચૂંટણીની સાથે નવી વિધાનસભા માટે મતદાન થઈ રહ્યું છે. તેમાંથી અરૂણાચલપ્રદેશ (૬૦ બેઠકો) અને સિક્કિમ (૩૨)ની વિધાનસભા ચૂંટણી માટે પ્રથમ તબક્કામાં મતદાન થયું હતું.

૩. સાંજે પાંચ કલાકે ૫૯.૭ ટકા જેટલું મતદાનનોંધાયું હતું. તમિલનાડુમાં ૬૩.૨ ટકા, રાજસ્થાનમાં ૫૦.૩ ટકા, ઉત્તરપ્રદેશમાં ૫૭.૫ ટકા અને મધ્યપ્રદેશમાં ૬૩.૩ ટકા મતદાન નોંધાયું હતું. સામાન્ય ચૂંટણીની સાથે રાજ્યની ચૂંટણીઓ માટે સિક્કિમ અને અરૂણાચલપ્રદેશમાં અનુક્રમે ૬૭.૫ અને ૬૪.૭ ટકા મતદાન નોંધાયું હતું.

૪. બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચે કૂચ બિહારમાં અથડામણ થઈ હતી અને એકબીજા પર હિંસા, મતદારોને ડરાવવા અને પોલ એજન્ટો પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો તેમ સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો હતો. પોલીસે કોઈપણ હિંસાનો ઈન્કાર કર્યો હતો. મણિપુરમાં બિષ્ણુપુરમાં એક મતદાન મથકમાંથી ગોળીબારનો અવાજ સંભળાયો હતો. ઈમ્ફાલ પૂર્વ જિલ્લામાં એક મતદાન મથકમાં તોડફોડ કરવામાં આવી હતી. તમિલનાડુમા બે વૃદ્ધ લોકોમાંથી એક ૭૭ વર્ષીય મહિલા સાલેમ જિલ્લામાં મતદાન મથક પર મૃત્યુ પામ્યા.

૫. એનડીએ પોતાના ગત પ્રદર્શનમાં વધારો કરવા માંગે છે. પીએમ મોદીએ એનડીએને ૪૦૦નો લક્ષ્યાંક આપ્યો છે. છેલ્લી ચૂંટણીમાં એનડીએ ૩૫૩ બેઠકો જીતી હતી જે ૨૦૧૪ કરતાં પાંચ ટકા વધુ હતી. ૨૦૧૯માં ભાજપે ૩૦૩ બેઠકો જીતી હતી.

૬. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની લિકર કેસમાં ધરપકડ બાદ વિપક્ષી જૂથ ઈન્ડિયાએ ચૂંટણીમાં તેની અવ્યવસ્થાને લઈને પ્રચાર કર્યો છે જેમાં ખાસ કરીને બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે પક્ષપલટો કર્યો હતો.

૭. ભાજપ ઉત્તરપૂર્વમાં વધુ બેઠકો જીતવાની આશા રાખે છે જ્યારે પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સા તથા દક્ષિણના રાજ્યોમાં તેને વધુ બેઠકોની આશા નથી.

૮. દક્ષિણમાં એક સમયે કોંગ્રેસ સિવાય ઉત્તરના તમામ પક્ષો સામે ગઢ ગણાતો હતો, ભાજપને કર્ણાટકમાં કેટલીક બેઠકો પર જીતની અપેક્ષા છે જ્યાં ગયા વર્ષે કોંગ્રેસની સરકાર માટે મતદાન થયું હતું.

૯. ઉત્તરભારતના મોટાભાગમાંથી હાલ બહાર રહેલી કોંગ્રેસને આ ચૂંટણીમાં પુનરાગમનની આશા છે. વરિષ્ઠ નેતા કે.સી. વેણુગોપાલે કહ્યું છે કે, પાર્ટી ઉત્તરપ્રદેશ અને બિહારના ભાજપના ગઢ સહિત મોટાભાગના ઉત્તરી રાજ્યોમાં પ્રદર્શન સુધારવા માગશે. કોંગ્રેસ તેલંગાણા અને કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીમાં જીત અને તમિલનાડુમાં ડીએમકે સાથે ગઠબંધનને પગલે તે દક્ષિણમાં પરિણામો વિશે મોટો વિશ્વાસ ધરાવે છે.

૧૦. આઠ કેન્દ્રીય પ્રધાનો, બે પૂર્વ મુખ્યપ્રધાનો, એક પૂર્વ રાજ્યપાલ અને સંખ્યાબંધ મુખ્ય નેતાઓ શુક્રવારે મેદાનમાં હતા જે ૨૦થી વધુ બેઠકો પર હરીફાઈ કરી રહ્યા છે. તેમાં કેન્દ્રીય મંત્રીઓ નીતિન ગડકરી, જિતેન્દ્રસિંહ, કિરન રિજિજુ, અર્જુન રામ મેઘવાલ, સંજીવ બાલયાન, તેલંગાણાના પૂર્વ ગવર્નર તમિલિસાઈ સૌંદરરાજન, લોકસભામાં કોંગ્રેસના નાયબ નેતા ગૌરવ ગોગોઈ અને આસામના પૂર્વ મુખ્યપ્રધાન સર્બાનંદ સોનોવાલનો સમાવેશ થાય છે. તમામ તબક્કાની મતગણતરી ૪ જૂને થશે.

CELEBRATING EXCELLENCE 33 years GT

# મણિપુરમાં પોલિંગ બૂથ પાસે તોફાનીઓનો ખુલ્લો ગોળીબાર, ૩નાં મોત


## આંતરિક મણિપુર ચૂંટણી ક્ષેત્રમાં એક મતદાન કેન્દ્ર પાસે તોફાનીઓના એક સમૂહે ગોળીબાર કર્યો, જેના પરિણામ સ્વરૂપ ત્રણ લોકોનાં મોત થયા, અધિકારીઓએ પ્રતિક્રિયામાં ક્ષેત્રમાં સુરક્ષા ઉપાયોને ઝડપથી મજબૂત કર્યા, તે ઉપરાંત ઈમ્ફાલ પૂર્વ જિલ્લાની થોંગજુ વિધાનસભા સીટ હેઠળ એક મતદાન કેન્દ્ર પર બર્બરતાની સૂચના મળી હતી

(એજન્સી) તા.૧૯

ઓનલાઈન પ્રસારિત થઈ રહેલા ૨૩ સેકન્ડના વીડિયોમાં ગોળીબાર દરમ્યાન બૂમો પાડતા લોકોની સાથે અરાજક દશ્ય જોવા મળ્યા. સૂત્રોએ જણાવ્યું કે, ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના ભમોન કંપુમાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો પણ નષ્ટ કરી દેવામાં આવી છે. ઉપદ્રવીઓએ મતદાન કેન્દ્રની અંદર માત્ર ભાજપના એજન્ટોની માંગ કરી. એવા વીડિયો ઓનલાઈન સામે આવ્યા છે, જેમાં પોલીસ કર્મચારીઓને મતદાન કેન્દ્ર પર સુરક્ષા ઉપાયોને મજબૂત કરતા દર્શાવવામાં આવ્યા છે. ખાસ કરીને રાજ્યની બે સીટો આંતરિક મણિપુર અને બાહ્ય મણિપુર પર આજે મતદાન થઈ રહ્યું છે. આ પહેલા દિવસે મણિપુરના મુખ્યમંત્રી એન. બિરેનસિંહ ૨૦૨૪ની સામાન્ય ચૂંટણી માટે ચાલી રહેલા પ્રથમ તબક્કાના મતદાનમાં ઈમ્ફાલ પૂર્વના લુવાંગસાંગબામ મમાંગ લીકાઈમાં એક મતદાન કેન્દ્ર પર પોતાના વોટ નાંખ્યા. પાછલા વર્ષે ૩ મેથી મણિપુરમાં પર્વતીય આધારિત કુકી અને ખીણ સ્થિત મેઈતેઈ લોકોની વચ્ચે હિંસક જાતીય અથડામણો જોવા મળી, જેમાં અનેક લોકો મૃત્યુ પામ્યા અને હજારો લોકો બેઘર થયા.



મણિપુર પોલિંગ બૂથ પર ફાયરિંગ
વાયરલ વીડિયોમાં સશસ્ત્ર લોકો દેખાયા



# યુપીના ગામમાં ઈન્સ્ટાગ્રામ રીલનો પ્રયાસ અવળો પડ્યો, ૨૧ વર્ષીય યુવકનું મોત



(એજન્સી) તા.૧૯

ઉત્તરપ્રદેશમાં એક યુવક માટે વાયરલ ઈન્સ્ટાગ્રામ રીલ બનાવવાનો પ્રયાસ જીવલેણ બની ગયો. ૨૧ વર્ષીય શિવમકુમાર એક સ્કૂલની છત પર ધ્વજ સ્તંભ સાથે ઉંધો લટકી ગયો કારણ કે તેના મિત્રોએ સ્ટંટ રેકોર્ડ કર્યો. તે ઉંધો લટકીને પિલ્લર પર ધ્વજ ફરકાવવા ઈચ્છતો હતો, જો કે સિમેન્ટનો થાંભળો વજન સહન કરવામાં નિષ્ફળ રહ્યો અને પડી ગયો જેથી તેનું મોત નીપજ્યું. ઘટના ગુરૂવારે સાંજે જનપદ બાંદાના ખેરાડા ગામ સ્થિત જુનિયર હાઈસ્કૂલમાં થઈ. શિવમ પોતાના પિતાને રેલવે સ્ટેશન લઈ ગયા પછી સ્કૂલ પહોંચ્યો અને સાંજે ૫ વાગે તેણે ઘર છોડયું. જ્યારે તે સ્કૂલ પહોંચ્યો તો તેના મિત્ર અનુ અને અંકિત સાથે મળીને સ્કૂલના ધાબે ગયા તેમણે રીલ રેકોર્ડિંગ શરૂ કરી થાંભલો પડી ગયો અને શિવમ નીચે દબાઈ ગયો. તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું. તેનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ આ પ્રકારના અનેક સ્ટંટથી ભરેલ છે, જ્યાં તેને ઝાડ અને છત પરથી ઉંધો લટકેલો જોઈ શકાય છે. પોતાના પુત્રના ઓચિંતા મૃત્યુથી પીડાઈ રહેલા શિવમના પિતા વરદાની એક મજુર તરીકે કામ કરે છે. જ્યારે તે એક પાણી પાઉચ ફેક્ટરીમાં કાર્યરત હતા. મટોધ સ્ટેશન પ્રભારી રામ મોહન રાયે જણાવ્યું કે પરિવાર તરફથી અત્યાર સુધી કોઈ ઔપચારિક ફરિયાદ દાખલ કરવામાં આવી નથી.

# આ લવ જેહાદનો કિસ્સો નથી : કોલેજમાં મહિલાની હત્યાના આક્રોશ વચ્ચે કર્ણાટક સરકાર

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૧૯

હુબલીમાં કોલેજ કેમ્પસમાં કર્ણાટક કોંગ્રેસના કોર્પોરેટરની પુત્રીની હત્યાએ રાજ્યમાં રાજકીય આગને ભડકાવી દીધી છે, વિપક્ષ ભાજપ અને કોંગ્રેસ સરકાર વચ્ચે 'લવ જેહાદ'ના આરોપોને લઈને વિવાદ થઈ રહ્યો છે. ૨૩ વર્ષીય માસ્ટર્સ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન (MCA)ની વિદ્યાર્થિની નેહા પર ગઈકાલે હુબલીમાં BVB કોલેજના કેમ્પસમાં ફયાઝ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. સીસીટીવી ફૂટેજમાં ફયાઝ ભાગી જતા પહેલા નેહાને ઘણીવાર ચાકુ મારતો જોવા મળ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, ફયાઝ દ્વારા કરવામાં આવેલા છરાના અનેક ઘાથી મહિલાનું મૃત્યુ થયું હતું, જેની પાછળથી ધરપકડ કરવામાં આવી હતી. પીડિતાના પિતા નિરંજન હિરેમથે જણાવ્યું હતું કે, આરોપી ફયાઝ તેમના પરિવારને ઓળખતો હતો અને તેઓએ તેને નેહાનો પીછો કરતા અટકાવવાનો પ્રયાસ પણ કર્યો હતો. હિરેમથે કહ્યું, 'તે એક જૂનો વિદ્યાર્થી હતો અને તેણે મારી પુત્રીને પ્રપોઝ કર્યું હતું, પરંતુ તેણે તેનો પ્રસ્તાવ નકારી કાઢ્યો. તેણીને તે ગમતો ન હતો અને તે સામાન્ય રીતે આ બધાથી દૂર રહેતી હતી. તેણીએ તેનો પ્રસ્તાવ નકારી કાઢ્યો હતો, એમ કહીને કે તે બંને જુદી-જુદી જાતિના છે અને તે તેની સાથે કોઈ સંબંધ રાખવા માંગતી નથી. તેથી ગુસ્સામાં તેણે મારી પુત્રીને છરી મારી હતી.' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'હત્યાનો હેતુ એ છે કે, પીડિતાએ આરોપીના પ્રેમ પ્રસ્તાવને ફગાવી દીધો હતો. ઘટના બની તે પહેલા અમે આરોપી સાથે વાતચીત કરી હતી જ્યાં અમે તેને સમજાવ્યું હતું કે, અમે હિન્દુ છીએ અને તમે મુસ્લિમ છો, તેથી અમે તને લગ્ન કરવાની પરવાનગી આપી નહીં શકે.' ભાજપે કાયદો અને વ્યવસ્થાના ભોગે તુષ્ટિકરણની રાજનીતિ રમવાનો આરોપ લગાવતા સિદ્ધારમૈયાની આગેવાની હેઠળની કોંગ્રેસ સરકાર પર પ્રહારો કર્યા હતા. કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોષીએ જણાવ્યું હતું કે, 'આ એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે અને હું માનું છું કે, આમાં 'લવ જેહાદ'નો એક એંગલ છે. જ્યારે છોકરીએ આગળ વધવાની ના પાડી, ત્યારે તેની હત્યા કરવામાં આવી હતી. કોંગ્રેસની સરકારમાં કાયદો અને વ્યવસ્થા નથી.' કર્ણાટક સરકારે આ આરોપોને નિશ્ચિતપણે નકારી કાઢ્યા હતા. રાજ્યના ગૃહપ્રધાન જી. પરમેશ્વરાએ દાવો કર્યો હતો કે, નેહા અને ફયાઝ વચ્ચે ખટાશ આવી તે પહેલાથી તેઓ સંબંધોમાં હતા. પરમેશ્વરાએ કહ્યું, 'કદાચ તેણે તેણીને ચાકુ માર્યું કારણ કે, તેણી કોઈ બીજા સાથે લગ્ન કરવાની હતી, પરંતુ મને હજુ સુધી વિગતો ખબર નથી. પરંતુ તે પરસ્પર સંબંધ હોવાથી તે લવ જેહાદનો કેસ હોય તેવું લાગતું નથી.' નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે ભાજપ પર ડર અને ગભરાટ ફેલાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો.

# ગ્રેનેડ, વિસ્ફોટક જેકેટ સાથે વ્યક્તિ પેરિસમાં ઈરાની કોન્સ્યુલેટમાં પ્રવેશ્યો; ધરપકડ

(એજન્સી) તા.૧૯

આ વ્યક્તિએ પેરિસમાં ઈરાનના દૂતાવાસમાં આત્મઘાતી હુમલો કરી તેને ઉડાવી દેવાની ધમકી આપી હતી. પેરિસ પોલીસે ઈરાની વાણિજ્ય દૂતાવાસમાં એક વ્યક્તિ ગ્રેનેડ લઈને અને વિસ્ફોટક જેકેટ પહેરીને પ્રવેશ્યો હોવાના અહેવાલો મળ્યા બાદ પેરિસ પોલીસે એક વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી. આ વ્યક્તિ કથિત રીતે પ્રથમ વખત કોન્સ્યુલેટ પરિસરની બહાર જોવા મળ્યો હતો. ફ્રેન્ચ ટેલિવિઝન અને સોશિયલ મીડિયા પર ફરતી તસવીરોમાં બિલ્ડિંગની આસપાસ પોલીસની ભારે પ્રમાણમાં હાજરી જોવા મળી હતી. મડાગાંઠ જારી રહેવા વચ્ચે એવા અહેવાલો બહાર આવ્યા કે વ્યક્તિએ કોન્સ્યુલેટમાં આત્મઘાતી હુમલો કરવાની ધમકી આપી હતી. ફ્રેન્ચ પોલીસે આ વિસ્તારને ઘેરી લીધો હતો અને જોખમને ખાળવા માટે સુરક્ષા વધારી દીધી હતી. પોલીસ સૂત્રોએ બાદમાં મીડિયાને જણાવ્યું હતું કે, શંકમંદને પકડી લેવામાં આવ્યો છે. નજરે નિહાળનાર લોકોએ માણસને ગ્રેનેડ અને વિસ્ફોટક જેકેટ ધારણ કરેલો જોયો હતો, જેનાથી સંભવિત આતંકવાદી હુમલાની ચિંતા વધી ગઈ હતી. મીડિયાએ કેટલાક સાક્ષીઓને ટાંકીને તેની વેબસાઈટ પર જણાવ્યું હતું કે, તે વ્યક્તિએ વાણિજ્ય દૂતાવાસના ફ્લોર પર ધ્વજ ખેંચી લીધો હતો અને કહ્યું હતું કે, તે તેના ભાઈના મૃત્યુનો બદલો લેવા માંગે છે. સત્તાવાળાઓએ વ્યક્તિના આવા વર્તન પાછળના ઈરાદા જાહેર કર્યા ન હતા. પેરિસ ટ્રાન્સપોર્ટ કંપની આરએટીપી દ્વારા તેના X એકાઉન્ટ પર જે અગાઉ ટ્વિટર તરીકે ઓળખાતું હતું, જણાવ્યું હતું કે, કોન્સ્યુલેટની નજીકના સ્ટોપ્સમાંથી પસાર થતી બે મેટ્રો લાઈન પર ટ્રાફિક સ્થગિત કરવામાં આવ્યો હતો. આ ઘટના એવા સમયે બની છે જ્યારે મધ્ય-પૂર્વમાં સતત અસ્થિરતા અને રાજદ્વારી પડકારોનો સામનો કરી રહેલા ભૌગોલિક રાજકીય તણાવમાં વધારો થયો છે. જો કે, તે સ્પષ્ટ નથી થયું કે આ ઘટનાનો ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના વર્તમાન તણાવ સાથે કોઈ સંબંધ છે કે કેમ.

# યસ બેંકના સહ-સ્થાપક રાણા કપૂરને બેંક ફ્રોડ કેસમાં જામીન મળ્યા; ચાર વર્ષ પછી જેલમાંથી બહાર નીકળ્યા

## કપૂરના વકીલ રાહુલ અગ્રવાલે જણાવ્યું હતું કે, તેઓ શક્ય તેટલી વહેલીતકે જામીનની ઔપચારિકતાઓ પૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે

(એજન્સી) મુંબઈ, તા.૧૯

ત્યાંની એક વિશેષ અદાલતે ગઈકાલે યસ બેંકના સહ-સ્થાપક રાણા કપૂરને રૂા.૪૬૬.૫૧ કરોડના બેંક છેતરપિંડીના કેસમાં જામીન આપ્યા હતા, જેનાથી ચાર વર્ષ પછી તેઓ જેલમાંથી બહાર નીકળ્યા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ માર્ચ ૨૦૨૦માં મની લોન્ડ્રિંગ કેસમાં કપૂરની ધરપકડ કરી હતી અને તેમની સામે બેંકમાં છેતરપિંડી સંબંધિત આઠ કેસ નોંધવામાં આવ્યા હતા. બેંકરને હવે તમામ કેસમાં જામીન મળી ગયા છે. કપૂરના વકીલ રાહુલ અગ્રવાલે જણાવ્યું હતું કે, તેઓ શક્ય તેટલી વહેલી તકે તેમની મુક્તિની સુવિધા માટે જામીનની ઔપચારિકતાઓ પૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કોર્ટે કપૂરની અને અવંથા ગ્રુપના પ્રમોટર ગૌતમ થાપર વિરુદ્ધ સીબીઆઈના કેસમાં કપૂરને ૪૬૬.૫૧ કરોડ રૂપિયાના જાહેર નાણાંને ડાયવર્ઝન કરવા માટે ફોજદારી ષડ્યંત્ર, વિશ્વાસ ભંગનો ગુનાહ, છેતરપિંડી કરવાના આરોપમાંથી તેમના જામીન મંજૂર કર્યા હતા.

# નવાબ મલિકની કંપનીએ ED કેસમાં આરોપમુક્ત કરવાની માંગ કરી

(એજન્સી) તા.૧૯

મલિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરે પોતાના એક ભાગીદાર અને એનસીપી નેતા નવાબ મલિકના પુત્ર આમિર મલિકના માધ્યમથી ગુરૂવારે એક આરોપમુક્ત અરજી દાખલ કરી અને દાવો કર્યો કે, દાઉદ ઈબ્રાહિમની બહેન હસીના પારકરની સંબંધિત કથિત જમીન સોદાના સંબંધમાં મની લોન્ડ્રિંગ માટે મલિક, તેમની બે ફર્મો સોલિડસ ઈન્વેસ્ટમેન્ટ્સ અને મલિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સરદાર ખાનની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

નવાબ, આમિર અને પત્ની મહેજબીનની ભાગીદાર કંપની મલિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરે આરોપમુક્ત કરવાની અરજી દાખલ કરી. દાવો કર્યો છે કે, કંપનીએ ગોવાવાલા પરિસરના માત્ર એક ભાગને ભાડું વસૂલવા માટે સોલિડસ ઈન્વેસ્ટમેન્ટ્સની સાથે સમજૂતી કરી હતી જે જમીનનો ભાગ ન હતી.

ફર્મે દાવો કર્યો છે કે, ફરિયાદ પક્ષના મામલા મુજબ, મુનીરા પ્લમ્બર અને તેના પરિવારની માલિકીવાળી જમીનને પચાવી પાડવા માટે ષડ્યંત્ર રચ્યું હતું, જેને ગોવાલ કમ્પાઉન્ડ સંપત્તિ તરીકે ઓળખવામાં આવે છે. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે, જમીન ૩૩૬/૬ની ભાડાની આવકનો દાવો કરવો અને પીઓસી તરીકે ચિત્રિત કરવું. એક ખોટી ધારણા છે અને માટે ફર્મની ફરિયાદને નકારવાની જરૂરત છે.

# રાજસ્થાન લોકસભા ચૂંટણી ૨૦૨૪ : પ્રથમ તબક્કાના મતદાન દરમિયાન ૧૨ રાજ્યની બેઠકોમાં ભાજપ સામે જોરદાર સ્પર્ધા

## જાટ અને મીણાને ભાજપના પરંપરાગત મતદારો ગણવામાં આવતા નથી તેથી આ બેઠકોનું જાતિ સમીકરણ પણ ભગવા પક્ષ માટે પડકારરૂપ છે

(એજન્સી) તા.૧૯

રાજસ્થાનમાં સત્તામાં હોવા છતાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ભાજપને ૧૨ રાજ્યોના મતવિસ્તારોમાં સખત સ્પર્ધાનો સામનો કરવો પડે તેવી શક્યતા છે. આ તમામ બેઠકો રાજ્યના પૂર્વોત્તર ભાગમાં છે. તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૧૧૫ બેઠકો જીતી હતી પરંતુ પૂર્વોત્તર ક્ષેત્રની 12 LS બેઠકો પર તે સારૂં પ્રદર્શન કરી શક્યું નથી. 12 LS બેઠકો હેઠળ આવતા કુલ ૯૬ વિધાનસભા ક્ષેત્રોમાંથી ૪૭ કોંગ્રેસ, ૪૨ ભાજપ અને સાત અપક્ષોએ જીત્યા હતા. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં જયપુર શહેર, જયપુર ગ્રામીણ, અલવર, ચુરૂ, સીકર, ઝુનઝુનુ, નાગૌર, દૌસા, કરૌલી-ધોલપુર, ભરતપુર, બીકાનેર અને શ્રીગંગાનગર બેઠકો પર મતદાન થશે. તેમાંથી જયપુર શહેર, દૌસા, ભરતપુર અને બિકાનેર એવી બેઠકો છે જ્યાં ભાજપે વિધાનસભા ચૂંટણીમાં લીડ મેળવી હતી; જ્યારે જયપુર ગ્રામીણમાં કોંગ્રેસ અને ભાજપની બરાબરી છે. બાકીની સાત બેઠકો પર કોંગ્રેસનો દબદબો હતો. આ વખતે પ્રચાર દરમિયાન ભાજપના કેન્દ્રીય નેતૃત્વનું ધ્યાન પણ આ બેઠકો પર હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝુનઝુનુ, જયપુર ગ્રામીણ, કરૌલી-ધોલપુર અને પુષ્કરમાં સભાઓ કરી અને દૌસામાં રોડ શો કર્યો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જયપુરમાં રોડ શો અને અલવરમાં જાહેર સભા યોજી હતી. રાજસ્થાનમાં પ્રથમ તબક્કાના મતદાનમાં બે કેન્દ્રીય મંત્રીઓ, બિકાનેરથી અર્જુન રામ મેઘવાલ અને અલવરથી ભૂપેન્દ્ર યાદવ મેદાનમાં છે. ૧૨ લોકસભા બેઠકોમાંથી કેટલીક પર જાતિના સમીકરણો વર્ચસ્વ ધરાવે છે; જેમાં શેખાવતીમાં સિકર, ચુરૂ, ઝુનઝુનુ અને પૂર્વી રાજસ્થાનમાં દૌસા, કરૌલી અને ભરતપુરની બેઠકોનો સમાવેશ થાય છે. શેખાવતી બેઠકો પર જાટોનું વર્ચસ્વ છે, જ્યારે પૂર્વ રાજસ્થાનની બેઠકો પર મીણા અને ગુર્જરોનું વર્ચસ્વ છે. જાટ અને મીણાને ભાજપના પરંપરાગત મતદારો ગણવામાં આવતા નથી, તેથી આ બેઠકોનું જાતિ સમીકરણ પણ ભગવા પક્ષ માટે પડકારરૂપ છે. જો કે, કોંગ્રેસ માટે આ કોઈ સરળતા નથી. વિધાનસભા ચૂંટણીમાં સારો દેખાવ હોવા છતાં કોંગ્રેસે સીકર અને નાગૌર બેઠકો CPI(M) અને RLPને આપી છે, જેઓ ઈન્ડિયા બ્લોકનો ભાગ છે. જયપુર સિટી, જયપુર ગ્રામીણ, અલવર, ભરતપુર, બિકાનેર અને ગંગાનગર એવી બેઠકો છે જ્યાં હિંદુત્વ જેવા મુદ્દાઓ મતદાન પર પ્રભુત્વ ધરાવે છે. કોંગ્રેસની આંતરિક તકરાર જયપુર, નાગૌર અને બિકાનેર જેવી કેટલીક બેઠકો પર સફળતાની તકોને પાટા પરથી ઉતારી શકે છે. રાજકીય વિશ્લેષક રાજીવ તિવારીએ જણાવ્યું હતું કે, આ વખતે ચૂંટણીમાં જ્ઞાતિ સમીકરણો પ્રભુત્વ ધરાવે છે, તેથી અહીંની સ્પર્ધાઓ રસપ્રદ રહેશે.

# મધ્યપ્રદેશમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ : મતદાન દરમિયાન છિંદવાડામાં BJP નેતા લોકોને 'લાંચ આપતા' પકડાયા; કોંગ્રેસે વીડિયો શેર કર્યો

## છિંદવાડા એ કોંગ્રેસનો એકમાત્ર ગઢ છે, કમલનાથે ૧૯૮૦થી ૯ વખત આ સંસદીય સીટ જીતી છે, ત્યારથી લઈને ૭૨ વર્ષમાં BJP માત્ર એક જ વાર છિંદવાડાથી જીતવામાં સફળ રહી છે

(એજન્સી) છિંદવાડા, તા.૧૯

છિંદવાડા જિલ્લામાં મતદાન ચાલી રહ્યું હતું ત્યારે બીજેપી શહેર પ્રમુખ અંકુર શુક્લા કથિત રીતે લોકોને પૈસા વહેંચતા કેમેરામાં કેદ થયા હતા. મધ્યપ્રદેશ કોંગ્રેસે આ ઘટનાનો વીડિયો X પર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કર્યો છે. આ વીડિયો પોસ્ટ કરતા કોંગ્રેસે તેને કેપ્શન આપ્યું હતું કે, "આ બીજેપીનું ગંદું કામ ! છિંદવાડામાં ભાજપના શહેર પ્રમુખ અંકુર શુક્લા લોકોને પૈસા વહેંચતા અને લોકોને લાંચ આપતા કેમેરામાં કેદ થયા છે. બીજેપીની આ કાર્યવાહી એ પુષ્ટિ કરે છે કે બીજેપી છિંદવાડાની ચૂંટણીમાં મોટા માર્જિનથી હારી રહી છે. લોકશાહીના આ હત્યારાઓને દેશ ક્યારેય માફ નહીં કરે. ભાજપ ભ્રષ્ટાચારનો પર્યાય છે. આ વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને ભારે સંખ્યામાં પ્રતિક્રિયાઓ આવી રહી છે. છિંદવાડા કોંગ્રેસના દિગ્ગજ નેતા કમલનાથનો ગઢ અને કોંગ્રેસનો



એકમાત્ર ગઢ છે. આ વખતે નાથના પુત્ર નકુલ નાથને લોકસભા સીટ પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. તેઓ ભાજપના વિવેક બંટી સાહુ સામે લડી રહ્યા છે. કમલનાથે ૧૯૮૦ થી નવ વખત સંસદીય સીટ સંભાળી છે. ભાજપ ૭૨ વર્ષમાં માત્ર એક જ વાર છિંદવાડા સીટ જીતવામાં સફળ રહ્યું છે. ભાજપની નજર આ ચૂંટણીમાં તમામ ૨૯ બેઠકો પર હોવાથી ખાસ કરીને છિંદવાડાને ટાર્ગેટ કરવામાં આવે છે. તે જોવું રસપ્રદ છે કે અંતે કયો પક્ષ આ સીટ જીતશે.

# UPSC દ્વારા ભલામણ કરેલ ઉમેદવારોના માર્ક્સ જાહેર, ટોપર આદિત્ય શ્રીવાસ્તવે ૫૪.૨૭ ટકા મેળવ્યા

## આ તબક્કો માત્ર સ્ક્રીનિંગ ટેસ્ટ તરીકે જ છે અને તેમાં ઉમેદવારો દ્વારા મેળવેલા ગુણને કે જેઓ મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક જાહેર કરવામાં આવ્યા છે તેમની યોગ્યતાનો અંતિમ ક્રમ નક્કી કરવા માટે ગણવામાં આવતા નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

ભલામણ કરવામાં આવેલ ઉમેદવારોના પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ વિગતવાર માર્ક્સ અનુસાર યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત પરીક્ષામાં સિવિલ સર્વિસીસ પરીક્ષામાં ટોપર આદિત્ય શ્રીવાસ્તવે ૫૪.૨૭ ટકા મેળવ્યા છે. ત્યારબાદ તેમની પાછળ અનિમેષ પ્રધાન છે, જેણે સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૩માં ૫૨.૬૯ ટકા મેળવ્યા છે. ૧૦૧૬ જેટલા ઉમેદવારો - ૬૬૪ પુરૂષો અને ૩૫૨ મહિલાઓ - પરીક્ષામાં ક્વોલિફાય થયા છે, જેનું પરિણામ મંગળવારે જાહેર કરવામાં આવ્યું હતું. ભારતીય વહીવટી સેવા (IAS), ભારતીય વિદેશ સેવા (IFS) અને ભારતીય પોલીસ સેવા (આઈપી એસ)અને અન્ય કેડર માટે અધિકારીઓની પસંદગી કરવા માટે - UPSC દ્વારા નાગરિક સેવાઓની પરીક્ષા પ્રારંભિક, મુખ્ય અને વ્યક્તિત્વ પરીક્ષણ (અથવા ઈન્ટરવ્યુ) એમ ત્રણ તબક્કામાં દર વર્ષે લેવામાં આવે છે. પ્રારંભિક પરીક્ષામાં ૪૦૦ ગુણના હેતુલક્ષી (બહુવિધ પસંદગીના) પ્રકારના બે પ્રશ્નપત્રો હોય છે. આ તબક્કો માત્ર સ્ક્રીનિંગ ટેસ્ટ તરીકેનો જ હેતુ ધરાવે છે અને તેમાં ઉમેદવારો દ્વારા મેળવેલા ગુણ, જેઓ મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક જાહેર કરવામાં આવ્યા છે, તેમની યોગ્યતાનો અંતિમ ક્રમ નક્કી કરવા માટે ગણવામાં આવતા નથી. કુલ ૨૦૨૫ ગુણમાંથી મેરિટ નક્કી કરવામાં આવે છે -- લેખિત અથવા મુખ્ય પરીક્ષા ૧૭૫૦ ગુણની હોય છે અને ઈન્ટરવ્યૂના ૨૭૫ ગુણ હોય છે. UPSC દ્વારા ભલામણ કરાયેલ ઉમેદવારોના જાહેર કરાયેલ ગુણ અનુસાર શ્રીવાસ્તવ (૨૭)ને કુલ ૧૦૯૯ માર્ક્સ મળ્યા - લેખિતમાં ૮૯૯ અને વ્યક્તિત્વ કસોટીમાં ૨૦૦. તાલીમ હેઠળના ભારતીય પોલીસ સેવા (IPS) અધિકારી એવા શ્રીવાસ્તવ ઉત્તરપ્રદેશના લખનૌના વતની છે. શ્રીવાસ્તવે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT) કાનપુરમાંથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં BTech પૂર્ણ કર્યું અને તેમની પાસે MTech ડિગ્રી પણ છે. સિવિલ સર્વિસની પરીક્ષામાં તેમના વૈકલ્પિક વિષય તરીકે ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ હતું. ઓડિશાના અંગુલ જિલ્લાના તાલચેર નગરના રહેવાસી પ્રધાન (૨૪), ૧૦૬૭ માર્ક્સ મેળવ્યા હતા, લેખિતમાં ૮૯૨ અને ઈન્ટરવ્યુમાં ૧૭૫ અને બીજો ક્રમ મેળવ્યો હતો. તેમણે પરીક્ષામાં તેમના વૈકલ્પિક વિષય તરીકે સમાજશાસ્ત્ર પસંદ કર્યું હતું. પ્રધાને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (NIT) રાઉરકેલામાંથી કમ્પ્યુટર સાયન્સમાં બીટેક પૂર્ણ કર્યું છે અને હાલમાં તે અહીં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) રિફાઈનરી વિભાગના કર્મચારી છે. આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવાર તરીકે પરીક્ષામાં ઉપસ્થિત થર્ડ રેન્ક ધારક ડોનુરૂ અનન્યા રેડ્ડીએ ૧૦૬૫ માર્ક્સ (૫૨.૫૯ ટકા) મેળવ્યા હતા, મુખ્યમાં ૮૭૫ અને ઈન્ટરવ્યૂમાં ૧૯૦ અને ચોથો રેન્ક ધારક પી.કે. સિદ્ધાર્થ રામકુમારે ૧૦૫૯ માર્ક્સ મેળવ્યા હતા (૫૨.૨૯ ટકા), લેખિતમાં ૮૭૪ અને ઈન્ટરવ્યુમાં ૧૮૫. રેડ્ડી (૨૨), જેમણે મિરાન્ડા હાઉસ, દિલ્હી યુનિવર્સિટીમાંથી ભૂગોળમાં બીએ (ઓનર્સ) કર્યું છે, તેમના વૈકલ્પિક વિષય તરીકે માનવશાસ્ત્ર હતું. તે તેલંગાણાના મહબૂબનગરની રહેવાસી છે. રામકુમાર (૨૭)એ ત્રિવેન્દ્રમની કોલેજ ઓફ આર્કિટેક્ચરમાંથી આર્કિટેક્ચરમાં સ્નાતકની ડિગ્રી મેળવી છે. રૂહાનીએ કુલ ૧૦૪૯ માર્ક્સ (૫૧.૮ ટકા) સાથે પાંચમો રેન્ક મેળવ્યો, લેખિતમાં ૮૫૬ અને ઈન્ટરવ્યુમાં ૧૯૩. તેણે દિલ્હી યુનિવર્સિટીની સેન્ટ સ્ટીફન્સ કોલેજમાંથી અર્થશાસ્ત્રમાં બીએ (ઓનર્સ) કર્યું છે. UPSCએ તેની વેબસાઈટ પર તમામ ૧૦૧૬ ઉમેદવારો દ્વારા મેળવેલા ગુણની વિગતો મૂકી છે. સિવિલ સર્વિસીસ (પ્રારંભિક) પરીક્ષા ૨૦૨૩ ૨૮ મેના રોજ લેવામાં આવી હતી. કુલ ૧૦,૧૬,૮૫૦ ઉમેદવારોએ અરજી કરી હતી, જેમાંથી ૫,૯૨,૧૪૧ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. સપ્ટેમ્બરમાં લેવાયેલી લેખિત (મુખ્ય) પરીક્ષા માટે ૧૪,૬૨૪ જેટલા ઉમેદવારો ક્વોલિફાય થયા હતા. યુપીએસસીએ જણાવ્યું હતું કે, 'કુલ ૨૮૫૫ ઉમેદવારો પરીક્ષાના વ્યક્તિત્વ કસોટી માટે ક્વોલિફાય થયા હતા.' તેમાંથી ૧૦૧૬ ઉમેદવારોની આખરે વિવિધ સરકારી સેવાઓ માટે ભલામણ કરવામાં આવી હતી. UPSCએ જણાવ્યું હતું કે, સરકારે ૧૧૪૩ ખાલી જગ્યાઓની જાહેરાત કરી હતી જે પૈકી IASમાં ૧૮૦, IPSમાં ૩૭, IPSમાં ૨૦૦, વિવિધ કેન્દ્રીય ગ્રુપ-A સેવાઓમાં ૬૧૩ પોસ્ટ અને ગ્રુપ-B સેવાઓમાં ૧૧૩ પોસ્ટ - સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૩ દ્વારા ભરવામાં આવશે. ૨૪૦ જેટલા ઉમેદવારોને અનામત યાદીમાં મૂકવામાં આવ્યા છે, તેમાં કહેવાયું છે કે, ભલામણ કરાયેલ ૩૫૫ ઉમેદવારોની ઉમેદવારી કામચલાઉ રાખવામાં આવી છે.

# બસ્તરમાં આકસ્મિક ગ્રેનેડ વિસ્ફોટમાં ચૂંટણીની ફરજ પરના CRPF જવાનનું મોત

## બસ્તર લોકસભા મતવિસ્તારમાં સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે સતત હિંસા ચાલી રહી છે

(એજન્સી) બીજાપુર, તા.૧૯

પોલીસે જણાવ્યું હતું કે, છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં અંડર બેરલ ગ્રેનેડ લોન્ચર (યુબીજીએલ)નો શેલ અકસ્માતે વિસ્ફોટ થતાં ચૂંટણી ફરજ પર તૈનાત સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ના ૩૨ વર્ષીય જવાનનું ગઈકાલે મૃત્યુ થયું હતું. એક અધિકારીએ જણાવ્યું કે, આ ઘટના ઉસૂર પોલીસ સ્ટેશનની હદ હેઠળના ગલગામ ગામની નજીક બની હતી જ્યારે સુરક્ષા કર્મચારીઓની એક ટીમ મતદાન મથકથી અડધો કિલોમીટર દૂર વિસ્તારના વર્ચસ્વની કામગીરી માટે બહાર હતી. બીજાપુર જિલ્લો બસ્તર લોકસભા મતવિસ્તાર હેઠળ આવે છે જ્યાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં મતદાન ચાલી રહ્યું છે. આ વિસ્તારમાં સુરક્ષાદળો અને નક્સલીઓ વચ્ચે સતત હિંસા ચાલી રહી છે. CRPFની ૧૯૬મી બટાલિયનના કોન્સ્ટેબલ દેવેન્દ્રકુમાર આ ઘટનામાં ઘાયલ થયા હતા, તેને એર એમ્બ્યુલન્સ હેલિકોપ્ટરમાં બસ્તર જિલ્લાના મુખ્યાલય જગદલપુર ખસેડવામાં આવ્યો હતો અને ત્યાંની મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. તેમણે કહ્યું કે, વિસ્ફોટની તપાસ માટે નિષ્ણાતોની એક ટીમને ગલગામ મોકલવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું કે, કોન્સ્ટેબલ કુમારના અંતિમ સંસ્કાર શનિવારે બસ્તર જિલ્લામાં તેમના વતન ધોબીગુડા ગામમાં કરવામાં આવશે.

# લોકસભા ચૂંટણી ૨૦૨૪નું પ્રથમ તબક્કાનું મતદાન : રાજસ્થાન માટે સચિન પાયલોટનો દાવો; "કોંગ્રેસ ભાજપ કરતાં વધુ બેઠકો મેળવશે"

## સચિન પાયલોટે કહ્યું કે, અમારા ઉમેદવારો વધુ સારા છે, અમારો પ્રચાર વધુ જોરદાર છે, અમારા કાર્યકરો વધુ ઉત્સાહિત છે અને સમગ્ર ભારતમાં અને રાજસ્થાનમાં પરિવર્તનની યાત્રા છે

(એજન્સી) તા.૧૯

સામાન્ય ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કાનું મતદાન થયું હતું અને સચિન પાયલોટે દાવો કર્યો કે કોંગ્રેસ રાજસ્થાનમાં વધુ બેઠકો જીતશે. કોંગ્રેસના સચિન પાયલોટે આજે સમગ્ર ભારતમાં ૩૭૦ બેઠકોના ભાજપના લક્ષ્યાંક પર હાંસી ઉડાવતા કહ્યું હતું કે, ભાજપ પાર્ટી ૧૦ વર્ષથી કેન્દ્રમાં સત્તામાં હોવા છતાં તેના વચનો પાળવામાં નિષ્ફળ રહી છે ત્યારે તે લક્ષ્યાંકોમાં આત્મવિશ્વાસનો અભાવ છે. રાજસ્થાનમાં ૨૫ માંથી ૨૫ લક્ષ્યાંકની વાત કરીએ તો ભાજપ અહી આ હાંસલ કરવાની આશા રાખે છે, તે ચોક્કસપણે થશે નહીં, અને કોંગ્રેસ આ રાજ્યની તમામ ૨૫ લોકસભા બેઠકો મેળવી શકે છે. એનડીટીવીને આપેલા એક્સક્લુઝિવ ઈન્ટરવ્યુમાં તેમણે જણાવ્યું હતું કે, પાર્ટીનો ઉત્સાહ પહેલા કરતા વધુ સારો છે. અમારા ઉમેદવારો વધુ સારા છે, અમારૂં પ્રચાર વધુ જોરશોરથી થયું છે, અમારા કાર્યકરો વધુ ઉત્સાહિત છે અને સમગ્ર ભારતમાં અને રાજસ્થાનમાં પરિવર્તનની યાત્રા છે. ભાજપ ૨૦૧૪ અને ૨૦૧૯માં રાજસ્થાનમાં સંપૂર્ણ બેઠકો મેળવવામાં સફળ રહ્યું હતું, અને ગયા વર્ષે કોંગ્રેસ પાસેથી વિધાનસભા છીનવી લીધી હતી. શ્રી પાયલોટે દાવો કર્યો હતો કે આ રાજ્યમાં ભાજપ વિરૂદ્ધ વાતાવરણ છે કારણ કે પ્રથમ વખતના ધારાસભ્યની આગેવાની હેઠળની સરકાર બિનઅસરકારક રહી છે. પાયલોટે દાવો કર્યો હતો કે નવી ભાજપ સરકારની છેલ્લા ચાર મહિનાથી લોકો પર કોઈ છાપ પડી નથી. દસ વર્ષ એ ઘણો લાંબો સમય છે. રાજસ્થાનના લોકોએ ૧૦ વર્ષ સુધી તમામ બેઠકો ભાજપને આપી. બદલામાં તેમને શું મળ્યું? લોકસભામાં તમામ સાંસદો ભાજપને આપીને રાજસ્થાને કંઈ મેળવ્યું નથી. આ સંજોગોમાં, ભાજપનું સ્વપ્ન શક્ય નથી. તેમણે કહ્યું, હું નમ્રતા સાથે કહું છું કે કોંગ્રેસ ભાજપ કરતાં વધુ બેઠકો જીતશે. તેમને પૂછવામાં આવ્યું કે શું પાર્ટી ખાતું પણ ખોલી શકશે કે કેમ, ટો તેમણે કહ્યું કે, અમે માત્ર ખાતું જ ખોલાવીશું નહીં, અમે તમામ ૨૫ બેઠકો પર વિજય સુનિશ્ચિત કરીશું.અથવા ભાજપ કરતા વધુ બેઠકો મેળવીશું.

### ખડગેએ મોદી સરકાર પર નિશાન સાધ્યું

# મારા સમાજના લોકોને કોઈપણ મંદિરમાં જવાની મંજૂરી નથી : કોંગ્રેસ અધ્યક્ષ

## રામમંદિર છોડો, અમારા લોકોને ગામના નાના મંદિરે પણ જવા નથી દેવાતા : મલ્લિકાર્જુન ખડગેનું મોટું નિવેદન

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ અયોધ્યાના રામ મંદિરનો ઉલ્લેખ કરી ફરી મોદી સરકાર પર નિશાન સાધ્યુ છે. તેમણે કહ્યું કે, 'અનુસૂચિત જાતિના લોકો હજુ પણ દેશભરમાં ભેદભાવનો સામનો કરી રહ્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના હોવાથી મોદી સરકારે તેમનું અપમાન કર્યું છે. મુર્મૂને અયોધ્યાના રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા અને નવા સંસદ ભવનના ઉદઘાટન કાર્યક્રમમાં આમંત્રણ ન અપાયું, જ્યારે કોવિંદને નવા સંસદભવનની આધારશિલા રાખવાની મંજૂરી આપવામાં ન આવી.'

ખડગેએ વધુમાં કહ્યું કે, 'મારા લોકોને આજે પણ તમામ મંદિરોમાં જવાની મંજૂરી નથી. માત્ર રામ મંદિર જ નહીં, તમે ક્યાં પણ જાઓ, પ્રવેશ માટે મારમારી થાય છે. ગામડાઓમાં નાના-નાના મંદિરોમાં પણ જવાની મંજૂરી નથી. પીવાનું પાણી અપાતું નથી, શૈક્ષણિક સંસ્થાઓને મંજૂરી અપાતી નથી, જો વરરાજા ઘોડા પર લગ્ન કરવા નિકળે તો તેને ખેંચીને માર મારવામાં આવે છે. તો પછી હું કેવી રીતે આશા રાખું. જો હું ગયો હોત, તો શું તેઓ સહન કરી શક્યા હોત?' ઉલ્લેખનિય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસ રાજકીય મજબૂરીના કારણે રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમથી દૂર રહી છે, જેને ખડગેએ રદીઓ આપ્યો છે. આ મુદ્દે તેમણે કહ્યું કે, 'અનુસૂચિત જાતિના લોકોને હજુ પણ ઘણા મંદિરોમાં જવાની મંજૂરી નથી, આવી સ્થિતિમાં હું અયોધ્યા ગયો હતો તો શું તેઓ સહન કરી શક્યા હોત ?

જ્યારે ખડગેને પ્રશ્ન કરાયો કે, શું તમે બાદમાં પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં ભાગ લેવાનું વિચાર્યું હતું ? તો તેમણે કહ્યું કે, 'આ વ્યક્તિગત આસ્થા છે, કોઈપણ વ્યક્તિ જ્યારે ઈચ્છે, જે દિવસે ઈચ્છે, પછીના દિવસે કે કોઈપણ દિવસે મંદિર જઈ શકે છે. મોદી પુજારી નથી. તેમણે રામ મૂર્તિની સ્થાપનાનું નેતૃત્વ કેમ કર્યું ? મોદીજીએ માત્ર રાજકીય ઉદ્દેશના કારણે આવું કર્યું. મંદિરનો એક તૃતિયાંશ ભાગ હજુ પણ તૈયાર થયો નથી. આ રાજકીય સમારોહ છે કે ધાર્મિક સમારોહ... તમે ધર્મને રાજકારણ સાથે કેમ સરખાવી રહ્યા છો ?' ઉલ્લેખનિય છે કે, ખડગે અનુસૂચિત જાતિ સમાજના છે. તેમણે મોદી સરકારના ૪૦૦થી વધુ બેઠકો જીતવાના દાવાને રદીયો આપી કહ્યું કે, 'તેમનું ત્રીજા કાર્યકાળનું સ્વપ્ન પુરૂં નહીં થાય, કારણ કે લોકો પરિવર્તન માટે રાહ જોઈ રહ્યા છે.' અત્રે એ યાદ રહે કે, રાષ્ટ્રપતિને રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમમાં આમંત્રણ ન આપતા કોંગ્રેસ ભાજપને ઘેરતી રહી છે. ફેબ્રુઆરી-૨૦૨૪માં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, રામ મંદિર સમારોહમાં દલિતો અને આદિવાસીઓનું અપમાન થયું છે.

### ટોપ ૧૦૦માં માત્ર ૫, ટોપ ૨૦માં એક પણ નહીં

# વિશ્વના શ્રેષ્ઠ એરપોર્ટમાં ભારતનું સ્થાન શરમજનક

## દિલ્હી એરપોર્ટ ગ્લોબલ લિસ્ટમાં ૩૬માં સ્થાને છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

દુનિયાના સૌથી સારા એરપોર્ટમાં ભારતની સ્થિતિ ખુબ ખરાબ છે. ટોપ ૧૦૦ એરપોર્ટના લિસ્ટમાં માત્ર પાંચએ જગ્યા બનાવી છે. તેમાં ટોપ-૨૦માં તો કોઈ ભારતનું એરપોર્ટ નથી. દિલ્હી એરપોર્ટ ગ્લોબલ લિસ્ટમાં ૩૬માં રેન્કિંગ સાથે દેશમાં નંબર-૧ છે. તો મુંબઈ એરપોર્ટ માંડમાંડ લિસ્ટમાં જગ્યા બનાવવામાં સફળ રહ્યું છે. પાછલા વર્ષે ૮૪થી ખસી તેની રેન્કિંગ ૯૫ પર પહોંચી ગઈ છે. દુનિયાના બેસ્ટ એરપોર્ટના રૂપમાં સિંગાપુરનું ચાંગી એરપોર્ટ નંબર એક પર છે. પાછલા વર્ષે તેણે સતત ૧૨મી વખત સ્કાઈટ્રેક્સ વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ જીત્યો હતો. આ એરપોર્ટને ઈન્ડસ્ટ્રીઝનો ઓસ્કાર કહેવામાં આવે છે. ચાંગીને બીજા નંબર પર ખસેડી દોહાનું હમાદ એરપોર્ટ પ્રથમ સ્થાને આવી ગયું છે.

હમાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દોહા શહેરનું મુખ્ય એરપોર્ટ છે. તે કતરની રાજધાનીના આકારનું લગભગ એક તૃતીયાંશ માનવામાં આવે છે. આશરે ૬ લાખ વર્ગ મીટરમાં ફેલાયેલું આ એરપોર્ટ ૭૫ ફુટબોલ મેદાનોને બહાબર છે. હમાદ એરપોર્ટે પાછલા વર્ષે બીજું સ્થાન હાસિલ કર્યું હતું.

જ્યાં સુધી દુનિયાના સર્વશ્રેષ્ઠ એરપોર્ટની યાદીમાં ભારતીય એરપોર્ટની વાત છે તો માત્ર પાંચ એરપોર્ટે ટોપ ૧૦૦માં જગ્યા બનાવી છે. તો ટોપ ૫૦માં માત્ર એક એરપોર્ટ છે. મુંબઈ એરપોર્ટ માંડમાંડ ટોપ-૧૦૦માં પોતાની જગ્યા બનાવી રાખવામાં સફળ રહ્યું છે. તેનો રેન્ક પાછલા વર્ષના ૮૪થી ઘટીને ૯૫મો થઈ ગયો છે.

ટોપ-૧૦ એરપોર્ટના લિસ્ટમાં બેંગલુરૂ એરપોર્ટે ૧૦ રેન્કની છલાંગ લગાવી છે. પાછલા વર્ષના ૬૯માં રેન્કથી તે ૫૯માં સ્થાને પહોંચી ગયું છે. ૨૦૨૪ માટે સ્કાઈટ્રેક્સ વર્લ્ડના ટોપ ૧૦૦ એરપોર્ટ અનુસાર હૈદરાબાદ એરપોર્ટનું રેન્કિંડ પણ વધ્યું છે. તે ૬૧માં સ્થાને પહોંચી ગયું છે. ગોવાના મનોહર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ૯૨માં સ્થાને છે. સૌથી મોટી વાત છે કે આ એરપોર્ટનું ઉદ્ઘાટન પાછલા વર્ષે થયું હતું.

# સલમાન ખાનના નિવાસસ્થાન પર ગોળીબાર : ૩ અઠવાડિયા પહેલાં હથિયારની ડિલિવરી થઈ હતી

## ધરપકડ કરાયેલા આરોપીઓ વિકી ગુપ્તા અને સાગર પાલને પનવેલમાં લગભગ ૨૦-૨૫ દિવસ પહેલાં અન્ય બે શખ્સોએ આ હથિયાર પહોંચાડ્યું હતું, જેમની શોધખોળ હમણા ચાલુ છે

(એજન્સી) મુંબઈ, તા.૧૯

પશ્ચિમ બાંદ્રામાં અભિનેતા સલમાન ખાનના નિવાસસ્થાન પર ફાયરિંગના કિસ્સામાં પનવેલમાં લગભગ ૨૦-૨૫ દિવસ પહેલાં ધરપકડ કરાયેલા આરોપીઓ વિકી ગુપ્તા અને સાગર પાલને અન્ય બે માણસો દ્વારા હથિયાર પહોંચાડવામાં આવ્યું હતું, જેની શોધ સક્રિયપણે ચાલી રહી છે. આ દરમિયાન કુખ્યાત લોરેન્સ બિશ્નોઈ સિન્ડિકેટની ગેંગ પ્રવૃત્તિઓ પર નજર રાખતી દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ અને ક્રાઈમ બ્રાન્ચે એક નવી મોડસ દૈનિકક્રિયાનો ખુલાસો કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ ટોળકી યુએસ, દુબઈ અથવા કેનેડામાં બેઠેલા સભ્યો દ્વારા આપવામાં આવેલા આદેશોને અમલમાં મૂકવાના બદલામાં આકર્ષક ચૂકવણીના વચન સાથે શંકાસ્પદ લોકોનો શિકાર બનાવે છે.

સલમાનના કિસ્સામાં ગુપ્તા અને પાલ બિહારના પશ્ચિમ ચંપારણ જિલ્લાના મહસી ગામના છે અને તેઓ પંજાબ ગયા હતા જ્યાં તેઓ મજૂરી કામ કરતા હતા. પાલના ભાઈ જેમને મુંબઈ પોલીસ દ્વારા તાજેતરની અટકાયત કરવામાં આવી હતી, તેણે તેમને ગેંગ માટે કામ કરવા વિનંતી કરી હતી. આ ભાઈને પોતે અગાઉ બિશ્નોઈ ગેંગ દ્વારા વધુ સારા જીવનના વચનો આપીને લલચાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તેણે ગેંગ માટે સંદેશાઓ પસાર કરવા જેવા નાના કાર્યો હાથ ધરવાનું શરૂ કર્યું હતું. તેણે અભિનેતાના ઘરની બહાર ફાયરિંગ કરવાની જવાબદારી સાગર પાલને સોંપી હતી. ગુનાને અંજામ આપવા માટે ગુપ્તા અને પાલને ૧ લાખ રૂપિયા અને હથિયાર આપવામાં આવ્યા હતા. પાલ જે પહેલાથી જ ગેંગસ્ટર જીવનથી આકર્ષિત હતો, તેણે આ કાર્ય માટે તેના ગામમાં શૂટિંગની પ્રેક્ટિસ કરી હતી.

સૂત્રના જણાવ્યા અનુસાર, સિન્ડિકેટના જુદા-જુદા ભાગો વચ્ચે કોઈ સંવાદ વિના સમગ્ર કામગીરી સરળતાથી ચાલી રહી હતી. તેઓ આંતરરાષ્ટ્રીય સભ્યોનો ઉપયોગ કરીને વિદેશથી કામ કરે છે, તેમજ ભરતી કરનારાઓ, લોજિસ્ટિક્સ પ્રદાતાઓ અને શૂટર્સ સહિત વિવિધ ગેંગ સભ્યો સાથે વિદેશથી સંકલન કરે છે. કાયદાના અમલથી બચવા માટે સિન્ડિકેટ વારંવાર ફોન, સિમ કાર્ડ અને સ્થાનો બદલતા હતા. ઘટના પહેલાં ગુપ્તા અને પાલ ૨૧ દિવસ સુધી પનવેલમાં રહ્યા હતા અને કોઈએ તેમને ૫૦,૦૦૦ રૂપિયા રોકડમાં ટ્રાન્સફર કર્યા હતા, જેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

# વિશ્લેષણ : કેરળમાં પોતાનું સ્થાન ઊભું કરવા માટે ભાજપ મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા લક્ષદ્વીપમાં તેની પહોંચનો ઉપયોગ કરી રહ્યો છે

(એજન્સી) તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લક્ષદ્વીપની તાજેતરની મુલાકાત એ પડોશી દેશ માલદીવમાં હેડલાઈન્સ બની ગઈ છે અને માલદીવ સરકારના અગ્રણી પ્રધાનોએ આ ટાપુ વિસ્તારને લોકપ્રિય આંતરરાષ્ટ્રીય પર્યટન સ્થળ તરીકે 'વૈકલ્પિક' પર્યટન સ્થળ તરીકે પ્રમોટ કરવા બદલ ભારતીય વડાપ્રધાનની ઝાટકણી કાઢી હતી. હવે ટાપુઓ અને અહીંના લોકોની ચિંતા એ ચૂંટણી પ્રવચનમાં દેખાય છે. આ ટાપુઓ અંગે વડાપ્રધાનનો પ્રચાર લગ્નો અને પર્યટન માટે ભારતીય સ્થળો પસંદ કરવા માટે તેમની નીતિને અનુરૂપ છે. ગયા વર્ષે નવેમ્બરમાં, તેમણે ''મોટા પરિવારો'' દ્વારા થતાં લગ્નો વિદેશમાં યોજવાના વલણ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને 'વેડ ઈન ઈન્ડિયા'ના ભાગ રૂપે આવી ઉજવણીઓ દેશમાં યોજવા વિનંતી કરી હતી. વધુમાં, લક્ષદ્વીપમાં ભગવા પક્ષની પહોંચને બીજેપીના દક્ષિણી રાજ્યોના સંદર્ભમાં જોવી જોઈએ. ખાસ કરીને રાજકીય રીતે મહત્વપૂર્ણ રાજ્ય કેરળમાં પ્રવેશ કરવાના તેના સતત પ્રયાસમાં તે ઉપયોગી છે. ૫૮,૦૦૦ની મતદાન વસ્તી ધરાવતા ૧૦ માનવ વસવાટવાળા ટાપુઓમાં ફેલાયેલા લક્ષદ્વીપમાં ૫૫ મતદાન મથકો ધરાવતા આ દ્વીપસમૂહમાં કદાચ તાત્કાલિક ચૂંટણીલક્ષી અસર ન હોય, પરંતુ ભાજપના 'પ્રોજેક્ટ સાઉથ' માટે તે નિર્ણાયક છે. આ દ્વીપસમૂહની તેમની મુલાકાત દરમિયાન, વડાપ્રધાને આ ક્ષેત્રના મુસ્લિમોની મુલાકાત લીધી હતી. તેમણે હજયાત્રીઓ માટે ભાજપની આગેવાની હેઠળના પ્રબંધન દ્વારા અપનાવવામાં આવેલા પગલાંઓ વિશે વાત કરી જેનાથી લક્ષદ્વીપના લોકોને ફાયદો થયો છે. હજ વિઝાની સરળતા અને પ્રક્રિયાના ડિજિટાઈઝેશન અને મહિલાઓને 'મેહરમ' વિના હજ પર જવાની પરવાનગીને પરિણામે 'ઉમરાહ' માટે જતા ભારતીયોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. આ માત્ર લોકસભા ચૂંટણી પહેલા લક્ષદ્વીપમાં જ નહીં પણ કેરળમાં પણ મોદીના મુસ્લિમ આઉટરીચને દર્શાવે છે. લક્ષદ્વીપનું અર્થતંત્ર અને તેની ચીજવસ્તુઓ માટે કેરળ પર નિર્ભર છે અને બંને પ્રદેશો ગાઢ સંબંધ પણ ધરાવે છે. રાજકીય નિરીક્ષકો માને છે કે મોદીનું લક્ષદ્વીપની મુસ્લિમ બહુમતીવાળી વસ્તી માટેનું સંબોધન મતદાન પહેલા કેન્દ્રશાસિત પ્રદેશ અને કેરળ બંનેના મુસ્લિમ મતદારોને આકર્ષવા માટેનું સૂચક હોઈ શકે છે. કેરળમાં ભાજપ કાર્યકરો અને સમર્થકો દ્વારા સોશિયલ મીડિયા પર લક્ષદ્વીપના લોકો, ખાસ કરીને મલયાલમ ભાષી મુસ્લિમ મહિલાઓ સાથે મોદીની વાતચીતના વિડિયો ફૂટેજ સાથે મુસ્લિમ આઉટરીચની છબીને વધુ મજબૂત બનાવવામાં આવી છે. તેના મોટા ભાગના રહેવાસીઓ મુસ્લિમ હોવા છતાં, લક્ષદ્વીપમાં પ્રચલિત ઈસ્લામ ભારતમાં બીજે ક્યાંય અનુસરવામાં આવતા ઈસ્લામથી વિપરીત છે, ટાપુવાસીઓ મલયાલીઓ, આરબો, તમિલો અને કન્નડીગાઓ સાથે સમાન રીતે વંશીય, ભાષાકીય અને સાંસ્કૃતિક જોડાણો ધરાવે છે. લક્ષદ્વીપ વહીવટીતંત્રના તાજેતરના પગલાંથી સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા છે. આ પગલાંઓમાં બીફ પર પ્રતિબંધ, લક્ષદ્વીપ ડેવલપમેન્ટ ઓથોરિટી રેગ્યુલેશન,



૨૦૨૧નો મુસદ્દો સામેલ છે, જે એડમિનિસ્ટ્રેટરને કોઈપણ વિકાસલક્ષી પ્રવૃત્તિ માટે તેમની મિલકતમાંથી ટાપુવાસીઓને દૂર કરવા અથવા સ્થાનાંતરિત કરવાની સત્તા આપે છે; અસામાજિક પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ, જેના હેઠળ વ્યક્તિને એક વર્ષ સુધીના સમયગાળા માટે કોઈપણ જાહેર જાહેરાત વિના અટકાયતમાં રાખી શકાય છે; અને ડ્રાફ્ટ પંચાયત નોટિફિકેશન, બે કરતાં વધુ બાળકો ધરાવતા વ્યક્તિને સભ્ય બનવા માટે ગેરલાયક ઠેરવે છે. કેરળમાં ચૂંટણી પ્રભાવ પાડવામાં નિષ્ફળ ગયા હોવા છતાં, ભાજપ જયારે પક્ષની વાત આવે ત્યારે દેશના છેલ્લા કિલ્લાઓમાંથી એક પર જીત મેળવવા માટે મક્કમ છે. લક્ષદ્વીપ રાજ્ય માટે નિર્ણાયક પ્રવેશદ્વાર બની શકે છે. કેરળની મુખ્ય ભૂમિ એ લક્ષદ્વીપનો સૌથી નજીકનો પ્રદેશ છે અને UT તેની મોટાભાગની જરૂરિયાતો માટે તેના પર નિર્ભર છે. બે પ્રદેશોના લોકો નજીકના સામાજિક અને સાંસ્કૃતિક સંબંધો ધરાવે છે અને મલયાલમ એ ટાપુઓ પર બોલાતી સૌથી સામાન્ય ભાષા છે. તેના મોટા ભાગના રહેવાસીઓ મુસ્લિમ હોવા છતાં, લક્ષદ્વીપમાં પ્રચલિત ઈસ્લામ ભારતમાં બીજે ક્યાંય અનુસરવામાં આવતા ઈસ્લામથી વિપરીત છે, ટાપુવાસીઓ મલયાલીઓ, આરબો, તમિલો અને કન્નડીગાઓ સાથે સમાન રીતે વંશીય, ભાષાકીય અને સાંસ્કૃતિક જોડાણો ધરાવે છે. NCP (શરદ પવાર)ના વર્તમાન સાંસદ મોહમ્મદ ફૈઝલ ફરીથી ચૂંટણીની માંગ કરી રહ્યા છે. ૨૦૧૯માં, ૪૬,૯૦૯ મતદારોએ તેમના મત આપ્યા અને કોંગ્રેસના મોહમ્મદ હમદુલ્લા સઈદ માત્ર ૮૨૩ મતોથી હારી ગયા. ૨૦૧૪માં ફૈઝલે સઈદને ૧,૫૩૫ મતોના માર્જિનથી હરાવ્યા હતા. સઈદ ફરી કોંગ્રેસ તરફથી ચૂંટણી લડી રહ્યા છે. એનસીપીના વિભાજન સાથે, યુસુફને સત્તાવાર જૂથ દ્વારા મેદાનમાં ઉતારવામાં આવ્યા છે જ્યારે ફૈઝલ એનસીપી (શરદ પવાર)ના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે. બે મુખ્ય પક્ષો NCP અને કોંગ્રેસ ઉપરાંત, અન્ય ઉમેદવારોએ ૨૦૧૯માં CPM, CPI, BJP અને JD(U)ના બેનર હેઠળ ચૂંટણી લડી હતી. આ પક્ષોએ કુલ ૨,૦૩૦ મત મેળવ્યા હતા, જે વિજયના માર્જિન કરતાં વધુ હતા. પરંતુ આ વર્ષે, એક અપક્ષ સિવાય માત્ર ત્રણ રાજકીય પક્ષો મેદાનમાં છે અને આ ૨,૦૦૦ મતો વિજેતા નક્કી કરી શકે છે. ભાજપે અજિત પવારના NCP જૂથને સમર્થન આપ્યું છે, જેણે યુસુફને લક્ષદ્વીપ બેઠક પર ઉતાર્યા છે. દરમિયાન કોંગ્રેસે ફરી એકવાર હમદુલ્લાહ સઈદને લોકસભા સીટ પર ઉમેદવાર બનાવ્યા છે. **(સૌ. :- મનીકંટ્રોલ.કોમ)**

# રાહુલ ગાંધીએ દ્વારકા પૂજાની મજાક ઉડાવી : 'હું પાણીની અંદર ગયો હતો, પરંતુ કોંગ્રેસના શહેજાદા કહે છે કે, સમુદ્રમાં પ્રાર્થના કરવા જેવું કંઈ નથી : નરેન્દ્ર મોદી

## પીએમ નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશમાં રાહુલ ગાંધીના સાથી સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ પર પણ પ્રહારો કર્યા હતા

(એજન્સી) અમરોહા, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો કે, કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ તેમની 'વોટ બેંક' ખાતર આ વર્ષની શરૂઆતમાં ગુજરાતના દ્વારકામાં તેમની પાણીની અંદરની પ્રાર્થનાની મજાક ઉડાવી હતી. ઉત્તર પ્રદેશના અમરોહામાં એક ચૂંટણી સભાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે 'કોંગ્રેસના શહેજાદા' તેમની શ્રધ્ધાને નકારી રહ્યાં છે. પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે, પુરાતત્વવિદોને દ્વારકા સમુદ્રમાં મળી આવ્યું છે. હું પાણીની અંદર ગયો અને દ્વારકામાં પૂજા કરી... પણ કોંગ્રેસના શહેજાદા કહે છે કે, સમુદ્રમાં પ્રાર્થના કરવા જેવું કંઈ નથી. આ લોકોએ માત્ર પોતાની વોટ બેંક માટે અમારી સંસ્કૃતિ, હજારો વર્ષ જૂની અમારી માન્યતાઓને ફગાવી દીધી છે. પીએમ નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશમાં રાહુલ ગાંધીના સાથી સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ પર પણ પ્રહારો કર્યા હતા. નરેન્દ્ર મોદીએ ઉમેર્યું હતું કે, ''અને બિહારમાં પોતાને યદુવંશી કહેનારાઓને હું પૂછવા માંગુ છું કે જો તમે સાચા યદુવંશી છો તો પછી તમે તે પક્ષ સાથે કેવી રીતે બેઠા છો જે તેનું અપમાન કરે છે.'' મીડિયાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, રાહુલ ગાંધીએ PM મોદી પર ત્યારે કટાક્ષ કર્યો હતો જયારે ભગવાન દ્વારકાના પ્રાચીન ડુબેલા શહેરના અવશેષોમાં તેમણે પાણીની અંદર પૂજા કરી હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે,''ખેડૂતો, મોંઘવારી, બેરોજગારી અને અગ્નિવીરોના મુદ્દાઓ આજે દેશમાં સૌથી મુખ્ય મુદ્દાઓ છે, પરંતુ ટીવી ચેનલો પર, તમે આ મુદ્દાઓ પર ક્યારેય ચર્ચા જોશો નહીં. તેના બદલે, ટીવી ચેનલો મોદીજીને ૨૪ કલાક બતાવે છે; ક્યારેક તેઓ પૂજા કરવા સમુદ્રની નીચે જાય છે અને ક્યારેક તે સી પ્લેનમાં ઉડાન ભરે છે દરેક સમયે ટીવી કેમેરા તેમની સાથે જાય છે. પીએમ મોદીએ પણ યાદવ અને ગાંધી પર કટાક્ષ કરતા કહ્યું કે



''યુપીમાં બે રાજકુમારો અભિનીત એક ફિલ્મને ઉત્તર પ્રદેશના લોકોએ નકારી કાઢી છે.'' તેમણે કહ્યું કે, ''દર વખતે આ લોકો યુપીના લોકો પાસેથી ભત્રીજાવાદ, ભ્રષ્ટાચાર અને તુષ્ટિકરણના ટોપલા લઈને વોટ માંગવા નીકળે છે. તેમના પ્રચારમાં, આ લોકો અમારી આસ્થા પર હુમલો કરવાની કોઈ તક છોડતા નથી.'' પીએમ મોદીએ કહ્યું કે જેમણે અગાઉની સરકારો ચલાવી હતી તેઓએ હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયના લોકોને છેતર્યા હતા. તેમણે કહ્યું કે, ''આપણા દેશમાં અગાઉની સરકારો સામાજિક ન્યાયના નામે SC/ST અને OBC સાથે છેતરપિંડી કરતી રહી. જે સપનું જ્યોતિબા ફુલેએ જોયું હતું, જે સપનું બાબા સાહેબ આંબેડકરનું હતું, જે સપનું ચૌધરી ચરણસિંહનું હતું, તે સામાજિક ન્યાયનું સપનું હવે મોદી પૂરું કરી રહ્યા છે.'' રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ ગઠબંધન કરીને લોકસભા ચૂંટણી લડી રહ્યા છે. યાદવની સમાજવાદી પાર્ટી ૬૩ સીટો પર ચૂંટણી લડી રહી છે જ્યારે કોંગ્રેસે ૧૭ સીટો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર મતદાન ચાલી રહ્યું છે.

# દિલ્હી વકફ બોર્ડ કેસ : EDએ નવ કલાકની પૂછપરછ બાદ AAP ધારાસભ્ય અમાનતુલ્લા ખાનની ધરપકડ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ ૧૮ એપ્રિલના દિવસે દિલ્હી વકફ બોર્ડ સાથે સંકળાયેલા મની લોન્ડ્રિંગ કેસમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અમાનતુલ્લા ખાનની નવ કલાકની પૂછપરછ બાદ ધરપકડ કરી હતી. ખાનની ધરપકડ બાદ નેતાઓ આતિશી અને સંજયસિંહ તેમના ઘરે ગયા હોવાનું કહેવાય છે. આમ આદમી પાર્ટી નેતા આતિશીએ પણ તેમની અટકાયત પછી તરત જ માઈક્રોબ્લોગિંગ ટ્વિટર પર જાહેરાત કરી કે પાર્ટી તમારી (ભાજપની) સરમુખત્યારશાહી સામે મજબૂત રીતે લડવાનું ચાલુ રાખશે. અગાઉના દિવસે ખાન મની લોન્ડ્રિંગ મુદ્દે પૂછપરછ માટે તપાસ એજન્સી સમક્ષ હાજર થયા હતા. સુપ્રીમ કોર્ટે આગોતરા જામીન માટેની તેમની ૧૫ એપ્રિલની અરજી ફગાવી દીધા પછી આ બન્યું. ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બનેલી સર્વોચ્ચ અદાલતની બેંચ દ્વારા ખાનને ૧૮ એપ્રિલે સવારે ૧૧:૦૦ વાગ્યે




ભ્રષ્ટાચાર વિરોધી એજન્સી સમક્ષ હાજર થવા માટે બોલાવવામાં આવ્યા હતા. ED કચેરીમાં પ્રવેશતા પહેલાં મીડિયા સાથે વાત કરતા ખાને ભારપૂર્વક જણાવ્યું હતું કે, વકફ બોર્ડના અધ્યક્ષ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, તેમણે તમામ નિયમોનું પાલન કર્યું હતું, કાનૂની સલાહ મેળવી હતી અને ૨૦૧૩માં બોર્ડ માટે નવા અમલમાં આવેલા કાયદા અનુસાર કાર્ય કર્યું હતું. કેન્દ્રીય તપાસ એજન્સીના જણાવ્યા મુજબ, ખાને દિલ્હી વકફ બોર્ડના કર્મચારીઓને ગેરકાયદેસર રીતે નોકરી પર રાખીને અને તેના સાથીઓના નામ હેઠળ રિયલ એસ્ટેટ ખરીદવા માટે મેળવેલા નાણાંનો ઉપયોગ કરીને ગુનાહિત કમાણી મેળવી હતી. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, દરોડા દરમિયાન, ગુનાહિત ડિજિટલ અને ભૌતિક પુરાવા મળ્યા હતા, જે મની લોન્ડ્રિંગ કેસમાં ખાનની સંડોવણી નું સૂચન કરે છે. આ દરમિયાન આમ આદમી પાર્ટીએ કહ્યું કે, આ તે ખોટા કેસોમાંથી એક છે જે તેના નેતાઓ પર કરવામાં આવી રહ્યા છે. ઈડી દ્વારા રજૂ કરવામાં આવેલી ચાર્જશીટમાં આમ આદમી પાર્ટી નેતાના અન્ય ત્રણ સહયોગીઓ - જીશાન હૈદર, દાઉદ નાસિર અને જાવેદ ઈમામ સિદ્દીકનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક નિવેદનમાં ઈડીએ જણાવ્યું હતું કે, ખાનના અધ્યક્ષ તરીકેના કાર્યકાળ દરમિયાન (૨૦૧૮-૨૦૨૨) વકફ બોર્ડ કર્મચારીઓની ગેરકાયદેસર ભરતીમાં રોકાયેલું હતું અને બોર્ડની મિલકતોના અયોગ્ય ભાડાપેટે ગેરકાયદે વ્યક્તિગત લાભો મેળવ્યા હતા.

# રણના રાષ્ટ્ર યુનાઈટેડ આરબ અમીરાતમાં અત્યાર સુધીનો સૌથી વધુ વરસાદ થયા બાદ સામાન્ય સ્થિતિ માટે સંઘર્ષ કરી રહ્યું છે

## દુબઈમાં રેકોર્ડ બ્રેક વરસાદ થયો છે અને તે આ ઘટનામાંથી બહાર આવવા માટે સંઘર્ષ કરી રહ્યું છે, આ આબોહવા પરિવર્તનની ચિંતાઓને પ્રકાશિત કરે છે

(એજન્સી) તા.૧૯

યુનાઈટેડ આરબ અમીરાત (UAE)માં અત્યાર સુધીમાં સૌથી વધુ રેકોર્ડ કરવામાં આવેલ વરસાદ થયો છે અને આ દેશ પુનઃપ્રાપ્ત કરવા માટે સંઘર્ષ કરી રહ્યો છે કારણ કે આ વરસાદને લીધે તેના મુખ્ય એરપોર્ટ પર સામાન્ય કામગીરી વિક્ષેપિત થઈ હતી. પૂરના પાણી મુખ્ય ધોરીમાર્ગો અને રસ્તાઓ પર ફરી વળ્યા હતા. દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ, જે આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે વિશ્વના સૌથી વ્યસ્ત એરપોર્ટ છે, ત્યાં ૧૮ એપ્રિલની સવારે વૈશ્વિક કેરિયર્સને એરફિલ્ડ પર ફરીથી ટર્મિનલ ૧ પર ઉડવાની મંજૂરી આપવામાં આવી હતી. યુએઈની બહાર જતાં મુસાફરોને તેમની ફ્લાઈટ્સમાં ચઢતા અટકાવવામાં આવ્યા હતા. રસ્તાઓ પર પાણી ભરાઈ જવાને કારણે પાઈલટ્સ અને ફ્લાઈટ ક્રૂને એરપોર્ટ સુધી પહોંચવામાં મુશ્કેલી પડી રહી હતી. એરપોર્ટ પર પહોંચેલા અન્ય લોકોએ તેમનો સામાન મેળવવા માટે કલાકો સુધી રાહ જોવી પડી હતી. આ દ્વીપકલ્પ પર સામાન્ય રીતે શુષ્ક રણનું વાતાવરણ હોય છે અને સાવ ઓછો વરસાદ પડે છે. જો કે, દેશમાં ભારે તોફાનની આગાહી કરનારાઓએ ચેતવણી આપી હતી. ૧૬ એપ્રિલના રોજ, ૧૪૨ મિલીમીટર (૫.૫૯ ઈંચ) કરતાં વધુ વરસાદ થતાં દુબઈમાં ૨૪ કલાકમાં પાણી ભરાઈ ગયા હતા. દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સરેરાશ વર્ષમાં ૯૪.૭ મિલીમીટર (૩.૭૩ ઈંચ) વરસાદ પડે છે. દેશના અન્ય વિસ્તારોમાં પણ વધુ વરસાદ જોવા મળ્યો હતો. UAEની ડ્રેનેજ સિસ્ટમ્સ ઝડપથી ભરાઈ ગઈ, પડોશી વિસ્તારો, વ્યવસાયિક જિલ્લાઓ અને દુબઈમાંથી પસાર થતા ૧૨-લેન શેખ ઝાયેદ રોડ હાઈવેના કેટલાક ભાગો પણ છલકાઈ ગયા હતા. રાજ્ય સંચાલિત WAM ન્યૂઝ એજન્સીએ વરસાદને એક ઐતિહાસિક હવામાન ઘટના ગણાવી હતી. રાષ્ટ્રને એક સંદેશમાં, અબુધાબીના શાસક, અમીરાતી નેતા શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને જણાવ્યું હતું કે સત્તાવાળાઓ



સમગ્ર યુએઈમાં માળખાકીય સુવિધાઓની સ્થિતિનો અભ્યાસ કરવા અને નુકસાનને મર્યાદિત કરવા માટે ઝડપથી કામ કરશે. આગામી સપ્તાહ સુધી શાળાઓ બંધ રહેશે. દુબઈના શાસક શેખ મોહમ્મદ બિન રશીદ અલ મકતુમે કહ્યું હતું કે, આ કટોકટી દેશો અને સમાજ અને તેના તમામ નાગરિકો અને રહેવાસીઓની કસોટી કરે છે. પૂરને કારણે એવી અટકળો થઈ હતી કે યુએઈની ક્લાઉડ સીડિંગની પ્રક્રિયાને લીધે કદાચ આ પૂર આવ્યું હતું પરંતુ નિષ્ણાતોએ જણાવ્યું હતું કે વરસાદ ઉત્પન્ન કરનાર વાવાઝોડાની પ્રણાલીઓની આગાહી કરવામાં આવી હતી અને માત્ર ક્લાઉડ સીડિંગથી આવા પૂર આવી શકે નહીં. યેલ ક્લાઈમેટ કનેક્શન્સના હવામાનશાસ્ત્રી જેફ માસ્ટર્સે જણાવ્યું હતું કે દુબઈમાં પૂર અસામાન્ય રીતે નીચા દબાણની સિસ્ટમને કારણે થયું હતું. વૈજ્ઞાનિકો એમ પણ કહે છે કે આબોહવા પરિવર્તન વિશ્વભરમાં વધુ તીવ્ર અને વધુ ભારે તોફાનો, દુષ્કાળ, પૂર અને જંગલની આગ માટે જવાબદાર છે. દુબઈએ ગયા વર્ષે જ સંયુક્ત રાષ્ટ્રની COP૨૮ આબોહવા મંત્રણાનું આયોજન કર્યું હતું.

# 'કૈરાના મતવિસ્તારમાં મુસ્લિમ મતદારો સાથે દુર્વ્યવહાર' : SPએ ચૂંટણી બૂથ પર બુરખા પહેરેલી મહિલાઓની તપાસ કરતો વીડિયો શેર કરવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

પોલીસ પર ગંભીર આરોપો મૂકતા સમાજવાદી પાર્ટી (SP)એ દાવો કર્યો હતો કે, શુક્રવારના દિવસે કૈરાના મતવિસ્તારમાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં મતદાન કરવા માટે કૈરાના ઉત્તરપ્રદેશના આઠ મતવિસ્તારોમાંથી એક મતદાન કેન્દ્ર પર મુસ્લિમ મતદારો સાથે દુર્વ્યવહાર થયો હતો. SPએ ટ્વિટર પર આરોપ લગાવ્યો કે, પોલીસ મુસ્લિમ મતદારો સાથે દુર્વ્યવહાર કરી રહી છે અને કૈરાના મતવિસ્તારના શામલીમાં બૂથ નં.૪૪૭માં તેમને મત આપવાથી અટકાવી રહી છે. પક્ષે ચૂંટણી પંચને નિષ્પક્ષ મતદાન સુનિશ્ચિત કરવા કાર્યવાહી કરવા હાકલ કરી હતી. SPએ જણાવ્યું હતું કે, કૈરાના નગર ઈસ્લામિયા ઈન્ટર કોલેજમાં મતદાન ધીમી ગતિએ ચાલી રહ્યું હતું, વહીવટીતંત્ર પર ઈરાદાપૂર્વક મતદાન પ્રક્રિયા ધીમી કરવાનો આરોપ લગાવ્યો હતો. પાર્ટીએ કૈરાના નગર ઈસ્લામિયા ઈન્ટર કોલેજમાં મતદાન કરવા પહોંચેલી બુરખા પહેરેલી મુસ્લિમ મહિલાઓનો વીડિયો પણ શેર કર્યો છે. વીડિયોમાં મહિલા પોલીસ કર્મચારીઓ મુસ્લિમ મહિલાઓની ઓળખ તપાસી રહી છે, જેમાં કેટલાક અધિકારીઓ તપાસ



કરવા માટે મહિલાનો બુરખો હટાવતા જોવા મળે છે. ઉત્તરપ્રદેશમાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે સહારનપુર, કામના, મુઝફ્ફરનગર, બિજનૌર, નગીના, મુરાદાબાદ, રામપુર અને પીલીભીત સહિત આઠ મતવિસ્તારોમાં સવારે ૭ વાગ્યાથી મતદાન શરૂ થયું હતું. વિવિધ સ્થળોએથી EVMમાં ખામી હોવાના અહેવાલો સામે આવ્યા છે.

# કોણ છે પ્રિયમવદા નટરાજન; ભારતીય સમયની સૌથી પ્રભાવશાળી યાદીમાં નામ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

ટાઈમ મેગેઝિન ૨૦૨૪ની ૧૦૦ સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓની યાદીમાં વિવિધ ક્ષેત્રોમાં ભારતીયોની શ્રેણી છે. આ વાર્ષિક સૂચકાંક વિશ્વભરના લોકોને તેમના વૈશ્વિક પ્રભાવ માટે યાદીમાં સ્થાન આપે છે. આ યાદીમાં કલાકારો, બિઝનેસ લીડર્સ, અભિનેતાઓ, રમતવીરો, પ્રોફેસરો, વૈજ્ઞાનિકો અને રાજકારણીઓનો સમાવેશ થાય છે જેમણે તેમના કામ દ્વારા નોંધપાત્ર છાપ છોડી છે. યેલ યુનિવર્સિટીના ભારતીય પ્રોફેસર પ્રિયમવદા નટરાજન આ વર્ષની યાદીમાં સામેલ છે.

**પ્રિયમવદા નટરાજન વિશે અહીં કેટલીક હકીકતો છે :-**

૧. પ્રિયમવદા નટરાજન એસ્ટ્રોફિઝિસ્ટ અને ખગોળશાસ્ત્રના પ્રોફેસર અને યેલ યુનિવર્સિટી, કનેક્ટિકટમાં ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર છે. તે ખગોળશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ છે અને મહિલા ફેકલ્ટી ફોરમના અધ્યક્ષ પણ છે. વધુમાં નટરાજન યેલમાં વિજ્ઞાન અને માનવતામાં યેલના મુખ્ય આંતર-શિસ્ત ફ્રેન્ક પ્રોગ્રામના ડિરેક્ટર છે.

૨. એમ.એસ. નટરાજને મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ



ઓફ ટેક્નોલોજી (MIT)માં ભૌતિકશાસ્ત્ર અને ગણિતમાં સ્નાતક ડિગ્રી મેળવ્યા પહેલા દિલ્હીની દિલ્હી પબ્લિક સ્કૂલમાં તેમનું શિક્ષણ શરૂ કર્યું. તેમણે વિજ્ઞાન, ટેક્નોલોજીમાં MITના કાર્યક્રમમાં વિજ્ઞાનના ઈતિહાસ અને તત્ત્વજ્ઞાનમાં પણ સ્નાતક પૂર્ણ કર્યુ. નટરાજને પાછળથી કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોનોમીમાં પીએચડી પૂર્ણ કર્યું, જે દરમિયાન તેમણે પ્રતિષ્ઠિત આઈઝેક ન્યૂટન સ્ટુડન્ટશિપ મેળવી હતી અને ટ્રિનિટી કોલેજની ફેલો પણ હતી.

૩. નટરાજનનું સંશોધન સુપરમાસિવ બ્લેક હોલના અભ્યાસ પર આધારિત છે, તેઓ કેવી રીતે રચાય છે, વધે છે અને સમય જતાં તેમની આસપાસના વાતાવરણને કેવી રીતે પ્રભાવિત કરે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. બ્લેક હોલ તેમની યજમાન તારાવિશ્વો અને મોટા બ્રહ્માંડ સાથે કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરે છે તે સમજવા માટે તેઓ સિમ્યુલેશન અને મોડેલોનો ઉપયોગ કરે છે. તેમનો ધ્યેય બ્લેક હોલ ઉત્ક્રાંતિમાં સામેલ મૂળભૂત પ્રક્રિયાઓને શોધવાનો છે અને વિવિધ સાધનોનો ઉપયોગ કરીને આપણે તેમાંથી શું અવલોકન કરી શકીએ છીએ તેની આગાહી કરવાનું છે.

૪. ૨૦૨૨માં નટરાજનને લિબર્ટી સાયન્સ સેન્ટરનો જીનિયસ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેણીને અમેરિકન ફિઝિકલ સોસાયટી (APS), અમેરિકન એકેડેમી ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, અમેરિકન એસોસિએશન ફોર ધ એડવાન્સમેન્ટ ઓફ સાયન્સ (AAAS), ગુગેનહેમ ફાઉન્ડેશન અને રેડક્લિફ ઈન્સ્ટિટ્યૂટ જેવી ઘણી સંસ્થાઓ તરફથી ફેલોશિપથી પણ સન્માનિત કરવામાં આવી છે.

૫. નટરાજન ૨૦૧૬માં બહાર આવેલા મેપિંગ ધ હેવેન્સઃ ધ રેડિકલ સાયન્ટિફિક આઈડિયાઝ ધેટ રિવીલ ધ કોસ્મોસના લેખક છે.

# IPS તાલીમાર્થી સિદ્ધાર્થ રામકુમારે ચોથા પ્રયત્નમાં UPSC CSE ૨૦૨૩માં અખિલ ભારતીય ક્રમાંક ૪ મેળવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

UPSC સિવિલ સર્વિસ પરીક્ષા એ ભારતની સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક છે. લાખો ઉમેદવારો આ પ્રતિષ્ઠિત પરીક્ષા આપી હતી, પરંતુ ૪-૫ પ્રયત્નો છતાં તેઓ પાસ કરી શક્યા નથી. જો કે, ઘણા લોકોએ આ પરીક્ષા બે કરતાં વધુ વખત પાસ કરી હતી. તેઓ ભારતીય વહીવટી સેવાઓ (IAS)ની ટોચનું પદ મેળવવા માટે ફરીથી પરીક્ષા આપે છે. આવા જ એક વ્યક્તિ પી.કે. સિદ્ધાર્થ રામકુમાર છે, જેમણે UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૩માં અખિલ ભારતીય ક્રમાંક ૪ મેળવ્યો છે. તેઓ કેરળના છે અને UPSC CSE ૨૦૨૩માં રાજ્ય ટોપર છે. આ તેમનો ચોથો પ્રયત્ન હતો. હાલ તેઓ હૈદરાબાદમાં IPSની તાલીમ લઈ



રહ્યા છે. ગયા વર્ષે તેમણે સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૨માં અખિલ ભારતીય ક્રમાંક ૧૨૧ મેળવ્યો હતો. IPS માટે પસંદગી પામતા પહેલાં તેઓ ભારતીય ટેલિકમ્યુનિકેશન સર્વિસમાં જોડાયા હતા. તેમણે ગયા વર્ષે તેમના રેન્કમાં સુધારો કર્યો હતો પરંતુ તેમણે IPSનો પદ મેળવ્યો હતો. તેમણે ઓગસ્ટ ૨૦૧૯માં કેરળ યુનિવર્સિટીમાંથી આર્કિટેક્ચરમાં સ્નાતક પૂર્ણ કર્યું. તેમણે તેમના સ્નાતકના અંતિમ વર્ષમાં UPSCમાં તેમનો પ્રથમ પ્રયાસ કર્યો, પરંતુ પ્રિલિમ્સ પાસ કરી શક્યા નહીં. જ્યારે પ્રતિષ્ઠિત સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૩નું પરિણામ ૧૬ એપ્રિલ, મંગળવારના રોજ બહાર પડ્યું ત્યારે તેમના પરિવાર માટે તે આશ્ચર્યજનક હતું. તે માત્ર એટલા માટે નહોતું કે તેમના પુત્રએ ચોથો ક્રમ મેળવ્યો હતો, પરંતુ તેઓને ખબર ન હતી કે તેમણે પરીક્ષા અને ઈન્ટરવ્યુ આપ્યું હતું. તેમના પિતા રામકુમાર નિવૃત્ત શાળાના આચાર્ય છે અને તેમની માતા ગૃહિણી છે. તેમનો ભાઈ આદર્શ હાઈકોર્ટમાં વકીલાતનો વ્યવસાય કરે છે.

# જમ્મુ-કાશ્મીરની અનમોલ રાઠોડ જેણે ત્રીજા પ્રયત્નમાં UPSC CSE ૨૦૨૩ પાસ કરી, અખિલ ભારતીય ક્રમાંક...

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)એ UPSC CSE ૨૦૨૩નું અંતિમ પરિણામ જાહેર કર્યું છે. આદિત્ય શ્રીવાસ્તવે સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૩માં ટોપ કર્યું છે. આ લેખમાં આપણે અનમોલ રાઠોડ વિશે વાત કરી રહ્યા છીએ જે જમ્મુ અને કાશ્મીરના ડોડા જિલ્લાની છે. રાઠોડે માત્ર ૨૪ વર્ષની



ઉંમરે ત્રીજા પ્રયત્નમાં UPSC CSE ૨૦૨૩ની પરીક્ષા પાસ કરી અખિલ ભારતીય ક્રમાંક ૭ મેળવ્યો છે. તેણે ૨૦૨૧માં ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીમાંથી બીએ એલએલબીમાં તેનું સ્નાતક પૂર્ણ કર્યું. તેણે તાજેતરમાં જમ્મુ અને કાશ્મીર વહીવટી સેવા (JKAS) પાસ કરી હતી અને હાલમાં તે તેના માટે તાલીમ લઈ રહી છે.

# ડોનુરૂ અનન્યા રેડ્ડીએ UPSC સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૩માં મહિલાઓમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)એ UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૩નું પરિણામ જાહેર કર્યું છે. આદિત્ય શ્રીવાસ્તવે UPSC CSE ૨૦૨૩ની પરીક્ષામાં અખિલ ભારતીય ક્રમાંક ૧ સાથે ટોચનું સ્થાન મેળવ્યું છે. મહિલા ઉમેદવારોમાં તેલંગાણાના ડોનુરુ અનન્યા રેડ્ડીએ સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૩માં ટોચનું સ્થાન મેળવ્યું છે. તેણે અખિલ ભારતીય ક્રમાંક ૩ મેળવ્યું છે.



રેડ્ડીએ મિરાન્ડા હાઉસ, દિલ્હી યુનિવર્સિટીમાંથી ભૂગોળમાં બી.એ સાથે સ્નાતક પૂર્ણ કર્યુ. તેનો વૈકલ્પિક વિષય માનવશાસ્ત્ર હતો. રેડ્ડી તેના સ્નાતક પછીથી UPSC સિવિલ સર્વિસ પરીક્ષાની તૈયારી કરી રહી હતી. તે ક્રિકેટની શોખીન છે અને વિદ્યાર્થીઓને શીખવવાનું અને માર્ગદર્શન આપવાનું પણ પસંદ કરે છે. તેનો જન્મ હૈદરાબાદમાં થયો હતો પરંતુ તેનો ઉછેર તેલંગાણામાં થયો હતો. આ ઉપરાંત, નિમણૂંક માટે કુલ ૧,૦૧૬ ઉમેદવારોની ભલામણ કરવામાં આવી છે. ઉમેદવારો તેમના પરિણામો UPSCની સત્તાવાર વેબસાઈટ upsc.gov.in પર જોઈ શકે છે.

# ભાવનગર : સસ્તામાં સોનાના સિક્કા આપવાનું કહી વેપારી પાસેથી રૂા.૬.૫૧ લાખ પડાવ્યા

ભાવનગર, તા.૧૯

ખોદકામ દરમિયાન ઘડો મળી આવ્યો છે અને તેમાં સોનાના આભુષણો છે અને તે સસ્તા ભાવે વેચી દેવાના છે. લોકોને ધુતવાની આ સ્કીમ વર્ષોથી ચાલી રહી છે તેમ છતાં લોભીયા હોય ત્યાં ધુતારા ભુખે ન મરે તે કહેવત અનુસાર વખતો વખત નવા-નવા લોકો છેતરપિંડીનો ભોગ બનતા રહે છે. ભાવનગરના અલંગમાં પાન-માવાની દુકાન ચલાવી પેટીયુ રળી ખાતો એક વિપ્રને સસ્તામાં સોનાના સિક્કા મેળવવાની લાલસા જાગતા તેને પીલગાર્ડનમાં બોલાવી ખેલ પાડી દેવાયો હતો અને વેપારીએ ભેગી કરેલી મરણ મુડી તેમજ સગા-સબંધીઓ પાસેથી પણ ઉછીના મેળવી રૂા.૬.૫૧ લાખ ચુકવ્યા હતાં. આખરે ચુનો ચોપડાયો હોવાની જાણ થતા રહી રહીને આ ઘટનાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવની ઉપલબ્ધ વિગતો મુજબ અલંગમાં પાનમાવાની દુકાન ધરાવતા મહેશભાઈ ધાંધલ્યા (રહે.વરતેજ)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે તેઓ અલંગ ખાતે ખોડીયાર પાન સેન્ટરના નામથી પાનમાવાની દુકાન ચલાવે છે. તા.૨૪ ફેબ્રુઆરીના રોજ બે ગઠિયા તેમની દુકાને આવ્યા હતા અને તેમણે કોઈ મજૂરી કામ હોય તો કહેજા તેમ કહી તેમનો નંબર આપ્યો હતો. ત્યારબાદ એક શખ્સે તા.૨૬ ફેબ્રુઆરીના રોજ મહેશભાઈને ફોન કરી મજુરી કામની વાત કરી હતી.

આથી હાલ કોઈ કામ ન હોવાનું જણાવતા આ ગઠીયાએ કહ્યું હતું કે, તમારા લાયક કામ છે. અમે કચ્છમાં મજુરી કામ કરતા હતા ત્યારે ઘડો મળ્યો છે અને તેમાંથી જે સોનાના સિક્કા અને માળા મળી છે તે ખાનગીમાં સસ્તામાં વેચવાની છે એટલે ફરિયાદીએ આરોપીને અલંગ આવવાનું કહ્યું હતું. પરંતુ તે અલંગ આવ્યો ન હતો અને ફરિયાદીને ભાવનગર આવવાનું કહેતા ૧ માર્ચના રોજ ફરિયાદી ભાવનગર આવ્યા હતા અને તમામ પીલગાર્ડનમાં બેઠા હતા. આ સમયે પિલગાર્ડમાં બન્ને ગઠીયાએ સોનાની માળા બતાવી હતી અને એક શખ્સે માળાના બે પારા તોડી ફરિયાદીને આપ્યા હતા અને તમે તમારા સોની પાસે ચેક કરાવી લ્યો તેમ કહેતા ફરિયાદીએ ભાવનગર અને તળાજાના સોની પાસે બન્ને પારા ચેક કરાવતા તે સોનાના હોવાનું જણાવ્યું હતું.

### તું ટ્રેક્ટર કેમ ઊભું રાખતો નથી તેમ કહી
# ઈવનગર ગામે ટ્રેક્ટરમાં કચરો લેવા જતા કર્મચારીને મૂઢમાર મારી મારી નાખવાની ધમકી

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ તાલુકાના ઈવનગર ગામે ટ્રેક્ટરમાં કચરો લેવા જતા કર્મચારીને માર મારવામાં આવ્યો હોવાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે ગાંઠીલા ગામના મહેશભાઈ કાંતીભાઈ પારમાર(ઉ.વ.૨૬)એ દિલીપભાઈ કરશનભાઈ જાદવ (ઉ.વ.૩૫) (રહે. ઈવનગર વાળા) વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી જૂનાગઢ નગરપાલિકામાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હોય અને તેઓ ઈવનગર ગામે ટ્રેક્ટરમાં કચરો લેવા જતા આ કામના આરોપીએ ફરિયાદીને કહેલ કે તું કેમ કચરાનું ટ્રેક્ટર ઊભું રાખતો નથી તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને કાઠલો પકડી લીધેલ તથા શરીરમાં જેમ ફાવે તેમ ઢીકાપાટુ મારવા લાગેલ તથા આરોપીના હાથમાં લાકડાનો બળિયો હોય તે બળિયો ફરિયાદીને વાસામાં તથા છાતીના ભાગે મારી મૂંઢ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ ફરીવાર ગામમાં આવીશ તો ટ્રેક્ટર સળગાવી નાખવાની ધમકી આપી અધિક જિલ્લા મેજિ.ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના કોંગ્રેસના ધારાસભ્યની કાર અટકાવતાં PSIનો ઉધડો લીધો

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ શહેરમાં ગઈકાલે કલેક્ટર કચેરી નજીક સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમાની કારને ફરજ ઉપરના પોલીસ સ્ટાફે અટકાવતા ધારાસભ્ય વિમલ ચુડાસમાએ પીએસઆઈનો જાહેરમાં ઉધડો લીધો હતો એટલું જ નહી તમે ભાજપના પટ્ટા પહેરીને રોફ નહીં મારો પરંતુ કાયદેસર રીતે તમારી ફરજ બજાવો તેવું કહ્યું હતું અને આ અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં ધુમ મચાવી રહ્યો છે. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર ગઈકાલે જૂનાગઢ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર હીરાભાઈ જોટવા ફોર્મ ભરવા માટે કલેક્ટર કચેરીએ ગયેલા ત્યારે સોમનાથના કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમા પણ તેમની કાર લઈને સમર્થકો સાથે પહોંચ્યા હતા પરંતુ તેઓ થોડાક મોડા પડયા હોય ફોર્મ ભરવા માટે આગેવાનો અંદર જતા રહ્યા હતા ત્યારે ધારાસભ્ય વિમલ ચુડાસમાની કારને ફરજ ઉપરના પોલીસ સ્ટાફે અટકાવી દીધી હતી. જેના પરિણામે તેઓ નીચે ઉતરીને પીએસઆઈ એચ.બી.ચૌહાણ સાથે રકઝક થઈ હતી. ત્યારે પોલીસે નિયમ મુજબ કાર અટકાવી હોવાનું જણાવ્યું હતું અને અમારા સાહેબને પૂછી લઉં તેમ કહેતા ધારાસભ્ય વિમલ ચુડાસમાએ પીએસઆઈને જણાવ્યું હતું કે, તમારા સાહેબ એ મારા સાહેબ થોડા છે અને તમે નોકરીમાં છો તો મને લીસ્ટ આપો કે કેટલી ગાડીનું લીસ્ટ છે અને પોલીસના નામે સીનસપાટા કરો છો તેમ કહીને પોલીસ હપ્તા લેતી હોવાના પણ આક્ષેપ કર્યા હતા. એક તકે તો એડિશનલ કલેક્ટરની કાર પણ ટ્રાફિક જામમાં અટકાઈ પડી હતી. ધારાસભ્ય વિમલ ચુડાસમાએ જણાવી દીધું હતું કે હું પ્રજાનો પ્રતિનિધિ છું અને ડીવાયએસપી પણ મને રોકી ન શકે, કાયદા મુજબ નોકરી કરો તેમ કહી પોલીસ અધિકારી સાથે રઝકઝ કરી હતી. આ મામલો જે તે સમયે બન્યો ત્યારે ટ્રાફિક જામ પણ થઈ ગયો હતો અને લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. દરમ્યાન બાદમાં પોલીસે ધારાસભ્ય વિમલ ચુડાસમાની કારને અંદર જવા દીધી હતી અને આખરે મામલો શાંત પડ્યો હતો. ધારાસભ્ય વિમલ ચુડાસમા અને પીએસઆઈ વચ્ચે થયેલી બબાલનો વીડિયો વાયરલ થયો હતો.

# સોખડા : બ્રાન્ડેડ શૂઝ ઓનલાઈન ખરીદી રૂા.૮૪ લાખની છેતરપિંડી કરનાર ડોક્ટર નીકળ્યો

નડિયાદ, તા.૧૯

માતર તાલુકાના સોખડાના યુવકે ઓનલાઈન પ્લેટફોર્મ પર બ્રાન્ડેડ સૂઝની શોપિંગ કરી કંપનીને રૂા.૮૪ લાખનો ચૂનો ચોટાડ્યો હતો. પકડાયેલ આ યુવકને ખેડા એલસીબી પોલીસે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ માંગતા તારીખ ૨૩મી સુધીના રિમાન્ડ મળ્યા છે. મહત્વની વાત એ છે છેતરપિંડના ગુનામાં પકડાયેલા આ યુવક ડેન્ટિસ્ટ ડોક્ટર છે ડોક્ટર જેવા ઈમેજવાળા વ્યવસાય સાથે સંકળાયેલા યુવકના આ કારસ્તાનને લઈ ડોક્ટર આલમમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ ખેડા જિલ્લાના માતર તાલુકાના સોખડા ગામે મકાન નંબર ૧૧, આશાપુરી સોસાયટીમા રહેતા પાર્થ મનોજકુમાર શર્મા એ નાઈકી બ્રાન્ડેડના મોટા પ્રમાણમાં નકલી બુટ પરત આવેલ છે અને આ બધા બુટની ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ મિન્ત્રા ડિઝાઈન પ્રા.લી. ઉપરથી કરેલ છે. એટલે કે આ યુવક નાઈકી બ્રાન્ડેડના ઓનલાઈન બુટ મંગાવતો હતો અને એ બુટ કાઢ્યા બાદ તેની જગ્યાએ ડુપ્લીકેટ બુટ મૂકીને પરત કરતો હતો કેશ ઓન ડિલેવરીના નાણાં બુટ પરત થઈ ગયા બાદ તેને પાછા મળી જતા હતા અને આ બ્રાન્ડેડ કંપનીના બુટ તે તેના સોસ દ્વારા અન્યને વેચી દેતો હતો. આ તમામ માહિતી બહાર આવી હતી જેથી ઈન્સ્ટાકાર્ટ પ્રા.લી. કંપનીમાં એન્ફોર્સમેન્ટ ઓફિસરને રિટર્ન સેન્ટરમાંથી મળતી હકીકતના આધારે તપાસ હાથ ધરતા આ યુવકનું કારસ્તાન પકડાયું હતું. આ યુવકે ૫૦૦થી વધારે અલગ અલગ ખોટી આઈડી અને ખોટા સરનામાના ઉપરથી ઉપરોક્ત ઓનલાઈન શોપિંગના પ્લેટફોર્મ પર ઉપયોગ કરી અલગ અલગ મોબાઈલ ઉપરથી ઉપરોક્ત બ્રાન્ડના બુટ ઓર્ડર કર્યા હતા. વધુમાં પાર્થ શર્માએ ૨૨ જુન ૨૦૨૩થી ૧૫ માર્ચ ૨૦૨૪ સુધી નવ મહિનામાં ૧૦૭૩ વખત આ બ્રાન્ડેડ હાઈ વેલ્યુ બુટ જેની કિંમત રૂપિયા ૮૪ લાખ થાય છે જેનો ઓર્ડર કરી છેતરપિંડી આચરી હતી.

ખેડા એલસીબી પોલીસે આ પાર્થની ધરપકડ કર્યા બાદ કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ માગતા કોર્ટે તારીખે ૨૩મી સુધીના રિમાન્ડ આપ્યા છે. મહત્વની વાત એ છે કે આ ભેજાબાજ પાર્થ ડેન્ટિસ્ટ ડોક્ટર છે. તેના ફાધર પણ ડેન્ટિસ્ટ ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરે છે. ડોક્ટર જેવા ઈમેજવાળા વ્યવસાય સાથે સંકળાયેલા યુવકના કારસ્તાનથી ડોક્ટર આલમમાં પણ ચર્ચા જાગી છે.

### અકસ્માતનો ભય
# વડોદરામાં ગરમીમાં અનેક વિસ્તારોમાં રસ્તા પરનો ડામર ઓગળવા લાગ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

વડોદરા શહેરમાં અનેક વિસ્તારોમાં તાજેતરમાં રસ્તા પર રીકાર્પેટ કરવામાં આવ્યું હતું. જોકે ગરમીના પ્રકોપ સામે કાર્પેટનું ડામર પણ ટકી શક્યું નથી. રોડ પર ડામર ઓગળી જવાની ઘટના પ્રકાશમાં આવી છે.

શહેરના અમિત નગર ઓવરબ્રીજથી રાત્રી બજાર તરફ જવાના માર્ગ પર તાજેતરમાં ભાજપના કોઈ નેતા આવનાર હોય રોડનું સરફેસિંગ કરીને તેના પર સીલકોટ કરવામાં આવ્યું હતું. જેમાં ડામરના મીશ્રણની રસ્તાને રીકાર્પેટ કરાયો હતો. રસ્તો છેલ્લા એક વર્ષથી ખાડા વાળો હતો. અહીં માઈક્રો ટનલીંગનું કામ પૂર્ણ કર્યા બાદ થિંગડા મારવામાં આવ્યા હતા. જોકે ભાજપના નેતા આવનાર હોય આખો રસ્તો નવેસરથી બની ગયો હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. છેલ્લા બે ત્રણ દિવસથી આકાશમાંથી અગનગોળા વરસતા હોય તેમ કાળઝાળ ગરમી પડી રહી છે. ગરમીએ પાલિકાની રોડ બનાવવાની કામગીરીની પોલ ખોલી દીધી હતી. મુખ્ય માર્ગ પર ગરમીના કારણે મટીરીયલમાં મિશ્રિત કરેલો ડામર ઓગળી ગયો હતો અને જેના કારણે વાહન ચાલકો સ્લીપ થઈ જાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ગેંડીગેટ રોડ મન્સૂરી મસ્જિદ લાડવાડા તરફ જવાના માર્ગે ડામર ઓગળતા વાહન ચાલકોને તકલીફનો સામનો કરવો પડે છે ગમે ત્યારે અકસ્માત સર્જાય એવું લાગી રહ્યું છે તંત્રને રજૂઆત કરવા છતાં પણ કામગીરી થતી નથી.

### રોગચાળો ફાટવાની સંભાવના
# ધોળકા ખાતે ગનીપુરમાં દૂષિત પાણી અને ઊભરાતી ગટરોથી લોકો ત્રાહિમામ્
## સમસ્યા હલ નહીં થાય તો કોંગ્રેસ આંદોલનનું રણશિંગું ફૂંકશે

ધોળકા, તા. ૧૯

ધોળકા નગરપાલિકાના વોર્ડ નંબર-૫માં નળમાંથી આવતા દુષિત પાણી તથા વારંવાર ઉભરાતી ગટરોની સમસ્યાથી સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ગયા છે. આ વિસ્તારમાં રોગચાળો ફાટવાની ભીતિ છે. ત્યારે શુક્રવારે ગનીપુર મ્યુનિસિપલ બોર તથા આસપાસના વિસ્તારની ધોળકા નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા મનસુરખાન તાલુકદાર અને કોંગ્રેસના પૂર્વ કાઉન્સિલરો ઈસ્માઈલભાઈ ઘાંચી તથા ફિરોજખાન પઠાણે રૂબરૂ મુલાકાત લઈ જાત માહિતી મેળવી હતી.

ત્યારબાદ ધોળકા શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને પૂર્વ મ્યુનિસિપલ કાઉન્સિલર ફિરોજખાન પઠાણે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે ધોળકા ખાતે ગનીપુર વિસ્તારમાં આવેલા મ્યુનિસિપલ બોરમાંથી સંપમાં પાણી ભરવામાં આવે છે. આ સંપમાં ગંદકી હોવાથી આ ગંદુ પાણી લોકોના ઘરે નળમાં આવે છે. આ દુષિત પાણીના કારણે પાણીજન્ય રોગચાળો ફાટવાની સંભાવના છે. લોકોને પીવાનું શુદ્ધ પાણી મળવું જોઈએ. આથી મારી ધોળકા નગરપાલિકાના સત્તાધીશો સમક્ષ માગણી છે કે સંપ માંથી પાણી આપવાના બદલે બોરમાંથી ડાયરેક્ટ પાણી આપવું જોઈએ અને સંપને ખાલી કરી તેની સફાઈ કરવી જોઈએ. આ વિસ્તારમાં વારંવાર ગટરો ઉભરાતા જાહેર માર્ગો ઉપર ગટરના પાણી ભરાતા લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આ સમસ્યા હલ કરવામાં નહીં આવે તો કોંગ્રેસ દ્વારા ધોળકા નગરપાલિકા ખાતે ગાંધી ચીંધ્યાં માર્ગે આંદોલન કરવામાં આવશે.

# જે.બી. ફાર્મા દ્વારા એ.આઈ.ડી.એસ. ટ્રસ્ટ માટે રેઈન વોટર હાર્વેસ્ટિંગ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરાયું




અંકલેશ્વર, તા.૧૯

અંકલેશ્વરની શ્રીમતી જયાબેન મોદી મલ્ટી-સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં આજ રોજ નિખિલ ચોપરા - જે.બી. કેમિકલ્સ & ફાર્માસ્યુટિકલના સી.ઈ.ઓ. અને એ.આઈ.ડી.એસ.ના ટ્રસ્ટીના હસ્તે રૈન વોટર હાર્વેસ્ટિંગ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કંપનીના આવા ઊત્કૃષ્ટ અભિગમનું અમલીકરણ શ્રી ગટ્ટુ વિદ્યાલય, એ.આઈ.ડી.એસ. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તથા શ્રીમતી જયાબેન મોદી મલ્ટી-સ્પેશ્યાલિટી હોસ્પિટલ ખાતે કરવામાં આવશે જેના દ્વારા આ સંસ્થાઓને સતત મદદ મળી રહે તેવી ભાવના સાથે કાર્યરત રહેવાનો કોલ નિખિલ ચોપરાએ આપ્યો હતો.

આ કાર્યક્રમમાં કંપની તરફથી નિખિલ ચોપરા, ભરત ધાનાની, એકજિક્યુટીવ વાઈસ-પ્રેસિડેન્ટ ઓપરેશન્સ, જેસન ડિસુજા, એકજિક્યુટીવ વાઈસ પ્રેસિડેન્ટ, સુશ્રી મિશ્રા, જનરલ મેનેજર, સટ્રેજિક કોમુનિકેશન - અને તેમની ટીમ, બાયફ ટીમ, એ.આઈ.ડી.એસ. ટ્રસ્ટ વતી ડૉ.આત્મી દેલીવાલા મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ, મિસેલ ગણેશની કેમ્પસ ડિરેક્ટર શ્રી ગટ્ટુ વિદ્યાલય, કૃષ્ણ મહારાઉલ, એ.આઈ.ડી.એસ. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ એડમિનિસ્ટ્રેટર, પારસ પટેલ, દશરથ પટેલ, અને અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# અંકલેશ્વરમાં શંકાસ્પદ લોખંડનો ભંગારનો જથ્થો ભરેલો ટેમ્પો ઝડપાયો
## ભરૂચ SOG પોલીસે ૪૦૨૦ કિલો ભંગાર અને ટેમ્પો મળી ૨.૮૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો

અંકલેશ્વર, તા.૧૯

અંકલેશ્વરના કાપોદ્રા રોડ ઉપર કામધેનુ એસેટ પાસેથી ભરૂચ એસઓજી પોલીસે શંકાસ્પદ એંગલ અને પ્લેટ સહિતનો લોખંડના ભંગારનો જથ્થો ભરેલ ટેમ્પો સાથે એક શખ્સની ધરપકડ કરી ભંગારનો જથ્થો અને ટેમ્પો મળી ૨.૮૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. ભરૂચ એસઓજી પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન કાપોદ્રા રોડ ઉપર આવેલ કામધેનુ એસેટ નજીક એક ટેમ્પામાં શંકાસ્પદ ભંગારનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો હોવાની માહિતી મળી હતી. જે માહિતીના આધારે એસઓજી પોલોસની ટીમે કામધેનુ એસેટ પાસે તપાસ કરતા ટેમ્પો મળી આવ્યો હતો, જેમાં લોખંડની પ્લેટ, પતરા અને એંગ્લોના ટુકડા સહિતનો લોખંડના ભંગારનો જથ્થો મળી આવ્યો હતો જે અંગે અંસાર માર્કેટમાં રહેતા ટેમ્પો ચાલક ફુલબદન યાદવ પાસે જરૂરી બિલ તેમજ જરૂરી દસ્તાવેજો માંગતા તેણે રજૂ ન કરી સંતોષકારક જવાબ નહીં આપતા તેની અટકાયત કરી હતી અને રૂા.૮૦ હજારનો ભંગાર નો જથ્થો અને બે લાખનો ટેમ્પો મળી કુલ ૨ લાખ ૮૦ હજારનો મુદ્દામાલ કબજે કરી પાનોલી પોલીસના હવાલે કરી વધુ તપાસ હાથ ધરી છે.

### લાખોનો ડુપ્લીકેટ માલ જપ્ત
# વડોદરાની જાણીતી કંપનીના ડુપ્લીકેટ એસેસરીઝ મુદ્દે સીઆઈડીના દરોડા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

વડોદરા શહેરના માર્કેટ ચાર રસ્તા પાસે આવેલા મરી માતા ખાંચામાં આવેલી મોબાઈલની ચાર દુકાનોમાં ડુપ્લીકેટ ચીજ વસ્તુઓનું વેચાણ થતું હોવાની જાણકારી રાજ્યના સીઆઈડી ક્રાઈમ વિભાગને મળતા આજે ગાંધીનગરની ટીમે દરોડો પાડી કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેરના મોબાઈલના સ્પેરપાર્ટ અને મોબાઈલ રીપેરીંગનું હબ બની ગયેલું માર્કેટ ચાર રસ્તા પાસેના મરી માતા ખાંચા વિસ્તારમાં મોટાભાગની દુકાનોમાં જાણીતી કંપનીઓના ડુપ્લીકેટ મોબાઈલ એસેસરીઝનું વેચાણ થતું હોય છે તેની જાણકારીના આધારે આજે ગાંધીનગર cid crime દ્વારા મરી માતા ખાંચા વિસ્તારમાં આવેલ ચાર મોબાઈલ દુકાનોમાં ડુપ્લીકેટ માલનું વેચાણ થતું હોવાની બાતમીના આધારે તપાસ હાથ ધરી છે. ડુપ્લીકેટ મોબાઈલ એસેસરીઝનું વેચાણ કરતી દુકાનોના સંચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો જેને કારણે ડુપ્લીકેટ ચીજ વસ્તુઓનું વેચાણ કરતા દુકાનદારોએ cid ક્રાઈમના દરોડા ને કારણે દુકાનો ટપોટપ બંધ કરી દીધી હતી. Cid ક્રાઈમ ગાંધીનગરના દરોડાને પગલે વડોદરા શહેરના મોબાઈલ કંપનીઓના ડુપ્લીકેટ એસેસરીઝનું વેચાણ કરનારા દુકાનના સંચાલકોમાં ફફડાટ વ્યાપ્યો છે ત્યારે મરી માતા ખાંચાની ચાર દુકાનોમાં ચેકિંગ દરમિયાન ડુપ્લીકેટ ચીજ વસ્તુઓનો લાખો રૂપિયાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

# આઈઓસીએલ કંપનીમાં હાઈડ્રો મશીનમાં આવી જતા શ્રમજીવીનું મોત
## ૫૦ લાખના વળતરની કંપની પાસે માગણી કરી, પરિવારજનો દ્વારા મૃતદેહ લઈ જવાનો ઈન્કાર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

આઈઓસીએલ કંપનીમાં કામ કરતા સમયે હાઈડ્રો મશીનમાં ફસાઈ ગયેલા શ્રમજીવીનું કમકમાટીભર્યુ મોત નિપજ્યું છે. શ્રમજીવીના પરિવારજનોએ ૫૦ લાખના વળતરની માંગણી સાથે વિરોધ વ્યક્ત કરી ડેડબોડી લઈ જવાનો ઈનકાર કરતા કોલ્ડરુમમાં બોડી મૂકવામાં આવી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મૂળ બિહારનો અને હાલમાં કંપનીના ક્વાર્ટરમાં જ રહે છે. આઈ.ઓ.સી.એલ. કંપનીમાં તે છેલ્લા બે મહિનાથી કોન્ટ્રાક્ટ પર મજૂરી કામ કરે છે. ગઈકાલે કંપનીમાં કામ કરતા સમયે હાઈડ્રા મશીનમાં તે આવી જતા ગંભીર ઈજાગ્રસ્ત થતા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. પરંતુ, ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. ત્યારબાદ તેની ડેડબોડી પી.એમ. માટે સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. પી.એમ. પછી પરિવારજનોએ ૫૦ લાખના વળતરની માગણી કરી ડેડબોડી લઈ જવાનો ઈન્કાર કર્યો હતો. કંપની દ્વારા હાલમાં બે લાખ આપવાનું કહી ઈન્સ્યોરન્સના રૂપિયા પણ આપવાનું કહ્યું હતું. પરંતુ, પરિવારજનો દ્વારા તાત્કાલિક રોકડા રુપિયાની માંગણી કરવામાં આવી હતી. જેના પગલે વિવાદ થતા પોલીસે ડેડબોડી સયાજી હોસ્પિટલના કોલ્ડરુમમાં મૂકાવી છે. આ અંગે પોલીસનું કહેવું છે કે, કોન્ટ્રાક્ટર દ્વારા તમામ શ્રમજીવીઓનો ઈન્સ્યોરન્સ લેવામાં આવ્યો છે. પરંતુ, ઈન્સ્યોરન્સના રુપિયા આવતા સમય લાગે તેમ છે. જ્યારે મૃતકના પરિવારજનો તાત્કાલિક રુપિયા માંગે છે અને તે પણ કંપની પાસે જેના કારણે વિવાદ થયો છે. હાલમાં પણ મૃતકના પરિવારજનોની મીટિંગ ચાલી રહી છે. પરંતુ, કોઈ ઉકેલ આવ્યો નથી.

## વરતેજની કંપનીમાં ગેસની પાઈપ લીકેજ થતા શ્રમિક ગંભીર રીતે દાઝ્યો

ભાવનગર, તા.૧૯

ભાવનગર વરતેજ જીઆઈડીસીમાં મધુ સીલીકા કંપનીમાં એક અકસ્માતના બનાવમાં એક શ્રમિક ગંભીર રીતે દાઝી જતા દોડધામ થઈ પડી હતી. પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના વરતેજમાં જીઆઈડીસીમાં ગેસ પાઈપ લીકેજ થતા આગ લાગી હતી. જે બનાવમાં આ સમયે કામ કરી રહેલ શ્રમિક ગંભીર રીતે દાઝી જતા તેને તાબડતોબ સરકારી સર તખ્તસિંહજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ છે. અને હોસ્પિટલ પોલીસ ચોકી ખાતે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

# વડોદરા નજીક મજાતણ ગામે ૫૦ ફૂટ ઊંડા કૂવામાંથી ફાયર બ્રિગેડે મૃતદેહ કાઢ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

વડોદરા નજીક પાદરા તાલુકામાં આવેલા ગામમાં કૂવામાં પડેલા યુવકને કાઢવા માટે વડોદરા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી.

પાદરાના મજા તણ ગામે આશરે ૫૦ ફૂટ ઊંડા કૂવામાં પાણીની અંદર એક યુવકનો મૃતદેહ નજરે પડતા ગ્રામજનોએ વડોદરા ફાયર બ્રિગેડની મદદ લીધી હતી.

ફાયર બ્રિગેડ દ્વારા જાનની બાજી લગાવી કૂવામાં ઉતરીને કામગીરી કરવામાં આવી હતી. લગભગ દોઢથી બે કલાકની જહેમત બાદ મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. મૃતકની ઓળખ થઈ નહીં હોવાથી અને કેવી રીતે તે કુવામાં પડ્યો હતો તે મુદ્દે પોલીસ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવી છે.

# જૂના ડીસા ગામે મજૂરી કરી ગુજરાન ચલાવતા યુવકનો આપઘાત

ડીસા, તા.૧૯

ડીસા તાલુકાના જૂના ડીસા ગામના ૨૫ વર્ષીય દિલીપભાઈ પ્રતાપભાઈ રાઠોડ છૂટક મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. ત્યારે બુધવારના રાત્રિના સમયે અગમ્ય કારણોસર ઘરની અંદર પંખાની ઉપર દોરડું બાંધી ટૂંપો ખાઈ આપઘાત કર્યો હતો. આ ઘટનાની જાણ થતાં આજુબાજુથી લોકો દોડી આવી યુવકને ડીસા સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં હાજર તબીબે મૃત જાહેર કર્યો હતો. જો કે, આશાસપદ યુવકના આપઘાતને લઈ જીવન ટૂંકાવી લેતા સમગ્ર પરિવારમાં શોકમાં ગરકાવ થઈ ગયો છે. જો કે, અચાનક બનેલી આ ઘટનાને લઈ પરિવારમાં પણ ગમગીનીનો માહોલ છવાયો હતો. યુવકે આપઘાત કયા કારણોસર કર્યો તેને લઈ રહસ્ય સર્જાયું છે.

# વિશ્વ હિન્દુ પરિષદની શોભાયાત્રામાં ડી.જે. કબજે : ચાર સામે ગુનો દાખલ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

રામનવમીની શોભાયાત્રામાં નિયત સમય મર્યાદા કરતા વધુ સમય સુધી ડી.જે. વગાડવામાં આવતા રાવપુરા પોલીસે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી ૮ લાખની સિસ્ટમ કબજે કરી છે.

રાવપુરા પોલીસ સ્ટેશનનો શોભાયાત્રાના બંદોબસ્તમાં હતો. તે દરમિયાન રાતે સાડા દશ વાગ્યે ન્યાયમંદિર પદ્માવતી શોપિંગ સેન્ટર પાસેથી વિશ્વ હિન્દુ પરિષદ વડોદરા મહાનગર અમૃત બારોટ મહોલ્લો સલાટવાડાના આયોજક સચિનભાઈ મોહનભાઈ રાવળની આગેવાનીમાં શિવાજી ચોક કારેલીબાગથી એક શોભાયાત્રા નીકળી હતી. જેમાં ડી.જે. વાગતું હતું. બે ટ્રેક્ટરમાં ડી.જે.નો સેટ હતો. એક ટ્રેક્ટરની ટ્રોલીની પાછળ બહારના ભાગે વધારે પડતા સ્પીકરો નીકળેલા હતા. બે ટ્રેક્ટરના ડ્રાઈવર અમિત ચુનાજીભાઈ વણજારા ( રહે. જીવા મામા નગર, કોતર તલાવડીપાસે, માંજલપુર) તથા વિજય મહેન્દ્રસિંહ ચૌહાણ ( રહે. આમ્રપાલી ડૂપ્લેક્સ, નોવિનો તરસાલી રોડ) પાસે ડી.જે.ની પરમિશન માંગતા પોતાની પાસે નહીં હોવાનું જણાવ્યું હતું. ડી.જે. સિસ્ટમના માલિક તથા ઓપરેટર મિતુલ પ્રકાશચંદ્ર સોની (રહે.આનંદબાગ સોસાયટી, સુશેન તરસાલી રીંગ રોડ) હોવાનું જણાઈ આવ્યુંહતું. આયોજકસચિન મોહનભાઈ રાવળ પાસે ડી.જે.ની પરમિશન માંગતા તેમણે પરમિશન બતાવી હતી. પરંતુ, તે પરમિશન માત્ર દશ વાગ્યા સુધીની જ હતી. રાત્રિના દશ વાગ્યા પછી પણ ડી.જે. વગાડતા હોવાથી પોલીસે બે ડ્રાઈવર, આયોજક અને ડી.જે. ના માલિક સામે ગુનો દાખલ કરી કુલ ૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

# માતરના રતનપુર ગામના મુસ્લિમ કબ્રસ્તાનમાં દારૂની બોટલો કોઈ નાંખી જતા ચકચાર
## પોલીસમાં લેખિતમાં અરજી આપી આવા કૃત્ય કરનાર સામે પગલાં ભરવા માંગ કરી

નડિયાદ, તા.૧૯

માતર તાલુકાના રતનપુર ગામના મુસ્લિમ કબ્રસ્તાનમાં ઇંગ્લીશ દારૂની ખાલી બોટલો ફેંકીને અજાણ્યો ઈસમ ફરાર થઈ જતા આ બાબતે માતર પોલીસમાં લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે આવું કારસ્તાન કરી શાંતિ છીનવાના પ્રયાસ થયો હોવાની ચર્ચા પણ ચાલે છે. મળતી માહિતી મુજબ માતર તાલુકાના રતનપુર ગામમાં મુસ્લિમ કબ્રસ્તાન આવેલ છે આ કબ્રસ્તાન નજીક દરગાહ પર આવેલી છે. કબ્રસ્તાનમાં આવેલ કબ્ર ઉપર ઇંગ્લીશ દારૂની ખાલી વ્હાઈટ લેબ નોડકા લેબલવાળી બોટલો કોઈ અજાણ્યો ઈસમ નાખી ગયો હતો જેને લઈ આ મુદ્દો ચર્ચાનો બની ગયો હતો. મુસ્લિમ સમાજની લાગણી દુભાવે તેવા કરેલા આ કૃત્યને લઈ ગામના મુસ્લિમ




સમાજમાં દુઃખની લકીર ખેંચાઈ છે આ બાબતે ગામના સામાજિક કાર્યકર પઠાણ મુસ્તુફાખાન શરીફમાને માતર પોલીસમાં લેખિતમાં અરજી આપી છે અને આની તપાસ કરવા માંગ કરી છે.

# પૂર્વ IAS એસ.કે. લાંગા અને તેમના પુત્ર સામે ૧૧.૬૪ કરોડની અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૯

એસીબીએ અપ્રમાણસર મિલકત ધરાવતા અધિકારીઓ સામે લાલઆંખ કરી છે. ગાંધીનગરના પૂર્વ કલેક્ટર એસ.કે. લાંગા અને તેમના પુત્ર સામે ACBએ અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ કર્યો છે. હોદ્દાનો દુરુપયોગ કરીને ઈરાદાપૂર્વક ગેરકાયદેસર રીતરસમો અપનાવી નાણાં મેળવીને તે નાણાંનો ઉપયોગ કરી પોતાના તથા પુત્ર પરિક્ષીત શંકરદાન ગઢવીના નામે સ્થાવર/જંગમ મિલકતોમાં રોકાણ કરી ૧ એપ્રિલ ૨૦૦૮થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ સુધીના સમયગાળામાં પોતાની કાયદેસરની કુલ આવક ૫,૮૭,૫૬,૯૩૯ની સામે એસ.કે. લાંગાએ કુલ ખર્ચ અને રોકાણ કુલ રૂપિયા ૧૭,૫૯,૭૪,૬૮૨નું કર્યું છે. તેમણે ૧૯૮.૧૫ ટકા જેટલું રોકાણ કરી ૧૧.૬૪ કરોડની અપ્રમાણસર મિલકત વસાવી હોવાનું ACBને તપાસમાં જણાઈ આવ્યું છે. ACBની તપાસના આધારે ૧ એપ્રિલ ૨૦૦૮થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ સુધીના સમયગાળા દરમિયાન એસ.કે. લાંગાએ તેમના પુત્રના નામે ઘણી બધી મિલકતો વસાવી છે. તે મિલકતો ખરીદી કરતાં અગાઉ દરેક વખતે તેમના પુત્રએ પોતાના નામની પ્રોપરાઈટરશીપ ફર્મમાં ટુકડે ટુકડે રોકડા નાણાં જમાં કરાવી ત્યાર બાદ તે રોકડ નાણાં પોતાના બચત ખાતામાં ટ્રાન્સફર લઈ તે એકાઉન્ટમાંથી મિલકતો ખરીદી કરી છે. ભ્રષ્ટાચારથી એકત્ર કરેલા નાણાંને પોતાના પુત્રની શેલ કંપનીમાં રોકડ સ્વરૂપે જમા કરાવી ભ્રષ્ટાચારના નાણાંથી પુત્રના નામે મિલકતો ખરીદી હોવાનું જાણવા મળ્યું છે. એસ.કે. લાંગા અને તેમના પુત્ર પરિક્ષીત શંકરદાન ગઢવી વિરૂદ્ધ અમદાવાદ શહેર ACBએ ગુનો દાખલ કર્યો છે.

## લાંગાએ કલેક્ટર તરીકે લીધેલા નિર્ણયોની તપાસ કરાશે

નિવૃત્ત IASના તપાસ રિપોર્ટના આધારે ફરિયાદ નોંધાઈ હતી એસ.કે. લાંગાએ ગાંધીનગર કલેક્ટર તરીકે ૬ એપ્રિલ ૨૦૧૮થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ દરમિયાન લીધેલા મહત્ત્વના મહેસૂલી નિર્ણયોની તપાસ કરવા માટે ખાસ તપાસ અધિકારી તરીકે નિવૃત્ત IAS વિનય વ્યાસાની નિમણૂક કરવામાં આવી હતી. તેમણે ૬ એપ્રિલ ૨૦૨૩ના રોજ વચગાળાનો તપાસ અહેવાલ આપ્યો હતો. એમાં નિવૃત્ત IAS એસ.કે.લાંગા, તત્કાલીન ચીટનીશ અને તત્કાલીન RAC વિરુદ્ધ કાયદેસરનાં પગલાં લેવા માટે સૂચન કર્યું હતું, જે રિપોર્ટના આધારે ગાંધીનગર કલેકટર કચેરીના વર્તમાન ચીટનીશ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

પોલીસ ફરિયાદ મુજબ, ગાંધીનગરના પૂર્વ જિલ્લા કલેક્ટર એસ. કે. લાંગાએ પોતાના કાર્યકાળ દરમિયાન હોદ્દાનો દુરુપયોગ કરીને જે-તે વખતના તત્કાલીન ચીટનીશ તથા આર.એ.સી. તથા પોતાના મળતિયાઓના આર્થિક ફાયદા માટે પૂર્વ આયોજિત કાવતરું રચી જમીનના ખોટા NAના હુકમો કર્યા હતા. બાદમાં સરકારમાં ભરવાની થતી પ્રીમિયમની રકમ પણ નહીં ભરાવી સરકારને આર્થિક નુકસાન કરી બિનખેડૂતને ખેડૂત તરીકે દર્શાવ્યા હતા. તેમણે નવી શરતની જમીન જૂની શરતમાં દર્શાવી ખોટા પુરાવા ઊભા કરી ખોટા ડોક્યુમેન્ટ બનાવી એનો ખરા તરીકે ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત પોતે નિવૃત્ત થયા બાદ દસ્તાવેજો પણ સહી કરી ખોટા દસ્તાવેજો બનાવી જૂની તારીખમાં ફેરફારો કરી મોટાં આર્થિક કૌભાંડો આચર્યા હતા. ભાગીદારીમાં રાઈસ મિલ ચલાવી ભ્રષ્ટાચાર કર્યા હોવાનો પણ ઉલ્લેખ કરાયો હતો. એસ.કે.લાંગાએ ગાંધીનગર કલેક્ટર તરીકે લીધેલા નિર્ણયોની તપાસ કરવામાં આવી રહી છે.

### રાજકોટમાં ૨૨ વર્ષ પછી રૂપાલા-ધાનાણી વચ્ચે થશે ફરી ચૂંટણી જંગ

# ગુજરાત ભાજપમાં દાવાનળ ચાલી રહ્યો છે અહંકારી માછલીની આંખ વિંધવા આવ્યો છું

**● આ ચૂંટણી અહંકાર અને સ્વભિમાનના અધિકારની લડાઈ છે : શક્તિસિંહ**

**● રાજકોટમાં ક્ષત્રિયાણીઓએ ''જ્વતલિયા''ને રાખી બાંધી ઓવારણાં લીધા**

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૯

લોકસભાની ચૂંટણી પ્રક્રિયામાં આજે ઉમેદવારી નોંધાવવાના છેલ્લા દિવસે રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી બપોરે ૧૨:૩૯ વાગ્યે વિજયમુહૂર્તમાં પોતાનું ઉમેદવારીપત્રક નોંધાવ્યું હતું. જો કે, ધાનાણી સાથે ક્ષત્રિયાણીઓ પણ ફોર્મ ભરવાની વાત હતી, પરંતુ હજી સુધી તેમની સાથે એકપણ ક્ષત્રિયાણીએ ફોર્મ ભર્યું નથી. યોજાયેલી સભામાં કોંગ્રેસના ક્ષત્રિય સમાજની બહેનોએ જવતલિયા ભાઈ પરેશ ધાનાણીને રાખડી બાંધી જીત માટેના આશીર્વાદ પાઠવ્યા તેમજ ધાનાણીનાં ઓવારણાં લીધાં હતાં. સભામાં ધાનાણીએ જણાવ્યું હતું કે, દીકરીઓની આંખમાં આંસુ જોયાં છે, અહંકારી માછલીની આંખ વીંધવા આવ્યો છું, ગુજરાત ભાજપમાં દાવાનળ ચાલી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રૂપાલા અને ધાનાણી ૨૨ વર્ષ પછી ફરી આમને-સામને ચૂંટણીજંગ લડશે.

ધાનાણીએ વધુમાં જણાવ્યુ હતું કે, લોકસભાની ચૂંટણીના પડઘમ



વાગી ચૂક્યા છે. ગાંધી અને સરદારના ગુજરાતમાં ભાજપે વર્ગવિગ્રહનું કાવતરૂં ઘડ્યું છે. કોઈએ કહ્યું, દીકરીઓના દામનને દાગ લગાડી ભાજપે મહાભારત બનાવ્યું છે. એક અભિમન્યુ સાતમા કોઠે અટકી ગયો હતો. મેં તો દૂધ પીતા છોકરાને અમરેલી વિધાનસભાથી મોકલ્યો હતો. રાજકોટ પણ મને આગળ મોકલશે. સ્વાભિમાન યુદ્ધનો આજે શંખનાદ કર્યો છે. સત્તાના અહંકાર સામે સામાન્ય માણસના સ્વાભિમાનની લડાઈ છે. રાજકોટનાં હૃદયને જીતવા આવ્યો છું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વિકાસની પરિભાષાને બદલવા આવ્યો છું. સંવિધાનની સુરક્ષા કાજે રાજકોટનાં પાદરે આવ્યો છું. દીકરીઓને લગાડેલા દાગને ભૂંસવા આવ્યો છું. ડ્રગ્સનો દરવાજો બંધ કરવા આવ્યો છું. અંગ્રેજો સામેની પહેલી લડાઈનું નેતૃત્વ ગુજરાતે લીધું હતું. ગુજરાતને ફરી આઝાદી અપાવવા રાજકોટ આવ્યો છું.

શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, પરેશ ધાનાણીએ અણવર બનવાનું કહ્યું હતું. સામાજિક જવાબદારી હોવાથી ચૂંટણી લડવી નથી એવું કહ્યું હતું, જેથી રાજકોટથી અમારે ધાનાણી જોઈએ તેવો અવાજ ઊઠ્યો બહેનો-દીકરીઓએ અવાજ ઉઠાવ્યો. જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચેના વ્યવહારો પૂર્વજોએ શિખવાડ્યા છે. લગ્ન વખતે પાટીદાર જવતલિયો ભાઈ થાય. જેથી પરેશ ધાનાણીએ કહ્યું, હું રાજકોટથી ચૂંટણી લડવા તૈયાર છું. દલિતનો દીકરો તિલક કરે પછી મહારાજા સિંહાસન પર બેસે. બીજી તરફ ભાજપે આ તાણાવાણા તોડવાના પ્રયત્ન કર્યો છે. સત્તા એ આખરી લક્ષ્ય ન હોવું જોઈએ. વિદુરે કહ્યું હતું કે, સત્તાધીશ એ સિદ્ધાંતલક્ષી હોવો જોઈએ. શક્તિસિંહે જણાવ્યું હતું કે, સત્તાધીશે વકીલ નહીં ન્યાયધીશ બનવું જોઈએ. તમે હિંદુ સમાજની વાત કરો છો તો વિદુરને ન વાંચ્યા. રૂપાલાની એક ઝાટકે ટિકિટ કાપવાની હતી. સમાજ વચ્ચે માફી માંગવાની જરૂર હતી. ભૂલ નહીં, પણ ગુનો હતો. આ ચૂંટણી અહંકાર અને સ્વમાનના અધિકારની લડાઈ છે. આ સિદ્ધાંત અને સન્માનની લડાઈ છે. શા માટે તમે સારા શાસક તરીકેની પ્રથા ન પાડી શક્યા? રામના નામે રાજકીય રોટલો શેકવા નીકળ્યા તો રામને ગરીબના ઝૂંપડામાંથી અવાજ સંભળાયો તો રામે એ અવાજ સાંભળ્યો. તો અહીં તમામ બહેન-દીકરીઓનો અવાજ કેમ ન સાંભળ્યો. કેન્દ્રના નેતા એ શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલા હતા. ખેડૂતપુત્રી સાક્ષી મલિક કહે, ભાજપના સંસદસભ્યે ચારિત્ર્ય સાથે ચેડાં કર્યાં અને અન્ય દીકરીઓ બહાર નીકળી. તેઓ બ્રિજભૂષણ સામે કંઈ ન બોલ્યા. ૧૦૦ કૌરવો હશે તોપણ એક દિવસ તમારો સર્વનાશ છે. ૮૨ અબજ ૫૨ કરોડ ધનસંગ્રહ છે, જેની સામે લોકોના પ્રેમનો વિજય થશે. પરેશ ધાનાણીનો વિજય એ અહંકારને પ્રેમથી ટક્કર આપશે. છેલ્લે શક્તિસિંહે 'જીતેગા ભાઈ જીતેગા, પરેશ ધાનાણી જીતેગા'નો નારો લગાવડાવ્યો હતો.

# વૈવાહિક જીવનની તકરારના સમાધાન માટે પ્રિ-લિટિગેશન લોક અદાલતોનો રાજ્યના ૧૯ જિલ્લામાં પ્રારંભ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૯

લગ્ન જીવનની તકરારોના નિરાકરણ માટે એક ઐતિહાસિક પહેલના ભાગરૂપે ગુજરાત હાઈકોર્ટ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા રાજ્યમાં કાયમી પ્રિ-લિટિગેશન લોક અદાલત જેનું નામ 'ઉજાસ એક કિરણ'નો આજે ગુજરાત રાજ્યમાં વિધિવત્ પ્રારંભ થયો હતો. જેમાં યુગલોમાં વૈવાહિક જીવનની તકરારનો સમાધાન દ્વારા ઉકેલ લાવવામાં આવશે. રાજ્યના ૧૯ જિલ્લાના ૪૫ તાલુકામાં તેનો ઓનલાઈન માધ્યમ દ્વારા આરંભ કરવામાં આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સમિતિના પેટ્રન ઈન ચીફ સુનિતા અગ્રવાલ દ્વારા આજે કાયમી પ્રિ-લિટિગેશન લોક અદાલત પ્રોજેક્ટનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે જણાવ્યું હતું કે, વૈવાહિક તકરાર અને લગ્નજીવનના ઝઘડા સહિતના કૌટુંબિક વિવાદના કેસોના નિરાકરણમાં આ પ્રિ-લિટિગેશન લોક અદાલત દંપતીઓ અને પરિવારો માટે આશીર્વાદ સમાન બની રહેશે. રાજ્યભરમાં હવે કાયમી લોક અદાલત શરૂ થતાં લાંબી કાયદાકીય આંટીઘૂંટી અને કાનૂની કાર્યવાહીમાં ફસાયા વિના કે કોઈપણ ડર કે ચિંતા વિના પક્ષકારોને ન્યાય મળી શકશે. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સમિતિના પેટ્રન ઈન ચીફ સુનિતા અગ્રવાલે વધુમાં જણાવ્યું હતું કે, આ કાયમી પ્રિ-લીટીગેશન લોક અદાલત એક પ્લેટફોર્મ તરીકે કામ કરશે, જેમાં દંપતીઓની વૈવાહિક તકરાર અને લગ્નજીવનના ઝઘડા સહિતના કૌટુંબિક વિવાદના કેસોમાં સંવાદ અને મધ્યસ્થી દ્વારા સમસ્યાનું સુખદ નિરાકરણ લાવવાનો પ્રયાસ કરાશે. જેમાં એક ન્યાયિક અધિકારી(જજ) અને તટસ્થ મધ્યસ્થી મહત્ત્વની ભૂમિકા અદા કરશે અને આ પ્રિ-લિટિગેશન લોક અદાલતના હુકમનું વજન પણ કોઈ કોર્ટ દ્વારા અપાયેલ ચુકાદા જેટલું જ મજબૂત અને અધિકૃત હશે. જે પક્ષકારોન બંધનકર્તા રહેશે.

ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે વધુમાં ઉમેર્યું કે, ઉત્તરપ્રદેશ બાદ દેશમાં ગુજરાત બીજું એવું રાજય છે, જયાં વૈવાહિક તકરારના કેસોના નિરાકરણ માટે આ પ્રકારની કાયમી પ્રિ-લિટિગેશન લોક અદાલત શરૂ કરવામાં આવી છે. તેનો મુખ્ય ઉદ્દેશ લગ્ન જીવનના ઝઘડાના કેસો પોલીસ કે કોર્ટ સુધી પહોંચે તે પહેલાં જ તેનું નિરાકરણ અને સુખદ ઉકેલ લાવવાનો છે કારણ કે, એક વખત આવા કેસો પોલીસ કે કોર્ટ સુધી પહોંચી જાય તે પછી તે વર્ષો સુધી કોર્ટ કાર્યવાહી અને જટિલતાઓના વમળમાં અટવાઈ જતા હોય છે. પરંતુ આ લોક અદાલતથી હવે દંપતીઓ અને પરિવારો માટે એક નવા આશાના કિરણનો ઉદય થયો છે અને તેઓને કોઈપણ પ્રકારની કાનૂની આંટીઘૂંટી કે કોર્ટના ચક્કરમાં ફસાયા વિના કોઈપણ ડર કે ચિંતા વિના ન્યાય પ્રાપ્ત કરવાનું એક સરળ માધ્યમ ઉપલબ્ધ બન્યું છે.

# રાજકોટ નજીક ૨.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો : લોકો ઘરની બહાર દોડ્યા

### ભૂકંપનું કેન્દ્રબિંદુ રાજકોટથી ૧૬ કિ.મી. દૂર નોંધાયું

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૯

ગુરૂવારે કચ્છના ખાવડામાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવયો હતો છેલ્લા એક અઠવાડિયાથી કચ્છમાં ભૂકંપના ત્રણ આંચકા આવ્યા હતા. જ્યારે આજે બપોરે રાજકોટમાં ભૂકંપનો આંચકો આવતા ધરતી ધ્રુજી ઉઠી હતી. આંચકાની તીવ્રતા ૨.૯ નોંધાઈ છે. રાજકોટ નજીક શાપર અને આસપાસના વિસ્તારમાં આંચકો આવતાં લોકો ઘરની બહાર દોડી ગયા હતા. શાપર, વેરાવળ અને આસપાસ વિસ્તારમાં આંચકાની અનુભૂતિ થઈ હોવાનું સામે આવ્યું છે. બપોરે ૨ વાગ્યાની આસપાસ અચાનક આવેલા ભૂકંપના આંચકાના પગલે સ્થાનિક મહિલાઓ અને બાળકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાજકોટથી ૧૬ કિલોમીટર દૂર નોંધાયું છે.

ભીષણ ગરમીના વધતા પ્રકોપ વચ્ચે કચ્છના પેટાળમાં પણ ઉષ્માનો વધારો થતો હોય એમ અઠવાડિયામાં ત્રણ વખત લઘુતમ સ્તરના આંચકાથી જિલ્લાની ધરા કંપી ઊઠી હોવાનું ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરી ખાતે નોંધાયું હતું. આવતા રહેતા આંચકાના પગલે લોકોમાં ભૂકંપનો ભય યથાવત્ છે. ભૂકંપ ઝોન ૫માં આવતા સરહદી કચ્છ જિલ્લામાં ધરતીકંપના આંચકા સતત પોતાની હાજરી પુરાવતા રહે છે. સદભાગ્યે આફ્ટર શોકના કારણે જાનમાલની કોઈ જ નુકસાન પહોંચ્યું નથી, પરંતુ લોકોમાં ભૂકંપનો ડર કાયમ બની રહે છે.

લાઈટ શ્રેણીના ધરતીકંપો ૪.૦થી ૪.૯ તીવ્રતાના હોય છે જે સમગ્ર વિશ્વમાં એક વર્ષમાં લગભગ ૬,૨૦૦ વખત રિક્ટર સ્કેલ પર નોંધાય છે. આ આંચકા અનુભવાય છે અને તેના કારણે ઘરની વસ્તુઓ હલતી જોવા મળે છે. જો કે, તેઓ નજીવું નુકસાન પહોંચાડે છે.

# દુબઈથી સુરત આવનાર મુસાફરે એરપોડ્સની અંદર સોનું સંતાડ્યું

### રૂા.૧૮ લાખના સોના સાથે મુસાફરની અટકાયત

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૯

દુબઈમાં ધોધમાર વરસાદને લીધે જ્યારે મોટાભાગના ટૂરિસ્ટ ત્યાંથી પોતાનો જીવ બચાવી સ્વદેશ પરત ફરવાનું વિચારી રહ્યા હતા. ત્યારે એક વ્યક્તિએ આ આપત્તિ સમયે પણ ગોલ્ડ સ્મગલિંગ કરવાનું મન બનાવી લીધું હતું. તે ભારતમાં કોઈપણ પ્રકારની કસ્ટમ ડ્યુટી ભર્યા વિના દુબઈથી ગોલ્ડ સ્મગલ કરવા માટે તૈયાર હતો. એક બાજુ ધોધમાર વરસાદ પડી રહ્યો હતો નેબીજી બાજુ આ શખસે એરપોર્ડ્સમાં ૧૮ લાખ રૂપિયાનું ગોલ્ડ છુપાવી દીધું હતું. તેની ફ્લાઈટ પણ થોડાક જ સમયમાં ટેક ઓફ થવાની હતી.

દુબઈની ફ્લાઈટમાં સવાર આ પેસેન્જરે ૨૪ કેરેટ પ્યોર ગોલ્ડના પિસ અને અન્ય પેસ્ટ પોતાની સાથે રાખી હતી. જેમાં તેને એવું માઈન્ડ વાપર્યું હતું કે તેણે એરપોડ્સમાં ગોલ્ડનો ભૂકો, ગોલ્ડના પિસ અને જ્યુસરના મેગ્નેટિક એરિયા હતો તેમાં પણ ગોલ્ડ છુપાવ્યું હતું. આમ કુલ કરીને તેણે ૨૪૦ ગ્રામ સોનાની દાણચોરી કરી હતી. સૌથી પહેલા તો તેને દુબઈના ખરાબ વાતાવરણનો થોડો ફાયદો ઉઠાવી ત્યાંથી સુરતની ફ્લાઈટમાં બેસી ગયો હતો. બીજી બાજુ તેની પાસે આટલુ બધુ ગોલ્ડ હશે એની માહિતી કોઈ પાસે નહોતી.

અહીં સુરત એરપોર્ટ પર તેને કસ્ટમ અધિકારીઓએ રોક્યો હતો. તેની પાસેથી લગેજ જે પણ મળ્યું એ બધુ ચેક કરવામાં આવ્યું હતું. પરંતુ તેમાંથી એકપણ ગોલ્ડની વસ્તુ તેને મળી નહોતી. બાદમાં એક બેગ જોઈ જેમાં એરપોડ્સ અને જ્યુસર હતા. આ એરપોડ્સ પેટી પેક હતા. ઓફિસર્સે ત્યારપછી આ બોક્સ ઓપન કર્યું અને જોયુ તો અંદર કેબલ અને કેસમાં પોડ્સ જ હતા. તેમને આના ચાર્જિંગ કેસને ડિસલોકેટ કર્યું તો તેમના વાયરિંગની વચ્ચે ગોલ્ડના પાર્ટિકલ્સ વાળી એક સ્ટ્રિપ જોવા મળી હતી. એટલું જ નહીં બાદમાં તેમણે એર બડ્સ જોયા તો તેમાં જ્યાં સ્પિકર હોય તેના વાયરિંગમાં પણ ગોલ્ડ પાર્ટિકલ્સ હતા. જ્યુસર પણ બાદમાં ચેક કર્યું તો તેના મેગ્નેટિક એરિયામાંથી બીજા ગોલ્ડ પાર્ટિકલ મળ્યા હતા. આમ કરીને અધિકારીઓને દુબઈથી આવેલા આ વ્યક્તિ પાસેથી ૨૪૦ ગ્રામ ગોલ્ડ મળી આવ્યું હતું. ત્યારપછી હવે એની સાથે વધારે પૂછપરછ કરાઈ રહી છે. તેની પાસેથી કુલ ૧૮ લાખ રૂપિયાનું સોનુ મળી આવતા આ સ્મગલિંગ નેટવર્કને તપાસવાનું ચાલી રહ્યું છે.

# ક્ષત્રિય સમાજના આગેવાનોએ કરી હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૯

ભાજપના રાજકોટ લોકસભા બેઠકનાં ઉમેદવાર પરસોત્તમ રૂપાલા દ્વારા કરવામાં આવેલા વિવાદિત નિવેદનના મુદ્દે આંદોલન કરી રહેલા ક્ષત્રિય સમાજના આગેવાનોએ કરી ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરી હોવાનું બિનસત્તાવાર સૂત્રો દ્વારા જાણવા મળે છે. તેઓએ પોલીસની દમનગીરી મુદ્દે હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરી છે.

તેઓ દ્વારા ચલાવવામાં આવતા શાંતિપૂર્ણ આંદોલન દરમિયાન વાવટા સાથે શાંતિપૂર્ણ માહોલમાં વિરોધ કરવો એ હક હોવા છતાં પોલીસ અટકાયત કરે તે યોગ્ય નહીં હોવાની રજૂઆત કરાઈ છે.

પોલીસ ખોટી રીતે નજરકેદ અને અટકાયત ન કરે તે માટે કોર્ટ પાસે માગણી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આ બાબતે સોમવારે સુનાવણી થાય તેમ છે.

### રૂપાલા પ્રકરણમાં અલ્ટીમેટમ પૂર્ણ થતાં બહાર આવ્યા ક્ષત્રિય આંદોલનના ફાંટા

# ક્ષત્રિય આગેવાનોએ સમાજને ગુમરાહ કરી માત્ર ટાઈમપાસ કર્યો : પદ્મિનીબા

### આંદોલન રાજકીય પક્ષોમાં ફેરવાયું, એકશનનો સમય નીકળી ગયો

ગાંધીનગર, તા.૧૯

ક્ષત્રિય સમાજના વિરોધ વચ્ચે પરશોત્તમ રૂપાલાએ ગત ૧૬ એપ્રિલના રોજ રાજકોટ બેઠક પર ફોર્મ ભર્યું હતું. ક્ષત્રિય સમાજે રૂપાલાને ૧૯ એપ્રિલ સુધીનું અલ્ટિમેટમ આપ્યું હતું, જે આજે પૂર્ણ થયું છે. જેને પગલે આજે અમદાવાદના ગોતામાં ક્ષત્રિય સમાજની સંકલન સમિતિની બેઠક મળી હતી. ત્યારે આ બેઠકમાં ક્ષત્રિય મહિલા આગેવાન પદ્મિનીબા વાળા આમંત્રણ વગર પહોંચ્યા હતા. બેઠક બાદ પદ્મિનીબા વાળાએ સંકલન સમિતિ પર સવાલ ઉઠાવ્યા અને ગંભીર આરોપ લગાવ્યા છે. જેને લઈને ફરી એકવાર સંકલન સમિતિનો વિવાદ સામે આવ્યો છે. અને આંદોલનમાં ભાગલા પડવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ક્ષત્રિય આંદોલન ભાજપ-કોંગ્રેસમાં ફેરવાયુ હોવાનો પદ્મિનીબા વાળાએ આક્ષેપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, 'જયચંદોના કારણે ક્ષત્રિય સમાજનું આંદોલન નબળું પડ્યું છે. આંદોલન રાજકીય પક્ષોમાં ફેરવાઈ ગયું છે. કેટલાક લોકોએ ક્ષત્રિય સમાજને ગુમરાહ કર્યો છે. હવે એકશન લેવાનો સમય નીકળી ગયો છે. રૂપાલાને ફોર્મ શા માટે ભરવા દીધું. આગેવાનોએ માત્ર ટાઈમ પાસ કર્યો છેક્યાં ગયું તમારૂં પાર્ટ ટુ. આંદોલન કોઈ ફિલ્મ છે કે તેની પાર્ટ વન અને પાર્ટ ટુ હોય પાર્ટ ટુ લાવવાનો હતો તો પાર્ટ વનમાં શું કર્યું એ જાહેર કરો. રૂપાલાને ૧૬ તારીખે ફોર્મ જ નહોતું ભરવા દેવાનું. રાજકોટમાં બેઠક પર ૩૦૦ ફોર્મ ભરાવવાની જાહેરાત તૃપ્તિબાએ કરી હતી, તો આજે તેમાંથી કેટલા ફોર્મ ભર્યાં એ કહો ? ક્ષત્રિય સમાજના ભાઈઓ રાજકોટ બહેનો માટે આવ્યા હતા. સંકલન સમિતિ માટે નહોતા આવ્યા. આગેવાનોએ આખા સમાજને ગુમરાહ કર્યો. મને એકલી પાડવી હતી. હકિકતની લડાઈ પૂરી થઈ ગઈ. આંદોલન કરવાનો સમય વીતિ ગયો. હવે શું કરવું અને શું ન કરવું તે આગળ જોઈએ. હવે હું ભાઈઓને હેરાન થવા માટે નહીં બોલાવું. ભાઈઓને ઉશ્કેરીશ નહીં કારણ કે કાયદા કાનૂન કડક છે.' તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

# જૂનાગઢના કોંગ્રેસના ધારાસભ્યની કાર અટકાવતાં PSIનો ઉધડો લીધો

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ શહેરમાં ગઈકાલે કલેક્ટર કચેરી નજીક સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમાની કારને ફરજ ઉપરના પોલીસ સ્ટાફે અટકાવતા ધારાસભ્ય વિમલ ચુડાસમાએ પીએસઆઈનો જાહેરમાં ઉધડો લીધો હતો એટલું જ નહી તમે ભાજપના પટ્ટા પહેરીને રોફ નહીં મારો પરંતુ કાયદેસર રીતે તમારી ફરજ બજાવો તેવું કહ્યું હતું અને આ અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં ધુમ મચાવી રહ્યો છે. આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર ગઈકાલે જૂનાગઢ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર હીરાભાઈ જોટવા ફોર્મ ભરવા માટે કલેક્ટર કચેરીએ ગયેલા ત્યારે સોમનાથના કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમા પણ તેમની કાર લઈને સમર્થકો સાથે પહોંચ્યા હતા પરંતુ તેઓ થોડાક મોડા પડયા હોય ફોર્મ ભરવા માટે આગેવાનો અંદર જતા રહ્યા હતા ત્યારે ધારાસભ્ય વિમલ ચુડાસમાની કારને ફરજ ઉપરના પોલીસ સ્ટાફે અટકાવી દીધી હતી. જેના પરિણામે તેઓ નીચે ઉતરીને પીએસઆઈ એચ.બી.ચૌહાણ સાથે રકઝક થઈ હતી. ત્યારે પોલીસે નિયમ મુજબ કાર અટકાવી હોવાનું જણાવ્યું હતું અને અમારા સાહેબને પૂછી લઉં તેમ કહેતા ધારાસભ્ય વિમલ ચુડાસમાએ પીએસઆઈને જણાવ્યું હતું કે, તમારા સાહેબ એ મારા સાહેબ થોડા છે અને તમે નોકરીમાં છો તો મને લીસ્ટ આપો કે કેટલી ગાડીનું લીસ્ટ છે અને પોલીસના નામે સીનસપાટા કરો છો તેમ કહીને પોલીસ હપ્તા લેતી હોવાના પણ આક્ષેપ કર્યા હતા. એક તકે તો એડિશનલ કલેક્ટરની કાર પણ ટ્રાફિક જામમાં અટકાઈ પડી હતી. ધારાસભ્ય વિમલ ચુડાસમાએ જણાવી દીધું હતું કે હું પ્રજાનો પ્રતિનિધિ છું અને ડીવાયએસપી પણ મને રોકી ન શકે, કાયદા મુજબ નોકરી કરો તેમ કહી પોલીસ અધિકારી સાથે રઝકઝ કરી હતી. આ મામલો જે તે સમયે બન્યો ત્યારે ટ્રાફિક જામ પણ થઈ ગયો હતો અને લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. દરમ્યાન બાદમાં પોલીસે ધારાસભ્ય વિમલ ચુડાસમાની કારને અંદર જવા દીધી હતી અને આખરે મામલો શાંત પડ્યો હતો. ધારાસભ્ય વિમલ ચુડાસમા અને પીએસઆઈ વચ્ચે થયેલી બબાલનો વીડિયો વાયરલ થયો હતો.

# એફડી હાઈસ્કૂલ ફોર ગર્લ્સ ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો



અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેર શિક્ષણાધિકારીના આદેશ મુજબ એફ.ડી. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે 'કારકિર્દી માર્ગદર્શન'ના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ કારકિર્દીલક્ષી ચાર્ટ વિદ્યાર્થિનીઓને આપવામાં આવ્યું હતું. પ્રદર્શનનું ઉદ્ઘાટન શાળાના પ્રિન્સિપાલ અનીસાબેન શેખના હસ્તે કરવામાં આવ્યું હતું. કેરિયર ગાઈડન્સ સમિતિના કાઉન્સેલર ફેમિદા અન્સારી દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના સુપર વાઈઝર ફૌઝિયાબેન પઠાણ અને શેહનાઝબેન તિરમીઝી હાજર રહ્યાં હતાં.

### અમદાવાદમાં દાદા હરિની વાવ પાસે

# રેલવેની દીવાલ ધરાશાયી થતાં પાંચ દટાયા : બેનાં મોત, ત્રણને ઈજા

### ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરના અસારવામાં રેલવેની દીવાલ ધસી પડતાં દીવાલની બાજુમાં રહેતા કુલ પાંચ લોકો દટાયા હતા. જેમાં ૨ લોકોનાં ઘટના સ્થળ જ મોત થયા હતાં જ્યારે ત્રણ લોકોને ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ ત્યાં પહોંચી હતી. જો કે ત્યાં સુધી સ્થાનિકોએ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડ્યા હતા.

આ ઘટનામાં સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અસારવા દાદા હરિની વાવ પાસે રેલવે યાર્ડની દીવાલ ધરાશાયી થઈ હતી. આ દીવાલ વર્ષો જૂની હતી, જ્યાં ફૂટપાથ ઉપર મૃતક સિદ્દીક ખાન પઠાણ પોતાનું ગેરેજ ચલાવતો હતો. મૃતક માનસિંગ જાટ રેલવે યાર્ડમાં ટ્રકનો ડ્રાઈવર હતો અને ત્યાં ગેરેજ પાસે બેઠો હતો, તે દરમિયાન અચાનક જ આ દીવાલ ધરાશાયી થઈ હતી અને તમામ લોકો દટાયા હતા. ઉભેલા અન્ય લોકોને પણ ઈજાઓ થઈ હતી. અસારવા રેલવે યાર્ડ નજીક રેલવેની કામગીરી ચાલી રહી હતી. જેની માટી ત્યાં નાખવામાં આવતી હતી. જે માટી વધારે દીવાલ તરફ આવી જતા દીવાલ ધસી પડી હોવાનું જાણવા મળ્યું છે. ફાયર બ્રિગેડ અને પોલીસ દ્વારા દીવાલ ધરાશાયી થવા અંગે તપાસ શરૂ કરી છે. આ મામલે ફાયરબ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું કે, દીવાલ કેવી રીતે ધરાશાયી થઈ અને આ લોકો દીવાલ પાસે કેવી રીતે રહેતા હતા તે અંગે હજી જાણવા મળ્યું નથી. ફાયરબ્રિગેડની ટીમ હાલમાં કાટમાળ નીચે કોઈ વ્યક્તિ ફસાયેલો છે કે કેમ તે અંગે સર્ચ ઓપરેશન કરવાની કામગીરી કરી રહી છે. આ ઘટનામાં માનસિંગ જાટ (ઉં.વ.૫૫) અને સિદ્દીક પઠાણ (ઉં.વ. ૪૦)નું મૃત્યુ થયુ છે જ્યારે ૧. ગણપતસિંહ ગજુસિંહ વાઘેલા ૨. (ઉં.વ.૫૦) મહેન્દ્ર સેંધાજી ઠાકોર (ઉં.વ.૩૭) ૩. શહીદ નિઝામુદ્દીન (ઉં.વ.૪૦) ઈજાગ્રસ્ત થયા છે. આ અંગે ફાયરબ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ આજે સવારે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ ફાયરબ્રિગેડ કન્ટ્રોલ રૂમને મેસેજ મળ્યો હતો કે, અસારવા વિસ્તારમાં બેઠક નજીક દાદા હરિની વાવ પાછળ જે રેલવે પેરેલલ દીવાલ આવેલી છે તે ધરાશાયી થઈ છે અને કેટલાક માણસો દબાયા છે. જેથી ફાયર બ્રિગેડની બે ટીમ તાત્કાલિક રવાના કરવામાં આવી હતી. જોકે ફાયરબ્રિગેડના અધિકારીઓ ત્યાં ઘટનાસ્થળે પહોંચ્યા તે પહેલાં જ સ્થાનિકોએ બચાવની કામગીરી શરૂ કરી દીધી હતી.

# ભત્રીજીના મૃતદેહને ઝુલાવતી પેલેસ્ટીની મહિલાની તસવીરને 'વર્લ્ડ પ્રેસ ફોટો એવોર્ડ'

## પથ્થર દિલ પણ પીગળી જાય એવી આ કરૂણ તસવીર જોઈને પણ ઈઝરાયેલી અત્યાચાર ઓછો થતો નથી ત્યારે વિચારો કે તે કેટલી હદે ક્રૂર-નિષ્ઠુર છે



(એજન્સી) તા.૧૯

તાજેતરમાં ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલી હવાઈ હુમલામાં મોતને ભેટેલ તેની પાંચ વર્ષની ભત્રીજીના મૃતદેહને ઝુલાવતી પેલેસ્ટીની મહિલાને દર્શાવતો ફોટોગ્રાફ, ૨૦૨૪નો વર્લ્ડ પ્રેસ ફોટો ઓફ ધ યર તરીકે જાહેર થયો હતો. આ ફોટો ૧૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ દક્ષિણ ગાઝામાં ખાન યુનિસની નાસેર હોસ્પિટલમાં રોઈટર્સ ફોટોગ્રાફર મોહમ્મદ સાલેમ દ્વારા લેવામાં આવ્યો હતો. સાલેમની વિજેતા તસવીરમાં ૩૬ વર્ષીય ઈનાસ અબુ મામર રડતાં-રડતાં હોસ્પિટલના શબઘરમાં સેલીના મૃતદેહને પકડી રહેલ દર્શાવવામાં આવી છે. સાલેમની પત્નીએ સાલેમ ગોળીનો શિકાર બન્યો તેના થોડાક દિવસો પહેલાં જ તેમના બાળકને જન્મ આપ્યો હતો. એમ્સ્ટરડેમ સ્થિત વર્લ્ડ પ્રેસ ફોટોએ સાલેમને ટાંકીને કહ્યું, 'તે એક શક્તિશાળી અને દુઃખદ ક્ષણ હતી અને મને લાગ્યું કે, આ ચિત્ર ગાઝા પટ્ટીમાં શું થઈ રહ્યું છે તેના વ્યાપક અર્થનું ચિત્રણ કરે છે.' 'આ છબી દરેક દર્શકોમાં જે રીતે ભાવનાત્મક પ્રતિબિંબ પેદા કરે છે તેનાથી જ્યુરી ખૂબ જ પ્રભાવિત થયા હતા. કાળજી અને આદર દર્શાવતી આ છબી સાથે-સાથે અકલ્પનીય નુકસાનની રૂપક અને શાબ્દિક ઝલક આપે છે. ભૌગોલિક રીતે દૂરના તબીબી સેટિંગમાં તે વૈશ્વિક સ્તરે પડઘો પાડે છે અને આપણને માનવ સંઘર્ષના પરિણામો પ્રત્યે આપણી અસંવેદનશીલતાનો સામનો કરવા વિનંતી કરે છે. ફોટો બહુ-પરિમાણીય છે, જે એક બાળકની ખોટ, પેલેસ્ટીની લોકોના સંઘર્ષ અને પેલેસ્ટીનમાં માર્યા ગયેલા ૩૩,૦૦૦ લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. વિજેતા ફોટા ૧૩૦ દેશોના ૩૮૦૦ ફોટોગ્રાફરો દ્વારા પ્રદાન કરવામાં આવેલી ૬૦,૦૦૦થી વધુ એન્ટ્રીઓમાંથી પસંદ કરવામાં આવ્યા હતા. ઓક્ટોબર ૭, ૨૦૨૩થી ગાઝા પટ્ટી પર ઈઝરાયેલી આક્રમણના કવરેજમાં ૧૦૦થી વધુ પત્રકારો અને મીડિયા કર્મચારીઓ માર્યા ગયા છે. ઓક્ટોબર ૭થી ગાઝા પટ્ટી પર ઈઝરાયેલી આક્રમણના પરિણામે ૩૩,૮૯૯ પેલેસ્ટીની મૃત્યુ અને ૭૬,૬૬૪ને ઈજાઓ થઈ હોવાનું નોંધાયું છે.

# TIME'sના ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં પેલેસ્ટીની ફોટોજર્નાલિસ્ટ મોતાઝ અઝાઈઝા

## મોતાઝે X પર લખ્યું કે, 'હું જ્યાં પણ જાઉં છું અથવા જે કંઈ હાંસલ કરૂં છું ત્યાં મારા દેશનું નામ મારી સાથે જોડેલું જોઈને હું ખરેખર ધન્ય અનુભવું છું'

(એજન્સી) તા.૧૯

એક અગ્રણી પેલેસ્ટીની ફોટોજર્નાલિસ્ટ મોતાઝ અઝાઈઝા જે ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધની અસરનું દસ્તાવેજીકરણ કરી રહ્યા છે, તેમણે ટાઈમના વિશ્વની ૧૦૦ સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓમાં સ્થાન મેળવ્યું છે.


ટાઈમ્સ મેગેઝિને મોતાઝને ૨૦૨૪ના ૧૦૦ સૌથી પ્રભાવશાળી લોકોમાંના એક તરીકે 'આઈકન્સ' શ્રેણીમાં માન્યતા આપી છે. મેગેઝિન મોતાઝનું વર્ણન કરતા કહે છે કે, 'કેમેરા અને 'પ્રેસ' ચિહ્નિત ફ્લૅક જેકેટથી સજ્જ તે તેના વતન ગાઝામાં ૧૦૮ દિવસ સુધી વિશ્વની આંખો અને કાન સમાન છે.'

'૨૫ વર્ષીય પેલેસ્ટીની ફોટોગ્રાફરે ઈઝરાયેલી બોમ્બમારો હેઠળ જીવનના દસ્તાવેજીકરણમાં લગભગ ચાર મહિના ગાળ્યાઃ તેના દસ્તાવેજીકરણમાં ઘરોમાંથી વિસ્થાપિત પરિવારો, પ્રિયજનોનો શોક કરતી સ્ત્રીઓ, કાટમાળ નીચે ફસાયેલો માણસ'નો સમાવેશ થાય છે.

તે ઉમેરે છે, આંતરરાષ્ટ્રીય પ્રેસને ગાઝા પટ્ટીને એક્સેસ કરવાની મનાઈ છે ત્યારે તેમની છબીઓ ગાઝાની એવી એક ઝલક આપે છે કે, જેનો જોટો જડવો મુશ્કેલ છે. તેણે મોટું જોખમ ખેડીને આમ કર્યું છે. ૭ ઓક્ટોબરથી ગાઝામાં ઓછામાં ઓછા ૯૫ પત્રકારોની હત્યા કરવામાં આવી છે.

મેગેઝિને વધુમાં જણાવ્યું હતું કે, તેમના સ્થળાંતરથી અઝાઈઝા કટોકટી અંગે જાગૃતિ લાવવા અને આંતરરાષ્ટ્રીય હસ્તક્ષેપની હાકલ કરવા તરફ આગળ વધી હતી.

મેગેઝિન દ્વારા તેને ટાંકીને જણાવવામાં આવ્યું હતું કે, 'ગાઝામાં જે થઈ રહ્યું છે તે તમારા માટે સંતોષપ્રદ નથી.' 'તમારી પસંદ અથવા મંતવ્ય અથવા તમારો અવાજ જાણવવા માટે અમે તમને કહી રહ્યા નથી કે શું થઈ રહ્યું છે. ના, અમે તમારી કાર્યવાહીની રાહ જોઈ રહ્યા છીએ. આપણે આ યુદ્ધને રોકવાની



જરૂર છે.'

મોતાઝે X પર લખ્યું કે, 'હું જ્યાં પણ જાઉં છું અથવા જે કંઈ હાંસલ કરૂં છું ત્યાં મારા દેશનું નામ મારી સાથે જોડાયેલું જોઈને ખરેખર ધન્યતા અનુભવું છું.'

'જેઓ પેલેસ્ટીનને એક રાજ્ય તરીકે ઓળખતા નથી અથવા જેઓ દાવો કરે છે કે, તે તેમની જમીન છે. પેલેસ્ટીન એક દિવસ ઝાયોનિસ્ટ્સ અને કબજામાંથી મુક્ત થશે. દરેક વ્યક્તિ પોતાનો ભાગ કરે છે અને મારો ભાગ હજી પૂર્ણ થયો નથી,' તેમણે ઉમેર્યું.

૧૯૯૯થી ટાઈમ મેગેઝિન તેની વાર્ષિક ટાઈમ ૧૦૦ યાદી બહાર પાડી રહ્યું છે, જે વિવિધ ક્ષેત્રોમાં પ્રભાવશાળી વ્યક્તિઓને ઓળખે છે.

આ વર્ષની યાદીમાં દુઆ લિપા, હાયાઓ મિયાઝાકી, પેટ્રિક માહોમ્સ, મેક્સ વર્સ્ટાપેન અને કતારના વડાપ્રધાન મોહમ્મદ બિન અબ્દુલરહમાન અલ-થાનીનો સમાવેશ થાય છે.

## અમારી કોઈ પરમાણુ સુવિધાઓને નુકસાન પહોંચ્યું નથી : ઈરાન

# ઈરાનના ઈસ્ફાહાનમાં પરમાણુ સુવિધાઓ નજીક ઈઝરાયેલી હુમલાથી તંગદિલી

(એજન્સી) તેહરાન, તા.૧૯

ઈઝરાયેલે એક મિસાઈલ દ્વારા ઈરાન પર હુમલો કરવાના અહેવાલ મળતાં ફરીવાર તંગદિલી છવાઈ હતી. અમેરિકી અધિકારીઓએ આ હુમલો થવાની માહિતી આપી હતી. ઈસ્ફાહાનના મધ્ય પ્રાંતમાં વિસ્ફોટો સાંભળવામાં આવ્યા હતા જો કે તે સ્પષ્ટ થયું ન હતું કે શેને નિશાન બનાવવામાં આવ્યું હતું. ઈઝરાયેલે કહ્યું કે તે શનિવારની રાત્રે તેની સામે ઈરાની હુમલાનો જવાબ આપશે તે પછી ઈરાન હાઈએલર્ટ પર છે. જો કે, હજુ એ પણ સ્પષ્ટ થયું ન હતું કે, ઈઝરાયેલ દ્વારા ઈરાનના ઈસ્ફાહાન શહેરમાં હુમલો કરાયો હતો કે કેમ. ઈરાને ઈઝરાયેલ પરના તેના પ્રથમ સીધા હુમલામાં ૩૦૦થી વધુ ડ્રોન અને મિસાઈલો છોડ્યા હતા જે તેમની વચ્ચે વર્ષોથી ચાલતા છાયા યુદ્ધને જાહેર ચેતવણી સમાન હતો. ઈરાની મીડિયાએ શુક્રવારના ઈઝરાયેલી હુમલાની કોઈ સીધી અસરની જાણ કરી ન હતી અને વૈશ્વિક પરમાણુ નિરીક્ષક, ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA)એ કહ્યું છે કે કોઈ પરમાણુ સાઈટને નુકસાન થયું નથી. ઈરાનના સ્થાનિક મીડિયાએ શુક્રવારે જણાવ્યું હતું કે વિસ્તારની નજીક વિસ્ફોટો સાંભળ્યા બાદ મધ્ય શહેર ઈસ્ફાહાનમાં પરમાણુ સુવિધાઓ 'સંપૂર્ણ રીતે સુરક્ષિત' છે. ઈરાનની સત્તાવાર સમાચાર



એજન્સીએ વિશ્વસનીય સૂત્રોને ટાંકતા જણાવ્યું હતું કે, 'ઈસ્ફાહાન પ્રાંતમાં પરમાણુ સુવિધાઓ સંપૂર્ણપણે સુરક્ષિત છે.' ઈરાને કહ્યું કે તેણે ઘણા ડ્રોન તોડી પાડ્યા છે અને દેશ પર 'અત્યારસુધીમાં કોઈ મિસાઈલ હુમલો' થયો નથી. ઈરાનની સ્પેસ એજન્સીના પ્રવક્તા હોસેન ડાલિરિયાનએ એક્સ પર જણાવ્યું હતું કે દેશના હવાઈ સંરક્ષણ દ્વારા ઘણા ડ્રોનને સફળતાપૂર્વક તોડી પાડવામાં આવ્યા છે અને હાલમાં કોઈ મિસાઈલ હુમલાના કોઈ અહેવાલ નથી. ટોચની સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે ઈસ્ફાહાન નજીક શેકરી આર્મી એરબેઝ પાસે 'ત્રણ વિસ્ફોટ' સંભળાયા હતા.

## ઈઝરાયેલ સામે તાત્કાલિક વળતા હુમલાની કોઈ યોજના નથી : ઈરાન

મીડિયા અહેવાલો અનુસાર ઈરાની મિસાઈલોએ તાજેતરના ઈરાની ડ્રોન અને મિસાઈલ હુમલાઓને પગલે ઈરાનમાં એક સ્થળને નિશાન બનાવ્યું હતું જે સીરિયામાં ઈરાનના દૂતાવાસ પર શંકાસ્પદ ઈઝરાયેલી હુમલાનો બદલો લેવા માટે માનવામાં આવે છે. ઈરાનની સમાચાર એજન્સીએ ઈસ્ફાહાન પ્રાંતના ઉત્તર-પશ્ચિમમાં શેકરી આર્મી એરબેઝ નજીક 'ત્રણ વિસ્ફોટ' થયાની જાણ કરી હતી. ઈરાનની સ્પેસ એજન્સીના પ્રવક્તા હોસૈન દલિરિયાનએ ઘણા ડ્રોનને તોડી પાડવાની પુષ્ટિ કરી અને સ્પષ્ટતા કરી કે 'હમણાં કોઈ મિસાઈલ હુમલો થયો નથી.' એક અમેરિકી અધિકારીએ સમાચાર એજન્સી સાથે વાત કરતા કહ્યું કે ઈરાનની અંદર ઈઝરાયેલના હુમલાએ પરમાણુ સુવિધાઓને નિશાન બનાવ્યા નથી. ઈરાનની સમાચાર એજન્સીએ ખાતરી આપી છે કે 'ઈસ્ફાહાન પ્રાંતમાં પરમાણુ સુવિધાઓ સંપૂર્ણપણે સુરક્ષિત છે.' બીજી તરફ ઈરાને પોતાના દેશ પર વિદેશી હુમલાના અહેવાલોને ફગાવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

# પરોઢિયે ડ્રોન હુમલાને પગલે પશ્ચિમ એશિયામાં યુદ્ધની ચિંતામાં વધારા વચ્ચે ઈઝરાયેલનું મૌન, ઈરાનનો ઈનકાર

## ઈઝરાયેલ સત્તાવાળાઓએ હુમલાની પુષ્ટિ કરી નથી અને ઈરાનના સરકારી મીડિયાએ પણ લશ્કરી સ્થળ પર હુમલાના દાવાને નકારી કાઢ્યા છે

(એજન્સી) તા૧૯

ઈરાનના ઈઝરાયેલ પરના ડ્રોન હુમલાના દિવસો પછી ઈરાનના સરકારી મીડિયાએ ઈસ્ફહાન પ્રાંતમાં વિસ્ફોટો થયાની ખબરની પુષ્ટિ કરાયા બાદ પશ્ચિમ એશિયામાં મોટી ઉથલપાથલ થવાની આશંકા ફેલાઈ છે ત્યારે વિશ્વનો શ્વાસ અધ્ધર થઈ ગયો છે. યુએસ મીડિયાએ અધિકારીઓને ટાંકીને જણાવ્યું છે કે ઈઝરાયેલે જવાબી હુમલા કર્યા હતા. પરંતુ ઈઝરાયેલના સત્તાધીશોએ હુમલાની પુષ્ટિ કરી નથી અને ઈરાનના સરકારી મીડિયાએ પણ લશ્કરી સ્થળ પરના હુમલાના દાવાઓને નકારી કાઢ્યા છે.

**ઈસ્ફહાનમાં શું થયું ? :-** ઈરાનની ન્યૂઝ એજન્સીએ વહેલી સવારે અહેવાલ આપ્યો હતો કે ઈસ્ફહાન પ્રાંતના ઉત્તર-પશ્ચિમમાં શેકરી આર્મી એરબેઝ પાસે "ત્રણ વિસ્ફોટો" સાંભળવામાં આવ્યા હતા. ઈરાનની સ્પેસ એજન્સીના પ્રવક્તા હોસેન દાલિરિયનએ જણાવ્યું હતું કે ઘણા ડ્રોનને તોડી પાડવામાં આવ્યા છે અને "હાલ પૂરતો કોઈ મિસાઈલ હુમલો થયો નથી". એક અનામી અમેરિકી અધિકારીએ મીડિયાને જણાવ્યું છે કે લક્ષ્ય પરમાણુ સ્થળ નહોતું. ઈરાનની સમાચાર એજન્સી, જે ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ સાથે સંબંધ ધરાવે છે, તેણે અહેવાલ આપ્યો છે કે ઈસ્ફહાનમાં પરમાણુ સુવિધાઓ "સંપૂર્ણપણે સુરક્ષિત" છે. આ એજન્સીએ એ વાતને પણ નકારી કાઢી હતી કે ઈરાન પર વિદેશથી હુમલો થયો હતો. ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સીએ પુષ્ટિ કરી છે કે ઈરાનના પરમાણુ સ્થળોને "કોઈ નુકસાન" નથી. એક નિવેદનમાં આ એજન્સીએ જણાવાયું છે કે,"DG @rafaelmgrossi દરેક પાસેથી આત્યંતિક સંયમ રાખવાની હાકલ કરવાનું ચાલુ રાખે છે અને પુનરોચ્ચાર કરે છે કે લશ્કરી સંઘર્ષમાં પરમાણુ સુવિધાઓ ક્યારેય લક્ષ્ય ન હોવી જોઈએ. IAEA પરિસ્થિતિ પર ખૂબ નજીકથી દેખરેખ રાખી રહ્યું છે," એક અમેરિકી મીડિયાના અહેવાલમાં ઈરાનના અધિકારીઓને ટાંકીને કહેવામાં આવ્યું છે કે આ હુમલો ઈસ્ફહાન નજીકના એક સૈન્ય એરબેઝ પર થયો હતો. આ હુમલો ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખમેનીના ૮૫માં જન્મદિવસે જ થયો હતો.

**ઈરાને શી પ્રતિક્રિયા આપી ? :-** ઈરાનના સરકારી મીડિયાએ અહેવાલ આપ્યો છે કે શુક્રવારે વહેલી સવારે દેશના કેટલાક શહેરો પર હવાઈ સંરક્ષણ પ્રણાલી સક્રિય થઈ ગઈ હતી. તેહરાન, ઈસ્ફહાન અને શિરાઝની ફ્લાઈટ્સ સ્થગિત કરવામાં આવી હતી અને UAE સ્થિત ફ્લાયદુબઈ એરલાઈન્સે દેશની ફ્લાઈટ્સ રદ કરી હતી. જો કે બાદમાં તેહરાનના બે એરપોર્ટે સેવા ફરી શરૂ કરી હતી. સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, ફ્લાઈટ ટ્રેકિંગ સોફ્ટવેરમાં ઈસ્ફહાન સહિત પશ્ચિમ ઈરાનથી દૂર રહેતી કોમર્શિયલ ફ્લાઈટ્સ દર્શાવવામાં આવી હતી. ઈરાની ટેલિવિઝન ઈસ્ફહાનમાં એક રાઉન્ડઅબાઉટ પર સામાન્ય ટ્રાફિકની સ્થિતિનું લાઈવ ફીડ કરે છે. સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો છે કે ઈરાની ટીવીએ ઈસ્ફહાન પરમાણુ સ્થળ પર સંપૂર્ણ સુરક્ષા અને શાંતિનો અહેવાલ આપ્યો છે. તેણે એમ પણ કહ્યું હતું કે ઈસ્ફહાનમાં એક વરિષ્ઠ સૈન્ય અધિકારીએ પુષ્ટિ કરી હતી કે પ્રાંતમાં સંભળાયેલ વિસ્ફોટ "શંકાસ્પદ વસ્તુઓ" ને નિશાન બનાવીને વિમાન વિરોધી હથિયારોના ફાયરિંગને કારણે હતો. ડાલિરિયને જણાવ્યું હતું કે ત્રણ ડ્રોન તોડી પાડવામાં આવ્યા હતા.

**શા માટે ઈસ્ફહાન મહત્વપૂર્ણ છે ? :-** મીડિયાના અહેવાલ અનુસાર ઈસ્ફહાનમાં પરમાણુ પ્રાયોગિક રિએક્ટર અને યુરેનિયમ રૂપાંતરણ સુવિધાઓ છે. તે ઈરાનની ભૂગર્ભ નટાન્ઝ સંવર્ધન સ્થળ પણ છે, જેને શંકાસ્પદ ઈઝરાયેલી તોડફોડના હુમલાઓ દ્વારા વારંવાર નિશાન બનાવવામાં આવી છે. ઈસ્ફહાનમાં ઈરાનના યુએસ નિર્મિત એફ-૧૪ ટોમકેટ્સનો કાફલો પણ છે જે ૧૯૭૯માં ઈરાની ક્રાંતિ પહેલા ખરીદવામાં આવ્યો હતો. સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે, ગહજાવર્સ્તાન, જ્યાં વિસ્ફોટ સાંભળવામાં આવ્યો હતો, તે ઈસ્ફહાન એરપોર્ટ નજીક સ્થિત છે અને "આર્મી એરફોર્સનો આઠમો શિકાર બેઝ છે. ઈઝરાયેલને ઈરાનની ચેતવણીની પૃષ્ઠભૂમિ સામે ઈસ્ફહાનમાં હુમલો ખાસ કરીને નોંધપાત્ર છે. ઈઝરાયેલ પર મિસાઈલ હુમલાના દિવસો પછી, ઈરાનના ઈસ્લામિક




રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે ચેતવણી આપી હતી કે તે ઈઝરાયેલના પરમાણુ સ્થળો પર હુમલો કરશે અને જો દેશ ઈરાનના પરમાણુ કેન્દ્રો પર હુમલો કરશે તો તે પરમાણુ હથિયારનો પીછો કરી શકે છે. મીડિયા દ્વારા બ્રિગેડિયર જનરલ અહમદ હગતલબને ટાંકીને જણાવવામાં આવ્યું હતું કે, "ઝાયોનિસ્ટ દુશ્મનની પરમાણુ સુવિધાઓની ઓળખ કરવામાં આવી છે અને તમામ લક્ષ્યો સંબંધી બધીજ જરૂરી માહિતી અમારી પાસે હાથવગી છે." ઈરાની પરમાણુ સુવિધાઓને સુરક્ષિત રાખવાનું કામ કરનારૈં ઈચ્ઝ વિભાગના કમાન્ડરે જણાવ્યું હતું કે,"અમારી આંગળીઓ તેમના દ્વારા સંભવિત હુમલાના જવાબમાં નિયુક્ત લક્ષ્યોને નષ્ટ કરવા માટે સક્ષમ મિસાઈલો ચલાવવાના ટ્રિગર પર છે,". તેમણે જણાવ્યું હતું કે,"જો નકલી ઝિઓનિસ્ટ શાસન આપણા દેશના પરમાણુ કેન્દ્રો પર હુમલાની ધમકીનો એક સાધન તરીકે ઉપયોગ કરવા માંગે છે, તો ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન તેના સિદ્ધાંતો અને નીતિઓ પર પુનર્વિચાર કરશે અને અગાઉ જણાવેલી નીતિનો ત્યાગ અમે કરી શકીએ છીએ. તેમની આ ચીમકી ઈરાનની અત્યાર સુધીની સૌથી સીધી ચેતવણી સમાન હતી.

**હવે શું ? :-** ઈઝરાયેલે હજુ સુધી આ હુમલા અંગે સત્તાવાર રીતે કોઈ ટિપ્પણી કરી નથી. ઈઝરાયેલી સૈન્યએ સમાચાર એજન્સીને કહ્યું: "અમારી પાસે આ વિષે આ સમયે કોઈ ટિપ્પણી નથી." ઈઝરાયેલના રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઈટામર બેન-ગીવીરની ઠ પર એક શબ્દની પોસ્ટમાં માત્ર "નબળું" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વ્હાઈટ હાઉસ અને પેન્ટાગોને પણ હજુ સુધી નિવેદન આપવાનું બાકી છે. અધિકારીઓને ટાંકતા યુએસ મીડિયા અહેવાલોમાં જણાવાયું છે કે વોશિંગ્ટનને કરાયેલ હુમલાની આગોતરી સૂચના મળી હતી, પરંતુ તેણે તેને સમર્થન આપ્યું ન હતું અથવા તેના અમલમાં કોઈ ભાગ ભજવ્યો ન હતો. ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયેલ મુજબ, ઈઝરાયેલ તરફથી કોઈ સત્તાવાર ટિપ્પણી અને હુમલાની મર્યાદિત પ્રકૃતિ ઈરાનને વ્યૂહાત્મક અસ્વીકાર્યતાની સ્થિતિ પ્રદાન કરી શકે છે જે આ ક્ષેત્રમાં તણાવ હળવો કરવા માટે ખૂબ જરૂરી છે. પરંતુ જો ઈઝરાયેલ સત્તાવાર રીતે આ હુમલામાં તેની ભૂમિકા સ્વીકારે છે તો ઈરાન કેવો જવાબ આપે છે તેના પર બધાની નજર રહેશે. સંવેદનશીલ પ્રદેશમાં પરિસ્થિતિ કેવી રીતે ઉભી થઈ રહી છે તે દુનિયા નિહાળી રહી છે, હમાસ દ્વારા ઑક્ટોબર ૭ના હુમલાનો બદલો લેવા માટે ઈઝરાયેલ પહેલેથી જ ગાઝામાં યુદ્ધ ચલાવી રહ્યું છે ત્યારે સંવેદનશીલ એવા આ પ્રદેશમાં કેવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે તે તરફ દુનિયા અધ્ધર જીવે મીટ માંડી રહી છે. યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે ચેતવણી આપી છે કે ગાઝામાં યુદ્ધ અને ઈરાન દ્વારા ઈઝરાયેલ પરના હુમલાને લઈને વધતો તણાવ "સંપૂર્ણપણે મોટા પ્રાદેશિક સંઘર્ષ" માં પરિવર્તિત થઈ શકે છે. તેમણે યુ એન ની સુરક્ષા પરિષદને જણાવ્યું હતું કે,"મધ્ય પૂર્વ એક કરાડ પર છે. શબ્દો અને કાર્યવાહીની રીતે તાજેતરના દિવસોમાં ખતરનાક તણાવ વૃદ્ધિ જોવા મળી છે. તેમણે સંયમ માટે હાકલ કરતા કહ્યું કે,"એક ખોટી ગણતરી, એક ખોટી વાતચીત, એક ભૂલ, અકલ્પ્ય સ્થિતિમાં પરિણમી શકે છે જેમાં એક સંપૂર્ણપણે પ્રાદેશિક સંઘર્ષ ફાટી નીકળી શકે છે જે સામેલ તમામ લોકો માટે વિનાશક હશે.

## ઈઝરાયેલના અંધ સમર્થક અમેરિકાએ પોત પ્રકાશ્યું

# UNના સંપૂર્ણ સભ્યપદ માટે પેલેસ્ટીનની વિનંતી વિરૂદ્ધ અમેરિકાએ 'વીટો' વાપર્યો !

## આ ઠરાવની તરફેણમાં ૧૨ મત મળ્યા, જેમાં સ્વિત્ઝર્લેન્ડ અને યુકે ગેરહાજર રહ્યા અને અમેરિકાએ વીટો વાપર્યો હતો, હાલમાં પેલેસ્ટીન યુએનમાં "બિન-સભ્ય નિરીક્ષક રાજ્ય" છે, જે ૨૦૧૨માં જનરલ એસેમ્બલી દ્વારા તેને આપવામાં આવેલ દરજ્જો છે

(એજન્સી) તા.૧૯

યુનાઈટેડ નેશન્સનું સંપૂર્ણ સભ્યપદ આપવા માટે પેલેસ્ટીનની વિનંતી પર યુએન સુરક્ષા પરિષદમાં યુ.એસ.એ ઠરાવને વીટો કર્યો છે. રાષ્ટ્રીય પરિષદે મુસદ્દા ઠરાવ પર મત આપ્યો જેમાં ૧૯૩ સભ્ય યુએન જનરલ એસેમ્બલીને ભલામણ કરવામાં આવી કે પેલેસ્ટીન રાજ્યને સંયુક્ત રાષ્ટ્રમાં સભ્યપદ સ્વીકારવામાં આવે. આ ઠરાવની તરફેણમાં ૧૨ મત મળ્યા હતા, જેમાં સ્વિટ્ઝર્લેન્ડ અને યુકે ગેરહાજર રહ્યા હતા અને યુએસએ તેનો વીટો આપ્યો હતો. આ ઠરાવ અપનાવવા માટે, ડ્રાફ્ટ રિઝોલ્યુશન માટે ઓછામાં ઓછા નવ કાઉન્સિલ સભ્યોએ તેની તરફેણમાં મતદાન કરવું જરૂરી છે, જેમાં તેના પાંચ સ્થાયી સભ્યો - ચીન, ફ્રાન્સ, રશિયા,



### પેલેસ્ટીન માટે યુએનના પૂર્ણ સભ્યપદના ઠરાવને વ્યાપક સમર્થન વચ્ચે અમેરિકાએ વીટોનો ઉપયોગ કર્યો, આ ઠરાવમાં ૧૯૩ સભ્યના યુએન જનરલ એસેમ્બલીમાં પેલેસ્ટીનને સંયુક્ત રાષ્ટ્રના ૧૯૪મા સભ્ય બનવાની મંજૂરી આપવા માટે ભલામણ કરવામાં આવી હતી

યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી કોઈપણ દ્વારા વીટો ન હોવો જોઈએ. હાલમાં, પેલેસ્ટીન યુએનમાં "બિન-સભ્ય નિરીક્ષક રાજ્ય" છે. આ દરજ્જો પેલેસ્ટીનને વિશ્વ સંસ્થાની કાર્યવાહીમાં ભાગ લેવાની મંજૂરી આપે છે પરંતુ તે ઠરાવો પર મતદાન કરી શકતું નથી. યુએનમાં એકમાત્ર અન્ય બિન-સભ્ય નિરીક્ષક રાજ્ય હોલી સી છે, જે વેટિકનનું પ્રતિનિધિત્વ કરે છે. યુએસ એમ્બેસેડર રોબર્ટ વૂડે જણાવ્યું હતું કે વોશિંગ્ટન બે-રાજ્ય ઉકેલને સમર્થન આપવાનું ચાલુ રાખશે. આ મત પેલેસ્ટીન રાજ્યના વિરોધને પ્રતિબિંબિત કરતું નથી, પરંતુ તે એક સ્વીકૃતિ છે કે તે પક્ષો વચ્ચેની સીધી વાટાઘાટો દ્વારા હોવું જોઈએ. અમે પેલેસ્ટીન ઓથોરિટીને રાજ્યત્વ માટેની વિશેષતા સ્થાપિત કરવામાં મદદ કરવા માટે જરૂરી સુધારાઓ હાથ ધરવા હાકલ કરી છે. હમાસ હાલમાં ગાઝામાં સત્તા અને પ્રભાવનો ઉપયોગ કરી રહ્યું છે, આ કારણોસર, યુનાઈટેડ સ્ટેટ્સે સુરક્ષા પરિષદના આ ઠરાવ પર "ના"નો મત આપ્યો હતો. વૂડે નોંધ્યું હતું કે આ ક્ષેત્રમાં શાંતિ ફક્ત બે-રાજ્ય ઉકેલ દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે, જેમાં ઈઝરાયેલની સુરક્ષાની ખાતરી આપવામાં આવી છે. લોકશાહી યહૂદી રાજ્ય તરીકે ઈઝરાયેલની સલામતી અને ભવિષ્યની બાંયધરી આપવા માટે બીજો કોઈ રસ્તો નથી. પેલેસ્ટીનીઓ તેમના પોતાના રાજ્યમાં શાંતિ અને ગૌરવ સાથે જીવી શકે તેની ખાતરી આપતો બીજો કોઈ રસ્તો નથી. આ ઠરાવ પર મત પછી, પેલેસ્ટીન રાજ્યના કાયમી નિરીક્ષક રિયાદ મન્સુરે જણાવ્યું હતું કે અમારા સ્વ-નિર્ણયનો અધિકાર ક્યારેય સોદાબાજી અથવા વાટાઘાટોને આધિન નથી. અમને સ્વ-નિર્ણયનો અધિકાર એ કુદરતી અધિકાર છે, ઐતિહાસિક અધિકાર છે, કાનૂની અધિકાર છે. અમારા વતન પેલેસ્ટીનમાં એક સ્વતંત્ર રાજ્ય તરીકે રહેવાનો અધિકાર સાર્વભૌમ છે. મન્સૂરે કહ્યું કે હું તમને પેલેસ્ટીની લોકો અને તેમના નેતૃત્વ તરફથી સલામ કરું છું, હકીકત એ છે કે આ ઠરાવ પસાર થયો નથી તે અમારી ઈચ્છાને તોડશે નહીં, અને તે અમારા નિર્ણયને હરાવી શકશે નહીં. અમે અમારા પ્રયત્નો રોકીશું નહીં. પેલેસ્ટીન રાજ્ય અનિવાર્ય છે. પેલેસ્ટીને સૌપ્રથમ ૨૦૧૧માં યુએનના સંપૂર્ણ સભ્ય તરીકે પ્રવેશ માટે તેની વિનંતી સબમિટ કરી હતી પરંતુ સુરક્ષા પરિષદ સર્વસંમતિથી ભલામણ કરવામાં અસમર્થ રહી હતી. ૨૦૧૨માં પેલેસ્ટીનના દરજ્જાને યુએનના નિરીક્ષકમાંથી બિન-સદસ્ય નિરીક્ષક રાજ્ય બનાવવાનો ૨૦૧૨નો ઠરાવ ૧૯૩-સભ્યોની એસેમ્બલીમાં તેના તરફેણમાં ૧૩૮, વિરોધમાં નવ અને ૪૧ ગેરહાજર સાથે અપનાવવામાં આવ્યો હતો. ૨ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ, પેલેસ્ટીને ફરીથી યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસને એક પત્ર મોકલી વિનંતી કરી કે યુએનના સંપૂર્ણ સભ્યપદ માટેની તેની અરજી પર ફરીથી વિચાર કરવામાં આવે. રાજ્યને સંપૂર્ણ UN સભ્યપદ આપવા માટે, તેની અરજી સુરક્ષા પરિષદ અને જનરલ એસેમ્બલી બંને દ્વારા મંજૂર થવી જોઈએ, જ્યાં રાજ્યને સંપૂર્ણ સભ્ય તરીકે દાખલ કરવા માટે બે તૃતીયાંશ બહુમતી હાજર હોય અને મતદાન જરૂરી છે. ગુટેરેસે કહ્યું કે, ઈઝરાયેલ અને સંપૂર્ણ સ્વતંત્ર, વ્યવહારુ અને સાર્વભૌમ પેલેસ્ટીન રાજ્ય વચ્ચે સ્થાયી શાંતિ માટેના સદભાવના પ્રયાસોને સમર્થન આપવા માટે વધુ મહત્વપૂર્ણ છે. બે-રાજ્યના ઉકેલ તરફ પ્રગતિ કરવામાં નિષ્ફળતા અસ્થિરતા અને સમગ્ર પ્રદેશમાં લાખો લોકો માટે જોખમમાં વધારો કરશે. ગયા વર્ષે ૭ ઓક્ટોબરથી ૧૭ એપ્રિલની વચ્ચે ગાઝામાં ઓછામાં ઓછા ૩૩,૮૯૯ પેલેસ્ટીની માર્યા ગયા છે અને ૭૬,૬૬૪ પેલેસ્ટીની ઘાયલ થયા છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# ચૂંટણી અને ઉનાળાની તીવ્ર ગરમી

ભારતમાં રાજકીય તાપમાનની સાથે સાથે મોસમનું તાપમાન પણ ઝડપથી વધવા લાગ્યું છે. ઉત્તર ભારતના ઘણા વિસ્તારોમાં ગરમીના મોજાની અસર શરૂ થઈ ગઈ છે. તાજેતરની આગાહીમાં, ભારતીય હવામાન વિભાગે ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર ગોવા, આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને પશ્ચિમ બંગાળ સહિત ઘણા રાજ્યોમાં ગરમીની લહેર ચેતવણી જારી કરી છે. કેટલાક સ્થળોએ વાદળછાયું વાતાવરણ છે, પરંતુ એકવાર વાદળો અદૃશ્ય થઈ ગયા પછી, દરેક જગ્યાએ તાપમાનમાં વધારો થવાની ધારણા છે.

બિહારના લગભગ એક ડઝન જિલ્લાઓમાં ગરમીનું વાતાવરણ છે, તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો છે. ઉત્તરપ્રદેશના અનેક જિલ્લાઓમાં પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચવા લાગ્યો છે. આ વર્ષે તાપમાન અથવા હીટ વેવની ચિંતા વધુ છે કારણ કે ચૂંટણીનો સમય છે અને મોટા પાયે લોકોની અવરજવર થશે અને સભાઓનું આયોજન કરવામાં આવશે. અનેક જગ્યાએ હજારો લોકોની ભીડ એકઠી થશે અને લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડશે. આવી સ્થિતિમાં તાપમાન ૪૦ કે ૪૫થી વધુ રહેશે તો મુશ્કેલી સર્જાશે.

ચૂંટણી પ્રચાર તેમજ મતદાનની ટકાવારીને પ્રતિકૂળ હવામાન અસર કરી શકે છે. જો કે આ કોઈ નવી વાત નથી, છેલ્લા દાયકાઓથી માર્ચ-એપ્રિલ-મે મહિનામાં લોકસભાની ચૂંટણીઓ યોજાઈ રહી છે, પરંતુ તાપમાનને જોતા બધાએ સાવચેત રહેવું પડશે. હવામાન વિભાગની આગાહી મુજબ મે મહિનો વધુ ગરમ રહેશે. વધુ ચિંતાનો વિષય એ છે કે ૧૯૦૧ પછી ગત વર્ષ ૨૦૨૩ સૌથી ગરમ હતું ત્યારે આ વર્ષે ઉનાળામાં કેટલાક વિસ્તારોમાં તાપમાનનો પારો ૫૦ ડિગ્રી સેલ્સિયસને પણ પાર કરી શકે છે. શહેરોએ ખાસ કરીને પાણીની યોગ્ય વ્યવસ્થા જાળવવી પડશે.

આગામી દિવસોમાં મહત્તમ તાપમાનની આગાહી કરી શકાય તેમ નથી, પરંતુ હવામાન વિભાગે આગામી સમયમાં વરસાદની આગાહી કરી છે. આ વર્ષે, જૂન અને સપ્ટેમ્બર વચ્ચે સામાન્ય કરતાં વધુ વરસાદની શક્યતા છે. ગયા વર્ષે દેશમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થયો હતો, તેથી આ વખતે સામાન્ય કરતાં વધુ વરસાદના એક સારા સમાચાર છે. આ આગાહી મુજબ, સમગ્ર દેશમાં વરસાદની કુલ માત્રા પાંચ ટકાના ભૂલ માર્જિન સાથે લાંબા ગાળાની સરેરાશના ૧૦૬ ટકા રહેશે.

જો કે મેના અંત સુધીમાં હવામાન વિભાગ વરસાદને લગતા ચોક્કસ અંદાજો લગાવી શકશે. હાલમાં, સમુદ્રી તાપમાનની પેટર્નમાં અપેક્ષિત ફેરફારો અને ઉત્તરીય ગોળાર્ધમાં બરફના જથ્થાને જોતાં સામાન્ય કરતાં વધુ વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલમાં, વિષુવવૃત્તીય પેસિફિક ક્ષેત્રમાં મધ્યમ અલ નીનો સ્થિતિ પ્રવર્તી રહી છે. દેશમાં સામાન્ય કરતાં સારૂં ચોમાસું રહેવાની ૩૧ ટકા સંભાવના છે, જ્યારે સામાન્ય કરતાં ઓછા ચોમાસાની ૮ ટકા અને નબળા ચોમાસાની માત્ર બે ટકા શક્યતા છે.

હકીકતમાં, આપણે સમગ્ર હવામાન વિશે વિચારવું જોઈએ. વધુ પડતી ગરમી સારી નથી કે વધુ પડતો વરસાદ પણ સારો નથી, પરંતુ હવામાન પરિવર્તનની પરિસ્થિતિ અનુસાર આપણે બંને પરિસ્થિતિઓ માટે તૈયાર રહેવું જોઈએ. ઉપરાંત, આપણે એક વાર એ પણ વિચારવું જોઈએ કે અતિશય તાપ અથવા અતિશય વરસાદની પરિસ્થિતિથી બચવા માટે આપણે શું કરી શકીએ. ચૂંટણી સમયે પર્યાવરણ કે આબોહવા રાજકારણનો કેન્દ્રીય વિષય ન બની શકે, પરંતુ લોકો માટે આ વિષય મહત્ત્વનો હોવો જ જોઈએ.

# ચૂંટણી એ ભારતનો સૌથી મોટો ઉત્સવ છે - તો આ ચૂંટણી આટલી નીરસ કેમ છે ?

તેમના પુસ્તક હાઉ ઈન્ડિયા બિકેમ ડેમોક્રેટિકમાં, શિક્ષણવિદ ઓર્નિટ શનિએ સ્વતંત્ર ભારતની પ્રથમ ચૂંટણી અને તેના સાર્વત્રિક મતાધિકારને અપનાવવાને "નિષ્કલંકીકરણની સખત ક્રિયા" તરીકે વર્ણવ્યું હતું, જેને "કલ્પનાની અપાર શક્તિ"ની જરૂર હતી.

ભારતમાં આ પહેલા ચૂંટણીઓ થઈ હતી. ૧૯૨૦માં, બ્રિટિશ ભારતમાં કેન્દ્રીય અને પ્રાંતીય બંને વિધાનસભા માટે ચૂંટણી યોજાઈ. પરંતુ વસાહતી ભારતમાં ચૂંટણીઓ થોડી સંખ્યામાં શ્રીમંત મતદારો સુધી મર્યાદિત હતી. તેથી ૨૫ ઓક્ટોબર, ૧૯૫૧ના રોજ સ્વતંત્ર ભારતની પ્રથમ સામાન્ય ચૂંટણી કંઈક ખાસ હતી, કારણ કે દરેક પુખ્ત ભારતીયને મત આપવાનો અધિકાર મળ્યો હતો. શનિ આને ભારતના સ્વતંત્રતા ચળવળના પરિણામ તરીકે ઓળખાવે છે, જે સમૂહ આધારિત હતી.

ભારત આ ચમત્કાર ચાલુ રાખવામાં સફળ રહ્યું. ચૂંટણીઓ નિયમિતપણે યોજાતી અને આતુરતાથી લડવામાં આવતી. લોકભાગીદારી વધુ હતી અને મતદારો ઉત્સાહી હતા. મેં અગાઉના ઈન્ડિયા ફિક્સમાં દલીલ કરી હતી તેમ, ન્યાયતંત્ર અને ધારાસભાના રૂપમાં મજબૂત તપાસ અને સંતુલન ધરાવતી અન્ય લોકશાહીઓથી વિપરીત, ભારતમાં સત્તાધારીઓ પર એકમાત્ર વાસ્તવિક અંકુશ મતદારો છે.

ચૂંટણી એ ભારતનો સૌથી મોટો ઉત્સવ છે તેવો દાવો એક સામાન્ય, અણઘડ કહેવત છે - પરંતુ તે હજુ પણ સાચી છે.

આ અવિશ્વસનીય ઈતિહાસ જોતાં, તો પછી વર્તમાન સામાન્ય ચૂંટણીઓ આટલી નિરાશાજનક કેમ છે ? પ્રથમ તબક્કો માત્ર એક સપ્તાહ દૂર છે અને ઉત્સાહની ગેરહાજરી સ્પષ્ટ છે.

**એક-ઘોડાની રેસ**

પ્રથમ કારણ કે ચૂંટણીનો સમયગાળો ઘણો લાંબો છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી સાત તબક્કામાં યોજાશે અને તે ૪૪ દિવસ સુધી ચાલશે - છ અઠવાડિયાથી વધુ. તેનાથી વિપરીત, ૧૯૭૭ની ચૂંટણી - ઈન્ટરનેટની શોધ પહેલા હાથ ધરવામાં આવી હતી - જેમાં ચાર દિવસનો સમય લાગ્યો હતો. ભૂતકાળની ચૂંટણીઓની સરખામણીમાં આ ચૂંટણી આટલી લાંબી કેમ ખેંચવામાં આવી તે એક પ્રશ્ન છે જે ચૂંટણી પંચ દ્વારા અનુત્તરિત છે.



જો કે, વધુ મુશ્કેલીની વાત એ છે કે, આ ચૂંટણીની આસપાસ ચર્ચાના અભાવનું એક નોંધપાત્ર કારણ એ વિચાર હોઈ શકે છે કે આ એક પૂર્ણ સોદો છેઃ તે લગભગ નિશ્ચિત છે કે ભારતીય જનતા પાર્ટી જીતશે.

**આ ખ્યાલ ક્યાંથી ઉદ્ભવે છે ?**

મોટા ભાગના ઓપિનિયન પોલિંગ ભાજપ મજબૂત સ્થિતિમાં હોવાનું દર્શાવે છે. જો કે, જેમ જાણીતું છે, ભારતમાં અભિપ્રાય મતદાન એ એક અચોક્કસ વિજ્ઞાન છે. ઉદાહરણ તરીકે, ૨૦૦૪માં, ભાજપ પણ ચૂંટણીમાં ઉતર્યું, જેમાં ઓપિનિયન પોલિંગ તેને નિશ્ચિત વિજેતા તરીકે ચિહ્નિત કરે છે. વાસ્તવિક પરિણામઃ કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી અને ગઠબંધનના ભાગરૂપે સરકાર બનાવી. ૨૦૨૧માં આનું એક નાનું રિપ્લે જોવા મળ્યું હતું, કારણ કે લગભગ દરેક મતદાનકર્તાએ આગાહી કરી હતી કે પશ્ચિમ બંગાળમાં ભાજપ સત્તા પર આવશે. વાસ્તવિક પરિણામમાં તૃણમૂલ કોંગ્રેસે લગભગ ત્રણ ચતુર્થાંશ ગૃહ સાથે ઘર સંભાળ્યું હોવા છતાં વિધાનસભામાં ભાજપ ભાગ્યે જ એક ચતુર્થાંશ બેઠકો જીતી શક્યું હતું.

**પ્રશ્નાર્થ**
**- શોએબ દાનિયાલ**

એક સંબંધિત પરિબળ ભાજપ દ્વારા મીડિયા પર કબજો છે. જેમ કે જાણીતું છે, ૨૦૧૪ પછી મોદીની સૌથી મોટી વ્યૂહાત્મક સફળતાઓમાંથી એક રાષ્ટ્રીય મીડિયાને શક્તિહીન કરવાની છે. મોદી સરકાર આ પ્રયાસમાં એટલી સંપૂર્ણ છે કે મોડેથી તેણે યુટ્યુબ ચેનલો પર પણ હુમલો કરવાનું શરૂ કરી દીધું છે જે તેને પ્રતિકૂળ લાગે છે. જો સમગ્ર ભારતીય મતદાર ભાજપ તરફી ઉત્સાહ જુએ છે, તો તે ભાગ્યે જ આશ્ચર્યજનક છે કે તે હિન્દુત્વ પક્ષને અજેય માને છે.

આ માત્ર સ્માર્ટ મીડિયા કંટ્રોલ નથી, તે ચૂંટણીને ઢાળવાની એક શક્તિશાળી રીત છે. સરકાર સામે દેખાતો ગુસ્સો જાહેર અસંતોષ બંનેને સામેલ કરવાની જરૂર છે અને સાથે સાથે એવા સંકેતો કે જે પદધારકને બદલી શકાય છે - તે અજેય નથી. ઘણા લોકો બિનજરૂરી રીતે સત્તાઓ સામે ગુસ્સો દર્શાવવાનું જોખમ લેશે નહીં.

૨૦૧૪માં, બંને અસ્તિત્વમાં હતા, યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ સરકાર સામે સંપૂર્ણ તોફાન ઊભું કર્યું. ૨૦૨૪માં, ફક્ત અસંતોષ જ છે. પરિણામે, આપણી પાસે સરકાર સામે પુષ્કળ અસંતોષનું અસામાન્ય અસ્તિત્વ છે તેમજ તે વિચાર છે કે તેનું સત્તા પર પાછા ફરવાનું નિશ્ચિત છે.

**રમતનું મેદાન**

આમાં ઉમેરો એ એક નિષ્ક્રિય વિરોધ છે. વિપક્ષ તેના નિયંત્રણની બહાર સંખ્યાબંધ પરિબળોથી ઘેરાયેલો છેઃ ભંડોળનો તીવ્ર અભાવ, ચૂંટણી પંચ અને ન્યાયતંત્ર જેવા સંસ્થાકીય કલાકારો પણ પક્ષપાતી હોવાના આક્ષેપો અને, અલબત્ત, મીડિયા વાતાવરણ તેના માટે સક્રિયપણે પ્રતિકૂળ છે. તેમ છતાં, ઓછું સંગઠન અને ભાજપને પડકારવાની તીવ્ર ઈચ્છાના અભાવે આ પક્ષોએ તેમની તાકાત કરતાં ઓછી હિંમત બતાવી છે,

આ તૂટેલા લેવલ ક્ષેત્રનો અર્થ છે કે મતદારોની વાસ્તવિક સમસ્યાઓ ચૂંટણીમાં અવાજ શોધી શકતી નથી. થિંકટેંક સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાયટીઝ-લોકનીતિ દ્વારા કરવામાં આવેલા પ્રી-પોલ સર્વેમાં જાણવા મળ્યું છે કે ભારતીય મતદારોમાં બેરોજગારી અને મોંઘવારી ટોચની બે ચિંતાઓ છે. વાસ્તવમાં, આ બે મુદ્દા એટલા મોટા છે, લગભગ અડધા મતદારો માને છે કે આ મુદ્દા છે આ ક્ષણે પ્રાથમિક નીતિ ચિંતા. તેનાથી વિપરિત, માત્ર ૮% લોકો તેમના જવાબ તરીકે અયોધ્યામાં નવા મંદિરની યાદી આપે છે, જે ત્રણ દાયકાથી વધુ સમયથી હિંદુત્વના એકત્રીકરણનું મુખ્ય વાહન છે.

**લાલ વાવટો**

હકીકત એ છે કે આ આર્થિક ચિંતાઓ આટલી મોટી હોવા છતાં ઝુંબેશમાં પ્રતિબિંબિત થતી નથી, જેના પરિણામે મતદારોમા ભ્રમણા છે - જે અત્યાર સુધી ચૂંટણીના વાતાવરણમાં ઠંડક તરફ દોરી જાય છે. ભાજપે, ઉદાહરણ તરીકે, મતદારોમાં તેની ઓછી અપીલ હોવા છતાં, તેના અભિયાનને હિન્દુત્વ પર કેન્દ્રિત કર્યું છે.

સામાન્ય ચૂંટણીની આસપાસ ઉત્તેજનાનો અભાવ એક નાની સમસ્યા જેવી લાગે છે - પરંતુ તે નથી. જો ચૂંટણી મોટાભાગના મતદારોની ચિંતાઓનું પ્રતિનિધિત્વ કરતી નથી, તો તે નાગરિકો અને રાજ્ય વચ્ચે પ્રતિસાદ જોડાણ બનવાનું તેનું પ્રાથમિક કાર્ય કરી રહી નથી. કોઈપણ પક્ષ ચૂંટણી જીતે, સત્તા પર તેની પકડ શ્રેષ્ઠ રહેશે નહીં. તે મતદારોના વાસ્તવિક આદેશને પ્રતિબિંબિત કરશે નહીં પરંતુ પૈસા અને મીડિયા નિયંત્રણ જેવા પરિબળોથી પ્રભાવિત થશે - જે આદર્શ રીતે પરિબળ હોવું જોઈએ નહીં.

જનાદેશ અને બહુમતી વચ્ચેની આ અસંગતતા માટે ભારતમાં ખરેખર એક દાખલો છે. ૧૯૮૪માં, ઈન્દિરા ગાંધીની હત્યા બાદ સહાનુભૂતિના મત દ્વારા કોંગ્રેસે લોકસભામાં આશ્ચર્યજનક ૪૧૪ બેઠકો જીતી હતી. સરકાર માટે તે વાસ્તવિક મત ન હોવાથી, આટલી મોટી સંખ્યા હોવા છતાં, જો કે, આ પછી રચાયેલ રાજીવ ગાંધી મંત્રાલય રાજકીય સમસ્યાઓથી ઘેરાયેલું હતું અને, વ્યંગાત્મક રીતે, કોંગ્રેસ પક્ષના ભાંગી પડવાની શરૂઆત થઈ હતી. **(સૌ. : સ્ક્રોલ.ઈન)**

# પાવીજેતપુર નજીક ભારજ પુલ પાસે ડાયવર્ઝનની કામગીરી પૂર્ણતાને આરે : જનતામાં આનંદ



**(તસવીર : આસીફ ખત્રી, પાવીજેતપુર)**

પાવીજેતપુર, તા.૧૯

પાવીજેતપુર નજીક ભારજ પુલ પાસે ડાયવર્ઝનની કામગીરી પૂર્ણતાને આરે હોઈ અને આ ડાયવર્ઝન અઠવાડિયામાં શરૂ થઈ જવાની વાતથી જનતામાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

ગત વર્ષે જુલાઈ માસના અંતમાં ભારજ નદી ઉપરનો પુલ બેસી જતા રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. જેના કારણે જનતાને ખુબ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. વારંવારની રજૂઆતના અંતે રોડ અને રેલવેના પુલ વચ્ચે ૨.૩૪ કરોડના ખર્ચે ડાયવર્ઝનની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. મહત્તમ કામગીરી પૂર્ણ થઈ જવા પામી છે. બંને બાજુના રોડ ઉપર ડામરીંગની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ આ મહિનાના અંત સુધી આ ડાયવર્ઝનની કામગીરી પૂર્ણ થઈ જશે અને આ ડાયવર્ઝન જનતા માટે આધિકૃત રીતે ખુલ્લું મુકવામાં આવશે તેમ તંત્ર દ્વારા જાણવા મળી રહ્યું છે.

## ૨.૩૪ કરોડના ખર્ચે બનાવાયેલ ડાયવર્ઝન ડેમના દરવાજા ખોલવા પડશે તો ધોવાઈ જશે

સામાન્ય રીતે આ નદીના પટમાં રેતીનું ખનન એટલા મોટા પ્રમાણમાં થઈ જવા પામ્યું હોય જેના કારણે, નદીના પટમાં મોટા મોટા ખાડા પડી જવાથી પાણીનું પ્રેશર ખૂબ વધી જાય છે અને જો પુલના મોટા પીલરો નીચે પણ ધોવાણ થઈ જતું હોય અને પુલ બેસી જતો હોય તો પછી શું આ પાઈપની બે હરોળથી બનાવેલું છેલ્લું ટકશે ખરૂં ? આવા વેધક સવાલો જનતામાં ઉઠી રહ્યા છે. છોટાઉદેપુરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા પોતે એન્જિનિયર હોય તેથી તેઓએ જે તે સમયે જ ઓલવેધર ડાયવર્ઝનની માંગ કરી હતી ? જો એ પ્રકારનું ડાયવર્ઝન બનાવવામાં આવ્યું હોત તો ચોમાસામાં પણ આ ડાયવર્ઝનનો ઉપયોગ થઈ શકતો. નિષ્ણાતોનું માનવું છે કે એપ્રિલના અંત સુધી ૨.૩૪ કરોડના ખર્ચે આ ડાયવર્ઝન બનાવવામાં આવ્યું છે જે મેના અંત સુધી વધુ પ્રમાણમાં વરસાદ પડશે અને ડેમના દરવાજા ખોલવા પડશે તો તે સમયે આ ડાયવર્ઝન ધોવાઈ જશે અને ફરીથી રસ્તો બંધ થઈ જશે. તો શું આ ૨.૩૪ કરોડ રૂપિયા એક માસ માટે જ ખર્ચવામાં આવ્યા છે ?

ધોવાયેલા પુલની નીચે રીપેરીંગનું કામ ચોમાસા પૂર્વે કરવામાં આવે તો ચોમાસામાં લાઈટ વેટ વેહિકલો હાલ જે પુલ ઉપરથી પસાર થાય છે એ પ્રમાણે પસાર થઈ શકશે. નહીં તો ફરીથી આ રસ્તો પણ બંધ થઈ જવાની દેહશત જનતાને સતાવી રહી છે. હાલ વન કુટીર, રંગલી ચોકડી થઈ જે ડાયવર્ઝન આપ્યું છે તે ડાયવર્ઝન ઉપર પણ મોટા મોટા ખાડા પડી જતા રસ્તો ખસતા થઈ જવા પામ્યો છે. તો તંત્ર આ વિસ્તારની જનતાની સમસ્યાને સમજી ઘટતું કરે તેવી જનતાની બુલંદ માંગ ઉઠી છે.

### પોલીસે ૧૫ ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી

# સાયખા ગામની મહિલાની મશ્કરી બાબતે સિક્યુરિટી ગાર્ડની હત્યાથી ચકચાર

(સંવાદદાતા દ્વારા)

વાગરા, તા.૧૯

વાગરાના સાયખા કેમિકલ ઝોનમાં આવેલ પારસ ફાર્મા કેમ કંપનીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડની સાયખાના ૧૫ જેટલા લોકોએ ભેગા મળી મહિલાની છેડતી કરનારને મૂઢમાર મારી હત્યા કરવા બાબતે વાગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા ભારે ચકચાર ફેલાઈ જવા પામી છે. પ્રાપ્ય વિગતો અનુસાર દિવ્યા સિક્યુરિટી ફોર્સ નામના કોન્ટ્રાક્ટમાં સિક્યુરિટિ ગાર્ડ તરીકે નોકરી કરતો પ્રકાશસિંહ દાનસિંહ ચૈસીર ઉ.વ.૩૭ રહે. ધુનોલી, ઢુંગા, ટોલી જી.પીઠોરા ગઢ (ઉત્તરાખંડ) સાયખા જીઆઈડીસીની પારસ ફાર્મા કેમ કંપનીમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો. ગત તા.૧૭ એપ્રિલ ૨૦૨૪ના રોજ બપોરના આશરે બે વાગ્યે સિક્યુરિટી કોન્ટ્રાકટર બ્રેજેસ સિંહ હુકમસિંહ યાદવ પર ફોન આવ્યો હતો કે



**(તસવીર : સૈયદ અમજદ, વાગરા)**

તમારો માણસ પ્રકાશસિંહ સાયખા જીઆઈડીસીમાં રોડના નાળામાં અર્ધ બે-ભાન જેવી હાલતમાં પડેલ છે. જેથી તમે આવીને લઈ જાઓ તેમ કહેતા બ્રજેશ સિંહ તથા સિક્યુરીટી ગાર્ડ રાજેશ કુમાર મિશ્રા જગ્યા ઉપર ગયા હતા. ત્યાં નાળા પાસે પ્રકાશસિંહ દાનસિંહ પડેલ હતો. જેથી તેઓએ તેની ઉપર પાણી નાખી તથા તેને પાણી પીવડાવતા તે ભાનમાં આવેલ પરંતુ તે કઈ બોલી શકતો ન હતો. પ્રકાશસિંહના હાથે તથા બરડામાં છોલાયેલાના નિશાન તથા કપાળના ભાગે પણ સામન્ય છોલાયાના નિશાન હતા. વધુમાં તેના નાકમાંથી લોહી નીકળતું હતું. પરંતુ થોડીવારમાં તેની તબીયત સારી ન લાગતા તથા તે અર્ધ બે-ભાન જેવી હાલતમાં પહોંચી જતા તેને ખાનગી વાહનમાં સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પીટલ ખાતે લઇ ગયા હતા. જ્યાં ફરજ પર હાજર ડોકટરે ચેક કરતા પ્રકાશસિંહ દાનસિંહને મૃત જાહેર કર્યો હતો. તા. ૧૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ બ્રજેશ સિંહ સાથખા જીઆઈડીસીમાં આવેલ પારસ ફાર્મા કેમ કંપનીમાં ગયેલ તે વખતે જાણવા મળેલ કે, ગઈ કાલ તા. ૧૭ એપ્રિલ ૨૦૨૪ના રોજ તેઓના સીક્યુરીટી ગાર્ડ પ્રકાશસિંહને સાયખા ગામના કેટલાક માણસોએ પારસ ફાર્મા કેમ કંપનીના ગેટ બહાર માર મારેલ હોવાનું જાણવા મળતા તેમણે ગેટ બહાર લગાડેલ સી.સી.ટીવી ચેક કરતા તેમાં ઘણા માણસો ટેમ્પામાં સીક્યુરીટી ગાર્ડ પ્રકાશસિંહને કંપનીની બહાર ગેટ ઉપર લાવી માર, મારતા દેખાયા હતા.

સાયખા ગામની આધેડ વયની મહિલાની છેડતી કરનાર સિક્યુરીટી ગાર્ડ પ્રકાશસિંહ દાનસિંહ ચોસીરેને માર માર્યાનું ખુલવા પામ્યું હતું. આ બાબતે સિક્યુરીટી કોન્ટ્રાકટર બ્રજેન્દ્રસિંહ હુકુમસિંહ યાદવે વાગરા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે હત્યામાં સામેલ સાયખાના ૧૫ ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી તેઓને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી હતી.

# 'વોર રૂકવા દી' : મોદીની ખોટી માહિતી સાથેની જાહેરાત કેવી રીતે ૨૦૨૪ની ટોપ મીમ બની

**પ્રમોશનલ વીડિયો ભારતીય વિદ્યાર્થીઓના સલામત માર્ગ માટે યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધને રોકવામાં ભારતના હસ્તક્ષેપના ભારતીય જનતા પાર્ટીના નેતાઓના દાવાનું વિસ્તરણ છે**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સત્તાવાર યુટ્યુબ ચેનલ પર ગયા મહિને પોસ્ટ કરવામાં આવેલ એક પ્રમોશનલ વીડિયો સોશિયલ મીડિયા પર તમામ જોક્સનો મુખ્ય કેન્દ્ર બની ગયો હતો.

આ વીડિયો એક અજાણ્યા એરપોર્ટના આગમન ગેટના પરિસરમાં સેટ કરવામાં આવ્યો છે જ્યાં કેટલાક પરેશાન માતા-પિતા તેમના બાળકોની રાહ જોઈ રહ્યા છે. આગળની કેટલીક ફ્રેમ્સમાં, આપણે એક યુવતીને તેના માતા-પિતાને ગળે લગાડતી અને વડાપ્રધાન મોદીએ "યુદ્ધ બંધ કરી દીધો" હોવાનો દાવો કરતા જોઈશું. રસપ્રદ વાત એ છે કે, પ્રમોશનલ વિડીયોમાં તે દેશોનો ઉલ્લેખ નથી કે જેમાં "યુદ્ધ" બંધ કરવામાં આવ્યું હતું.

પ્રમોશનલ વીડિયો ભારતીય વિદ્યાર્થીઓના સલામત માર્ગ માટે યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધને રોકવા માટે ભારતીય જનતા પાર્ટી (BJP) નેતાઓના ભારતના હસ્તક્ષેપના દાવાનું વિસ્તરણ છે. ફેબ્રુઆરી ૨૦૨૩માં, ભાજપના પ્રમુખ જેપી નડ્ડાએ કર્ણાટકમાં એક ચૂંટણી રેલી દરમિયાન કહ્યું હતું કે વડાપ્રધાન મોદીએ "રશિયા-યુક્રેન યુદ્ધને ત્યાંથી ૨૨,૫૦૦ વિદ્યાર્થીઓને ભારત પાછા ખસેડવા માટે રોક્યું હતું."

જો કે, વિદેશ મંત્રાલય (MEA)ના પ્રવક્તા અરિંદમ બાગચીએ યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધને રોકવાના ભારતના દાવાઓને રદિયો આપ્યો હતો. તેમણે કહ્યું કે આ તમામ દાવાઓ "સંપૂર્ણપણે અચોક્કસ" હતા.

માર્ચ ૨૦૨૪માં વડાપ્રધાન મોદીએ પ્રમોશનલ વીડિયો પોસ્ટ કર્યા બાદ આ ખોટો દાવો ફરી સામે આવ્યો હતો. વીડિયોનો કેચ વાક્ય - "યુદ્ધ રુકવા દી, પાપા" - એ તમામ મીમ્સનો સ્ત્રોત બની ગયો.

અહીં "યુદ્ધ રુકવા દી" વીડિયો પરની કેટલીક વાયરલ પોસ્ટ્સ અને મેમ્સનું સંકલન છે.

યુટ્યુબર ધ્રુવ રાઠીએ પણ આ ખોટા દાવા અંગે એક વીડિયો બનાવ્યો છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પણ આમાં જોડાયા હતા. **(સૌ.: ધ વાયર)**

# અંકલેશ્વરમાં કરિયાણાની દુકાનમાં ચાલતા ગેરકાયદેસર ગેસ રિફીલિંગના કૌભાંડનો પર્દાફાશ

અંકલેશ્વર, તા.૧૯

અંકલેશ્વરના ગડખોલ પાટિયા વિસ્તારમાં મહેન્દ્રનગરમાં એક કરિયાણાની દુકાનમાંથી બી-ડિવિઝન પોલીસે ગેરકાયદેસર ગેસ રિફિલિંગના કૌભાંડનો પર્દાફાશ કરી એક શખ્સની ધરપકડ કરી ગેસની બોટલો સહિતનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર શહેર બી - ડિવિઝન પોલીસને ગડખોલ પાટિયા વિસ્તારમાં આવેલ જયસ્વાલ કરિયાણાની દુકાનમાં ગેસની મોટી બોટલમાંથી નાની બોટલમાં ગેરકાયદેસર રીતે ગેસ રીફલીંગ કરવામાં આવી રહ્યું હોવાની માહિતી મળી હતી જે માહિતીના આધારે બી ડિવિઝન પોલીસે દુકાનમાં દરોડા પાડ્યા હતા. પોલીસના દરોડામાં દુકાનમાંથી ૨૩ નંગ નાની મોટી ગેસની બોટલો મળી આવી હતી. પોલીસે ગેસની બોટલો તેમજ ગેસ રિફિલિંગ કરવાના સાધનો મળી કુલ રૂપિયા ૨૦ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી પણ પોલીસે કબ્જે મૂળ બિહારના હાલ મહેન્દ્ર નગરમાં રહેતા બૈજનાથ શ્રીપ્રસાદ જયસ્વાલની ધરપકડ કરી તેની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભારતના મહત્ત્વના મુસ્લિમ સ્વાતંત્ર્ય સેનાનીઓની યાદી

ભારતીય સ્વતંત્રતા ચળવળ એ વિશ્વના ઈતિહાસમાં સૌથી લાંબો સ્વતંત્રતા સંગ્રામ છે. ભારતના નેતાઓને બ્રિટિશ સામ્રાજ્યથી આઝાદી મેળવવામાં લગભગ ૯૦ વર્ષ લાગ્યા હતા. વિવિધ જાતિઓ અને રજવાડાઓના શાસકોએ સમયાંતરે બ્રિટિશ સામ્રાજ્ય સામે બળવો કર્યો હોવા છતાં તેમનો બળવો અમુક ચોક્કસ ક્ષેત્રમાં મર્યાદિત હતો અને તે સમગ્ર રાષ્ટ્ર માટે ન હતો. પ્રથમ મોટો બળવો જે સમગ્ર ભારતીય મુખ્ય ભૂમિમાં એકસાથે થયો હતો તે ૧૮૫૭નો બળવો હતો જ્યારે ભારતના મોટાભાગના ઉત્તરીય ભાગમાં બહાદુર શાહ જાફરના બેનર હેઠળ એક થયા હતા. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના ૧૮૮૫માં કરવામાં આવી હતી અને ૧૯૦૫માં (બંગ ભંગ ચળવળ) સાથે રાષ્ટ્રવાદ અને સ્વતંત્રતાની એક વિશાળ લહેર શરૂ થઈ હતી. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ૧૯૩૦માં બ્રિટિશ શાસનથી સંપૂર્ણ સ્વતંત્રતાની માંગ કરી હતી અને અંતે, ભારતે ૧૯૪૭માં તેની સ્વતંત્રતા હાંસલ કરી લીધી હતી. સમાજના લગભગ દરેક વર્ગે સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લીધો અને આઝાદી પછી,

**દેશની આઝાદીના મુસ્લિમવીરો**

ભારત સરકારે લગભગ દરેક વ્યક્તિના યોગદાનને સન્માનિત કર્યું હતું. ઈસ્લામ એ ભારતમાં બીજા નંબરનો સૌથી મોટો ધર્મ છે અને સ્વાતત્રતા પહેલાના વર્ષો દરમિયાન હજારો મુસ્લિમો હિંદુઓ સાથે મળીને લડ્યા હતા પરંતુ સમય જતાં, મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓના નામ ઈતિહાસ તેમજ પાઠ્યપુસ્તકોમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. ભારતના ભાગલા અને પાકિસ્તાનની રચના માટે પણ મુસ્લિમોને દોષી ઠેરવવામાં આવે છે. આઝાદીના ૭૦ વર્ષ પછી, જો આપણે ભારતના ત્રણ મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓ વિશે કોઈને પૂછીએ, તો મોટાભાગના લોકો આ પ્રશ્નનો જવાબ આપી શકશે નહીં. ઈતિહાસના પાઠ્ય પુસ્તકોમાં પણ અશફાકુલ્લા ખાન, સર સૈયદ અહમદ ખાન, ખાન અબ્દુલ ગફાર ખાન, મૌલાના અબુલ કલામ આઝાદ અને અન્ય કેટલાક નેતાઓ જેવા માત્ર કેટલાક નેતાઓને આવરી લેવામાં આવ્યા છે.

જ્યારે મેં ગૂગલ પર સર્ચ કર્યું ત્યારે ભાગ્યે જ કેટલીક વેબસાઈટ્સ હતી જે ભારતના મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓની વિગતવાર યાદી આપે છે અને વિકિપીડિયા પેજ પણ જ્યારે મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓ માટે સર્ચ કરવામાં આવે ત્યારે કોઈ પરિણામ દર્શાવતુ નથી. તો હવે સવાલ એ થાય છે કે આ માટે કોઈ ચોક્કસ ડેટા કેમ નથી અથવા એ સાચું છે કે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં મુસ્લિમોનું યોગદાન ઘણું ઓછું છે ?

મેં ભારતીય સ્વતંત્રતા ચળવળને લગતી વિવિધ યાદીઓ, વેબસાઈટ્સ, પુસ્તકો અને સામયિકો શોધવાનું શરૂ કર્યું અને અંતે ભારતના મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓની યાદી સામે આવી હતી. હું આશા રાખું છું કે આ લેખ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસ્લિમોના યોગદાન વિશેની ખોટી દંતકથાઓને રદિયો આપશે અને જેઓ સ્વતંત્રતા ચળવળને ધર્મ અને જાતિના લેન્સથી પણ જુએ છે તેમને યોગ્ય માર્ગદર્શન આપશે.

**પ્રોફેસર અબ્દુલ બારી :**



અબ્દુલ બારીનો જન્મ વર્ષ ૧૮૯૨માં બિહારના જહાનાબાદ જિલ્લામાં થયો હતો અને તેઓ બિહાર નેશનલ કોલેજમાં પ્રોફેસર તરીકે કામ કરતા હતા જ્યાં તેઓ મહાત્મા ગાંધીને પ્રથમ વાર મળ્યા હતા. તેઓ મહાત્મા ગાંધી દ્વારા શરૂ કરાયેલા અહિંસાના સિદ્ધાંતથી ખૂબ જ પ્રેરિત હતા. ડો. રાજેન્દ્ર પ્રસાદ બિહાર નેશનલ કોલેજના પ્રિન્સિપાલ તરીકે કામ કરતા હતા અને તેમની સાથે તેમણે ૧૯૧૯ના અસહકાર ચળવળમાં ભાગ લીધો હતો. અબ્દુલ બારીએ તેમના જીવનકાળમાં ઘણા મહત્વપૂર્ણ પદો સંભાળ્યા હતા અને તેઓ નેતાજી સુભાષચંદ્ર બોઝના પણ ખૂબ નજીક હતા. નેતાજીની વિનંતી પર, અબ્દુલ બારીએ જમશેદપુરમાં મજૂર સંગઠનનું નેતૃત્વ કરવાનું નક્કી કર્યું હતું. તે ફરીથી નેતાજીની સલાહ પર હતું કે તેમણે ૧૯૩૭માં જમશેદપુર લેબર એસોસિએશનનું નામ બદલીને ટાટા વર્કર્સ યુનિયન કર્યું.

તેમણે ભારત છોડો ચળવળ દરમિયાન સક્રિય ભૂમિકા ભજવી હતી અને પછીથી બિહાર પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ બન્યા. અબ્દુલ બારીની ૨૮મી માર્ચ ૧૯૪૭ના રોજ જ્યારે તેઓ મહાત્મા ગાંધી દ્વારા નિર્દેશિત કોઈ સત્તાવાર કામ માટે જમશેદપુરથી પટના જઈ રહ્યા હતા ત્યારે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ડૉ. રાજેન્દ્ર પ્રસાદે તેમની પ્રથમ પુણ્યતિથિ પર મઝદુર આવાઝમાં પ્રકાશિત સંદેશ દ્વારા રાષ્ટ્ર માટે તેમના યોગદાનને યાદ કર્યું હતું. આ બંનેએ ૧૯૨૧માં સાથે કામ કર્યું હતું. **(સૌ.: નોલેજ ઓફ ઈન્ડિયા.કોમ)**

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# ચૂંટણી અને ઉનાળાની તીવ્ર ગરમી

ભારતમાં રાજકીય તાપમાનની સાથે સાથે મોસમનું તાપમાન પણ ઝડપથી વધવા લાગ્યું છે. ઉત્તર ભારતના ઘણા વિસ્તારોમાં ગરમીના મોજાની અસર શરૂ થઈ ગઈ છે. તાજેતરની આગાહીમાં, ભારતીય હવામાન વિભાગે ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર ગોવા, આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને પશ્ચિમ બંગાળ સહિત ઘણા રાજ્યોમાં ગરમીની લહેર ચેતવણી જારી કરી છે. કેટલાક સ્થળોએ વાદળછાયું વાતાવરણ છે, પરંતુ એકવાર વાદળો અદૃશ્ય થઈ ગયા પછી, દરેક જગ્યાએ તાપમાનમાં વધારો થવાની ધારણા છે.

બિહારના લગભગ એક ડઝન જિલ્લાઓમાં ગરમીનું વાતાવરણ છે, તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો છે. ઉત્તરપ્રદેશના અનેક જિલ્લાઓમાં પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચવા લાગ્યો છે. આ વર્ષે તાપમાન અથવા હીટ વેવની ચિંતા વધુ છે કારણ કે ચૂંટણીનો સમય છે અને મોટા પાયે લોકોની અવરજવર થશે અને સભાઓનું આયોજન કરવામાં આવશે. અનેક જગ્યાએ હજારો લોકોની ભીડ એકઠી થશે અને લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડશે. આવી સ્થિતિમાં તાપમાન ૪૦ કે ૪૫થી વધુ રહેશે તો મુશ્કેલી સર્જાશે.

ચૂંટણી પ્રચાર તેમજ મતદાનની ટકાવારીને પ્રતિકૂળ હવામાન અસર કરી શકે છે. જો કે આ કોઈ નવી વાત નથી, છેલ્લા દાયકાઓથી માર્ચ-એપ્રિલ-મે મહિનામાં લોકસભાની ચૂંટણીઓ યોજાઈ રહી છે, પરંતુ તાપમાનને જોતા બધાએ સાવચેત રહેવું પડશે. હવામાન વિભાગની આગાહી મુજબ મે મહિનો વધુ ગરમ રહેશે. વધુ ચિંતાનો વિષય એ છે કે ૧૯૦૧ પછી ગત વર્ષ ૨૦૨૩ સૌથી ગરમ હતું ત્યારે આ વર્ષે ઉનાળામાં કેટલાક વિસ્તારોમાં તાપમાનનો પારો ૫૦ ડિગ્રી સેલ્સિયસને પણ પાર કરી શકે છે. શહેરોએ ખાસ કરીને પાણીની યોગ્ય વ્યવસ્થા જાળવવી પડશે.

આગામી દિવસોમાં મહત્તમ તાપમાનની આગાહી કરી શકાય તેમ નથી, પરંતુ હવામાન વિભાગે આગામી સમયમાં વરસાદની આગાહી કરી છે. આ વર્ષે, જૂન અને સપ્ટેમ્બર વચ્ચે સામાન્ય કરતાં વધુ વરસાદની શક્યતા છે. ગયા વર્ષે દેશમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થયો હતો, તેથી આ વખતે સામાન્ય કરતાં વધુ વરસાદના એક સારા સમાચાર છે. આ આગાહી મુજબ, સમગ્ર દેશમાં વરસાદની કુલ માત્રા પાંચ ટકાના ભૂલ માર્જિન સાથે લાંબા ગાળાની સરેરાશના ૧૦૬ ટકા રહેશે.

જો કે મેના અંત સુધીમાં હવામાન વિભાગ વરસાદને લગતા ચોક્કસ અંદાજો લગાવી શકશે. હાલમાં, સમુદ્રી તાપમાનની પેટર્નમાં અપેક્ષિત ફેરફારો અને ઉત્તરીય ગોળાર્ધમાં બરફના જથ્થાને જોતાં સામાન્ય કરતાં વધુ વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલમાં, વિષુવવૃત્તીય પેસિફિક ક્ષેત્રમાં મધ્યમ અલ નીનો સ્થિતિ પ્રવર્તી રહી છે. દેશમાં સામાન્ય કરતાં સારૂં ચોમાસું રહેવાની ૩૧ ટકા સંભાવના છે, જ્યારે સામાન્ય કરતાં ઓછા ચોમાસાની ૮ ટકા અને નબળા ચોમાસાની માત્ર બે ટકા શક્યતા છે.

હકીકતમાં, આપણે સમગ્ર હવામાન વિશે વિચારવું જોઈએ. વધુ પડતી ગરમી સારી નથી કે વધુ પડતો વરસાદ પણ સારો નથી, પરંતુ હવામાન પરિવર્તનની પરિસ્થિતિ અનુસાર આપણે બંને પરિસ્થિતિઓ માટે તૈયાર રહેવું જોઈએ. ઉપરાંત, આપણે એક વાર એ પણ વિચારવું જોઈએ કે અતિશય તાપ અથવા અતિશય વરસાદની પરિસ્થિતિથી બચવા માટે આપણે શું કરી શકીએ. ચૂંટણી સમયે પર્યાવરણ કે આબોહવા રાજકારણનો કેન્દ્રીય વિષય ન બની શકે, પરંતુ લોકો માટે આ વિષય મહત્ત્વનો હોવો જ જોઈએ.

# ચૂંટણી એ ભારતનો સૌથી મોટો ઉત્સવ છે - તો આ ચૂંટણી આટલી નીરસ કેમ છે ?

તેમના પુસ્તક હાઉ ઈન્ડિયા બિકેમ ડેમોક્રેટિકમાં, શિક્ષણવિદ ઓર્નિટ શનિએ સ્વતંત્ર ભારતની પ્રથમ ચૂંટણી અને તેના સાર્વત્રિક મતાધિકારને અપનાવવાને ''નિષ્કલંકીકરણની સખત ક્રિયા'' તરીકે વર્ણવ્યું હતું, જેને ''કલ્પનાની અપાર શક્તિ''ની જરૂર હતી.

ભારતમાં આ પહેલા ચૂંટણીઓ થઈ હતી. ૧૯૨૦માં, બ્રિટિશ ભારતમાં કેન્દ્રીય અને પ્રાંતીય બંને વિધાનસભા માટે ચૂંટણી યોજાઈ. પરંતુ વસાહતી ભારતમાં ચૂંટણીઓ થોડી સંખ્યામાં શ્રીમંત મતદારો સુધી મર્યાદિત હતી. તેથી ૨૫ ઓક્ટોબર, ૧૯૫૧ના રોજ સ્વતંત્ર ભારતની પ્રથમ સામાન્ય ચૂંટણી કંઈક ખાસ હતી, કારણ કે દરેક પુખ્ત ભારતીયને મત આપવાનો અધિકાર મળ્યો હતો. શનિ આને ભારતના સ્વતંત્રતા ચળવળના પરિણામ તરીકે ઓળખાવે છે, જે સમૂહ આધારિત હતી.

ભારત આ ચમત્કાર ચાલુ રાખવામાં સફળ રહ્યું. ચૂંટણીઓ નિયમિતપણે યોજાતી અને આતુરતાથી લડવામાં આવતી. લોકભાગીદારી વધુ હતી અને મતદારો ઉત્સાહી હતા. મેં અગાઉના ઈન્ડિયા ફિક્સમાં દલીલ કરી હતી તેમ, ન્યાયતંત્ર અને ધારાસભાના રૂપમાં મજબૂત તપાસ અને સંતુલન ધરાવતી અન્ય લોકશાહીઓથી વિપરીત, ભારતમાં સત્તાધારીઓ પર એકમાત્ર વાસ્તવિક અંકુશ મતદારો છે.

ચૂંટણી એ ભારતનો સૌથી મોટો ઉત્સવ છે તેવો દાવો એક સામાન્ય, અણઘડ કહેવત છે - પરંતુ તે હજુ પણ સાચી છે.

આ અવિશ્વસનીય ઈતિહાસ જોતાં, તો પછી વર્તમાન સામાન્ય ચૂંટણીઓ આટલી નિરાશાજનક કેમ છે ? પ્રથમ તબક્કો માત્ર એક સપ્તાહ દૂર છે અને ઉત્સાહની ગેરહાજરી સ્પષ્ટ છે.

**એક-ઘોડાની રેસ**

પ્રથમ કારણ કે ચૂંટણીનો સમયગાળો ઘણી લાંબો છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી સાત તબક્કામાં યોજાશે અને તે ૪૪ દિવસ સુધી ચાલશે - છ અઠવાડિયાથી વધુ. તેનાથી વિપરીત, ૧૯૭૭ની ચૂંટણી - ઈન્ટરનેટની શોધ પહેલા હાથ ધરવામાં આવી હતી - જેમાં ચાર દિવસનો સમય લાગ્યો હતો. ભૂતકાળની ચૂંટણીઓની સરખામણીમાં આ ચૂંટણી આટલી લાંબી કેમ ખેંચવામાં આવી તે એક પ્રશ્ન છે જે ચૂંટણી પંચ દ્વારા અનુત્તરિત છે.



જો કે, વધુ મુશ્કેલીની વાત એ છે કે, આ ચૂંટણીની આસપાસ ચર્ચાના અભાવનું એક નોંધપાત્ર કારણ એ વિચાર હોઈ શકે છે કે આ એક પૂર્ણ સોદો છેઃ તે લગભગ નિશ્ચિત છે કે ભારતીય જનતા પાર્ટી જીતશે.

**આ ખ્યાલ ક્યાંથી ઉદ્‌ભવે છે ?**

મોટા ભાગના ઓપિનિયન પોલિંગ ભાજપ મજબૂત સ્થિતિમાં હોવાનું દર્શાવે છે. જો કે, જેમ જાણીતું છે, ભારતમાં અભિપ્રાય મતદાન એ એક અચોક્કસ વિજ્ઞાન છે. ઉદાહરણ તરીકે, ૨૦૦૪માં, ભાજપ પણ ચૂંટણીમાં ઉતર્યું, જેમાં ઓપિનિયન પોલિંગ તેને નિશ્ચિત વિજેતા તરીકે ચિહ્નિત કરે છે. વાસ્તવિક પરિણામઃ કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી અને ગઠબંધનના ભાગરૂપે સરકાર બનાવી. ૨૦૨૧માં આનું એક નાનું રિપ્લે જોવા મળ્યું હતું, કારણ કે લગભગ દરેક મતદાનકર્તાએ આગાહી કરી હતી કે પશ્ચિમ બંગાળમાં ભાજપ સત્તા પર આવશે. વાસ્તવિક પરિણામમાં તૃણમૂલ કોંગ્રેસે લગભગ ત્રણ ચતુર્થાંશ ગૃહ સાથે ઘર સંભાળ્યું હોવા છતાં વિધાનસભામાં ભાજપ ભાગ્યે જ એક ચતુર્થાંશ બેઠકો જીતી શક્યું હતું.

**પ્રશ્નાર્થ**

**- શોએબ દાનિયાલ**

એક સંબંધિત પરિબળ ભાજપ દ્વારા મીડિયા પર કબજો છે. જેમ કે જાણીતું છે, ૨૦૧૪ પછી મોદીની સૌથી મોટી વ્યૂહાત્મક સફળતાઓમાંથી એક રાષ્ટ્રીય મીડિયાને શક્તિહીન કરવાની છે. મોદી સરકાર આ પ્રયાસમાં એટલી સંપૂર્ણ છે કે મોડેથી તેણે યુટ્યુબ ચેનલો પર પણ હુમલો કરવાનું શરૂ કરી દીધું છે જે તેને પ્રતિકૂળ લાગે છે. જો સમગ્ર ભારતીય મતદાર ભાજપ તરફી ઉત્સાહ જુએ છે, તો તે ભાગ્યે જ આશ્ચર્યજનક છે કે તે હિન્દુત્વ પક્ષને અજેય માને છે.

આ માત્ર સ્માર્ટ મીડિયા કંટ્રોલ નથી, તે ચૂંટણીને ઢાળવાની એક શક્તિશાળી રીત છે. સરકાર સામે દેખાતો ગુસ્સો જાહેર અસંતોષ બંનેને સામેલ કરવાની જરૂર છે અને સાથે સાથે એવા સંકેતો કે જે પદધારકને બદલી શકાય છે - તે અજેય નથી. ઘણા લોકો બિનજરૂરી રીતે સત્તાઓ સામે ગુસ્સો દર્શાવવાનું જોખમ લેશે નહીં.

૨૦૧૪માં, બંને અસ્તિત્વમાં હતા, યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ સરકાર સામે સંપૂર્ણ તોફાન ઊભું કર્યું. ૨૦૨૪માં, ફક્ત અસંતોષ જ છે. પરિણામે, આપણી પાસે સરકાર સામે પુષ્કળ અસંતોષનું અસામાન્ય અસ્તિત્વ છે તેમજ તે વિચાર છે કે તેનું સત્તા પર પાછા ફરવાનું નિશ્ચિત છે.

**રમતનું મેદાન**

આમાં ઉમેરો એ એક નિષ્ક્રિય વિરોધ છે. વિપક્ષ તેના નિયંત્રણની બહાર સંખ્યાબંધ પરિબળોથી ઘેરાયેલો છેઃ ભંડોળનો તીવ્ર અભાવ, ચૂંટણી પંચ અને ન્યાયતંત્ર જેવા સંસ્થાકીય કલાકારો પણ પક્ષપાતી હોવાના આક્ષેપો અને, અલબત્ત, મીડિયા વાતાવરણ તેના માટે સક્રિયપણે પ્રતિકૂળ છે. તેમ છતાં, ઓછું સંગઠન અને ભાજપને પડકારવાની તીવ્ર ઈચ્છાના અભાવે આ પક્ષોએ તેમની તાકાત કરતાં ઓછી હિંમત બતાવી છે,

આ તૂટેલા લેવલ ક્ષેત્રનો અર્થ છે કે મતદારોની વાસ્તવિક સમસ્યાઓ ચૂંટણીમાં અવાજ શોધી શકતી નથી. થિંકટેંક સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાયટીઝ-લોકનીતિ દ્વારા કરવામાં આવેલા પ્રી-પોલ સર્વેમાં જાણવા મળ્યું છે કે ભારતીય મતદારોમાં બેરોજગારી અને મોંઘવારી ટોચની બે ચિંતાઓ છે. વાસ્તવમાં, આ બે મુદ્દા એટલા મોટા છે, લગભગ અડધા મતદારો માને છે કે આ મુદ્દા છે આ ક્ષણે પ્રાથમિક નીતિ ચિંતા. તેનાથી વિપરિત, માત્ર ૮% લોકો તેમના જવાબ તરીકે અયોધ્યામાં નવા મંદિરની યાદી આપે છે, જે ત્રણ દાયકાથી વધુ સમયથી હિંદુત્વના એકત્રીકરણનું મુખ્ય વાહન છે.

**લાલ વાવટો**

હકીકત એ છે કે આ આર્થિક ચિંતાઓ આટલી મોટી હોવા છતાં ઝુંબેશમાં પ્રતિબિંબિત થતી નથી, જેના પરિણામે મતદારોમા ભ્રમણા છે - જે અત્યાર સુધી ચૂંટણીના વાતાવરણમાં ઠંડક તરફ દોરી જાય છે. ભાજપે, ઉદાહરણ તરીકે, મતદારોમાં તેની ઓછી અપીલ હોવા છતાં, તેના અભિયાનને હિન્દુત્વ પર કેન્દ્રિત કર્યું છે.

સામાન્ય ચૂંટણીની આસપાસ ઉત્તેજનાનો અભાવ એક નાની સમસ્યા જેવી લાગે છે - પરંતુ તે નથી. જો ચૂંટણી મોટાભાગના મતદારોની ચિંતાઓનું પ્રતિનિધિત્વ કરતી નથી, તો તે નાગરિકો અને રાજ્ય વચ્ચે પ્રતિસાદ જોડાણ બનવાનું તેનું પ્રાથમિક કાર્ય કરી રહી નથી. કોઈપણ પક્ષ ચૂંટણી જીતે, સત્તા પર તેની પકડ શ્રેષ્ઠ રહેશે નહીં. તે મતદારોના વાસ્તવિક આદેશને પ્રતિબિંબિત કરશે નહીં પરંતુ પૈસા અને મીડિયા નિયંત્રણ જેવા પરિબળોથી પ્રભાવિત થશે - જે આદર્શ રીતે પરિબળ હોવું જોઈએ નહીં.

જનાદેશ અને બહુમતી વચ્ચેની આ અસંગતતા માટે ભારતમાં ખરેખર એક દાખલો છે. ૧૯૮૪માં, ઈન્દિરા ગાંધીની હત્યા બાદ સહાનુભૂતિના મત દ્વારા કોંગ્રેસે લોકસભામાં આશ્ચર્યજનક ૪૧૪ બેઠકો જીતી હતી. સરકાર માટે તે વાસ્તવિક મત ન હોવાથી, આટલી મોટી સંખ્યા હોવા છતાં, જો કે, આ પછી રચાયેલ રાજીવ ગાંધી મંત્રાલય રાજકીય સમસ્યાઓથી ઘેરાયેલું હતું અને, વ્યંગાત્મક રીતે, કોંગ્રેસ પક્ષના ભાંગી પડવાની શરૂઆત થઈ હતી. **(સૌ. : સ્ક્રોલ.ઈન)**

# હૈદરાબાદમાં ABVP પર યુનિવર્સિટી ઓફ હૈદરાબાદના વિદ્યાર્થીઓ પર હુમલાનો આરોપ; ઘણા ઘાયલ

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૯

દક્ષિણપંથી અખિલ ભારતીય વિદ્યા પરિષદ (ABVP)ના સભ્યોએ સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SFI)ના સભ્યો પર કથિત રીતે હુમલો કર્યા બાદ ફાટી નીકળેલી અથડામણમાં યુનિવર્સિટી ઓફ હૈદરાબાદ (UoH)ના કેટલાક વિદ્યાર્થીઓ ઘાયલ થયા છે. આ ઘટના ૧૭ એપ્રિલે બની હતી, જ્યારે બે વિદ્યાર્થીઓએ કથિત રીતે કેમ્પસમાં વગાડવામાં આવતા સાંપ્રદાયિક ગીતો સામે વાંધો ઊઠાવ્યો હતો, જે આખરે હિંસા તરફ દોરી ગયો હતો, જો કે, આ ઘટના શુક્રવારે પ્રકાશમાં આવી હતી, યુનિવર્સિટી વહીવટીતંત્રે એક દિવસમાં આ બાબતને ઉકેલવા માટે તાત્કાલિક પગલાં લીધા હતા અગાઉ ૧૮ એપ્રિલે. તપાસ કરવા અને રિપોર્ટ સબમિટ કરવા માટે ફેકલ્ટી સભ્યોની એક પેનલની રચના કરી. શુક્રવારે યુનિવર્સિટી ઓફ હૈદરાબાદના વિદ્યાર્થીઓ, જેમણે મુખ્ય દ્વારની બહાર પ્રેસ કોન્ફરન્સ કરવાનો પ્રયાસ કર્યો, તેઓએ જણાવ્યું કે, તેઓને લોકસભાની આદર્શ આચારસંહિતા (MCC) ટાંકીને પોલીસ દ્વારા આમ કરવાથી અટકાવવામાં આવ્યા હતા.

યુનિવર્સિટી ઓફ હૈદરાબાદના વિદ્યાર્થીના જણાવ્યા અનુસાર, આ ઘટનાની ઉત્પત્તિ સાંપ્રદાયિક ગીતો હતી જે વિદાય પાર્ટીમાં વગાડવામાં આવ્યા હતા, કથિત રીતે એબીવીપી દ્વારા. 'કારણ કે, બે વિદ્યાર્થીઓ (SFIના) એ તેનો વિરોધ કર્યો, એબીવીપીના ગુંડાઓ, જેમાંથી લગભગ ૭૦, તેમના પર હુમલો કરવા હોસ્ટેલ પર ઉતર્યા. અમારી બાજુથી અમારામાંથી ફક્ત ૨૦ લોકો જ પહોંચી શક્યા અને તેથી જ એબીવીપીના સભ્યોએ અમને માર માર્યો. એટલું જ નહીં, તેઓએ મહિલા વિદ્યાર્થીઓની છેડતી પણ કરી,' યુનિવર્સિટી ઓફ હૈદરાબાદના SFI સભ્યએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, જાણ કરવા છતાં ગાચીબોવલી પોલીસ એક કલાક પછી આવી. ઘણા વિદ્યાર્થીઓ સારવાર માટે યુનિવર્સિટી ઓફ હૈદરાબાદ આરોગ્ય કેન્દ્રમાં ગયા હતા. જ્યારે અમે એક વિકલાંગ વ્યક્તિને કેમ્પસની બહાર હોસ્પિટલમાં લઈ જઈ રહ્યા હતા, ત્યારે એબીવીપીના સભ્યોએ એમ્બ્યુલન્સને અટકાવી અને હોબાળો કર્યો,' અન્ય વિદ્યાર્થીએ જણાવ્યું કે, આ ઘટના બાદ યુઓએચ વિદ્યાર્થી સંઘે સર્વપક્ષીય બેઠક બોલાવી. બંને પક્ષોએ નિવેદનો પણ જારી કર્યા છે. એબીવીપીએ તમામ આરોપોને ફગાવી દીધા હતા અને જણાવ્યું કે, તેમણે હિંસા ભડકાવી હતી અથવા તેણે કોઈ પર હુમલો કર્યો હતો તે દાવાઓ 'ખોટા' હતા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સાથે જોડાયેલા દક્ષિણપંથી વિદ્યાર્થી સમૂહે પણ જણાવ્યું કે, યુનિવર્સિટી ઓફ હૈદરાબાદનું વિદ્યાર્થી સંઘ SFI માટે 'મુખપત્ર' બની ગયું છે.

યુનિવર્સિટી ઓફ હૈદરાબાદ ખાતેના મુસ્લિમ સ્ટુડન્ટ્સ ફેડરેશને પણ આ ઘટનાની તપાસની માગણી કરી, વહીવટીતંત્રને વિદ્યાર્થીઓ સામે હિંસાના ગુનેગારો સામે પગલાં લેવા જણાવ્યું.

# બેબી પ્રોડક્ટ્સમાં વધારે સુગર ભેળવવા મામલે CCPAએ FSSAIને નેસ્લે વિરુદ્ધ તપાસ કરવા કહ્યું

(એજન્સી) તા.૧૯

ભારત સહિત એશિયન દેશોમાં બેબી ફૂડમાં ખાંડ ઉમેરવામાં આવી રહી હોવાના અહેવાલોને કારણે નેસ્લેની સમસ્યાઓમાં વધારો થતો જણાય છે. ગ્રાહક બાબતોના મંત્રાલયે FSSAIને આ અંગે તપાસ કરવા જણાવ્યું છે. અહેવાલ અનુસાર, ગ્રાહક બાબતો (સીસીપીએ)ના સચિવ નિધિ ખરેએ આ મુદ્દે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)ને પત્ર લખ્યો છે.

હકીકતમાં ગુરૂવારે નેસ્લે ઈન્ડિયાને લઈને સ્વિસ તપાસ સંસ્થા પબ્લિક આઈનો એક રિપોર્ટ સામે આવ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, નેસ્લે ભારત સહિત એશિયાના ઘણા દેશોમાં ખાંડ ઉમેરે છે. જ્યારે WHOની ગાઈડલાઈન્સ મુજબ ૩ વર્ષના બાળકના ખોરાકમાં ખાંડનો ઉપયોગ ન કરવો જોઈએ, કારણ કે, તેનાથી સ્વાસ્થ્ય પર ગંભીર અસરો થઈ શકે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, અમેરિકા અને યુરોપમાં નેસ્લે બેબી ફૂડમાં ખાંડ જોવા મળતી નથી, પરંતુ ભારતમાં કંપનીના બેબી ફૂડમાં ખાંડ જોવા મળે છે. નોંધનીય છે કે, નેસ્લે ઈન્ડિયાનો શેર છેલ્લા બે દિવસમાં ૪.૪૦ ટકા ઘટીને રૂા.૨૪૩૫.૯૫ પર ટ્રેડ થઈ રહ્યો છે.તમને કેટલી ગ્રામ ખાંડ મળે છે ?

હવે સરકારે આ મામલાની તપાસ માટે FSSAIને પત્ર લખ્યો છે. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે, નેસ્લેએ એક વર્ષ અને તેથી વધુ ઉંમરના બાળકો માટે તેની દૂધની ફોર્મ્યુલા બ્રાન્ડ નિડો અને સેરેલેકના નમૂનાઓમાં સુક્રોઝ અથવા મધના રૂપમાં ખાંડ ઉમેરી છે. કંપની પર ભારતમાં વેચાતા નેસ્લે સેરેલેક બેબી અનાજના સર્વિંગ (બાઉલ) દીઠ ૨.૭ ગ્રામ ખાંડ ઉમેરવાનો આરોપ છે, જ્યારે જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ, ફ્રાન્સ અને યુનાઈટેડ કિંગડમ જેવા અન્ય દેશો ખાંડ ઉમેરતા નથી. આ કેવી રીતે જાહેર થયું ?

આ વાતનો ખુલાસો ત્યારે થયો જ્યારે સ્વિસ સંસ્થા પબ્લિક આઈએ એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકામાં વેચાતા બેબી ફૂડ પ્રોડક્ટ્સના નમૂના વિશ્લેષણ માટે બેલ્જિયન લેબમાં મોકલ્યા. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાં ૨૦૨૨ દરમિયાન કંપનીનું વેચાણ સૌથી વધુ ૨૫૦ કરોડ ડૉલરથી વધુ હતું, નેસ્લેએ શું કહ્યું ?

અહેવાલ અનુસાર, નેસ્લે ઈન્ડિયાના પ્રવક્તાએ કહ્યું કે, અમે તમને ખાતરી આપવા માંગીએ છીએ કે અમારી બેબી ફૂડ પ્રોડક્ટ્સ પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ્સ, વિટામિન્સ, મિનરલ્સ, આયર્ન જેવા પોષક તત્વો પ્રદાન કરે છે. અમે અમારા ઉત્પાદનોની પોષક ગુણવત્તા સાથે ક્યારેય બાંધછોડ કરતા નથી અને કરીશું નહીં.

પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે, નેસ્લે ઈન્ડિયા માટે વધારાની ખાંડમાં ઘટાડો એ પ્રાથમિકતા છે. છેલ્લા પાંચ વર્ષમાં અમે પ્રકાર પર આધાર રાખીને ઉમેરેલી ખાંડની માત્રામાં ૩૦ ટકાનો ઘટાડો કર્યો છે. પોષણ, ગુણવત્તા, સલામતી અને સ્વાદ સાથે સમાધાન કર્યા વિના અમે નિયમિતપણે અમારા પોર્ટફોલિયોની સમીક્ષા કરીએ છીએ અને ઉમેરેલી ખાંડ ઘટાડવા માટે અમારા ઉત્પાદનોમાં સુધારો કરીએ છીએ.

# 'વોર રૂકવા દી' : મોદીની ખોટી માહિતી સાથેની જાહેરાત કેવી રીતે ૨૦૨૪ની ટોપ મીમ બની

**પ્રમોશનલ વીડિયો ભારતીય વિદ્યાર્થીઓના સલામત માર્ગ માટે યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધને રોકવામાં ભારતના હસ્તક્ષેપના ભારતીય જનતા પાર્ટીના નેતાઓના દાવાનું વિસ્તરણ છે**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સત્તાવાર યુટ્યુબ ચેનલ પર ગયા મહિને પોસ્ટ કરવામાં આવેલ એક પ્રમોશનલ વીડિયો સોશિયલ મીડિયા પર તમામ જોક્સનો મુખ્ય કેન્દ્ર બની ગયો હતો.

આ વીડિયો એક અજાણ્યા એરપોર્ટના આગમન ગેટના પરિસરમાં સેટ કરવામાં આવ્યો છે જ્યાં કેટલાક પરેશાન માતા-પિતા તેમના બાળકોની રાહ જોઈ રહ્યા છે. આગળની કેટલીક ફ્રેમ્સમાં, આપણે એક યુવતીને તેના માતા-પિતાને ગળે લગાડતી અને વડાપ્રધાન મોદીએ ''યુદ્ધ બંધ કરી દીધો'' હોવાનો દાવો કરતા જોઈશું. રસપ્રદ વાત એ છે કે, પ્રમોશનલ વિડીયોમાં તે દેશોનો ઉલ્લેખ નથી કે જેમાં ''યુદ્ધ'' બંધ કરવામાં આવ્યું હતું.

પ્રમોશનલ વીડિયો ભારતીય વિદ્યાર્થીઓના સલામત માર્ગ માટે યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધને રોકવા માટે ભારતીય જનતા પાર્ટી (BJP) નેતાઓના ભારતના હસ્તક્ષેપના દાવાનું વિસ્તરણ છે. ફેબ્રુઆરી ૨૦૨૩માં, ભાજપના પ્રમુખ જેપી નડ્ડાએ કર્ણાટકમાં એક ચૂંટણી રેલી દરમિયાન કહ્યું હતું કે વડાપ્રધાન મોદીએ ''રશિયા-યુક્રેન યુદ્ધને ત્યાંથી ૨૨,૫૦૦ વિદ્યાર્થીઓને ભારત પાછા ખસેડવા માટે રોક્યું હતું.''

જો કે, વિદેશ મંત્રાલય (MEA)ના પ્રવક્તા અરિંદમ બાગચીએ યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધને રોકવાના ભારતના દાવાઓને રદિયો આપ્યો હતો. તેમણે કહ્યું કે આ તમામ દાવાઓ ''સંપૂર્ણપણે અચોક્કસ'' હતા.

માર્ચ ૨૦૨૪માં વડાપ્રધાન મોદીએ પ્રમોશનલ વીડિયો પોસ્ટ કર્યા બાદ આ ખોટો દાવો ફરી સામે આવ્યો હતો. વીડિયોનો કેચ વાક્ય - ''યુદ્ધ રુકવા દી, પાપા'' - એ તમામ મીમ્સનો સ્ત્રોત બની ગયો.

અહીં ''યુદ્ધ રુકવા દી'' વીડિયો પરની કેટલીક વાયરલ પોસ્ટ્સ અને મેમ્સનું સંકલન છે.

યુટ્યુબર ધ્રુવ રાઠીએ પણ આ ખોટા દાવા અંગે એક વીડિયો બનાવ્યો છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પણ આમાં જોડાયા હતા. **(સૌ.: ધ વાયર)**

# 'અતિ જરૂરી ન હોય તો તમારી મુસાફરીને પુનઃ નિર્ધારિત કરો' : ખરાબ હવામાનને કારણે ભારતીય દૂતાવાસે UAEમાં નાગરિકો માટે મુસાફરી કરવા અંગેની સલાહ બહાર પાડી

(એજન્સી) તા.૧૯

યુનાઈટેડ આરબ અમીરાતમાં ભારે વરસાદ અને પૂર જેવી સ્થિતિ સર્જાવાની વચ્ચે અબુધાબીમાં ભારતીય દૂતાવાસે એરપોર્ટ પર મુસાફરી કરતા અથવા પરિવહન કરતા ભારતીય મુસાફરો માટે, હવામાન અને ફ્લાઈટ કામગીરી સામાન્ય ન થાય ત્યાં સુધી તેમની બિન-આવશ્યક મુસાફરીને ફરીથી શેડ્યુલ કરવા માટે સલાહ આપી છે.

અબુધાબીમાં પરિસ્થિતિ અભૂતપૂર્વ બની રહી હોવાને પગલે ભારતીય દૂતાવાસે આજે જારી કરેલી એડવાઈઝરીમાં જણાવ્યું હતું કે, 'આ સપ્તાહની શરૂઆતમાં UAEમાં અભૂતપૂર્વ હવામાન પરિસ્થિતિઓને કારણે સર્જાયેલા વિક્ષેપને કારણે દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટે અસ્થાયી રૂપે ઈનબાઉન્ડ ફ્લાઈટ્સની સંખ્યા મર્યાદિત કરી દીધી છે.'

UAE સત્તાવાળાઓ કામગીરીના સામાન્યકરણની ખાતરી કરવા માટે ચોવીસ કલાક કામ કરી રહ્યા છે.

'એરપોર્ટ ઓથોરિટીએ સલાહ આપી છે કે, મુસાફરોએ સંબંધિત એરલાઈન્સ તરફથી સંબંધિત ફ્લાઈટની પ્રસ્થાન તારીખ અને સમય અંગેની અંતિમ પુષ્ટિ થયા પછી જ મુસાફરી કરવી. ઉપરોક્ત સલાહના પ્રકાશમાં દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મુસાફરી કરતા અથવા ટ્રાન્ઝિટ કરતા ઈનબાઉન્ડ ભારતીય મુસાફરો, જ્યાં સુધી કામગીરી સામાન્ય ન થાય ત્યાં સુધી બિન-આવશ્યક મુસાફરીને ફરીથી શેડ્યુલ કરવાની સલાહ આપવામાં આવે છે. દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ભારતીય નાગરિકોને મદદ કરવા માટે દુબઈમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે ઈમરજન્સી હેલ્પલાઈન નંબરો કાર્યરત કર્યા છે, જે ૧૭ એપ્રિલ, ૨૦૨૪થી કાર્યરત છે.'

દુબઈમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે X પર શેર કરેલી પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'અમે ફસાયેલા મુસાફરોની સુવિધા માટે UAE સત્તાવાળાઓ અને એરલાઈન્સ સાથે સંપર્કમાં છીએ. એરલાઈન્સ તરફથી નિયમિત અપડેટ્સ પ્રવાસીઓને પહોંચાડવામાં આવી રહ્યા છે. ભારતીય સમુદાય સંગઠનો સાથે મળીને રાહત પગલાં લંબાવવામાં આવ્યા છે.'

# VVPAT કાઉન્ટિંગ અંગેનો ચુકાદો સુપ્રીમ કોર્ટે અનામત રાખ્યો : 'એન્ડ-ટુ-એન્ડ વેરિફાયબિલિટી' અંગે ચિંતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

સુપ્રીમ કોર્ટે EVMના મતોના સંપૂર્ણ ક્રોસ-વેરિફિકેશનની માંગ કરતી અરજીઓના બેચ પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. નિષ્ણાતોએ કોર્ટમાં રજૂ કરાયેલી કેટલીક દલીલો પર સવાલ ઉઠાવ્યા છે, જે દર્શાવે છે કે, ઘણા સૂચનો સુસંગત છે તેની અવગણના કરવામાં આવી હતી અને તેના બદલે અયોગ્ય મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. આ દલીલનું મૂળ એન્ડ-થી-એન્ડ વેરિફાયબિલિટી છે, જેના દ્વારા મતદાર VVPAT સ્લિપમાં તેની પસંદગીના ઉમેદવારનું નામ છે કે કેમ તે ચકાસી શકે છે અને સ્લિપને એક બોક્સમાં મૂકી શકે છે. સિટીઝન્સ કમિશન ઓન ઈલેક્શન્સ (CCE) દ્વારા તૈયાર કરાયેલા રિપોર્ટમાં વિશ્વભરના નિષ્ણાતોના જૂથ દ્વારા એન્ડ-ટુ-એન્ડ વેરિફાયબિલિટી એ એક સૂચન છે. ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેંચ એ જાણવા માંગે છે કે, શું મતદારને બોક્સમાં મૂકવા માટે સ્લિપ આપી શકાય છે. ભારતીય ચૂંટણી પંચ (ECI) એ કોર્ટને જણાવ્યું હતું કે, જો બોક્સમાં મૂકવા માટે મતદારના હાથમાં કાપલી આપવામાં આવશે તો મતની ગુપ્તતા નષ્ટ થઈ જશે. ECIએ એમ પણ કહ્યું કે, સ્લિપ લીધા પછી મતદાર તેનું શું કરશે તે નક્કી નથી. ઈરાદાપૂર્વક તોફાન પણ થઈ શકે છે. CCE કન્વીનર અને નિવૃત્ત IAS અધિકારી એમ.જી. દેવસહાયમે કહ્યું કે, જે મતદાર પોતાનો મત આપવા આવ્યો છે તે તેના ખિસ્સામાં સ્લિપ મૂકીને શા માટે જશે અને ગુપ્તતાનું ઉલ્લંઘન કેવી રીતે થઈ શકે ? ચંદીગઢનો તાજેતરનો કિસ્સો જોઈએ તો એક સરકારી અધિકારી દુષ્કર્મ કરી રહ્યો હતો, મતદાર નહીં. વકીલ અલ્જો જોસેફ કહે છે કે, હાલના સેટઅપને ખલેલ પહોંચાડ્યા વિના એન્ડ-ટુ-એન્ડ વેરિફાયબિલિટી શક્ય છે. VVPAT મશીનમાં એક નાનો દરવાજો ધરાવતો બોક્સ છે જેના દ્વારા સ્લિપ કાઢવામાં આવે છે. મોક પોલ બાદ બોક્સ ખાલી કરવામાં આવે છે અને બોક્સનો દરવાજો ખોલીને ખાલી ચેમ્બર ચૂંટણી એજન્ટોને બતાવવામાં આવે છે. મતદાર આ ખુલ્લા દરવાજામાંથી સરળતાથી પોતાની કાપલી ઉપાડી શકે છે અને તેને અલગ બોક્સમાં જમા કરાવી શકે છે. તેના માટે ટેક્નોલોજીમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી. જો મતદારના હાથમાં સ્લિપ આપવામાં નહીં આવે તો એન્ડ-ટુ-એન્ડ વેરિફાયબિલિટીની સમગ્ર પ્રક્રિયા અર્થહીન થઈ જશે. ચૂંટણીના આચાર નિયમો કહે છે કે, જો કોઈ વિસંગતતા હોય તો પેપર સ્લિપને ઈલેક્ટ્રોનિક વોટ સામે પ્રાધાન્ય આપવામાં આવે છે. આનો અર્થ એ છે કે, ECI સ્વીકારે છે કે, તેમાં વિસંગતતા હોઈ શકે છે. નોંધપાત્ર રીતે VVPAT સ્લિપ્સની ૧૦૦% ગણતરી સામે દલીલ કરતી વખતે ECIએ સ્વીકાર્યું કે પ્રિન્ટિંગ માટે વપરાતો થર્મલ પેપર પાતળો, સ્ટીકી અને ગણતરી માટે નથી. એક RTI પ્રશ્નના જવાબમાં ECIએ સ્વીકાર્યું હતું કે, ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીની VVPAT સ્લિપ ફરજિયાત એક વર્ષના બદલે મતદાનના ચાર મહિનાની અંદર નિકાલ કરવામાં આવી હતી. CCEના નિષ્ણાતોએ પણ તેમનો અહેવાલ તૈયાર કરતી વખતે કહ્યું કે, ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં ઉપયોગમાં લેવાતા સોફ્ટવેર અને સોર્સ કોડના ઓડિટનો એક મહત્ત્વનો મુદ્દો એવો હતો કે જેની કોર્ટમાં ચર્ચા થઈ ન હતી. તે બે સરકારી સંસ્થાઓ દ્વારા બનાવવામાં આવે છે જે તેમના પર સોફ્ટવેર ડિઝાઈન અપલોડ પણ કરે છે. મશીનોના સોફ્ટવેરને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડના હેન્ડપિક્ડ સોફ્ટવેર એન્જિનિયરો દ્વારા બનાવવામાં આવે છે અને સોર્સ કોડ લોક અને કી સાથે 'ગોલ્ડન કોપી' તરીકે સંગ્રહિત થાય છે. સ્ત્રોત કોડ એ માનવ વાંચી શકાય તેવી સૂચનાઓનો સમૂહ છે જે મશીનને શું કરવું તે જણાવે છે. જો તેમાં ફેરફાર કરવામાં આવે તો, સ્ત્રોત કોડ ચૂંટણીના પરિણામને બદલી શકે છે. ગોપીનાથન કહે છે કે, પ્રથમ રેન્ડમાઈઝેશન ત્યારે થાય છે જ્યારે જિલ્લામાં વિધાનસભા મતવિસ્તારોને EVM ફાળવવામાં આવે છે. બીજું રેન્ડમાઈઝેશન એ છે કે, જ્યારે મશીનોને બૂથ મુજબ ફાળવવામાં આવે છે.

# ભારતના મહત્ત્વના મુસ્લિમ સ્વાતંત્ર્ય સેનાનીઓની યાદી

ભારતીય સ્વતંત્રતા ચળવળ એ વિશ્વના ઈતિહાસમાં સૌથી લાંબો સ્વતંત્રતા સંગ્રામ છે. ભારતના નેતાઓને બ્રિટિશ સામ્રાજ્યથી આઝાદી મેળવવામાં લગભગ ૯૦ વર્ષ લાગ્યા હતા. વિવિધ જાતિઓ અને રજવાડાઓના શાસકોએ સમયાંતરે બ્રિટિશ સામ્રાજ્ય સામે બળવો કર્યો હોવા છતાં તેમનો બળવો અમુક ચોક્કસ ક્ષેત્રમાં મર્યાદિત હતો અને તે સમગ્ર રાષ્ટ્ર માટે ન હતો. પ્રથમ મોટો બળવો જે સમગ્ર ભારતીય મુખ્ય ભૂમિમાં એકસાથે થયો હતો તે ૧૮૫૭નો બળવો હતો જ્યારે ભારતના મોટાભાગના ઉત્તરીય ભાગમાં બહાદુર શાહ જાફરના બેનર હેઠળ એક થયા હતા. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના ૧૮૮૫માં કરવામાં આવી હતી અને ૧૯૦૫માં (બંગ ભંગ ચળવળ) સાથે રાષ્ટ્રવાદ અને સ્વતંત્રતાની એક વિશાળ લહેર શરૂ થઈ હતી. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ૧૯૩૦માં બ્રિટિશ શાસનથી સંપૂર્ણ સ્વતંત્રતાની માંગ કરી હતી અને અંતે, ભારતે ૧૯૪૭માં તેની સ્વતંત્રતા હાંસલ કરી લીધી હતી. સમાજના લગભગ દરેક વર્ગે સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લીધો અને આઝાદી પછી,


**દેશની આઝાદીના મુસ્લિમવીરો**

ભારત સરકારે લગભગ દરેક વ્યક્તિના યોગદાનને સન્માનિત કર્યું હતું. ઈસ્લામ એ ભારતમાં બીજા નંબરનો સૌથી મોટો ધર્મ છે અને સ્વાતંત્રતા પહેલાના વર્ષો દરમિયાન હજારો મુસ્લિમો હિંદુઓ સાથે મળીને લડ્યા હતા પરંતુ સમય જતાં, મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓના નામ ઈતિહાસ તેમજ પાઠ્યપુસ્તકોમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. ભારતના ભાગલા અને પાકિસ્તાનની રચના માટે પણ મુસ્લિમોને દોષી ઠેરવવામાં આવે છે. આઝાદીના ૭૦ વર્ષ પછી, જો આપણે ભારતના ત્રણ મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓ વિશે કોઈને પૂછીએ, તો મોટાભાગના લોકો આ પ્રશ્નનો જવાબ આપી શકશે નહીં. ઈતિહાસના પાઠ્ય પુસ્તકોમાં પણ અશફાકુલ્લા ખાન, સર સૈયદ અહમદ ખાન, ખાન અબ્દુલ ગફાર ખાન, મૌલાના અબુલ કલામ આઝાદ અને અન્ય કેટલાક નેતાઓ જેવા માત્ર કેટલાક નેતાઓને આવરી લેવામાં આવ્યા છે.

જ્યારે મેં ગૂગલ પર સર્ચ કર્યું ત્યારે ભાગ્યે જ કેટલીક વેબસાઈટ્સ હતી જે ભારતના મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓની વિગતવાર યાદી આપે છે અને વિકિપીડિયા પેજ પણ જ્યારે મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓ માટે સર્ચ કરવામાં આવે ત્યારે કોઈ પરિણામ દર્શાવતુ નથી. તો હવે સવાલ એ થાય છે કે આ માટે કોઈ ચોક્કસ ડેટા કેમ નથી અથવા એ સાચું છે કે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં મુસ્લિમોનું યોગદાન ઘણું ઓછું છે ?

મેં ભારતીય સ્વતંત્રતા ચળવળને લગતી વિવિધ યાદીઓ, વેબસાઈટ્સ, પુસ્તકો અને સામયિકો શોધવાનું શરૂ કર્યું અને અંતે ભારતના મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓની યાદી સામે આવી હતી. હું આશા રાખું છું કે આ લેખ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસ્લિમોના યોગદાન વિશેની ખોટી દંતકથાઓને રદિયો આપશે અને જેઓ સ્વતંત્રતા ચળવળને ધર્મ અને જાતિના લેન્સથી પણ જુએ છે તેમને યોગ્ય માર્ગદર્શન આપશે.

## પ્રોફેસર અબ્દુલ બારી :



અબ્દુલ બારીનો જન્મ વર્ષ ૧૮૯૨માં બિહારના જહાનાબાદ જિલ્લામાં થયો હતો અને તેઓ બિહાર નેશનલ કોલેજમાં પ્રોફેસર તરીકે કામ કરતા હતા જ્યાં તેઓ મહાત્મા ગાંધીને પ્રથમ વાર મળ્યા હતા. તેઓ મહાત્મા ગાંધી દ્વારા શરૂ કરાયેલા અહિંસાના સિદ્ધાંતથી ખૂબ જ પ્રેરિત હતા. ડો. રાજેન્દ્ર પ્રસાદ બિહાર નેશનલ કોલેજના પ્રિન્સિપાલ તરીકે કામ કરતા હતા અને તેમની સાથે તેમણે ૧૯૧૯ના અસહકાર ચળવળમાં ભાગ લીધો હતો. અબ્દુલ બારીએ તેમના જીવનકાળમાં ઘણા મહત્વપૂર્ણ પદો સંભાળ્યા હતા અને તેઓ નેતાજી સુભાષચંદ્ર બોઝના પણ ખૂબ નજીક હતા. નેતાજીની વિનંતી પર, અબ્દુલ બારીએ જમશેદપુરમાં મજૂર સંગઠનનું નેતૃત્વ કરવાનું નક્કી કર્યું હતું. તે ફરીથી નેતાજીની સલાહ પર હતું કે તેમણે ૧૯૩૭માં જમશેદપુર લેબર એસોસિએશનનું નામ બદલીને ટાટા વર્કર્સ યુનિયન કર્યું.

તેમણે ભારત છોડો ચળવળ દરમિયાન સક્રિય ભૂમિકા ભજવી હતી અને પછીથી બિહાર પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ બન્યા. અબ્દુલ બારીની ૨૮મી માર્ચ ૧૯૪૭ના રોજ જ્યારે તેઓ મહાત્મા ગાંધી દ્વારા નિર્દેશિત કોઈ સત્તાવાર કામ માટે જમશેદપુરથી પટના જઈ રહ્યા હતા ત્યારે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ડૉ. રાજેન્દ્ર પ્રસાદે તેમની પ્રથમ પુણ્યતિથિ પર મઝદુર આવાઝમાં પ્રકાશિત સંદેશ દ્વારા રાષ્ટ્ર માટે તેમના યોગદાનને યાદ કર્યું હતું. આ બંનેએ ૧૯૨૧માં સાથે કામ કર્યું હતું. **(સૌ.: નોલેજ ઓફ ઈન્ડિયા.કોમ)**

**હદીસ બોધ**

આળસ એ ઘણા દુઃખોનું આમંત્રણ છે. (હદીસ બોધ)

**બોધ વચન**

શ્રેષ્ઠ વર્તન ધનથી પ્રાપ્ત થતું નથી પરંતુ શ્રેષ્ઠ વર્તનથી ધન પ્રાપ્ત થાય છે. - સોક્રેટિસ

**આજની આરસી**

૨૦ એપ્રિલ શનિવાર ૨૦૨૪
૧૦ શવ્વાલ હિજરી ૧૪૪૫
ચૈત્ર સુદ બારસ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૫૩
ખત્મે ઝવાલ ૧૨-૩૯
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૧૫
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૦૨

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

## બુમરાહના યોર્કરને સ્વીપ શોટ દ્વારા આશુતોષે સિક્સર ફટકારી

# ભારતને મળ્યો નવો ૩૬૦ ડિગ્રી સૂર્યા

મુલ્લાંપુર, તા.૧૯ મુંબઈ ઈન્ડિયન્સે ભલે આઈપીએલની એક રોમાંચક લક્ષ્યાંકનો પીછો કરવા ઊતરેલી પંજાબ કિંગ્સની ટીમે ૧૪ રનમાં ચાર અને ૪૯ રને નહીં. બુમરાહને મોટી હીટ ફટકારવી સૌથી મુશ્કેલ

## ૨૮ બોલમાં બે ચોગ્ગા અને સાત સિક્સર ફટકારનાર આશુતોષ શર્માની બેટિંગ જોઈ હાર્દિક પંડ્યા દંગ રહી ગયો

મેચમાં પંજાબ કિંગ્સને નવ રને હરાવી દીધું પણ એક સમયે તેની હાલત ખરાબ થઈ ગઈ હતી. ૧૯૩ રનના પાંચમી વિકેટ ગુમાવી દીધી હતી. તે આશુતોષ શર્મા હતો જેણે ૨૮ બોલમાં બે ચોગ્ગા અને સાત સિક્સર ફટકારી ના ફક્ત મેચમાં રોમાંચ ભરી દીધો પણ મુંબઈ ઈન્ડિયન્સના બધા બોલરોની હાલત ખરાબ કરી દીધી.

સૂર્યકુમાર યાદવે પોતાની જબરદસ્ત બેટિંગ સ્કિલ્સથી પોતાનું નામ ડિવીલીયર્સ બાદ પરફેક્ટ ૩૬૦ ડિગ્રી બેટ્સમેનની લિસ્ટમાં નોંધાવી લીધું છે. તે ડગ આઉટમાં બેઠો હતો અને તે જ સમયે આશુતોષ મેદાન પર તેના જ અંદાજમાં એક બાદ એક સિક્સર ફટકારી રહ્યો હતો. તેણે બુમરાહને પણ છોડ્યો માનવામાં આવે છે. તેમ છતાં આશુતોષ ખુલીને શોટ્સ ફટકારી રહ્યો હતો. ૧૩મી ઓવરના પાંચમા બોલે બુમરાહે યોર્કર ફેંક્યો પણ આશુતોષે તેને સ્વીપ દ્વારા બાઉન્ડ્રી લાઈનની બહાર મોકલી દીધો. આ રીતે આશુતોષ શર્માએ પોતાની તોફાની ઈનિંગની મદદથી ના ફક્ત પ્રશંસકોનું પણ વિરોધી કપ્તાનનું પણ દિલ જીતી લીધું. એમઆઈના કપ્તાન હાર્દિક પંડ્યાએ સ્વીકાર કર્યો કે મેદાનમાં આશુતોષે પૂરી રીતે પાસુ પલટી નાખ્યું હતું. તેણે એમ પણ કહ્યું કે પોતાની પ્રથમ આઈપીએલ રમી રહેલા આશુતોષનું પ્રદર્શન અવિશ્વસનીય હતું.

# બુમરાહને ઝડપી બોલિંગમાં પીએચડીની ડિગ્રી આપીશ : બિશપ

મુંબઈ, તા.૧૯ વેસ્ટઈન્ડિઝના પૂર્વ ક્રિકેટર ઈયાન બિશપે કહ્યું કે પંજાબ સામે એમઆઈની રોમાંચક જીતમાં પોતાના સનસનીખેજ જાદુ બાદ જસપ્રીત બુમરાહને ઝડપી બોલિંગમાં પીએચડીની ડિગ્રી આપશે. બુમરાહે ૨૧ રનમાં ત્રણ વિકેટ ઝડપી. મુંબઈના વિજયમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. બિશપનું માનવું છે કે બુમરાહ પાસે રમતનું જ્ઞાન અને વિશેષજ્ઞતા છે. જે ક્રિકેટમાંથી સંન્યાસ લેતા પહેલા જ પુરા ભારતમાં યુવા અને મહત્ત્વાકાંક્ષી ક્રિકેટરો માટે ઝડપી બોલિંગ વ્યાખ્યાનની યજમાની કરવા માટે પરફેક્ટ છે. બિશપે એક્સ પર બુમરાહની પ્રશંસા કરતા લખ્યું કે જો હું ઝડપી બોલિંગ માટે પીએચડીની સાથે જસપ્રીત બુમરાહને નામાંકિત કરી શકતો તો હું આવું કરતો. તે એક શાનદાર જાણકાર અને સ્પષ્ટવાદી છે. હું તેને દેશભરમાં બધા સ્તરે યુવા ઝડપી બોલરો માટે બોલિંગ વ્યાખ્યાન આયોજિત કરવા માટે કહીશ. તેના સંન્યાસ લેવા સુધી રાહ ના જુવો. ૧૩મી ઓવરમાં ફોર્મમાં ચાલી રહેલા શશાંકસિંહની વિકેટ ઝડપ્યા બાદ બુમરાહનું વીરતાપૂર્ણ પ્રદર્શન તેની ટીમ માટે વધારે મહત્ત્વપૂર્ણ થઈ ગયું. ત્યારબાદ તેણે રનચેઝની ૧૭મી ઓવરમાં ફક્ત ત્રણ રન આપ્યા. સ્પેલ સાથે બુમરાહે હવે ૭ મેચોમાં ૧૩ વિકેટ ઝડપી આઈપીએલ ૨૦૨૪ની પર્પલ કેપ કબજે કરી લીધી છે.

## બુમરાહને સ્વીપ શોટ રમવો મારૂં સ્વપ્ન હતું : આશુતોષ શર્મા

પંજાબ કિગ્સના આક્રમક બેટસમેન આશુતોષ શર્માએ કહ્યું કે વિશ્વના સર્વશ્રેષ્ઠ ઝડપી બોલર બુમરાહને સ્વીપ શોટ રમવો હંમેશાથી તેનું સ્વપ્ન હતું જે મુંબઈ ઈન્ડિયન્સ વિરૂદ્ધ આઈપીએલ મેચમાં પુરૂ થયું આશુતોષે મુંબઈ ઈન્ડિયસ સામે ૨૮ બોલમાં ૬૧ રન બનાવ્યા પણ તેની ટીમ નવ રનથી હારી ગઈ તેણે સારા પ્રદર્શનનો શ્રેય સંજય બાંગડને આપ્યો છે ટીમની હાર છતાં તેણે કહ્યું કે જીત અને હાર રમતનો હિસ્સો છે. મહત્વનું એ છે કે એક ટીમના રૂપમાં તમે કેવું રમી રહ્યા છો જો અમે સારૂં રમીશુ તો જીતીશું.

# ‘આત્મા પેમ્ફલેટ’: દલિત-બહુજન ચર્ચાની અનોખી ફિલ્મ

**મરાઠી ફિલ્મ ‘આત્મા પેમ્ફલેટ’ એ ગણીગાંઠી ફિલ્મોમાંની એક છે જે બાળકોના પરિપ્રેક્ષ્યમાં ભારતીય સમાજ પર રસપ્રદ ભાષ્ય કરે છે, આ ફિલ્મ સાંપ્રત સમયમાં સામાજિક-રાજકીય વિષયો પરની સૌથી અસરકારક વ્યંગાત્મક ફિલ્મોમાંની એક છે એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી**




(એજન્સી) તા.૧૯

બે વર્ષ પહેલાં ૨૦૨૨માં રિલીઝ થયેલી આમિર ખાનની ફિલ્મ ‘લાલ સિંહ ચઢ્ઢા’ હોલીવુડની ક્લાસિકલ ફિલ્મ ‘ફોરેસ્ટ ગમ્પ’ (૧૯૯૪)ની ઓફિશિયલ રિમેક હતી. પરંતુ રિમેક હોવાના દાવા સિવાય તેમાં ‘ફોરેસ્ટ ગમ્પ’ જેવું કંઈ નહોતું. તે એક ડરી ગયેલી ફિલ્મ હતી, જે બિન-વિવાદાસ્પદ ફિલ્મ હોવાના દબાણ હેઠળ એક સામાન્ય ફિલ્મ બની હતી. તેનાથી વિપરિત, ૨૦૨૩માં રિલીઝ થયેલી મરાઠી ફિલ્મ ‘આત્મા પેમ્ફલેટ’ એક અસલ ફિલ્મ છે, જે કોઈ પણ મહાનતાનો દાવો કર્યા વિના, આપણને ‘લાલ સિંહ ચઢ્ઢા’ના કમનસીબને ભૂલી જવાનો મોકો આપે છે અને અજાણતામાં જ. ‘ફોરેસ્ટ ગમ્પ’ના પેગડામાં પગ ઘાલે છે. આ ફિલ્મ ‘ફોરેસ્ટ ગમ્પ’ના વાસ્તવિક ભારતીય સંસ્કરણ તરીકે રજૂ કરવામાં છે. આ ફિલ્મ ૭૩માં બર્લિન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં પોતાનું સ્થાન બનાવવામાં સફળ રહી છે.

વિગતવાર વાત કરીએ તો, આ એક ખૂબ જ પ્રેમથી બનેલી ફિલ્મ છે, જે દર્શકોને પ્રેમ, મિત્રતા અને નિર્દોષતાની ઉજવણી કરવાની તક આપે છે. તાજેતરમાં, આ મરાઠી ભાષાની બ્લેક કોમેડી અંગ્રેજી સબટાઈટલ સાથે OTT પ્લેટફોર્મ G5 પર રિલીઝ કરવામાં આવી છે.

તે ઝી સ્ટુડિયો, આનંદ એલ રાય અને ભૂષણ કુમાર દ્વારા સંયુક્ત રીતે પ્રોડ્યુસ કરવામાં આવી છે. આ ફિલ્મ રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા પરેશ મોકાશી દ્વારા લખવામાં આવી છે, જેમને તેમની તાજેતરની મરાઠી ફિલ્મ ‘વલવી’ (૨૦૨૩) માટે ખૂબ પ્રશંસા મળી છે. આ ફિલ્મનું નિર્દેશન આશિષ બેંડેએ કર્યું છે. તેમના દ્વારા નિર્દેશિત આ પ્રથમ ફિલ્મ છે. રસપ્રદ વાત એ છે કે ફિલ્મના કેન્દ્રીય પાત્રનું નામ પણ આશિષ બેંડે છે. અભિનય વિશે વાત કરીએ તો, ટીનેજર આશિષ તરીકે ઓમ બેંડખેલેનું અભિનય પ્રભાવશાળી છે. આ ઉપરાંત, તેમના મિત્રોના જૂથમાં સમાવિષ્ટ બાળ કલાકારોએ પણ તેમને સારો સાથ આપ્યો છે. ફિલ્મના અન્ય પાત્રોમાં આશિષના માતા-પિતા, દાદા દાદી, શિક્ષકો, પાડોશીઓનો સમાવેશ થાય છે. દરેક વ્યક્તિ પોતપોતાની ભૂમિકામાં પ્રભાવશાળી હાજરી આપે છે. વરિષ્ઠ અભિનેતા દીપક શિર્કેને ફરી એકવાર પડદા પર જોઈને મજા પદ છે. તે આશિષના દાદાની ભૂમિકા ભજવે છે.

**ફિલ્મ બેકૌફ ભી માસૂમ ભીની વાર્તા :-** એવું કહેવામાં અતિશયોક્તિ નથી કે ભારતમાં એવી ઘણી ઓછી ફિલ્મો છે જે સામાજિક-રાજકીય મુદ્દાઓ પર વાત કરતી વખતે પ્રચાર કરતી નથી. જ્યારે આવા મુદ્દાઓને વ્યંગાત્મક રીતે રજૂ કરતી આવી ફિલ્મોની સંખ્યા ઘણી ઓછી છે. ‘આત્મા પેમ્ફલેટ’એ પસંદગીની ફિલ્મોમાંની એક છે, જે બાળકોના પરિપ્રેક્ષ્યમાં ભારતીય સમાજ પર રસપ્રદ ભાષ્ય કરે છે. આ ફિલ્મ સાંપ્રત સમયમાં સામાજિક-રાજકીય વિષયો પરની સૌથી અસરકારક વ્યંગાત્મક ફિલ્મોમાંની એક છે એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.

**‘આત્મા પેમ્ફલેટ’નું પોસ્ટર :-** ફિલ્મનું મુખ્ય પાત્ર આશિષ બેંડે છે, જે મહારાષ્ટ્રના દલિત સમુદાયનો એક કિશોર છોકરો છે, જે બ્રાહ્મણ સમુદાયમાંથી તેની સહાધ્યાયી સૃષ્ટિના પ્રેમમાં પડે છે. આમાં, આશિષના મિત્રો જેઓ વિવિધ જાતિઓ અને સમુદાયો (મુસ્લિમ, મરાઠા, બ્રાહ્મણ અને કુણબી) સાથે સંબંધ ધરાવે છે તેઓ તેને મદદ કરે છે.

**બાબતો જે આ ફિલ્મને ખાસ બનાવે છે :-** ફિલ્મ શરૂઆતમાં જ જાહેરાત છે કે આ એક પ્રેમકથા છે, પરંતુ આ માત્ર અડધુ સત્ય છે. હકીકતમાં ફિલ્મની સ્ક્રિપ્ટ હળવી અને સરળ છે અને તે આપણા સમયની બ્લેક કોમેડી છે; જે જાતિ, ધર્મ અને અન્ય ગંભીર સામાજિક મુદ્દાઓને ખૂબ જ સંતુલિત રીતે રમૂજ દ્વારા રજૂ કરે છે. ખાસ વાત એ છે કે આ ફિલ્મ કરતી વખતે આ ફિલ્મ બિલકુલ ડરતી નથી. તે બે અલગ-અલગ થીમ્સ-પ્રેમ અને સામાજિક-રાજકીય મુદ્દાઓને - એકસાથે સુંદર રીતે મિશ્રિત કરે છે. સંતુલન અને પ્રવાહ આ ફિલ્મને અન્ય કરતા અલગ બનાવે છે. ફિલ્મનું મુખ્ય વર્ણન વિવિધતામાં એકતા છે જે વિવિધ જાતિઓ અને ધર્મોના મિત્રો દ્વારા સમગ્ર પૃષ્ઠભૂમિમાં ભજવે છે.

‘આત્મ -પેમ્ફલેટ’નો બીજો મોટો ગુણ તેની સર્વવ્યાપકતા છે. આ ફિલ્મ ભેદભાવ અને માનવીય ભેદભાવના મુદ્દાઓ દર્શાવે છે જે સમગ્ર વિશ્વમાં વિવિધ સ્વરૂપોમાં અસ્તિત્વ ધરાવે છે. વાર્તા મહારાષ્ટ્રના એક નાના શહેરમાં સેટ કરવામાં આવી હોવા છતાં, તે જે વ્યાપક માનવ મૂલ્યોની હિમાયત કરે છે તે વૈશ્વિક ચિંતાઓ ધરાવે છે અને આમ કરવામાં ક્યારેય ઉપદેશ આપતી હોય તેવું લાગતું નથી. **(સૌ. : જસ્ટિસન્યૂઝ)**

# પોલી ઉમરીગરથી લઈને ગાવસ્કર-તેન્ડુલકર સુધી મુંબઈના તે પાંચ રત્નો જેમણે વિશ્વ ક્રિકેટ પર રાજ કર્યું


રણજી ટ્રોફી ૨૦૨૩-૨૪ : મુંબઈ ક્રિકેટ ટીમના નામે સૌથી વધુ ૪૨ વખત રણજી ટ્રોફી જીતવાનો રેકોર્ડ છે, સ્થાનિક ક્રિકેટમાં મુંબઈના વર્ચસ્વનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેના ઘણા ખેલાડીઓ સિનિયર ભારતીય ટીમ માટે પણ રમ્યા હતા માયાનગરી મુંબઈને ભારતીય ક્રિકેટની નર્સરી કહેવામાં આવે છે. દેશની આર્થિક રાજધાની મુંબઈ હંમેશાથી ક્રિકેટ પ્રશિક્ષણ માટે પ્રખ્યાત કેન્દ્ર રહ્યું છે. જ્યારથી ભારતીય ક્રિકેટ ટીમે આંતરરાષ્ટ્રીય મેદાન પર રમવાનું શરૂ કર્યું છે ત્યારથી મુંબઈના ઘણા ખેલાડીઓએ દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે. યુવાનોને ક્રિકેટ રમવા માટે શહેરમાં અનેક ખુલ્લા મેદાનો છે. તેમાં ઘણી ક્રિકેટ એકેડમી અને જિમ્નેશિયમ પણ છે, જે યુવા ક્રિકેટરોને વિશ્વ સમક્ષ તેમની પ્રતિભા દર્શાવવામાં મદદ કરે છે. ગીચ ઈમારતો વચ્ચે મુંબઈ તેની સાંકડી શેરીઓ માટે પ્રખ્યાત છે. આ સાંકડી શેરીઓએ ભારતીય ક્રિકેટને કેટલાક શાનદાર ક્રિકટરો આપ્યા છે. ચાલો એક નજર કરીએ મુંબઈના તે પાંચ ખેલાડીઓ પર જેમણે દેશ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની તાકાત બતાવી છે.


**વિજય મર્ચન્ટ**

પોતાની શાનદાર આંતરરાષ્ટ્રીય કારકિર્દીના કારણે વિજય મર્ચન્ટે વિશ્વ ક્રિકેટમાં અદ્ભૂત છાપ ઉભી કરી છે. ફર્સ્ટ-ક્લાસ મેચમાં તેમની ૭૧.૬૪ની એવરેજ સાથે તે સર ડોન બ્રેડમેન પછી ક્રિકેટ ઈતિહાસમાં બીજા ક્રમે છે. બોમ્બે ક્રિકેટ ટીમનું પ્રતિનિધિત્વ કરતા, મર્ચન્ટે કુલ ૧૫૦ ફર્સ્ટ-ક્લાસ મેચ રમી, જેમાં ૧૩,૪૭૦ રન બનાવ્યા અને ૪૫ સદી ફટકારી હતી. અંગ્રેજોએ પણ તેમની બેટિંગ ટેકનિક અને દૃઢ નિશ્ચયની પ્રશંસક હતા. ઈંગ્લિશ ક્રિકેટર સીબી ફ્રાયએ તેમના વખાણ કરતા કહ્યું, ‘ચાલો તેને વિદેશી બનાવીએ અને તેને આપણી સાથે ઓસ્ટ્રેલિયા લઈ જઈએ.’ ભારત માટે પોતાની ૧૦ મેચોમાં, મર્ચન્ટે ૪૭.૭૨ની એવરેજથી ૮૫૯ રન બનાવ્યા. તેમના વારસાને માન આપવા માટે, વાનખેડે સ્ટેડિયમે તેમના નામે એક સ્ટેન્ડ સમર્પિત કર્યું હતું. તેના નામે ડોમેસ્ટિક ક્રિકેટ ટૂર્નામેન્ટ પણ રમાય છે.


**પોલી ઉમરીગર**

મુંબઈના પ્રખ્યાત ક્રિકેટર પોલી ઉમરીગર મધ્યમ ક્રમના બેટ્સમેન હતાં જે ક્યારેક મધ્યમ ગતિથી બોલિંગ પણ કરતા હતા. તેમણે આઠ ટેસ્ટ મેચોમાં ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું હતું. ઉમરીગરે બોમ્બે માટે ૨૪૩ ફર્સ્ટ-ક્લાસ મેચ રમી, જેમાં ૫૨.૨૮ની પ્રભાવશાળી સરેરાશથી ૧૬,૧૫૫ રન બનાવ્યા હતાં. તેમની કારકિર્દીમાં ૪૯ સદી અને ૮૦ અડધી સદી સામેલ છે. વિવિધ અનૌપચારિક ટૂર્નામેન્ટમાં તેમના શાનદાર પ્રદર્શનથી તેમને રાષ્ટ્રીય ઓળખ મળી હતી. પોતાના સમયના સફળ બેટ્સમેન તરીકે ઉમરીગરે ટેસ્ટ મેચોમાં ૧૨ સદી ફટકારી હતી. ટેસ્ટ ક્રિકેટમાં ભારતીય દ્વારા પ્રથમ સદી હૈદરાબાદમાં ન્યુઝીલેન્ડ સામે પોલી ઉમરીગરના બેટથી બની હતી. તેમની કારકિર્દીમાં, તેમણે ભારત માટે ૧૯૪૮ અને ૧૯૬૨ વચ્ચે ૫૯ ટેસ્ટમાં ૪૨.૨૨ની પ્રભાવશાળી સરેરાશથી ૩૬૩૧ રન બનાવ્યા હતા.


**અજીત વાડેકર**

વાડેકર, જે ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકામાં ભારતના શ્રેષ્ઠ બેટ્સમેનોમાંના એક તરીકે ઉભરી આવ્યા હતા, તે ટોચના ક્રમના ખેલાડી હતા. વાડેકરે વર્ષ ૧૯૫૮માં ફર્સ્ટ ક્લાસમાં પ્રવેશ કર્યો હતો. આ ડાબોડી બેટ્સમેને ૨૩૭ ફર્સ્ટ-ક્લાસ મેચ રમી, જેમાં ૪૭ની પ્રભાવશાળી સરેરાશથી ૧૫,૩૮૦ રન બનાવ્યા. તેમની સિદ્ધિઓમાં ૪૬ ફર્સ્ટ ક્લાસ સદી સામેલ છે. ભારતીય કેપ્ટન તરીકે વાડેકરે ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝમાં શ્રેણી જીતી હતી. ભારત સરકારે તેમને અર્જુન એવોર્ડ (૧૯૬૭) અને પદ્મશ્રી (૧૯૭૨)થી સન્માનિત કર્યા હતાં જે ભારતનું ચોથું સર્વોચ્ચ નાગરિક સન્માન છે. સુનીલ ગાવસ્કર, ફારુક અન્જિનિયર અને બિશન સિંહ બેદી જેવા પ્રખ્યાત ખેલાડીઓ તેમની કેપ્ટનશીપ હેઠળ ચમક્યા છે. વાડેકરે ૩૭ ટેસ્ટ મેચોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું અને ૨૦૦૦થી વધુ રન બનાવ્યા.


**સુનીલ ગાવસ્કર**

૩૪૮ ફર્સ્ટ-ક્લાસ મેચોમાં બોમ્બેનું પ્રતિનિધિત્વ કરનાર ગાવસ્કરને લિટલ માસ્ટર તરીકે પણ ઓળખવામાં આવે છે. પોતાના પ્રભાવશાળી બેટિંગ ટેલેન્ટ માટે પ્રખ્યાત ગાવસ્કરે ૫૧.૪૬ની એવરેજથી કુલ ૨૫,૮૩૪ રન બનાવ્યા છે. ગાવસ્કરે પોતાની કારકિર્દીમાં ૮૧ સદી ફટકારી હતી. ૧૯૬૬માં તેને ભારતના સર્વશ્રેષ્ઠ સ્કૂલબોય ક્રિકેટર તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. બોમ્બે માટે તેના સતત પ્રદર્શનને કારણે તેમને રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મળ્યું હતું. ગાવસ્કર તેમની મજબૂત બેટિંગ ટેકનિક અને કોઈપણ બોલરના પડકારોનો સામનો કરવાની ક્ષમતા માટે પ્રખ્યાત હતા. તેની પાસે ૩૪ ટેસ્ટ સદીનો રેકોર્ડ પણ છે, જે સચિન તેંડુલકરે તોડ્યો ત્યાં સુધી ઘણા વર્ષો સુધી રેકોર્ડ રહ્યો હતો. ક્રિકેટ કોમેન્ટ્રી કરતા ગાવસ્કર ભારતના સર્વકાલીન મહાન બેટ્સમેન છે.


**સચિન તેન્ડુલકર**

સચિન તેન્ડુલકર રમતના ઈતિહાસમાં સૌથી વધુ રન બનાવ્યા છે. તે ૨૦૦ ટેસ્ટ મેચ રમનાર અને ૧૦૦ સદી ફટકારનાર એકમાત્ર ખેલાડી છે. મુંબઈમાં જન્મેલા અને ઉછરેલા તેન્ડુલકર આ રમતના અત્યાર સુધીના સૌથી મહાન બેટ્સમેનોમાંના એક છે. તેમણે મુંબઈ માટે ૩૧૦ ફર્સ્ટ ક્લાસ મેચ રમી જેમાં ૮૧ સદી સાથે ૨૫,૩૯૬ રન બનાવ્યા હતાં. તેંડુલકરે ૧૫ વર્ષ અને ૨૩૨ દિવસની ઉંમરે બોમ્બે માટે ડેબ્યૂ કર્યું હતું અને ડેબ્યૂમાં જ સદી ફટકારી હતી. તેન્ડુલકરે બે દાયકાથી વધુ સમય સુધી ભારતીય અપેક્ષાઓનો બોજ પોતાના ખભા પર ઉઠાવ્યો હતો.

# માનવ અધિકાર ફોરમે દલિત મુંડન કેસના નિર્ણયની ટીકા કરી

(એજન્સી) તા.૧૯

માનવ અધિકાર મંચનું માનવું છે કે વેંકટાયાપલેમ દલિત મુંડન કેસમાં નિર્ણય માત્ર કાલ્પનિક રીતે ન્યાય આપે છે. જયારે વિશાખાપટ્ટમમાં એડિશનલ જિલ્લા ન્યાયાધીશ અને એસસી/એસટી કોર્ટે આરોપીઓને દોષી ગણાવવામાં નિષ્પક્ષતા રાખી પરંતુ સજા નક્કી કરવામાં નરમી આ દર્શાવે છે કે અદાલતે અપરાધની જાતિવાદી પ્રકૃતિની અવગણના કરી દીધી હશે. જેવું કે બુધવારે જારી એક વિજ્ઞપ્તિમાં જણાવવામાં આવ્યું છે જો કે આ મામલામાં લાગુ અનુસૂચિત જાતિ અને અનુસુચિત જનજાતિ કાયદા ૧૯૮૯ના કલમોમાં મહત્તમ પાંચ વર્ષની સજાની જોગવાઈ છે, પરંતુ અદાલતે આરોપીને ૧૮ મહીનાની જેલની સજા સંભળાવી આ ધ્યાન રાખવું યોગ્ય છે કે જો જેલની સજા બે વર્ષથી વધુ થઈ જાય છે તો મુખ્ય આરોપી ધોટા ત્રિમુરથુલની એમએલસી સભ્યપદ અયોગ્ય થઈ જાય છે. જેનાથી તે આગામી ચૂંટણી લડવા માટે અયોગ્ય થઈ જતા એચઆરએફએ જણાવ્યું કે આ મામલામાં અપરાધને માત્ર પીડિતોની વિરૂદ્ધ નહીં પરંતુ સંપૂર્ણ પીડિત સમુદાયની વિરૂદ્ધ અપરાધ તરીકે જોવું જોઈએ. સજા નક્કી કરવામાં અદાલતના નરમ વલણનું કોઈ યોગ્ય કારણ નથી. તેમાં જણાવવામાં આવ્યું છે કે આરોપી જેમની સંખ્યા ૧૦ છે. પોતાના સામાજિક આર્થિક અને રાજનૈતિક અસરના કારણે મામલાને ૨૮ વર્ષ સુધી ખેંચવામાં સફળ રહ્યા.

# ભારતમાં દલિતો માટે બૌદ્ધ ધર્મ અપનાવવાનું મુશ્કેલ બની રહ્યું છે

(એજન્સી) તા.૧૯

ગુજરાત સરકારે બૌદ્ધ ધર્મને અલગ ધર્મ તરીકે માન્યતા આપવા અંગે સ્પષ્ટતા કરતો પરિપત્ર બહાર પાડ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે હિન્દુ ધર્મમાંથી બૌદ્ધ, જૈન અથવા શીખ ધર્મમાં ધર્માંતરણ માટે ગુજરાત સ્વાતંત્ર્ય અધિનિયમ, ૨૦૦૩ હેઠળ સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટ પાસેથી પૂર્વ મંજૂરી મેળવવી આવશ્યક છે. જો કે બંધારણની પ્રસ્તાવના ભારતની બિનસાંપ્રદાયિકતાની ઘોષણા કરે છે અને આસ્થાની સ્વતંત્રતાની બાંયધરી આપે છે. ૧૯૪૭માં વિભાજન અને સ્વતંત્રતાથી જ “હિંદુ જોખમમાં છે” એ એક રાજકીય સૂત્ર છે.



ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મ, મૂળ ૨,૦૦૦ અને ૧,૫૦૦ વર્ષ પહેલાંના છે, તેઓને અબ્રાહમિક ધર્મ માનવામાં આવે છે. પશ્ચિમ એશિયા અથવા યુરોપમાંથી વસાહતી સત્તાઓ દ્વારા લાવવામાં આવેલા અન્ય ધર્મો છે. વ્યંગાત્મક રીતે, યહુદી ધર્મ, જેનું મૂળ ખ્રિસ્તી ધર્મ કરતાં પણ જૂનું છે, અને ઝોરોસ્ટ્રિયનિઝમ, જે અડધા સહસ્ત્રાબ્દીથી પણ વધુ સમયથી ભારતમાં અસ્તિત્વમાં છે, તેને સરકારી કાયદાઓ દ્વારા રક્ષણ મળ્યું છે.

ખ્રિસ્તી મિશનરીઓ અથવા ઈસ્લામિક મદ્રેસાઓથી હિંદુ ધર્મને સુરક્ષિત રાખવાનો પહેલો કાયદો ૧૯૬૦નો કુખ્યાત પ્રેસિડેન્શિયલ ઓર્ડર હતો, જેને હવે કલમ ૩૪૧ના ભાગ ૩ તરીકે બંધારણમાં કાયમી દરજ્જો આપવામાં આવ્યો છે. આ કાયદાએ સમુદાયોને હકારાત્મક કાર્યવાહી અને રક્ષણ પૂરું પાડ્યું છે. આ કાયદાને સુપ્રીમ કોર્ટે માન્ય રાખ્યો હતો પરંતુ બંધારણીય બેંચ સમક્ષ તેને ફરીથી પડકારવામાં આવ્યો છે.

મહાત્મા ગાંધીએ તેમને હરિજન એટલે કે ભગવાનના સંતાનો કહ્યા હતા. પરંતુ લોકો દ્વારા આ શબ્દને સખત રીતે નકારી કાઢવામાં આવ્યો હતો, જેઓ હવે પોતાને દલિત કહેવાનું પસંદ કરે છે. સરકાર તેમને “અનુસૂચિત જાતિ” કહે છે. દલિતો શુષ્ક શૌચાલયોની મેન્યુઅલ સફાઈ, અને માનવ ફેકલ સામગ્રીની ગટરોની સફાઈ કરે છે. જેલમાં બંધ લોકોની સંખ્યામાં પણ દલિતો ટોચ પર છે. હવે મુસ્લિમ યુવાનો તેમની સાથે જોડાયા છે. તેમજ બળાત્કાર, લિંચિંગ અને આત્મહત્યાનો ભોગ બનેલા લોકોમાં પણ તેઓ ટોચ પર છે.

અનુચ્છેદ ૩૪૧, ભાગ ૩, લગભગ ૨૦ ટકા હિંદુ વસ્તી પાસેથી ધર્મની સ્વતંત્રતા, ધર્મને નકારવાની અથવા તેને બદલવાની સ્વતંત્રતા અસરકારક રીતે છીનવી લે છે. જો તેઓ હિંદુ ધર્મ છોડી દે તો તેઓ નોકરી, શિષ્યવૃત્તિ અને રાજ્યની વિધાનસભાઓમાં તેમની અનામત બેઠકો પણ ગુમાવી શકે છે. બૌદ્ધ અને શીખ ધર્મમાં ધર્માંતરણને કાયદેસર બનાવવા માટે નિયમો હળવા કરવામાં આવ્યા હતા. હિંદુત્વ લઘુમતીઓ ડર અને આશંકાથી જુએ છે. વ્યંગાત્મક રીતે, મુખ્ય ઈસ્લામિક અને ખ્રિસ્તી સમુદાયોએ તેમની રચનાઓમાં જાતિને આત્મસાત કરી છે.

પ્રવર્તમાન વૈદિક ધર્મની રૂઢિચુસ્તતાના પ્રતિભાવમાં બૌદ્ધ ધર્મનો વિકાસ થયો. બ્રાહ્મણોની ધાર્મિક અને સામાજિક વ્યવસ્થાનો સીધો વિરોધ હતો. જૈન ધર્મ પહેલાથી જ સમાન સામાજિક માહોલમાં આવ્યો હતો. ડો. બાબાસાહેબ આંબેડકરે લખ્યું કે, બૌદ્ધ ધર્મ એક ક્રાંતિ હતી. તે ફ્રેન્ચ ક્રાંતિ જેટલી જ મહાન ક્રાંતિ હતી. ભારતમાં બૌદ્ધ ધર્મનો અંત આવ્યો હતો. તે બૌદ્ધ સ્તૂપ અને મઠોના ખંડેરથી ભરેલું છે. જો કે, ૧૯મી અને ૨૦મી સદીમાં, દલિત જાતિના કટ્ટરપંથી બૌદ્ધિકોએ ફરી એકવાર બ્રાહ્મણવાદી આધિપત્યને પડકારવા માટે બૌદ્ધ ધર્મ તરફ વળવાનું શરૂ કર્યું હતું.

આંબેડકર એક દલિત હતા જેમણે હાર્વર્ડ અને ઓક્સફોર્ડમાંથી ડોક્ટરેટની પદવી મેળવી હતી, બંધારણના લેખનની અધ્યક્ષતા કરી હતી અને નહેરુના પ્રથમ કેબિનેટ મંત્રાલયમાં પ્રધાન હતા. તેમણે આ વિરોધના વૈશ્વિક પ્રતીક તરીકે પોતાને અમર કરી દીધા છે. તેમણે એનિહિલેશન ઓફ કાસ્ટ જેવા પુસ્તકો લખ્યા, મહાત્મા ગાંધીને પોતે પડકાર્યા અને જાહેર કર્યું કે તેઓ હિંદુ તરીકે મૃત્યુ પામશે નહીં. આંબેડકરે ભગવાન બુદ્ધના જીવન અને ફિલસૂફીનો અભ્યાસ કર્યો, તેમના વૈદિક ધર્મશાસ્ત્ર અને વ્યવહારના સિદ્ધાંતોનો અસ્વીકાર કર્યો, અને સમાનતા, કારણ અને તર્કસંગતતાની થીસીસ વિકસાવી. તેમણે આસ્થાના પોતાના રાજકીય દૃષ્ટિકોણને ધરમૂળથી જાતિ-વિરોધી ચળવળ શરૂ કરી હતી. તેમણે ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામનો અભ્યાસ પણ કર્યો હતો. આંબેડકરે ૧૪ ઓક્ટોબર, ૧૯૫૬ના રોજ ૩.૬ લાખથી વધુ અનુયાયીઓ સાથે બૌદ્ધ ધર્મ અપનાવ્યો. તેમનું અવસાન ૬ ડિસેમ્બર, ૧૯૫૬ના રોજ નવી દિલ્હીમાં થયું હતું.

આંબેડકરના મૃત્યુ પછી, બહિષ્કૃત અથવા અસ્પૃશ્ય જાતિઓની પ્રથા, બૌદ્ધ ધર્મમાં પરિવર્તિત થવાની પ્રથા સમગ્ર દેશમાં પ્રચલિત બની હતી, જે માત્ર મુક્તિના માર્ગ તરીકે જ નહીં પણ માર્ગ તરીકે પણ જોવામાં આવે છે. તેમના અનુયાયીઓ માટે, તેમણે સામાજિક અને આર્થિક મુક્તિ સાથે ચળવળને કેવી રીતે આગળ વધારવી તે અંગેની સૂચનાઓની સૂચિ આપી હતી. તેમણે સમજાવ્યું કે આપણે માત્ર રાજકીય લોકશાહીથી સંતુષ્ટ રહેવાનું નથી. આપણે આપણી રાજકીય લોકશાહીને સામાજિક લોકશાહી પણ બનાવવી જોઈએ. રાજકીય લોકશાહી જ્યાં સુધી તેના પાયામાં સામાજિક લોકશાહી ન હોય ત્યાં સુધી ટકી શકતી નથી. (સૌ. : જસ્ટિસન્યૂઝ)

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792**
IDFC FIRST Bank
**રજિસ્ટર્ડ ઓફિસ :** કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) હેઠળ નોટિસ**

નીચેના દેણદારો અને સહદેણદારોએ નીચે દર્શાવેલ મુજબની સલામત લોન **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** પાસેથી લીધેલ છે. નીચે દર્શાવેલ દેણદારો અને સહ-દેણદારોની કિંમતી લોન સંબંધિત મિલકતોને ગીરો દ્વારા સલામત કરવામાં આવેલ છે. આથી તેઓ લોન કરારની સંબંધિત શરતો અને નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ ગયેલ તથા અનિયમિત થતાં તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર તેમની લોનને એનપીએ મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની તેમની બાકી રકમ તેમને ઈસ્યુ કરેલ નોટિસ મુજબ નીચેના ટેબલમાં વિસ્તારપૂર્વક વધારાના વ્યાજ સહિત ઉપરોક્ત રકમ પર લાગુ પડતા સંબંધિત તારીખથી અસર થાય તે મુજબના ચાર્જ કરવામાં આવશે.

| ક્ર નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેણદાર અને સહ-દેણદારના નામ | ૧૩ (૨) મુજબની નોટિસની તારીખ | ૧૩ (૨) મુજબની નોટિસ અનુસાર બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 10065708479 | ઓડી ફેસિલીટી | ૧. મેસર્સ સોનુ ટેક્ષ ફેબ<br>૨.નીતિશ અગ્રવાલ<br>૩. અગ્રવાલ સંગીતા<br>૪. દિનેશકુમાર અગ્રવાલ | ૧૦.૦૪.૨૦૨૪ | ભા. રૂા. ૬૨,૯૫,૩૫૮.૦૦/- |

**મિલકતનું સરનામું :**
**આઈટમ :-૧ :** તે તમામ ભાગ અને હિસ્સાઓ કોમર્શિયલ દુકાન નં.ડી-૩૨૮ના, ક્ષેત્રફળ ૫૦.૨૨ ચો.મી. (બિલ્ટ અપ એરિયા) બીજો માળ, બ્લોક નં.‘ડી’ બિનવહેંચાયેલ હિસ્સાની જમીન સાથે ક્ષેત્રફળ ૨૩.૬૯ ચો.મી. સ્કીમ નામે ‘સુમેલ બિઝનેસ પાર્ક-૨’ ઊભેલ અને સ્થિત અત્રે ફાઈનલ પ્લોટ નં.૧૯૨, ૧૯૩, ૧૯૫ પૈકી (ફ્રી હોલ્ડ જમીન) અને ૧૯૪ (લીઝ હોલ્ડ જમીન) ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૨ (કાંકરિયા) મોજેઃ રાજપુર-હીરપુર તા. મણિનગર, જિ. અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૨૨ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : ખુલ્લો રસ્તો, પશ્ચિમ : યુનિટ નં.ડી-૩૦૩, ઉત્તર : યુનિટ નં.ડી-૩૨૭, દક્ષિણ : યુનિટ નં.ડી-૩૨૯**
**આઈટમ :-૨ :** તે તમામ ભાગ અને હિસ્સાઓ કોમર્શિયલ દુકાન નં.ડી-૩૨૯ના, ક્ષેત્રફળ ૫૦.૨૨ ચો.મી. (બિલ્ટ અપ એરિયા) બીજો માળ, બ્લોક નં.‘ડી’ બિનવહેંચાયેલ હિસ્સાની જમીન સાથે ક્ષેત્રફળ ૨૩.૬૯ ચો.મી. સ્કીમ નામે ‘સુમેલ બિઝનેસ પાર્ક-૨’ ઊભેલ અને સ્થિત અત્રે ફાઈનલ પ્લોટ નં.૧૯૨, ૧૯૩, ૧૯૫ પૈકી (ફ્રી હોલ્ડ જમીન) અને ૧૯૪ (લીઝ હોલ્ડ જમીન) ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૨ (કાંકરિયા) મોજેઃ રાજપુર-હીરપુર તા. મણિનગર, જિ. અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૨૨ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : ખુલ્લો રસ્તો, પશ્ચિમ : યુનિટ નં.ડી-૩૦૨, ઉત્તર : યુનિટ નં.ડી-૩૨૮, દક્ષિણ : યુનિટ નં.ડી-૩૩૦**
**આઈટમ :-૩ :** તે તમામ ભાગ અને હિસ્સાઓ કોમર્શિયલ દુકાન નં.જે-૨૨૩ના, ક્ષેત્રફળ ૨૬૯ ચો.ફૂટ ત્રીજો માળ, બ્લોક નં.‘જે’ સ્કીમ નામે ‘ઘંટાકર્ણ મહાવીર કોમર્શિયલ માર્કેટ’ મહાલક્ષ્મી ભવન કો.ઓ.હા.સો.લિ. ઊભેલ અને સ્થિત અત્રે ફાઈનલ પ્લોટ નં.૧૨, પૈકી ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૧૮ રેવન્યુ સર્વે નં.૨૦/૧ મોજે : શહેર કોટડા, તા. મણિનગર, જિ. અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૨૨ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : દુકાન નં.જે/૨૨૪, પશ્ચિમ : દુકાન નં.જે/૨૨૨, ઉત્તર : માર્કેટનો કોમન રોડ, દક્ષિણ : દુકાન નં.જે-૨૩૮**

અત્રે તમને ઉપરોક્ત દિવસમાં દર્શાવ્યા અનુસારની **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ કોન્ટ્રાક્ટ દરના વ્યાજ સહિત સંબંધિત તારીખ સુધીના અન્ય ખર્ચાઓ, ચાર્જીસ વગેરે આ જાહેરાત છપાયાના દિન ૬૦માં પરત ચૂકવવા જણાવવામાં આવે છે. તેમાં નિષ્ફળ જતાં નીચે સહી કરનાર સરફેસી એક્ટની કલમ ૧૩ (૪) અને સેકશન ૧૪ હેઠળ ઉપરોકત ગીરો મિલકતો સામે, **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**ની બાકી રકમ ધ્યાનમાં લેતાં જરૂરી પગલાં લઈ શકે છે. વધુમાં અત્રે તમોને આ સલામત મિલકતો કલમ ૧૩ (૧૩) હેઠળ કોઈપણ રીતે વેચાણ/લીઝ અથવા અન્ય રીતે તબદીલ કરતા પ્રતિબંધિત કરવામાં આવે છે.

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)**

**તા. : ૨૦.૦૪.૨૦૨૪**
**સ્થળ : ગુજરાત**

### લગ્ન પ્રસંગ માતમમાં ફેરવાયો

# ઝઘડિયામાં લગ્ન દરમ્યાન છોકરીઓને પથ્થર મારવા મુદ્દે યુવકની ઘાતકી હત્યા

અંકલેશ્વર, તા.૧૯

ઝઘડિયા ખાતે એક લગ્ન પ્રસંગમાં એક યુવકની હત્યા થઇ હોવાની ઘટના બનતા પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

ઝઘડિયા પોલીસમાંથી મળતી વિગતો મુજબ ઝઘડિયાના મોહનફળિયા વિસ્તારમાં એક લગ્ન પ્રસંગ હોઈ લગ્નમાં આમંત્રિત મહેમાનો તેમજ ગ્રામજનો આવેલ હતા. લગ્નના પ્રસંગને લઈને રાતના નાચવાનો કાર્યક્રમ ચાલતો હતો. આ દરમ્યાન ઉમેશ રણછોડભાઈ વસાવા રહે.મોહનફળિયું ઝઘડિયાના લગ્નમાં નાચતી છોકરીઓને પથ્થર મારતો હતો. તે પૈકી એક પથ્થર ઝઘડિયાના ગાયત્રી ફળિયામાં રહેતી પ્રિયંકાબેન વસાવા નામની યુવતીને ડાબા પગમાં વાગ્યો હતો, જેથી પ્રિયંકાબેને ઉજ્જવલ ગીરીશભાઇ વસાવા નામના યુવાનને આ બાબતે જાણ કરીને પથ્થર મારનાર ઉમેશને સમજાવવાનું કહ્યું હતું. ત્યારે ઉજ્જવલ વસાવાએ ઉમેશ પાસે જઇને કહ્યું હતું કે આવી રીતે પથ્થર ના માર કોઈને વાગી જશે. આ સાંભળીને ઉમેશ વસાવા ઉજ્જવલને ગાળો બોલવા લાગ્યો હતો. ઉજ્જવલ વસાવાએ ઉમેશને ગાળો બોલવાનું ના કહેતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને તેની સાથે ઝપાઝપી કરવા લાગ્યો હતો. આ ઝઘડા દરમિયાન ઉમેશે તેની પાસે રહેલ રીંગ પાનાથી ઉજ્જવલ વસાવાની છાતી પર ઉપરાછાપરી ઘા માર્યા હતા. જેને લઈને ઉજ્જવલને ગંભીર ઈજા થતાં તેને સારવાર માટે લઈ જવાયો હતો પરંતુ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ યુવક ઉજ્જવલનું મોત નીપજ્યું હતું. આ ઘટના સંદર્ભે પ્રિયંકાબેન જયેશભાઈ વસાવા રહે.ગાયત્રી ફળિયું ઝઘડિયાનાએ ઝઘડિયા પોલીસ મથકમાં ફરિયાદ લખાવતા પોલીસે ઉમેશ રણછોડભાઈ વસાવા રહે.મોહનફળિયું ઝઘડિયાના વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર તપાસ હાથ ધરી હતી. લગ્ન પ્રસંગમાં નાચતી વખતે થયેલ સામાન્ય બોલાચાલી બાદ એક આશાસ્પદ યુવકની હત્યા થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

### નવસારી કલેક્ટર કચેરી ખાતે

# ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો એક જ સમયે ફોર્મ ભરવા આવ્યા

### નૈષધ દેસાઈ પાટિલના કાનમાં કંઈક બોલ્યા તે સાંભળી ભાજપ પ્રમુખ હસી પડ્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

ભાજપના નવસારી લોકસભા બેઠકના ઉમેદવાર અને ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે આજે ઉમેદવારી પત્રક ભરવાના છેલ્લા દિવસે નવસારી કલેક્ટર કચેરીમાં ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. જોગાનુજોગ કોંગ્રેસના ઉમેદવાર પણ તે જ સમયે ઉમેદવારી પત્રક ભરવા પહોંચ્યા હતા. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો એક જ ઠેકાણે સામસામે થઈ ગયા હતા. આજે સી.આર. પાટીલ નાણામંત્રી કનુ દેસાઈ સહિત ભાજપના આગેવાનો સાથે નવસારીમાં ઉમેદવારી પત્રક ભરવા પહોંચ્યા હતા. જોગાનુજોગ આ જ સમયે કોંગ્રેસના નવસારી બેઠકના ઉમેદવાર નૈષધ દેસાઈ પણ કચેરીમાં ફોર્મ ભરવા પહોંચ્યા હતા. કચેરીના દાદરા પર બંને હરીફ ઉમેદવારો ભેગા થઈ ગયા હતા. ત્યારે ગાંધી વેશ ધારણ કરી પ્રચાર કરતા કોંગ્રેસના ઉમેદવાર નૈષધ દેસાઈ ભાજપના ઉમેદવાર સી.આર. પાટીલના કાનમાં કશુંક બોલ્યા હતા. તેસાંભળીસી.આર. પાટીલ હસ્યા હતા. બંને ઉમેદવારોના ચહેરા પર સ્પોર્ટસમેન સ્પિરિટ દેખાતી હતી. ક્ષણભરની મુલાકાત બંને ઉમેદવારો આગળ વધી ગયા હતા.

### અકસ્માતે અમદાવાદના તથ્ય કાંડની યાદ અપાવી

# વડોદરા અકોટા બ્રિજ પર હિટ એન્ડ રનમાં એમબીએ સ્ટુડન્ટનું મોત, બે યુવતી ઘાયલ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા,તા.૧૯

વડોદરાના અકોટા દાંડિયાબજાર બ્રિજ પર મોડીરાત્રે હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. જેમાં નશાની હાલતમાં ધૂત નબીરાએ ૨ એક્ટિવાને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. તેમજ બ્રિજની સાઈડમાં બેઠેલા યુવક અને યુવતીઓને અડફેટે લીધી હતી. જેમાં MBAનો અભ્યાસ કરતા યુવકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું, જ્યારે અન્ય બે યુવતીને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. મૃતક યુવક અને ઈજાગ્રસ્ત બન્ને યુવતી પારૂલ યુનિવર્સિટીમાં MBAનો અભ્યાસ કરતા હોવાનું જાણવા મળ્યું છે.

આ અકસ્માતમાં ચાલક નશામાં હતો કારચાલક ઓવરસ્પીડમાં હોવાનું ચર્ચાઈ રહ્યું છે અને તે નશાની હાલતમાં હોવાનું નજરે જોનારે કહ્યું હતું. આ કારચાલક સ્પીડમાં કાર બ્રિજ પાસે બે એક્ટિવાને ટક્કર મારતા કાર બેથી ત્રણવાર પલટી મારી હતી અને ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. આ બનાવને લઈ તાત્કાલિક લોકોના ટોળેટોળાં ઊમટી પડ્યા હતા.

આ અકસ્માતે અમદાવાદમાં ઈસ્કોન બ્રિજ પર થયેલા તથ્યકાંડની યાદ તાજી કરાવી હતી. તથ્યને બચાવવા તેના પરિવારજનો દોડી આવ્યા હતા તેમ આ ઘટનામાં પણ કારચાલક નબીરાને બચાવવા તેના પરિવારજનો દોડી આવ્યા હતા. મૃતક યુવક અને ઈજાગ્રસ્ત બન્ને યુવતી પારૂલ યુનિવર્સિટીમાં MBAનો અભ્યાસ કરતા હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટનામાં ઈજાગ્રસ્ત યુવતીએ ફરિયાદ નોંધાવી હતી. જેમાં MBAનો અભ્યાસ કરનાર ૨૪ વર્ષીય આકાશ રાકેશભાઈ ચોબલે (રહે, વાઘોડિયા રોડ, મૂળ કચ્છ, હાલ પરિવાર રાજસ્થાન રહે છે)ને ગંભીર ઈજા પહોંચતા ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ બનાવમાં અન્ય બે યુવતી આસ્થા પરીખ અને પ્રિતી શર્માને પણ ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. અકસ્માત કરનાર કલ્પ કનક પંડ્યા અને તેની મંગેતરની હાલ પોલીસે અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સંતરામપુર નજીક લગ્નની ખરીદી કરી પરત ફરી રહેલા મિત્રોને નડ્યો અકસ્માત, બેનાં મોત

### લગ્નના અઠવાડિયા પહેલાં અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત વરરાજા સારવાર હેઠળ

સંતરામપુર, તા.૧૯

સંતરામપુર તાલુકાના ખેડાપા ગામનાં નવીગઢી ફળિયાનાં રહીશ લાલાભાઈના દીકરા મહેશભાઈના લગ્ન ૨૫,૦૪,૨૦૨૪ના રોજ નક્કી થયા હતાં. વરરાજા મહેશભાઈ તેમનાં કુટુંબી ભાઈઓ સાથે બાઈક પર સંતરામપુર લગ્નની ખરીદી કરવા નિકળેલ અને લગ્નની ખરીદી કરીને પરત સંતરામપુરથી ઘરે ખેડાપા જતાં હતા ત્યારે ડોટાવાડા ગામ નજીકથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક પીકી અપ ડાલાનાં ડ્રાઈવરે તેનું વાહન બાઈકને અથડાવતાં બાઈક પર સવાર યુવાનો ફંગોળાઈ જતાં ઘટના સ્થળે જ બે યુવાનો કમલેશભાઈને શૈલેષભાઈના કમકમાટીભર્યા મોત નિપજયા હતા. જ્યારે વરરાજા મહેશભાઈને પગેને શરીર પર ગંભીર ઈજા થતાં તેને સંતરામપુર સરકારી દવાખાને ખસેડવામાં આવેલ જયાં પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર માટે લુણાવાડા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ ગોઝારા અકસ્માતમાં આશાસ્પદ બે યુવાનોનાં મોત થતાંને વરરાજાને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં આ ઘટનાથી ગામમાં ધોરાશોકની લાગણી જોવા મળે છે.

### દાહોદના કોંગી ઉમેદવારના સરકાર પર પ્રહારો

# નકલી કચેરી કૌભાંડ એ ગરીબ આદિવાસીઓના પૈસા ખાઈને આચરવામાં આવ્યું

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના દિગ્ગજોને પાઘડી પહેરાવનારના પુત્ર હવે કોંગ્રેસમાં**

ગરબાડા તાલુકાના અભલોડ ગામના સરપંચ વરસિંગભાઈ ભાભોર જેઓ વર્ષોથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના દિગ્ગજોને આગવી રીતે પાઘડી પહેરાવી હતી. તેમના નાના પુત્ર કનુભાઈ ભાભોરે આજે વિજય વિશ્વાસ સભામાં કોંગ્રેસમાં પ્રવેશ મેળવ્યો હતો. જયારે લીમખેડા વિધાનસભામાંથી ભાજપમાં રહેલા વિપુલ ડામોર ૫૦ જેટલા કાર્યકર્તાઓ સાથે ભાજપમાં પ્રવેશ મેળવ્યો હતો.

દાહોદ, તા.૧૯

દાહોદ લોકસભા બેઠક પર ઈન્ડિયા એલાઈન્સમાંથી કોંગ્રેસના ઉમેદવાર ડૉ.પ્રભાબેન તાવિયાડે જાહેર સભાને સંબોધન કર્યા બાદ રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી પહોંચી પોતાની ઉમેદવારી નોંધાવી હતી. દાહોદ શહેર ખાતે બાઈક રેલી પૂર્ણ કર્યા બાદ ડૉ. પ્રભાબેન તાવિયાડ ઈન્દોર હાઇવે નજીક આવેલ ગ્રાઉન્ડ માટે વિશાળ જન મેદનીને સંબોધન કર્યું હતું. આ જાહેર સભામાં કોંગ્રેસના ઉમેદવાર ડૉ. પ્રભાબેન તાવિયાડ ભાજપને આડેહાથ લીધી હતી અને નકલી કચેરી કૌભાંડ મુદ્દે ભાજપના કોઈપણ નેતા કેમ કશું બોલવા તૈયાર નથી તેમ જણાવ્યું હતું. ૧૮ કરોડ ઉપરાંતના નકલી કચેરી કૌભાંડ એ ગરીબ આદિવાસીઓના પૈસા ખાઈને આચરવામાં આવ્યું હોવાના આક્ષેપો પણ ડૉ. પ્રભાબેન તાવિયાડ કર્યા હતા.

### નારાજગીની અટકળોનો અંત

# ભરૂચ જિલ્લાના નારાજ કોંગી આગેવાનોએ ચૈતર વસાવાને સમર્થન આપ્યું

પાલેજ, તા.૧૯

ઈન્ડિયા ગઠબંધનની રચના બાદ ગુજરાતમાં બે લોકસભા સીટો પર આમ આદમી પાર્ટીના ઉમેદવારોની જાહેરાત થઈ હતી. ભરૂચ લોકસભા બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ચૈતર વસાવાનું નામ જાહેર કરવામાં આવ્યું હતું. શરૂઆતથી જ કોંગ્રેસ પાર્ટી તરફથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર ચૈતર વસાવાને ખુબ જ સમર્થન આપવામાં આવ્યું હતું, પરંતુ સાથે સાથે કોંગ્રેસમાં ભરૂચ જિલ્લાના કેટલાક સિનિયર આગેવાનોએ ચૈતરભાઈ વસાવાને સમર્થન આપ્યું ન હતું અને એક માંગણી સાથે નારાજગી કરી હતી કે ચૈતરભાઈ વસાવા કોંગ્રેસ પાર્ટીના ચૂંટણી ચિન્હ હેઠળ ચૂંટણી લડે.

પરંતુ આજે કોંગ્રેસના આ નારાજ આગેવાનો દ્વારા ચૈતરભાઈ વસાવા સાથે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં કોંગ્રેસના આગેવાનોએ વિવાદનો અંત લાવીને ચૈતરભાઈ વસાવાને પોતાનું સમર્થન જાહેર કર્યું હતું.

# વડોદરામાં કુલર દ્વારા પાણીનું વેચાણ કરતા વેપારીઓને ત્યાં ચેકિંગ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા,તા.૧૯

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા ત્રણ દિવસથી નોન પેકેજીંગ ડ્રિંકિંગ વોટર એટલે કે કુલર દ્વારા પાણીનું વેચાણ કરતા ધંધાર્થીઓને ત્યાં ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. કોર્પોરેશનની ખોરાક શાખાની ફૂડ સેફ્ટી ઓફિસરોની ટીમો એ અત્યાર સુધીમાં ૩૨ નોન પેકેજીંગ વોટર યુનિટ અને વોટર જગ યુનિટ માં ચેકિંગ કર્યું છે.

શહેરના કલાલી, અટલાદરા ,ગોરવા ,પંચવટી, ઊંડેરા , અલવાનાકા, માંજલપુર, મકરપુરા રોડ, તરસાલી વગેરે વિસ્તારમાં ચેકિંગ કર્યા બાદ ગઈકાલે પણ સપાટો બોલાવ્યો હતો.કારેલીબાગ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, આનંદ નગર, કીશનવાડી, વાઘોડીયા રોડ, ચાણક્ય પુરી, સમા રોડ,વેમાલી ગામ અને અભિલાષા ચાર રસ્તા વગેરે વિસ્તારોમાં ડ્રિંકીંગ વોટરનાં યુનીટોમાં ચેકીંગ કરવામાં આવ્યું હતું. ખાસ તો પાણીની ગુણવત્તા ચકાસવા ઉપરાંત, પાણી ઠંડુ કરવા વપરાતા નાઈટ્રોજનનો ઉપયોગ તેમજ પાણીના વેચાણ પૂર્વે લેબોરેટરી ટેસ્ટ કર્યાનો રિપોર્ટ વગેરે બરાબર છે કે કેમ તેનું પણ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. પાણીની સાથે સાથે ખાણી પીણીના ધંધાર્થીઓને ત્યાં પણ ચેકિંગ કરીને સ્વચ્છતા જાળવવા નોટિસો આપવામાં આવી રહી છે આ ધંધાર્થીઓને આર ઓ સિસ્ટમ રેકોર્ડ મેન્ટેન કરવા, દર મહિને લેબોરેટરી રિપોર્ટ કઢાવવા તેમજ પાણીની ટાંકી સ્વચ્છ રાખવા સૂચના આપવામાં આવી છે. શહેરના બરાનપુરા વિસ્તારમાં નામદેવ ફરસાણની દુકાનમાં ખાદ્ય પદાર્થમાં જીવાત નીકળવાની ફરિયાદ મળતા ફુડ સેફ્ટી ઓફિસર દ્વારા ઈન્સપેક્શનની કામગીરી દરમ્યાન સ્વચ્છતાની નોટીસ આપવામાં આવી હતી.

### સંરક્ષણ ગૃહના કર્મીઓની ઘોર બેદરકારી

# મોડાસા ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સમાં રહેતી બે સગીરા ફરાર થઈ જતા દોડધામ

મોડાસા, તા.૧૯

ગુજરાતમાં નારી સંરક્ષણ ગૃહ અને બાળ ગૃહમાંથી છોકરીઓ નાસી ગઈ હોવાના કિસ્સા સમયાંતરે બનતા રહે છે અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં આવેલ ચિલ્ડ્રન્સ હોમ ફોર ગર્લ્સમાં રહેતી કપડા સૂકવવાના બહાને બાજુના ધાબા પર રહેલ બખોલમાંથી બે સગીરા ફરાર થઈ જતા ચિલ્ડ્રન્સ હોમ ફોર ગર્લ્સના કર્મચારીઓમાં ભારે દોડધામ મચી હતી. મોડાસા ટાઉન પોલીસે અજાણ્યા ઈસમ સામે અપહરણનો ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસા શહેરની માણેકબાગ સોસાયટી નજીક આવેલ ચિલ્ડ્રન્સ હોમ ફોર ગર્લ્સમાં પોક્સો એક્ટ અંતર્ગત ભોગ બનેલ સાબરકાંઠા જિલ્લાની બે સગીરા છેલ્લા કેટલાક સમયથી રહેતી હતી. બંને સગીરાઓ કપડા સૂકવવા ગયા બાદ ચિલ્ડ્રન્સ હોમ ફોર ગર્લ્સના ધાબા પર કે પછી કપડાં સૂકવવા ગયા બાદ નાની બખોલમાંથી ગુમ થઈ જતા ભારે ચકચાર મચી હતી. ચિલ્ડ્રન્સ હોમ ફોર ગર્લ્સમાં ફરજ બજાવતા કર્મીઓએ બંને સગીરાની આજુબાજુમાં શોધખોળ હાથધર્યા બાદ કોઇ અત્તોપત્તો ન લાગતા ચોંકી ઊઠ્યા હતા. મોડાસા ચિલ્ડ્રન્સ હોમ ફોર ગર્લ્સના કર્મી પીનલબેન પટેલે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં બે સગીરાનું અજાણ્યા શખ્સે અપહરણ કર્યું હોવાનો ગુન્હો નોંધવતા ટાઉન પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# હિંમતનગરના હડીયોલમાં ભંગારના ગોડાઉનમાં આગ લાગી

હિંમતનગર, તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરથી હડીયોલ રોડ પર ગત રાત્રીના સમયે એક ભંગારના ગોડાઉનમાં આગ લાગી હતી. જેને લઈને ફાયર વિભાગને જાણ થતા સ્થળ પર પહોચી ૩૫૦૦ લીટર પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના સહકારી વિસ્તારમાં હડીયોલ રોડ પર આવેલ પટેલ સિરામિક્સના પાછળના ભાગે આવેલ ભંગારના ગોડાઉનમાં ગુરુવારે રાત્રીના સમયે અચાનક આગ લાગી હતી. જેમાં ઈકો ગાડી પણ લપેટાઈ હતી જેને લઈને ગોડાઉન માલિક ઉદયભાઈ ધનજીભાઈ મારવાડીને જાણ થતા તાત્કાલિક સ્થળ પર પહોંચીને ફાયર વિભાગને જાણ કરી હતી. જ્યાં એક કલાકમાં ૩૫૦૦ લીટર પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી.

**ધાર્મિક કાર્યક્રમ**

### અમદાવાદ : હઝરત શેખ અહેમદ ગંજ ખટ્ટુ (ર.અ.)ના ઉર્સની ૨૨-૨૩મીએ ઉજવણી

અહમદાબાદની બુનિયાદ જેમના નામ પર છે. તેવા ચાર અહમદ પૈકી સરખેજ રોઝા સ્થિત હઝરત શેખ અહેમદ ગંજ ખટ્ટુ મગરીબી (ર.અ.)ના ઉર્સશરીફ નિમિત્તે તા.૨૨ સોમવારની મોડી રાત્રે સંદલશરીફ તથા તા.૨૩ મંગળવારે ઉર્સની ઉજવણી દરમિયાન રાત્રે ઈશાની નમાઝ બાદ નાત શરીફનો કાર્યક્રમ યોજાશે. આ ઉર્સશરીફમાં મોટી સંખ્યામાં અકીદતમંદો ઉપસ્થિત રહેશે.

# ડીસાના માલગઢ ગામના ખેડૂતે ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને સરકારી નોકરી મેળવવામાં મદદ કરી

### GPSCની પરીક્ષા ૩ વખત પાસ કરી પણ સિલેક્શન ન થતાં વિદ્યાર્થીઓને કોચિંગની કેડી કંડારી



(તસવીર :- જમીલ મેમણ, ડીસા)

ડીસા, તા.૧૯

બનાસકાંઠા જિલ્લામાં અનેક એવા લોકો છે જે રાત-દિવસ તનતોડ મહેનત કરવા છતાં સરકારી નોકરી મેળવી શક્યા નથી પરંતુ અન્ય યુવાનો સરકારી નોકરી મેળવે તે માટે ખૂબ જ મદદરૂપ બન્યા છે ત્યારે આવા એક બનાસકાંઠાના ડીસા તાલુકાના માલગઢ ગામના જિતેન્દ્રકુમાર મગનાજી ટાંક જે ખેડૂત છે. સાથે-સાથે કવિ અને લેખક પણ છે. તેમણે GPSC વર્ગ ૧/૨ પરીક્ષા ૩ વાર પાસ કરી છે પરંતુ તેઓનું સિલેક્શન ન થતાં તેમણે એકેડમી શરૂ કરી અને તેમણે અનેક વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાનું કોચિંગ આપ્યું. તેમના માર્ગદર્શન હેઠળ અત્યાર સુધી ૧૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ સરકારી નોકરી મેળવી શક્યા છે.

માલગઢ ગામના જીતેન્દ્રકુમાર ટાંક GPSCની વર્ગ ૧/૨ની પરીક્ષા પાસ કરવા છતાં પણ તેઓ સિલેક્શન ન થયા તેથી તેઓએ અન્ય યુવાનો સારી રીતે સરકારી નોકરીની તૈયારી કરી સારી પોસ્ટ મેળવે તે માટે મદદરૂપ થઈ રહ્યા છે. અત્યાર સુધી અનેક યુવાનો તેમના માર્ગદર્શન હેઠળ સારી એવી નોકરી પણ મેળવી ચૂક્યા છે. માલગઢના જોધપુરિયા ઢાણી ખાતે રહેતા જીતેન્દ્રકુમાર મગનાજી ટાંકની ઉંમર ૪૯ વર્ષ છે અને તેઓએ અભ્યાસ એમ.એ. અર્થશાસ્ત્ર અને બી.એ. ડબલ ગોલ્ડ મેડાલિસ્ટનો છે.

**ઘરે મીની લાઈબ્રેરી બનાવી**

જીતેન્દ્રકુમાર ખેડૂતની સાથે કવિ અને લેખક પણ છે. તેમના ઘરે તેમણે મીની લાઈબ્રેરી બનાવી છે. જેમાં ૩૦૦૦ કરતા વધુ પુસ્તકો પણ તેમના પાસે છે. તેઓ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે છે. સાથે અનેક વિદ્યાર્થીઓને પુસ્તકો વાંચવા પણ આપે છે. તેમજ જ્યારે પણ નેશનલ કક્ષાનો પુસ્તક મેળો યોજાય ત્યારે ૫૦ જેટલા પુસ્તકો તેમના પુસ્તક મેળામાં હોય છે અને વિદ્યાર્થીઓ તેમના પુસ્તકો વાંચી સારી એવી નોકરી મેળવી તેમનો આભાર માને છે.

### એક્સપ્રેસ હાઈવેના ગમખ્વાર અકસ્માતની હજી શ્યાહી સૂકાઈ નથી ત્યાં જ

# વડોદરાના સોમાતળાવ ખાતે ક્ષમતા કરતાં વધુ મુસાફરો બેસાડતાં ઈકોચાલકો

વડોદરા, તા.૧૯

વડોદરા અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર ગોઝારા અકસ્માતમાં ૧૦નાં મોત બાદ બીજા દિવસે અમિતનગર સર્કલ ખાતેથી ખાનગી વાહનોમાં શટલ મારતા વાહનચાલકો ફરકયા ન હતા. માત્ર મુસાફરી કરવા માટે જઈ રહેલા મુસાફરો જ જોવા મળ્યા હતા. બીજી તરફ સોમાતળાવ ચાર રસ્તા પાસે પરિસ્થિતિ યથાવત્ જોવા મળી હતી. ઈકો કારમાં ક્ષમતા કરતા વધુ મુસાફરો બેસાડી ફેરા મારતા ચાલકોનો સિલસિલો યથાવત રહેવા પામ્યો હતો.

વડોદરા અમદાવાદ એક્સપ્રેસ હાઈવે ઉપર ઊભેલી ટેન્કરમાં ઘુસી જતા કારમાં સવાર ૧૦ મુસાફરોના મોત નિપજ્યા હતા. આ બનાવે ભારે અરેરાટી ફેલાવી દીધી હતી. વડોદરા શહેરના અમિત નગર સર્કલ, દુમાડ ચોકડી સહિતના વિવિધ વિસ્તારોમાં ખાનગી વાહનોમાં ક્ષમતા કરતા વધુ પેસેન્જર બેસાડી ફેરા મારતા ચાલકો બેફામ બન્યા છે. જેમની ઉપર ટ્રાફિક પોલીસ અને આરટીઓની રહેમનજર હોવાથી આજદીન સુધી કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવતા તાજેતરમાં આવા ચાલકોના પાપે ૧૦ નિર્દોષ મુસાફરોએ જીવ ગુમાવ્યો હતો. આ ઘટના બાદ બીજા દિવસે અમિત નગર સર્કલ ખાતે એક પણ ખાનગી વાહનચાલકો જોવા મળ્યા ન હતા માત્ર મુસાફરો જ જોવા મળ્યા હતા. જો કે, આ સન્નાટો માત્ર થોડા દિવસ જ જોવા મળશે. બાદમાં પરિસ્થિતિ જૈસે થે થઈ જશે. તો બીજી તરફ સોમા તળાવ ચાર રસ્તા પાસે ઈકો કારમાં ક્ષમતા વિના વધુ મુસાફરો બેસાડી ફેરા મારતા ચાલકો નજરે પડ્યા હતા. આ દરમિયાન ટ્રાફિક પોલીસના કર્મચારી પણ સ્થળ પર હાજર હોવા છતાં પણ આવા ચાલકો બિનદાસ્ત મુસાફરો બેસાડી ફેરા મારી રહ્યા હતા. જેને લઈ ટ્રાફિક પોલીસની કામગીરી પણ શંકાના દાયરામાં જોવા મળી હતી.

**Name Change**
Old Name : Fakhri
New Name : Chunavala Fakharudin Sajjauddinbhai
Address :- 15, Juni voharvad, Kagdivadai, At., Po., Ta. Sidhpur, Dist. Patan, Gujarat - 384151

**Name Change**
Old Name : Dawada Rahimben Hamubhai
New Name : Davada Rahimaben Hamidbhai
Address :- 215, Muslimvas, Nur Masjid Bajuma, At. Bhilvan, PO. Koita, Ta. Saraswati, Dist. Patan, Gujarat - 384285

**Name Change**
Old Name : Dawada Hamubhai Sharifbhai
New Name : Davada Hamidbhai Sharifbhai
Address :- 215, Muslimvas, Nur Masjid Bajuma, At. Bhilvan, PO. Koita, Ta. Saraswati, Dist. Patan, Gujarat - 384285

**શિક્ષક તથા ક્લાર્ક જોઇએ છે**
મદની પ્રાથમિક વિભાગ મોડાસા
૧. શિક્ષક (B.Sc./ M.Sc., B.A.,/M.A., B.Ed.)
૨. ક્લાર્ક (B.A./ B.COM.)
અરજી મોકલવાનું સરનામું
મદની હાઈસ્કૂલ, ડુગરવાડા રોડ, મોડાસા
મો. 9537445688

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)
IDFC FIRST Bank
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ :+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨
પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]
કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)
જે અંતર્ગત, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩(૧૨)નાં સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા **તા.૩૧.૦૧.૨૦૨૪**ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં **૧.રોનક ઈન્ડસ્ટ્રીઝ, ૨.આકાશ આચાર્ય, ૩. રાજેન્દ્રકુમાર સૂરજપ્રસાદ વૈષ્ણવ, ૪. સાવિત્રીબેન આચાર્ય, ૫. સુભાષચંદ્ર આચાર્ય**ના **રૂા.૧,૫૩,૭૭,૧૪૬.૪૨/- (ફક્ત રૂપિયા એક કરોડ ત્રેપ્પન લાખ સિત્યોત્તેર હજાર એકસો છેતાળીસ અને બેતાલીસ પૈસા પૂરા)** દેણદાર અને સહ-દેણદારો/ ગેરેન્ટરોને નોટિસ જણાવેલ દેણદારો સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ કે **તા.૩૧.૦૧.૨૦૨૪** મુજબ સુધી પુનઃચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.
દેણદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહીકર્તા દ્વારા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ-૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **પ્રતિકાત્મક કબજો ૧૨મી એપ્રિલ ૨૦૨૪**નાં રોજ લેવામાં આવ્યો છે.
ખાસ કરીને દેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે) રૂા.૧,૫૩,૭૭,૧૪૬.૪૨/- (ફક્ત રૂપિયા એક કરોડ ત્રેપ્પન લાખ સિત્યોત્તેર હજાર એકસો છેતાળીસ અને બેતાલીસ પૈસા પૂરા)** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.
દેણદારોનું ધ્યાન દોરવાનું કે કાયદાની ૧૩ની પેટા કલમ (૮) મુજબની જોગવાઈ અનુસાર ઉપલબ્ધ સમયમાં મિલકત પરત મેળવી શકે છે.
સ્થાવર મિલકતોનું વર્ણન
સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું લીઝહોલ્ડ પ્લોટ નં.૩૩૫૩, પ્લોટ વિસ્તાર ક્ષેત્રફળ ૨૦૦૩.૮૭ ચો.મી. એકસાથે ઊભેલ બાંધકામ -ફેઝ-૪ છત્રાલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સ્થિત અને ઊભેલ બિનખેતીની લીઝહોલ્ડ જમીન ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવેલોપમેન્ટ કોર્પોરેશન(જીઆઈડીસી ધરાવતા રેવન્યુ સર્વે નં.૧૧૦૫ પૈકી અને ૧૧૦૪/૧ પૈકી ગામની સીમ સાથે મોજે : છત્રાલ, તા. કલોલ જિ. ગાંધીનગર અને રજિ. સબ જિ. કલોલ સાથે રાજ્ય : ગુજરાત-૩૮૨૭૨૯ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : શેડ નં.૩૩૨૧/૧, પશ્ચિમ : ૨૦ મી. પહોળો રોડ, ઉત્તર : પ્લોટ નં.૩૩૫૨, દક્ષિણ : ૧૪ મી. પહોળો રોડ**
સહી/-
અધિકૃત અધિકારી
તારીખ : ૧૨મી એપ્રિલ ૨૦૨૪ — આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
સ્થળ : ગાંધીનગર — (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને
લોન એકાઉન્ટ નં : 24850494 — આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)

**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**
મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.
તારીખ અને સ્થળ:
રવિવાર, 21 એપ્રિલ 2024; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ તારા સન્સ, યશ કોમ્પ્લેક્સની પાછળ, સોનલ પાર્કની બાજુમાં, જી.ઇ.આર.આઇ. રોડ, સુંદરમ નગર, ગોત્રી, વડોદરા – 390 021, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અશ્વિની જોષી, મોબાઈલ : 81609 01639.
સોમવાર, 22 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ એક્સપ્રેસ રેસીડેન્સી, 18/19, અલકાપુરી, વડોદરા, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ વિવેક મગનાની, મોબાઈલ : 74055 07713.
સોમવાર, 22 એપ્રિલ 2024; સાંજે 7:30 વાગ્યાથી.
લક્ષ્મીનારાયણ ક્લબ એન્ડ રિસોર્ટ, સન ફાર્મા રોડ, પ્રમુખ સ્વામી નગર, અટલાદરા, વડોદરા – 390 012, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અશ્વિની જોષી, મોબાઈલ : 81609 01639.
મંગળવાર, 23 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ તારા સન્સ, યશ કોમ્પ્લેક્સ પાછળ, ગેરી રોડ, ગોત્રી, વડોદરા, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ વિવેક મગનાની, મોબાઈલ : 74055 07713.
બુધવાર, 24 એપ્રિલ 2024; સાંજે 6:00થી રાત્રે 8:00 વાગ્યા સુધી.
હોટેલ સૂર્યા ગાર્ડન, ચિતલ રોડ, અમરેલી – 365 601, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ભાવેશ ચોપડા, મોબાઈલ :79902 61828.
બુધવાર, 24 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
ગ્રાન્ડ મર્ક્યુર સૂર્ય પેલેસ, પારસી અગિયારીની સામે, સરોદ, સયાજીગંજ, વડોદરા – 390 020, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ વિવેક મગનાની, મોબાઈલ : 74055 07713.
બુધવાર, 24 એપ્રિલ 2024; સાંજે 7:30 વાગ્યાથી.
પીપલ્સ ડાઇન, વ્હાઇટ ઓર્કિડ, શેલ પેટ્રોલ પંપ પાસે, એલ પી સવાણી રોડ, સુરત – 395 009, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અમિત મંડલચવાલા, મોબાઈલ : 99249 59993.
નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:00 સુધીનો જ રહેશે.
વોક-ઈન્સને મંજૂરી નથી.
Azadi Ka Amrit Mahotsav — HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education and Awareness Initiative
મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારો એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.
**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

બનાસકાંઠાના પાલનપુર ખાતેથી રૂા.૧૭ લાખની કિંમતનો જથ્થો કબજે લેવાયો

# રાજ્યમાં વધુ એકવાર નકલી ઘીનો કારોબાર ઝડપાયો : ૨૭૦૦ કિલો ઘીનો જથ્થો જપ્ત કરાયો

## સેમ્પલ તપાસાર્થે લેબો.માં મોકલી દંડ વસૂલાયો : રિપોર્ટ બાદ કાયદેસર કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

રાજ્યમાં સરકારના કડક પગલાંની વાતો વચ્ચે ભેળસેળ કરનારાઓ બેફામ રીતે ભેળસેળ કરવા સાથે જોખમી ખાદ્યાખોરાકનો વેપલો કરી રહ્યા છે.

બનાસકાંઠામાં આજે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે દરોડા પાડી શંકાસ્પદ એટલે કે ડુપ્લિકેટ ઘીનો જથ્થો જપ્ત કર્યો છે.મે.ધાન્વી એન્ટરપ્રાઈઝ પાલનપુર ખાતેથી અંદાજીત રૂ ૧૭ લાખની કિંમતનું ૨૭૦૦ કિલો ઘી જપ્ત કર્યુ છે.તો ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે આ ઘીના જથ્થાને લેબોરેટરી ખાતે તપાસ અર્થે મોકલી આપ્યું છે.ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ રાજ્યના નાગરિકોની જીવનજરૂરી ખાદ્ય ચીજવસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટીબદ્ધ છે. તેમ છતાં સમયાંતરે આવા ધંધા કરનારા ઝડપાતા રહે છે.



બનાસકાંઠાના પાલનપુર ખાતે મે. ધાન્વી એન્ટરપ્રાઈઝ, પ્લોટ નંબર -૬ ગજાનંદ માર્કેટ ખાતે શંકાસ્પદ (ડુપ્લિકેટ) ઘી બનાવતા હોવાની બાતમી મળી હતી જે આધારે ફુડ વિભાગની ટીમે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથધરી હતી. પેઢીના માલિક હિતેશ ગોરધનભાઈ મોદીની હાજરીમાં તેમની પાસેથી અનમોલ પ્રિમીયમ બ્રાન્ડ ઘીનાં કુલ ૬ નમુના અને લુઝ ઘી ના ૧ એમ કુલ મળીને ૭ નમૂના લેવામાં આવ્યા હતા.જયારે બાકીનો કુલ ૨૭૪૦ લિટર ઘી નો જથ્થો કે જેની કિંમત આશરે રૂ.૧૭ લાખ થવા જાય છે તે સ્થળ ઉપર સિઝ કર્યો હતો.

સ્થળ ઉપર વધુ તપાસ કરતા પેઢીના માલિકે કહ્યું કે, તેઓ બહારથી તૈયાર સસ્તું ઘી લાવી પેક કરીને ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વેચતા હોવાનું સામે આવ્યું છે. તંત્ર દ્વારા મે. ધાન્વી એન્ટરપ્રાઈઝ પેઢીમાં અગાઉ પણ તપાસ હાથ ધરવામાં આવી હતી અને તે સ્થળેથી નમૂના લઈ જથ્થો સિઝ કરવામાં આવ્યો હતો અને તમામ જથ્થો ભેળસેળયુક્ત જણાતાં ૩ એડ્જ્યુડીકેટીંગ કેસમાં કુલ રૂ. ૨૧નો લાખ દંડ કરવામાં આવ્યો હતો.આ ખાદ્ય પદાર્થો બિન-આરોગ્યપ્રદ હોવાથી તેનો પૃથકકરણ અહેવાલ આવ્યા બાદ કાયદેસરની કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે. એટલે કે વિભાગ દ્વારા હાલ પૂરતી તો સેમ્પલ વગેરેની તપાસ કરવાની તથા દંડ વસૂલ કરવાની કાર્યવાહી કરાઈ છે. સેમ્પલના રિપોર્ટ્સ આવી ગયા બાદ જો તેમાં તથ્ય જણાશે તો કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી આ રીતે સતત નકલી અને ભેળસેળયુક્ત ખાદ્ય-પદાર્થો ઝડપાવાની ઘટનાઓ બહાર આવી રહી છે.

# ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલના અનવરહુસૈન શેખની સામે ત્રણ ગંભીર ગુના પેન્ડિંગ છતાંય જજ તરીકેની નિયુક્તિ અંગે સરકારનો જવાબ માંગતી ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ, તા.૧૯

ગુજરાત રાજ્ય ટ્રિબ્યુનલના ત્રીજા સભ્ય જજ તરીકે અનવરહુસૈન શેખની નિયુક્તિ કરવાના રાજ્ય સરકારના વિવાદિત નિર્ણયને પડકારતી જાહેરહિતની રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં આજે સુનાવણી થઈ. અરજદાર બીબીજી મસ્જિદના ત્રણ મૂતવલ્લી તરફે કોર્ટ સમક્ષ રજૂઆત કરી કે અનવરહુસૈન શેખ સામે ખંડણી અને ફોર્જરી જેવા ત્રણ ગંભીર ગુના હાલ પેન્ડિંગ હોવા છતાંય તેમની નિમણૂક ગુજરાત રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલના સભ્ય (જજ) તરીકે કરી છે જે એક ગંભીર બાબત છે અને આવી



વ્યક્તિની નિમણૂક રદબાતલ થવી જોઈએ. ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયધીશની ખંડપીઠે નોંધ લેતા સામા પક્ષકાર ગુજરાત સરકાર તેમજ અનવરહુસૈન શેખને જવાબ આપવા કહ્યું છે. વધુમાં ગુજરાત સરકારને ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલના જજ તરીકે નિમણૂક આપવા અંગે માપદંડ અંગે સોગંદનામું કરવા હુકમ કર્યો છે. અનવરહુસૈન શેખ તરફે રજૂઆત થયેલ કે આ ત્રણેય મુતવલ્લીઓના નામ કાઢી નાંખવામાં આવેલ અને તેઓ મુતવલ્લી તરીકે ચાલુ ન હોવાને કારણે આ અરજી કરી શકે નહીં તેમજ આ ત્રણેય ફરિયાદો ખોટી છે. ના. ગુજરાત હાઈકોર્ટે હવે પછીની મુદ્દત ૨૮/૬/૨૦૨૪ રાખેલ છે.

આ જાહેરહિતની અરજીમાં મુખ્ય રજૂઆત એ છે કે, આ અનવરહુસૈન શેખની એક માત્ર લાયકાત એ છે કે તે શાસક પક્ષ ભાજપના સક્રિય સભ્ય છે. વકફ એક્ટની કલમ - ૮૩ અન્વયે વકફ અને વકફ પ્રોપરતીજના વહીવટ અને જાળવણી માટે બોર્ડ અને ટ્રિબ્યુનલની રચના કરવાની રાજ્ય સરકારને સતત છે. ટ્રિબ્યુનલ એ સિવિલ કોર્ટ સમાન જ દરજ્જો ધરાવે છે અને તેની પાસે એટલી જ સત્તા હોય છે અને તેનો નિર્ણય અંતીમ અને પક્ષકારોને બંધનકર્તા હોય છે. આમ આવા હોદ્દા ઉપર કોઈ ખંડણી માંગનાર આરોપીની નિમણૂક થવી જોઈએ નહીં. કોર્ટે ગંભીર નોંધ લેતા સામા પક્ષકારોને જવાબ આપવા જણાવ્યું છે.

દરમિયાન, હાઈકોર્ટે સરકારી વકીલને પૂછ્યું કે શું તેઓ ગુનાહિત ઈતિહાસ વિશે જાણતા હતા. આખરે HCએ સક્ષમ સત્તાધિકારી તેમજ ત્રીજા સભ્યને આરોપોના જવાબમાં એફિડેવિટ ફાઈલ કરવા કહ્યું હતું અને વધુ સુનાવણી તા.૨૮ જૂનના રોજ રાખી હતી.

અમદાવાદમાં વધુ એકવાર તથ્યકાંડ સર્જાતા સ્હેજમાં રહ્યો !

# દાણીલીમડામાં લગ્નપ્રસંગમાં કાર ઘૂસી જતા નાસભાગ : નબીરાએ ૧૨ને ઉડાવ્યા

## કારચાલક નબીરાને લોકોએ દબોચી લઈ પોલીસને સોંપ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરમાં નબીરાઓ બેફામ બન્યા છે. તથ્યકાંડના ચર્ચાસ્પદ બનાવ બાદ આવો જ વધુ એક બનાવ બનતા સ્હેજમાં રહી ગયો. જેમાં જાન નીકળે તે પહેલા જ નબીરાએ લોકોને ઉડાવ્યા છે. અકસ્માતમાં ૧૨ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે. દાણીલીમડા પટેલ મેદાન વિસ્તારમાં આ બનાવ બનતા લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. જેથી શહેરમાં વધુ એકવાર હિટ એન્ડ રનનો બનાવ બન્યો છે. જેમાં લગ્ન પ્રસંગમાં કાર ઘૂસી જતાં નાસભાગ મચી ગઈ હતી. સ્વિફ્ટ કાર ચાલુ લગ્ન પ્રસંગમાં ઘૂસી જતા ભયનો માહોલ ફેલાયો હતો. અકસ્માતમાં ૧૨ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે. તેથી લગ્ન પ્રસંગનો માહોલ માતમમાં ફેરવાયો હતો. દાણીલીમડા પટેલ મેદાન



વિસ્તાર પાસે બનાવ બનતા કાર ડ્રાયવરને લોકોએ પકડી લીધો હતો. બનાવને લઈ તાત્કાલિક પોલીસ અને એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. દાણીલીમડા વિસ્તારમાં લગ્ન પ્રસંગમાં બધા વ્યસ્ત હતા. ત્યારે જાન નીકળે તે પહેલા બેફામ કાર ચલાવી નબીરાએ લોકોને ઉડાવ્યા હતા. જેમાં લોકોએ કાર ચાલકને દબોચી લઈ પોલીસને હવાલે કર્યો હતો. આ પ્રકારે ખુલ્લેઆમ રોડ પર રફતારના રાક્ષસ ફરી રહ્યાં છે. વારંવાર શહેરમાં હિટ એન્ડ રનની ઘટના બની રહી છે. જેમાં પોલીસનો કે કાયદાનો આ નબીરાઓને જરાપણ ડર લાગતો ના હોય તે આ પ્રકારની ઘટનાઓ બની રહી છે. જેથી સરકાર આ મામલે કડકમાં કડક કાયદો લાવે તથા પોલીસ તંત્ર કડક પગલાં લે તેવી ઉપસ્થિતિ લોકો તરફથી માગણી ઉઠી છે.

# આઈઓસીએલ કંપનીમાં હાઈડ્રો મશીનમાં આવી જતા શ્રમજીવીનું મોત

## ૫૦ લાખના વળતરની કંપની પાસે માગણી કરી, પરિવારજનો દ્વારા મૃતદેહ લઈ જવાનો ઈન્કાર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

આઈઓસીએલ કંપનીમાં કામ કરતા સમયે હાઈડ્રો મશીનમાં ફસાઈ ગયેલા શ્રમજીવીનું કમકમાટીભર્યું મોત નિપજ્યું છે. શ્રમજીવીના પરિવારજનોએ ૫૦ લાખના વળતરની માંગણી સાથે વિરોધ વ્યક્ત કરી ડેડબોડી લઈ જવાનો ઈનકાર કરતા કોલ્ડરુમમાં બોડી મૂકવામાં આવી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મૂળ બિહારનો અને હાલમાં કંપનીના ક્વાર્ટરમાં જ રહે છે. આઈ.ઓ.સી.એલ. કંપનીમાં તે છેલ્લા બે મહિનાથી કોન્ટ્રાક્ટ પર મજૂરી કામ કરે છે. ગઈકાલે કંપનીમાં કામ કરતા સમયે હાઈડ્રા મશીનમાં તે આવી જતા ગંભીર ઈજાગ્રસ્ત થતા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. પરંતુ, ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. ત્યારબાદ તેની ડેડબોડી પી.એમ. માટે સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. પી.એમ. પછી પરિવારજનોએ ૫૦ લાખના વળતરની માગણી કરી ડેડબોડી લઈ જવાનો ઈન્કાર કર્યો હતો. કંપની દ્વારા હાલમાં બે લાખ આપવાનું કહી ઈન્સ્યોરન્સના રૂપિયા પણ આપવાનું કહ્યું હતું. પરંતુ, પરિવારજનો દ્વારા તાત્કાલિક રોકડા રુપિયાની માંગણી કરવામાં આવી હતી. જેના પગલે વિવાદ થતા પોલીસે ડેડબોડી સયાજી હોસ્પિટલના કોલ્ડરુમમાં મૂકાવી છે. આ અંગે પોલીસનું કહેવું છે કે, કોન્ટ્રાક્ટર દ્વારા તમામ શ્રમજીવીઓનો ઈન્સ્યોરન્સ લેવામાં આવ્યો છે. પરંતુ, ઈન્સ્યોરન્સના રુપિયા આવતા સમય લાગે તેમ છે. જ્યારે મૃતકના પરિવારજનો તાત્કાલિક રુપિયા માંગે છે અને તે પણ કંપની પાસે જેના કારણે વિવાદ થયો છે. હાલમાં પણ મૃતકના પરિવારજનોની મીટિંગ ચાલી રહી છે. પરંતુ, કોઈ ઉકેલ આવ્યો નથી.

વધુ એક પેપરલીકની ઘટના

# સૌરાષ્ટ્ર યુનિ.માં BCA સેમ-૪નું પેપરલીક થયું હોવાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં વધુ એક પેપરલીકની ઘટના સામે આવી છે. વાત જાણે એમ છે કે, વિદ્યાર્થી નેતા યુવરાજસિંહે ગુજરાતમાં ફરી એકવાર પેપર ફૂટવાની ઘટના બની હોવાનો આક્ષેપ લગાવ્યો છે. તેઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં BCA સેમ ૪નું પેપર લીક થયું હોવાનો આક્ષેપ કર્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આજે વિવિધ કોલેજોમાં BCA સેમ-૪નું પેપર લેવામાં આવ્યું હતું. યુવરાજ સિંહે આરોપ લગાવ્યો હતો કે પરીક્ષાનું પેપર માત્ર એક કલાક પહેલા જ સોશિયલ મીડિયા પર વાયરલ થયું હતું.સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં યુનિક્સ/લિનક્સ સાથે ઓપરેટિંગ સિસ્ટમ કોન્સેપ્ટનું પેપર હતું જે ૧૯મીએ સવારે ૧૦.૩૦ કલાકે BCA સેમેસ્ટર-૪માં લીક થયું હતું. યુવરાજસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે સવારે ૯.૩૦ વાગ્યે પેપર સોશિયલ મીડિયા પર વાયરલ થયું હતું. આ સાથે યુવરાજ સિંહે પેપર લીકના પુરાવા પણ રજૂ કર્યા હતા.

યુવરાજસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે અમે વોટ્સએપ પર ચાલી રહેલા લેખિત પ્રશ્નોને પેપર સાથે મેચ કર્યા છે. પ્રિન્ટેડ પેપરમાં એ જ જોડણીની ભૂલો હતી જે લખાણમાં હતી. હું એમ નથી કહેતો કે આજનું પેપર લીક થયું હતું. અગાઉના દિવસનું પેપર પણ ૯.૩૨ મિનિટે સોશિયલ મીડિયા પર વિદ્યાર્થીઓના જૂથો વચ્ચે શેર કરવામાં આવ્યું હતું. અમે આજે વિદ્યાર્થી સંગઠનોને મળ્યા, તેઓએ આ માહિતી આપી. અમે વિદ્યાર્થીઓની આ માહિતીની સંપૂર્ણ ચકાસણી કરી છે.

અમારી સિસ્ટમ ફૂલપ્રૂફ છે, પ્રોફેસરનું આઈડી અને બાયોમેટ્રિક્સ લઈને પેપર ખોલવામાં આવે છે, ૯૦ મિનિટ પહેલા પેપર ખોલવાની છૂટ છે, પેપર કોણે ખોલ્યું તેની તપાસ થશે, માહિતી અનુસાર ૩૫૦૦૦ વિદ્યાર્થીઓનો દાવો ખોટા, મીડિયા દ્વારા એવું બહાર આવ્યું છે કે કાગળ જાતે લખવામાં આવ્યો હતો, હકીકત બહાર આવ્યા પછી અમે ફોજદારી પગલાં લઈશું, અમે આ ઘટના અંગે અનુમાન કરી શકતા નથી. તેમ તેઓએ ઉમેર્યું હતું.

મોરબીમાં રામનવમીની શોભાયાત્રા દરમિયાન

# પયગમ્બર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) સાહેબની શાનમાં ગુસ્તાખી કરનાર મહિલા સામે ફરિયાદ

## એ-ડિવિઝન પોલીસ મથકે મુસ્લિમ અગ્રણીઓએ ગુનો દાખલ કરાવ્યો



(તસવીર : રજ્જાક બુખારી, મોરબી)

મોરબી, તા.૧૯

મોરબીમા રામનવમીની શોભાયાત્રામા હઝરત પયગંબર મોહંમદ (સ.અ.વ.) સાહેબની શાનમા ગુસ્તાખી કરી બે કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાવવાના ઈરાદે નારા લગાવનાર અજાણી મહિલા વિરૂદ્ધ ગુનો દાખલ કરાયો છે. મોરબી સિટી એ-ડિવિઝન પોલીસ મથકે મુસ્લિમ ધર્મની લાગણી દુભાવનાર અજાણી મહિલા વિરૂદ્ધ આઈ.પી.સી. કલમ ૧૫૩ (એ) ૨૯૫ (એ) અને ૫૦૪ મુજબ એફઆઈઆર દાખલ કરાઈ છે. મચ્છીપીઠ મુસ્લીમ વિસ્તારમાં ગેબનશાહપીરની દરગાહ ચોકમાં શોભાયાત્રા પહોંચતા અજાણી મહિલાએ શોભાયાત્રાના ડી.જે સાઉન્ડમા ભજન ચાલુ હોય તે બંધ કરી પોતાના હાથમા માઈક્રોફોન લઈને મુસ્લિમ ધર્મની લાગણી દુભાય અને બંને કોમ વચ્ચે ધિક્કાર અને દુશ્મનાવટ ઊભી થાય તેવા હેતુથી પયગંબર હજરત મોહંમદ (સ.અ.વ.) સાહેબ વિશે અવિવેકી નારાઓ લગાવી વૈયમનસ્ય ઊભું કરવા અને સુલેહશાંતીનો ભંગ થાય તેવા બદ ઈરાદાથી નારાઓ લગાવી કૃત્ય કરતા પોલીસે અજાણી મહિલા વિરુધ્ધ ભારતીય દંડ સહિતાની કલમ-૧૫૩ (એ) ૨૯૫ (એ) ૫૦૪ મુજબ ગુનો નોંધ્યો હતો.

મુસ્લિમ અગ્રણીઓ અને યુવાનોના ટોળેટોળા એકત્ર થતા એ ડિવિઝનના પી.આઈ.હુકુમતસિંહ જાડેજા અને મોરબી શહેર ખતીબ અબ્દુલ રશીદમિંયા બાપુ તેમજ મુસ્લિમ અગ્રણીઓએ મામલો થાળે પાડ્યો હતો અને બીજા દિવસે મુસ્લિમ ધર્મગુરૂઓ અને સમાજના અગ્રણીઓ બહોળી સંખ્યામા એ ડિવિઝન પોલીસ મથકે આ બનાવની પોલીસ ફરિયાદ નોંધાવવાની રજૂઆત કરવા જતા પીઆઈએ સંતોષકારક જવાબ આપી તટસ્થ કામગીરીના ભાગરૂપે બનાવની પોલીસ ફરિયાદ નોંધી હતી.

જમાલપુર, ખાડિયા, રાયપુર સહિતના વિસ્તારોમાં

# લોકસભાની ચૂંટણી બાદ પ્રદૂષિત પાણી અને ગટર ઉભરાવવાની સમસ્યા દૂર થશે !

## ૩૦૦ કરોડથી વધુનું ટેન્ડર કરાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરના કોટ વિસ્તારમાં પ્રદૂષિત પાણી અને ગટર ઉભરાવવાની સમ્યા લોકસભાની ચૂંટણી બાદ દૂર કરવામાં આવશે અમદાવાદના કોટ વિસ્તારમાં વર્ષો જૂની પાણીની અને ગટરની લાઈનો આવેલી છે. છેલ્લા અનેક વર્ષોથી ગટર ઉભરાવવાની અને પ્રદૂષિત પાણી આવા અંગેની ફરિયાદો ઉઠી રહી હતી, જેના પગલે પ્રિન્સિપલ કોર્પોરેશન દ્વારા શહેરના મધ્ય ઝોન વિસ્તારમાં પાણી અને ગટરની લાઈનો બદલવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૩૩૩ કરોડનું ટેન્ડર કરવામાં આવ્યું છે.

મધ્ય ઝોનમાં આવતા ખાડિયા, જમાલપુર, રાયપુર સહિતના વિસ્તારમાં રોજની ૧૦૦૦ કરતાં વધારે ફરિયાદ તો માત્ર ગટર ઉભરાવાની આવે છે. આજે મળેલી સ્ટેન્ડિંગ કમિટીમાં મધ્ય ઝોન વિસ્તારમાં પ્રદૂષિત પાણી અને ગટર ઉભરાવાની સમસ્યાને લઈ અને ૩૦૦ કરોડથી વધુનું ટેન્ડર કરવામાં આવ્યું હોવા અંગેની માહિતી તંત્ર દ્વારા આપવામાં આવી હતી.

આ ઉપરાંત જ્યાં પણ આ પ્રકારે ગટર લાઈન અને પાણીની લાઈનની કામગીરી પુર્ણ થાય ત્યાં બાદમાં રસ્તા બનાવવામાં આવશે. જેમાં જ્યાં ડામરનો રસ્તો હશે ત્યાં ડામરનો રસ્તો અને જ્યાં સીમેન્ટ કોક્રિંટનો રસ્તો હશે તે પ્રકારે ફરીથી યથાવત સ્થિતિમાં બનાવવા ઝડપી કામગીરી કરાશે.

# નવરંગપુરા ફાયર સ્ટેશનને બેસ્ટ ફાયર સ્ટેશનનો એવોર્ડ મળ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદમાં નેશનલ ફાયર સર્વિસ સપ્તાહમાં અમદાવાદ મહાનગરપાલિકા માટે ગર્વ લેવા જેવી ઘટના બની છે. નવરંગપુરા ફાયર સ્ટેશનને દેશના બેસ્ટ ફાયર સ્ટેશનનો એવોર્ડ મળ્યો છે. ગુજરાતમાંથી તમામ ફાયર બ્રિગેડ સ્ટેશનોએ નોમિનેશન કર્યુ હતુ. તેમા અમદાવાદના નવરંગપુરા ફાયર સ્ટેશને બાજી મારી છે. પ્રિન્સિપાલ સેક્રેટરીએ મોમેન્ટો આપી ફાયર સ્ટેશનના વડાને સન્માનિત કર્યા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) માટે આ ગર્વ લેવા જેવી વાત છે.

આજે ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરાશે

# અમદાવાદની બંને બેઠકો માટે કુલ મળીને ૨૪ ફોર્મ રજૂ થયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

લોકસભા ચૂંટણીની ઉમેદવારી નોંધાવવાનો આજે છેલ્લો દિવસ હતો. અમદાવાદની બે બેઠકો - અમદાવાદ પૂર્વ અને અમદાવાદ પશ્ચિમ (અ.જા.) માટે આજરોજ (૧૯ એપ્રિલ)ના રોજ કુલ ૨૪ ફોર્મ રજૂ થયાં છે. જે પૈકી અમદાવાદ પૂર્વ બેઠક માટે ૧૮ ફોર્મ રજૂ કરાયાં, જ્યારે અમદાવાદ પશ્ચિમ (અ.જા.) માટે ૬ ફોર્મ રજૂ કરાયા છે.

અત્યાર સુધીમાં અમદાવાદ પૂર્વ બેઠક માટે કુલ ૪૪ ફોર્મ રજૂ કરાયાં છે, જ્યારે અમદાવાદ પશ્ચિમ (અ.જા.) બેઠક માટે ૧૯ ફોર્મ રજૂ કરાયાં છે. આમ, કુલ મળીને બંને બેઠકો પર અત્યાર સુધીમાં કુલ ૬૩ ફોર્મ ભરવામાં આવ્યાં છે.

આ ભરાયેલા ઉમેદવારી પત્રોની ચકાસણી ૨૦ એપ્રિલના રોજ સવારના ૧૧.૦૦ વાગ્યાથી સબંધિત ચૂંટણી અધિકારીશ્રીની કચેરી ખાતે હાથ ધરવામાં આવશે અને ૨૨ એપ્રિલના બપોરના ૩.૦૦ કલાક પહેલા ઉમેદવારી પરત ખેંચી શકાશે. એટલે કે તારીખ ૨૨ એપ્રિલરના રોજ સાંજે ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

# ખુદામે હુજ્જાજ કમિટી દ્વારા હજ તરબિયતી પ્રેક્ટિકલ પ્રોગ્રામનું આયોજન



અમદાવાદ, તા.૧૯

આજરોજ બાપુનગર વિસ્તારમાં ખુદામે હુજ્જાજ કમિટી દ્વારા તોફીકખાન ભવન મોમીન મસ્જિદ શકીલ ચોકમાં એક હજ તરબિયતી પ્રેક્ટિકલ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આ વર્ષે હજ પર જનારા હજયાત્રીઓને હજના અરકાન કઈ રીતે અદા કરવા તે સંપૂર્ણ મૌખિક તેમજ પ્રેક્ટિકલ માહિતી આપવામાં આવી હતી. માહિતી આપવા ધાર્મિક વિદ્વાનો મુફતી અશરફ, હાજી નિસારઅહેમદ અને નાઝીમ અત્તરી હાજર રહ્યા હતા. ખુદામે હુજ્જાજ કમિટીના મેમ્બરો ઈમરાન ખાન, તારીક હુસેન માસ્ટર ફિરોઝખાન પઠાણ તેમજ અન્ય સભ્યોએ સફળતાપૂર્વક કાર્યક્રમને અંત સુધી પહોંચાડ્યો હતો. આ કાર્યક્રમમાં કમિટીના ફિલ્ડ ટ્રેનર સૈયદ મુજફ્ફર, યુનુસભાઈ, સોહેલ મેમણ અને અશરફ અન્સારી હાજર રહ્યા હતા.

# જેએનકે ઈન્ડિયાનો આઈપીઓ ૨૩મી એપ્રિલે ખુલશે

અમદાવાદ,તા.૧૯

જેએનકે ઈન્ડિયા લિ. તેલ અને ગેસ રિફાઈનરીઓ, પેટ્રોકેમિકલ અને ખાતર ઉદ્યોગોમાં વપરાતા પ્રોસેસ ફાયર હીટર, રિફોર્મર્સ અને ક્રેકીંગ ફર્નેસના ઉત્પાદનના વ્યવસાયમાં છે. કંપનીએ તેના આઈપીઓ માટે રૂા.૨ શેરની ફેસ વેલ્યુના શેર માટે રૂા.૩૯૫થી રૂા.૪૧૫ ઈકિવટી શેરની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. કંપનીની પ્રારંભિક જાહેર ઓફર મંગળવાર, ૨૩મી એપ્રિલ, ૨૦૨૪ના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને ગુરૂવાર, ૨૫મી એપ્રિલ, ૨૦૨૪ના રોજ બંધ થશે, રોકાણકારો લઘુતમ ૩૬ ઈકિવટી શેર્સ માટે બિડ કરી શકે છે અને ત્યાર બાદ ૩૬ ઈકિવટી શેરના ગુણાકમાં કરી શકે છે.

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**
**CIN : L65110TN2014PLC097792**
**રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ,ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ :+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨**
IDFC FIRST Bank

**પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]**
**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જે અંતર્ગત, નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩(૧૨)નાં સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨નાં નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા **તા.૩૧.૦૧.૨૦૨૪**ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં **૧.રોનક ઈન્ડસ્ટ્રીઝ, ૨.આકાશ આચાર્ય, ૩. રાજેન્દ્રકુમાર સૂરજપ્રસાદ વૈષ્ણવ, ૪. સાવિત્રીબેન આચાર્ય, ૫. સુભાષચંદ્ર આચાર્ય**ના **રૂા.૧,૫૩,૭૭,૧૪૬.૪૨/- (ફક્ત રૂપિયા એક કરોડ ત્રેપ્પન લાખ સિત્યોત્તેર હજાર એકસો છેતાળીસ અને બેતાલીસ પૈસા પૂરા)** દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને નોટિસ જણાવેલ દેણદારો સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ કે **તા.૩૧.૦૧.૨૦૨૪** મુજબ સુધી પુનઃચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે.

દેણદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહીકર્તા દ્વારા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ-૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **પ્રતિકાત્મક કબજો ૧૨મી એપ્રિલ ૨૦૨૪**નાં રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને દેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે) રૂા.૧,૫૩,૭૭,૧૪૬.૪૨/- (ફક્ત રૂપિયા એક કરોડ ત્રેપ્પન લાખ સિત્યોત્તેર હજાર એકસો છેતાળીસ અને બેતાલીસ પૈસા પૂરા)** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

દેણદારોનું ધ્યાન દોરવાનું કે કાયદાની ૧૩ની પેટા કલમ (૮) મુજબની જોગવાઈ અનુસાર ઉપલબ્ધ સમયમાં મિલકત પરત મેળવી શકે છે.

**સ્થાવર મિલકતોનું વર્ણન**

સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું લીઝહોલ્ડ પ્લોટ નં.૩૩૫૩, પ્લોટ વિસ્તાર ક્ષેત્રફળ ૨૦૦૩.૮૭ ચો.મી. એકસાથે ઊભેલ બાંધકામ -ફેઝ-૪ છત્રાલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સ્થિત અને ઊભેલ બિનખેતીની લીઝહોલ્ડ જમીન ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવેલોપમેન્ટ કોર્પોરેશન(જીઆઈડીસી ધરાવતા રેવન્યુ સર્વે નં.૧૧૦૫ પૈકી અને ૧૧૦૪/૧ પૈકી ગામની સીમ સાથે મોજે : છત્રાલ, તા. કલોલ જિ. ગાંધીનગર અને રજિ. સબ જિ. કલોલ સાથે રાજ્ય : ગુજરાત-૩૮૨૭૨૯ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : શેડ નં.૩૩૨૧/૧, પશ્ચિમ : ૨૦ મી. પહોળો રોડ, ઉત્તર : પ્લોટ નં.૩૩૫૨, દક્ષિણ : ૧૪ મી. પહોળો રોડ**

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**

**તારીખ : ૧૨મી એપ્રિલ ૨૦૨૪**
**સ્થળ : ગાંધીનગર**
**લોન એકાઉન્ટ નં : 24850494**

**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળ:**

રવિવાર, 21 એપ્રિલ 2024; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ તારા સન્સ, યશ કોમ્પ્લેક્સની પાછળ, સોનલ પાર્કની બાજુમાં, જી.ઈ.આર.આઈ. રોડ, સુંદરમ નગર, ગોત્રી, વડોદરા – 390 021, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: અશ્વિની જોષી, મોબાઈલ : 81609 01639.

સોમવાર, 22 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ એક્સપ્રેસ રેસીડેન્સી, 18/19, અલકાપુરી, વડોદરા, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: વિવેક મગનાની, મોબાઈલ : 74055 07713.

સોમવાર, 22 એપ્રિલ 2024; સાંજે 7:30 વાગ્યાથી.
લક્ષ્મીનારાયણ ક્લબ એન્ડ રિસોર્ટ, સન ફાર્મા રોડ, પ્રમુખ સ્વામી નગર, અટલાદરા, વડોદરા – 390 012, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: અશ્વિની જોષી, મોબાઈલ : 81609 01639.

મંગળવાર, 23 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ તારા સન્સ, યશ કોમ્પ્લેક્સ પાછળ, ગેરી રોડ, ગોત્રી, વડોદરા, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: વિવેક મગનાની, મોબાઈલ : 74055 07713.

બુધવાર, 24 એપ્રિલ 2024; સાંજે 6:00થી રાત્રે 8:00 વાગ્યા સુધી.
હોટેલ સૂર્યા ગાર્ડન, ચિતલ રોડ, અમરેલી – 365 601, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: ભાવેશ ચોપડા, મોબાઈલ :79902 61828.

બુધવાર, 24 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
ગ્રાન્ડ મર્ક્યુર સૂર્ય પેલેસ, પારસી અગિયારીની સામે, સરોદ, સયાજીગંજ, વડોદરા – 390 020, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: વિવેક મગનાની, મોબાઈલ : 74055 07713.

બુધવાર, 24 એપ્રિલ 2024; સાંજે 7:30 વાગ્યાથી.
પીપલ્સ ડાઈન, વ્હાઈટ ઓર્કિડ, શેલ પેટ્રોલ પંપ પાસે, એલ પી સવાણી રોડ, સુરત – 395 009, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરો: અમિત મંડલયવાલા, મોબાઈલ : 99249 59993.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:00 સુધીનો જ રહેશે.
વોક–ઈન્સને મંજૂરી નથી.

Azadi Ka Amrit Mahotsav HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન–ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

# લોકસભા ચૂંટણી ૨૦૨૪ : મતદાર યાદીમાં તમારૂં નામ તપાસવું અને જો તેમાં નામ ન હોય તો શું કરવું જોઈએ

## એ ખાતરી કરવી જરૂરી છે કે તમારૂં નામ લોકસભા ચૂંટણી પહેલા મતદાર યાદીમાં છે, જો તમારૂં નામ નથી તો તેની ચકાસણી માટે આ માર્ગદર્શિકાને અનુસરો

(એજન્સી) તા.૧૯

૧૮મી લોકસભા માટે ૫૪૩ સભ્યોને ચૂંટવા માટે દેશમાં સાત તબક્કામાં મતદાન થશે. ૧૮મી લોકસભાની ચૂંટણી ૧૯ એપ્રિલથી શરૂ થઈ રહી છે અને પાત્ર મતદારો, ખાસ કરીને પ્રથમ વખતના મતદારો માટે, મતદાર યાદીમાં તેમના નામની ચકાસણી કરવી જરૂરી છે.

**તમારૂં નામ મતદાર યાદીમાં છે કે કેમ તે કેવી રીતે તપાસવું અને જો તે તેમાં નથી તો શું કરવું તે અંગેની માર્ગદર્શિકા :**

૧. **મતદાનની તારીખો અને પાત્રતા :** લોકસભાની ચૂંટણીનો પ્રથમ તબક્કો ૧૯ એપ્રિલથી શરૂ થાય છે. જો તમે ૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ અથવા તે પહેલાં ૧૮ વર્ષના થઈ ગયા હો, તો તમે મત આપવા માટે પાત્ર છો. તમારા લોકશાહી અધિકારનો ઉપયોગ કરવા માટે તમારૂં નામ મતદાર યાદીમાં છે તેની ખાતરી કરો.

૨. **તમારૂં નામ તપાસવું :** ભારતના ચૂંટણી પંચ (ECI)ની વેબસાઈટની મુલાકાત લો અથવા મતદાર હેલ્પલાઈન એપ્લિકેશનનો ઉપયોગ કરો. તમે મતદાર ID (EPIC), મોબાઈલ નંબર અથવા નામ અને જન્મ તારીખ જેવી વ્યક્તિગત વિગતો દ્વારા શોધી શકો છો.

૩. **ઉપલબ્ધ માહિતી :** મતદારોની યાદી EPIC નંબર, નામ, ઉંમર, સંબંધીનું નામ, રાજ્ય, જિલ્લો, વિધાનસભા મતવિસ્તાર અને મતદાન મથક જેવી વિગતો દર્શાવે છે.

૪. **જો નામ ન હોય તો :** જો તમારું નામ મતદાર યાદીમાં નથી, તો તે સરનામાંમાં ફેરફાર, વાર્ષિક પુનરાવર્તનો અથવા ડુપ્લિકેટ એન્ટ્રીઓને કારણે હોઈ શકે છે. આ સમસ્યા માટે તાત્કાલિક કાર્યવાહી કરો.

૫. **તમારું નામ કેવી રીતે ઉમેરવું**

- ECI વેબસાઈટ પર ઉપલબ્ધ ફોર્મ ૬નો ઉપયોગ કરીને અરજી કરો.
- અંગત વિગતો અને સરનામાનો પુરાવો આપો.
- ઉંમરના પુરાવા માટેના દસ્તાવેજોમાં જન્મ પ્રમાણપત્ર, આધાર, PAN વગેરેનો સમાવેશ થાય છે.



- સરનામાનો પુરાવો યુટિલિટી બિલ, બેંક પાસબુક, પાસપોર્ટ વગેરે હોઈ શકે છે.

૬. **નોંધણી માટેની સમયરેખા :** ECI દરેક તબક્કા માટે નામાંકનની છેલ્લી તારીખ સુધી મતદારોની યાદી અપડેટ કરે છે. સમયસર પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે નોમિનેશનની અંતિમ તારીખના ઓછામાં ઓછા સાત દિવસ પહેલા અરજી કરો.

૭. **ફોર્મ અને અરજી પ્રક્રિયા :** ECI વેબસાઈટ પર જરૂરી ફોર્મ ઍક્સેસ કરો. તમારા મોબાઈલ નંબર અથવા ઈમેલ એડ્રેસનો ઉપયોગ કરીને સાઈન અપ કર્યા પછી તેને ઓનલાઈન ભરો.

૮. **જરૂરી દસ્તાવેજો :** ફોર્મની સાથે, વય અને સરનામાના પુરાવા દસ્તાવેજોની સ્વ-પ્રમાણિત નકલો સબમિટ કરો. સ્વીકાર્ય પુરાવાઓમાં જન્મ પ્રમાણપત્રો, આધાર, ઉપયોગિતા બિલો, બેંક પાસબુક વગેરેનો સમાવેશ થાય છે. આ પગલાંને અનુસરીને, તમે મતદાર યાદીમાં તમારું નામ ચકાસી શકો છો અને જો તે ખૂટે છે તો જરૂરી પગલાં લઈ શકો છો. આ લોકતાંત્રિક પ્રક્રિયામાં ભાગ લઈને આગામી લોકસભા ચૂંટણીમાં તમારો મત આપો.

# કેનેડાના સૌથી મોટા સોના અને રોકડની ચોરીમાં ધરપકડ કરાયેલા ૬ આરોપીમાંથી બે ભારતીય મૂળના

## ૧૭ એપ્રિલ, ૨૦૨૩ના રોજ એક સુરક્ષિત સ્ટોરેજ ફેસિલિટીમાંથી સ્વિત્ઝર્લેન્ડના ઝ્યુરિચથી એર કેનેડાની ફ્લાઈટમાં આવેલું ૨.૨ કરોડ કેનેડિયન ડૉલરથી વધુ મૂલ્યના સોનાના બાર અને વિદેશી ચલણ વહન કરતું એર કાર્ગો કન્ટેનર ચોરાયું હતું

(એજન્સી) ઓટ્ટાવા, તા.૧૯

કેનેડાના ઈતિહાસમાં સૌથી મોટી સોનાની ચોરી ગયા વર્ષે ટોરોન્ટોના મુખ્ય એરપોર્ટ પર થઈ હતી, જેમાં કરોડો ડૉલરની સોનાની ચોરીના સંબંધમાં ધરપકડ કરાયેલા છ વ્યક્તિઓમાં બે ભારતીય મૂળના પુરૂષોનો સમાવેશ થાય છે. પીલ પ્રાદેશિક પોલીસ (PRP)એ જણાવ્યું હતું કે, કેનેડિયન સત્તાવાળાઓએ આ કેસમાં વધુ ત્રણ વ્યક્તિઓ માટે વોરંટ પણ જારી કર્યું છે. પોલીસનું કહેવું છે કે, એર કેનેડાના ઓછામાં ઓછા બે પૂર્વ કર્મચારીઓએ આ દીલધડક ચોરીમાં મદદ કરી હતી. એક હવે કસ્ટડીમાં છે અને બીજા માટે ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે. ભારતીય મૂળના બે વ્યક્તિઓ - પરમપાલ સિદ્ધુ ૫૪ અને અમિત જલોટા ૪૦, બંને ઓન્ટારિયોના સાથે અમ્મદ ચૌધરી ૪૩, અલી રઝા ૩૭ અને પ્રસથ પરમાલિંગમ ૩૫ની બુધવારે ધરપકડ કરવામાં આવી હતી. બ્રેમ્પટનના ૨૫ વર્ષીય ડ્યુરાન્ટે કિંગ-મેક્લીન હાલમાં હથિયારોની હેરફેર-સંબંધિત આરોપોમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં કસ્ટડીમાં છે અને તપાસકર્તાઓ તેમના અને તેમના કાનૂની સલાહકાર સાથે સંપર્કમાં છે. ગયા વર્ષે નોંધાયેલા ગુનાની લાંબી તપાસ બાદ ધરપકડની જાહેરાત કરવામાં આવી હતી. ગુના સમયે પરમપાલ સિદ્ધુ એર કેનેડામાં કામ કરતો હતો. અહેવાલમાં જણાવાયું છે કે, આ ઉપરાંત પોલીસે બ્રેમ્પટનના ૩૧ વર્ષીય સિમરન પ્રીત પાનેસર, જે ચોરી સમયે એર કેનેડાની કર્મચારી પણ હતી; બ્રેમ્પટનના ૩૬ વર્ષીય અર્ચિત ગ્રોવર અને મિસીસૌગાના ૪૨ વર્ષીય અરસલાન ચૌધરી માટે કેનેડા-વ્યાપી વોરંટ જારી કરવામાં આવ્યું છે. એર કેનેડાના પ્રવક્તા પીટર ફિટ્ઝપેટ્રિકે પરમપાલ સિદ્ધુ અને સિમરન પાનેસરની નેશનલ ફ્લેગ કેરિયરમાં સાથે નોકરી કરતા હોવાની પુષ્ટિ કરી હતી. તેમણે કહ્યું, 'આજે જાહેર કરાયેલી ધરપકડ પહેલા એકે કંપની છોડી દીધી હતી અને બીજાને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. જેમ કે આ હવે અદાલતો સમક્ષ છે, તેથી વધુ ટિપ્પણી કરવાની અમારી ક્ષમતા મર્યાદિત છે.' સીબીસી ન્યૂઝે અહેવાલ આપ્યો હતો કે, મુખ્ય તપાસકર્તા Det.-Sgt. માઈક મેવિટીએ એર કેનેડા કાર્ગો ફેસિલિટીમાંથી થયેલી હિંમતભરી ચોરીને કેનેડિયન ઈતિહાસમાં સોનાની સૌથી મોટી ચોરી ગણાવી હતી. તેમણે કહ્યું કે, એરલાઈન માટે કામ કરતા બે માણસોએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. માવિટીએ કહ્યું, 'તેમને આ ચોરીને સરળ બનાવવા માટે એર કેનેડાની અંદર કામ કરતા લોકોની જરૂર હતી.' પીલ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, '૧૭ એપ્રિલ, ૨૦૨૩ના રોજ બપોરે ૩:૫૬ વાગ્યે ફ્લાઈટ સ્વિટ્ઝર્લૅન્ડના ઝ્યુરિચથી પીયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરી, જેમાં .૯૯૯૯% શુદ્ધ સોનાના ૬૬૦૦ બાર, જેનું વજન ૪૦૦ કિલોગ્રામ હતું અને જેની કિંમત બે કરોડ ડૉલર થાય છે અને ૨૫ લાખ કેનેડિયન ડૉલરની કિંમતનું વિદેશી ચલણ આવ્યું હતું. ઉતરાણના થોડા સમય પછી તેને એરપોર્ટની મિલકત પર અલગ સ્થાને લઈ જવામાં આવ્યું હતું. ૧૮ એપ્રિલે પીલ પ્રાદેશિક પોલીસને કાર્ગો ગુમ થયાની જાણ કરવામાં આવી હતી. નિવેદનમાં




જણાવાયું હતું કે, 'પીલ પ્રાદેશિક પોલીસે તરત જ તપાસ શરૂ કરી, અમે બ્યુરો ઓફ આલ્કોહોલ, ટોબેકો, ફાયરઆર્મ્સ અને એક્સપ્લોઝિવ્સ (ATF)ના ફિલાડેલ્ફિયા ફિલ્ડ ડિવિઝન સાથે સહયોગથી કામ કરી રહ્યા છીએ.' પીલ પ્રાદેશિક પોલીસ અને એટીએફએ તપાસમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ATFએ યુનાઈટેડ સ્ટેટ્સમાં એક વ્યક્તિની ધરપકડ કરી છે, જેની પાસે ૬૫ ગેરકાયદે હથિયારો હતા, જેમાંથી બે સંપૂર્ણપણે સ્વચાલિત ક્ષમતાઓ ધરાવવા માટે તેમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. ૬૫ હેન્ડગનમાંથી પાંચને 'ઘોસ્ટ ગન' તરીકે ઓળખવામાં આવે છે, જેનો અર્થ છે કે, તેઓ સીરિયલાઈઝ્ડ નહોતા અને તેથી શોધી શકાય નહીં. નિવેદનમાં જણાવાયું છે કે, 'પીલ પ્રાદેશિક પોલીસ (PRP)ના તપાસકર્તાઓએ અંદાજે ૮૯,૦૦૦ ડૉલરની કિંમતનું એક કિલોગ્રામ સોનું પણ જપ્ત કર્યું છે, જે ચોરીનું હોવાનું જણાય છે. ઉપરાંત ગંધના સાધનો અને આશરે ૪,૩૪,૦૦૦ ડૉલર કેનેડિયન ચલણમાં જપ્ત કર્યા છે.' PRPએ ૧૯થી વધુ આરોપો હેઠળ નવ વ્યક્તિઓને ઓળખી કાઢ્યા છે અને વોરંટ જારી કર્યા છે. પીલ પ્રાદેશિકના પોલીસ વડા નિશાન દુરૈપ્પાએ કહ્યું, 'અમારા તપાસકર્તાઓએ અને સમગ્ર સેવાએ અમારા સમુદાયમાં આ ઘટનાની વધુ પડતી રસ અને અસરને ઓળખી હતી. અમે આ જટિલ અને બહુપક્ષીય તપાસમાં ધરપકડ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા અને આંતરરાષ્ટ્રીય સરહદો પાર કરવા માટે અમે તાત્કાલિક જરૂરી સંસાધનો તૈનાત કર્યા. અમારા તપાસકર્તાઓ, એટીએફ, અન્ય કાયદા અમલીકરણ ભાગીદારો અને અમારો સમુદાય, આ બધાએ આ ગુના માટે જવાબદાર લોકોની ઓળખ કરવા અને ધરપકડ કરવા માટે અને સાથે મળીને કામ કરનારા તમામની હું આઅવિશ્વસનીય કાર્ય પ્રશંસા કરૂં છું.' દુરૈપ્પાહે જણાવ્યું હતું કે, 'પીલ પ્રાદેશિક પોલીસ માટે આ તપાસ અગ્રતા બની રહી છે. અધિકારક્ષેત્રની સીમાઓ જવાબદારોને ચાર્જ કરવાની અને ધરપકડ કરવાની અમારી ક્ષમતાને અવરોધશે નહીં. અમે જવાબદારોને પકડવા અને તેમને જવાબદાર ઠેરવવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદા અમલીકરણ ભાગીદારો સાથે મળીને કામ કરી રહ્યા છીએ.'

# ભાજપનું '૪૦૦ પાર' એવા લોકોને ડરાવે છે જેમને લાગે છે કે આ ચૂંટણી છેલ્લી હોઈ શકે છે : કોંગ્રેસના ચુરૂના ઉમેદવાર રાહુલ કાસવાન

## રાહુલ કાસવાન ૨૦૧૪, ૨૦૧૯માં ભાજપ માટે ચુરૂ જીત્યા હતા પરંતુ આ વખતે તેમને ટિકિટ નકારવામાં આવતા તેઓ કોંગ્રેસમાં જોડાયા હતા, તેમનું કહેવું છે કે તેમના માતા-પિતા સાથે દુર્વ્યવહાર કરનારા રાજસ્થાન ભાજપના નેતાઓને પાર્ટીના હોદ્દા આપવામાં આવ્યા હતા

(એજન્સી) ચુરૂ, તા.૧૯

રાજસ્થાનના ચુરૂથી કોંગ્રેસના ઉમેદવાર રાહુલ કાસવાને મીડિયાને જણાવ્યું હતું. આ સામાન્ય ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીનું સૂત્ર - "અબ કી બાર, ૪૦૦ પાર" (આ વખતે, ૪૦૦નો આંકડો પાર કરશે)છે. આ સૂત્રએ એવા લોકોને ડરાવ્યા છે જેઓ માને છે કે આવી ક્રૂર બહુમતી ચૂંટણી ભવિષ્યમાં દેશમાં યોજવાની જરૂરિયાતને ખતમ કરી દેશે. ભાજપ દ્વારા ટિકિટ નકારવામાં આવ્યા બાદ ચૂંટણી પહેલા કોંગ્રેસમાં પક્ષપલટો કરનાર કાસવાને જણાવ્યું હતું કે ભાજપના ઓછામાં ઓછા બે સાંસદોએ કહ્યું હતું ક જો પક્ષને જબરદસ્ત જનાદેશ મળશે તો બંધારણ બદલવામાં આવશે. તેમના આ નિવેદનથી લોકોનો 'ડર' વધી ગયો છે. કાસવાને ઉમેર્યું હતું કે, "જો આ સાચું હોય, તો ભાજપે તેના ઢંઢેરામાં ફેરફારોની વિગતવાર માહિતી આપવી જોઈતી હતી," કાસવાનનો મુકાબલો આ ચૂંટણીમાં બીજેપીના પેરા-ઓલિમ્પિયન ઉમેદવાર દેવેન્દ્ર ઝાઝરિયા સામે છે. કાસવાન ૨૦૧૪ અને ૨૦૧૯માં ભાજપ માટે આ બેઠક જીત્યા હતા. આ પહેલા, આ બેઠક તેમના પિતા રામ સિંહ કાસવાન પાસે પણ હતી, જેઓ ૧૯૯૯થી ૨૦૦૯ સુધી ભાજપમાં હતા. ૧૬ એપ્રિલના રોજ બિહારના ગયામાં એક જાહેર સભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટિપ્પણી વિશે



કહેવામાં આવ્યું હતું જ્યાં તેમણે કહ્યું હતું કે મોદી કે ડૉ. આંબેડકર બેમાંથી કોઈ પણ "બંધારણ બદલી શકે તેમ નથી", કાસવાને કટાક્ષપૂર્ણ રીતે જવાબ આપ્યો હતો કે, "આ બહુ સારી વાત છે પણ તેમનો સંદેશો અસરકારક રીતે જનતા સુધી પહોંચ્યો નથી." કાસવાને તેમની પાર્ટીની જીતવાની તક એકદમ ઊંચી હોવાનું અનુમાન કરતાં કહ્યું હતું કે કોંગ્રેસ રાજસ્થાનની ૨૫ લોકસભા બેઠકોમાંથી ૧૫ બેઠકો મેળવશે.

**ભાજપે ટિકિટ નકારી :-** જ્યારે ત્રીજી વખત ટિકિટ આપવાનો ઈનકાર કરવામાં આવ્યો, ત્યારે રાહુલ કાસવાને ગયા મહિને માઈક્રોબ્લોગિંગ સાઈટ X (અગાઉનું ટ્વિટર) પર ગુસ્સે થઈને પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, "મારો શું વાંક હતો ? શું હું પ્રામાણિક ન હતો ? શું હું મહેનતુ ન હતો ? શું હું પ્રામાણિક માણસ ન હતો ? શું હું કલંકિત નેતા હતો ? શું મેં મારા મતવિસ્તારના વિકાસને સુનિશ્ચિત કરવા માટે કોઈ કસર છોડી હતી ?" પ્રચાર દરમ્યાન મીડિયા સાથેના સંવાદમાં સાથેના કાસવાને કહ્યું કે તેમણે દરરોજ ભાજપના રાજ્ય નેતૃત્વને ફોન કરવા છતાં તેમને કોઈ જવાબ મળ્યો નથી. "મને થોડા દિવસો પછી કહેવામાં આવ્યું કે પાર્ટી મને તે સન્માન આપશે જે હું લાયક હતો. પરંતુ પછી રાજ્યના નેતાઓએ મારા માતા-પિતા સાથે દુર્વ્યવહાર કર્યો અને કેન્દ્રીય અધિકારીઓએ તેમને પક્ષના હોદ્દા આપ્યા," તેમણે કરુણતા સાથે વિપક્ષના પૂર્વ નેતા રાજેન્દ્ર રાઠોડ પર આંગળી ચીંધી, જેમને તેઓ 'કાકા' જી તરીકે સંબોધે છે, કારણ કે રાઠોડ કાસવાનના પિતા સંસદ સભ્ય હતા ત્યારથી ભાજપ સાથે છે. કાસવાને કહ્યું કે, "માત્ર આ ચૂંટણી જ નહીં પરંતુ કાકાજી છેલ્લા ૧૫ વર્ષથી મારા પિતાની પાછળ છે. તે ૨૦૧૪માં સફળ થયા અને મારા પિતાને ટિકિટ આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો. પાર્ટીએ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે પ્રભારી (પ્રભારી)ની નિમણૂક કરી, અને કોઈક રીતે મને ચૂંટણી લડવા માટે પસંદ કરવામાં આવ્યો." આ વખતે તક નકારી કાઢવામાં આવ્યા પછી, કાસવાન કહે છે કે તેમના વફાદારોએ તેમને મતવિસ્તારમાં તેમના "તેજસ્વી રેકોર્ડ"ને કારણે કોંગ્રેસમાં જોડાવા વિનંતી કરી હતી. યોગાનુયોગ, ગત નવેમ્બરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ ભાજપ સામે રાજ્ય હારી ગઈ હતી.

# હિન્દુ તહેવાર રામનવમી ૨૦૨૪ની ઉજવણી : મસ્જિદોને અપવિત્ર કરવાની હિમાયત કરતા ઉશ્કેરણીજનક ભાષણો, તલવારોનું પ્રદર્શન, મસ્જિદોની સામે સૂત્રોચ્ચાર

## અનેક શોભાયાત્રાઓ પૈકી એકમાં ભાજપના ધારાસભ્ય ટી. રાજા સિંહે મુસ્લિમ વિરોધી ઉશ્કેરણીજનક ભાષણ આપ્યું હતું, ભાજપના લોકસભા ઉમેદવાર દેબાશીષધર હાથમાં તલવાર સાથે ધાર્મિક સરઘસમાં ભાગ લીધો અને ભાજપના ઉમેદવાર કોમ્પેલા માધવીલથાએ મસ્જિદ પર પ્રતિકાત્મક રીતે તીર ચલાવ્યા હતા

(એજન્સી) તા.૧૯

આ વર્ષે ૧૭ એપ્રિલના રોજ, ભારતના ઘણા રાજ્યોમાં રામ નવમીનો તહેવાર ઉજવવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાક વર્ષોમાં, આ તહેવાર હિંસા, દ્વેષપૂર્ણ ભાષણો અને લઘુમતી વિરોધી વાતાવરણ સાથે ઉજવવામાં આવે છે. આ વર્ષે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો અને ઉમેદવારો સહિત કટ્ટર હિન્દુ નેતાઓ દ્વારા મસ્જિદોને અપવિત્ર કરવા અને વિનાશની હિમાયત કરતા નફરતના ભાષણો આપવામાં આવ્યા હતા. ધાર્મિક સરઘસો, એટલે કે 'શોભાયાત્રાઓ'માં ભાગ લેનારાઓ દ્વારા શસ્ત્રો અને તલવારોના પ્રદર્શનની ઘણી ઘટનાઓ નોંધાઈ હતી અને મસ્જિદની સામે ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કરવામાં આવે છે તેવા વીડિયો પણ સામે આવ્યા છે. નોંધનીય છે કે, આમાંની સૌથી વધુ ઘટનાઓ તેલંગાણા રાજ્યમાં બની છે.

**૧. ઉશ્કેરણીજનક ભાષણો :**

**હૈદરાબાદ, તેલંગાણા :-** ભાજપના ધારાસભ્ય ટી. રાજા સિંહે રામનવમીની શોભાયાત્રા દરમિયાન ઉશ્કેરણીજનક ભાષણ આપ્યું હતું. તેણે મુસ્લિમ વિરોધી શબ્દોનો ઉપયોગ કર્યો, કાવતરાના સિદ્ધાંતોને પ્રોત્સાહન આપ્યું અને કેટલીક ઐતિહાસિક મસ્જિદો પર મંદિરો બનાવવા માટે હાકલ કરી હતી. તેમણે કહ્યું કે, હું તેમને બધાને કહેવા માંગું છું કે બાબરી-અયોધ્યા જોઈને તમે પોતે જ ડરી ગયા છો, કાશી અને મથુરા હજુ ચાલુ છે. અત્યાર સુધી કુલ ૪૦,૦૦૦ મંદિરોનો દાવો કરવાનો બાકી છે. તમે કહો છો કે તમે ભાવિ પેઢીઓને બાબરીના વિનાશ વિશે ભૂલી જવા દેશો નહીં. ચિંતા કરશો નહીં, અમે આવનારી પેઢીને કારસેવા શીખવીશું. ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાને કહ્યું છે કે આ વખતે રામ, કૃષ્ણ અને શંકરના તમામ અનુયાયીઓ દ્વારા કારસેવાને બંદૂક નહીં પણ ફૂલોથી થશે. તે દિવસ દૂર નથી જ્યારે આપણે અયોધ્યાની જેમ કાશી અને મથુરા પર કબજો કરી લઈશું. ભારતમાં મુઘલો દ્વારા જે પણ મંદિરોનો નાશ કરવામાં આવ્યો છે, અમે તે બધા મંદિરોને પાછા લઈશું અને અમારા પવિત્ર મંદિરોનું પુનઃનિર્માણ કરીશું. ૫૦૦ વર્ષથી, અમે અમારા મંદિરો માંગીએ છીએ પરંતુ રામ, કૃષ્ણ અને શિવનો વિરોધ કરનારાઓએ અમને તે આપ્યા નથી. પરંતુ આજે, અમે અમારું એક મંદિર પાછું લઈ લીધું છે. ભારતમાં, દરેક સનાતન આસ્તિક ફક્ત ૩ મંદિરો વિશે જાણે છે, પરંતુ મુઘલોએ



આ ૩ કરતાં વધુ મંદિરોને નષ્ટ કર્યા છે. આ લોકોએ કાશી વિશ્વનાથ મંદિરનો નાશ કર્યો અને તે જ્ઞાનવાપી મસ્જિદનું નિર્માણ કર્યું. વારાણસીમાં પણ તેઓએ એક મંદિર તોડીને મસ્જિદ બનાવી. હું તમને અમારા ઈતિહાસ વિશે કહું છું, તેને તમારા ફોનમાં રેકોર્ડ કરું છું અને વારંવાર સાંભળું છું. હું ત્યાં હોઉં કે ન હોઉં પણ અમારો આ ઈતિહાસ કાયમ તમારી સાથે રહેશે. અમે અજમેરમાં સરસ્વતી મંદિરનો નાશ થતો જોયો છે. આવા ૪૦,૦૦૦ અન્ય મંદિરો છે. અમે એક મંદિર લીધું અને જુઓ તમે બધા કેટલા દુઃખી થઈ ગયા છો, હવે રાહ જુઓ અમે ભારતને હિન્દુ રાષ્ટ્રમાં રૂપાંતરિત કરીશું.

**હૈદરાબાદ, તેલંગાણા :-** રાજ્યમાં શોભાયાત્રાના સહભાગીઓને સંબોધિત કરતી વખતે ગૌ રક્ષક કાલુ સિંહ દ્વારા મુસ્લિમોને નિશાન બનાવતું અને હિંસા અને મંદિરો પર ફરીથી દાવો કરવા માટે વિનંતી કરતું બીજું ભડકાઉ ભાષણ આપવામાં આવ્યું હતું. તેઓએ મથુરાની શાહી ઈદગાહ મસ્જિદ અને કાશીની જ્ઞાનવાપી મસ્જિદ વિશે ઉશ્કેરણીજનક નિવેદનો આપ્યા હતા.

**થાણે, મહારાષ્ટ્ર :-** હિન્દુ રાષ્ટ્રસેનાના વડા ધનંજય દેસાઈએ થાણેના મીરા ભાયંદર વિસ્તારમાં શોભાયાત્રા દરમિયાન મુસ્લિમ વિરોધી ઉશ્કેરણીજનક ભાષણ આપ્યું હતું. તેમણે કહ્યું કે, ભગવાન રામ એકમાત્ર એવી વસ્તુ છે જે સુનિશ્ચિત કરશે કે ભારત એ ભારત જ રહે. દરેક વિસ્તાર જે રામે જવા દીધો તે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં ફેરવાઈ ગયો. આપણે સુનિશ્ચિત કરવું પડશે કે આપણા ભગવાન રામ અને છત્રપતિ શિવાજી ભારતમાં જ રહે. ભગવાન રામની ભૂમિમાં એક ગેરકાયદેસર બાબરે આવીને બાબરી મસ્જિદ બનાવી. અમે તે મસ્જિદ તોડી પાડી અને ફરી એકવાર અમારા ભગવાન રામની સ્થાપના કરી. ભિવંડીમાં જે પરિસ્થિતિ ઉભી થઈ, જે પરિસ્થિતિ મીરા ભાઈંદરમાં ઊભી થઈ, મુંબઈમાં ૧૯૯૩ના બોમ્બ વિસ્ફોટ કરનારા લોકોના અંતિમ સંસ્કાર, માહિમમાં યાકુબ મેનનની અંતિમવિધિ આપણા ભારત માટે કલંકરૂપ છે. જે પોલીસનું લોહી આ ભારતની ધરતી પર વહી ગયું છે, જે સૈનિકોએ આ ભારતની ભૂમિની રક્ષા કરી છે. તેમનું અપમાન થાય છે કે યાકુબ મેનન અને દાઉદ નામના દેશદ્રોહીને આટલા સન્માન સાથે દફનાવવામાં આવ્યા હતા.

**૨. શોભાયાત્રાઓ દરમિયાન તલવારો અને શસ્ત્રોની ઝલક :**

શોભાયાત્રાઓ દરમિયાન તલવારો, લાકડીઓ, હોકી સ્ટીક્સ અને હથિયારો દર્શાવતા ધાર્મિક સરઘસના સહભાગીઓના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા હતા. પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર પૂર્વ આઈપીએસ અધિકારી અને ભાજપના લોકસભા ઉમેદવાર દેબાશીષધરને દર્શાવે છે. વીડિયોમાં, ભાજપના ઉમેદવારને શોભાયાત્રામાં ભાગ લેતી વખતે તલવાર ચલાવતા જોઈ શકાય છે.

**૩. ધાર્મિક ઉપાસના સ્થળે અપમાનજનક કૃત્યો દ્વારા ઉશ્કેરણી**


**બિકાનેર, રાજસ્થાન :-** રાજસ્થાનના બિકાનેર જિલ્લાના ડુંગરગઢ વિસ્તારના એક વીડિયોમાં વિશ્વ હિંદુ સંગઠનના સહભાગીઓ એક મસ્જિદની સામે 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા હતા. આ વીડિયોમાં પોલીસ અધિકારીઓ પણ સરઘસની સાથે જોઈ શકાય છે.

**હૈદરાબાદ, તેલંગાણા :-** તેલંગાણાના બીજેપી ઉમેદવાર, કોમ્પેલા માધવીલથાને પ્રતિકાત્મક રીતે શોભાયાત્રા દરમિયાન મસ્જિદ પર તીર ચલાવતા દર્શાવતો વીડિયો પણ સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. **(સૌ. :- સબરંગઈન્ડિયા.ઈન)**

# હૈદરાબાદમાં રામનવમીની ઉજવણી : મુસ્લિમો વિરૂદ્ધ નફરતના ગીતો, રામરાજ્ય માટે આહ્‌વાન

(એજન્સી) તા.૧૯

રામનવમીની શોભાયાત્રા માટે પોલીસે પરવાનગી નકારી હોવા છતાં ભાજપના ધારાસભ્ય ટી. રાજા સિંહ દ્વારા તે કાઢવામાં આવી હતી. તેણે આ યાત્રાનું નેતૃત્વ કરવા માટે અન્ય સંસ્થાને મળેલી પરવાનગીનો ઉપયોગ કર્યો હતો. આ રેલીના એક સહભાગી દયાકર સિંહે કહ્યું કે, આ સૌથી ભવ્ય રામનવમીની ઉજવણી હશે. અયોધ્યામાં રામ મંદિરનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, અમારું મંદિર આખરે બની ગયું છે અને 'રામ જી કી નિકલી સવારી' જેવા ગીતો સાથે આ શોભાયાત્રા નીકળી હતી. સમગ્ર હૈદરાબાદમાં, લોકોએ વહેલી સવારથી મંદિરોની મુલાકાત લીધી, કેટલાકે કામચલાઉ પ્રાર્થના પંડાલ પણ સ્થાપ્યા હતા. ધૂલપેટમાં, માત્ર રામની જન્મજયંતિના સન્માનમાં જ નહીં પણ સાંપ્રદાયિક સહાનુભૂતિને પણ પ્રતિબિંબિત કરતી ગૂંજ પણ હતી. એક કલાકના ઉલ્લાસભર્યા આનંદ પછી, ડીજેએ જાહેરાત કરી કે, ભૈયા આ રહે હૈં (મોટા ભાઈ આવી રહ્યા છે અને અમે અહીંથી નીકળીશું). 'ભૈયા'ના ઉલ્લેખથી ઘોંઘાટ કરનાર ટોળું શાંત થઈ ગયું. તેઓએ ઉજવણીના આગલા તબક્કા માટે ભેગા થવાના કોલ પર ધ્યાન આપ્યું હતું. હૈદરાબાદ પોલીસે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય ટી. રાજા સિંહને શહેરમાં રામનવમી શોભાયાત્રાનું આયોજન કરવાની પરવાનગી આપવાનો ઈન્કાર કર્યો હતો. જો કે, અન્ય એક સંસ્થાને એ જ જૂના શહેરના માર્ગ સાથે સરઘસ માટે પોલીસ મંજૂરી મળી હતી. પોલીસ દ્વારા અરજી નકારી કાઢવામાં આવી હોવા છતાં, સિંહે લોકોને રામનવમીની ઉજવણીમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે આદર્શ આચારસંહિતા (MCC) લાગુ હતી. ગોશામહાલના ધારાસભ્ય સિંહ બપોરે



૩.૧૫ વાગ્યે પહોંચ્યા હતા. તેમણે મુસ્લિમ સમુદાયને નિશાન બનાવ્યો અને હિંદુ રાષ્ટ્રની સ્થાપનાની હિમાયત કરી. તેમણે કહ્યું કે, અમે માત્ર કાશી અને મથુરામાં જ નહીં પણ ૪૦,૦૦૦ સ્થળોએ પણ મંદિરો બાંધવા માટે પ્રતિબદ્ધ છીએ જ્યાં હાલમાં મસ્જિદો છે. સિંહે જાહેરાત કરી કે ૨૦૨૬ સુધીમાં ભારતને સત્તાવાર રીતે હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવામાં આવશે. હિંદુ રાષ્ટ્રનું અમારું વિઝન બે વર્ષમાં સાકાર થશે. સિંહે એમ પણ કહ્યું કે મુસ્લિમોને શિક્ષણ આપવું યોગ્ય નથી. શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી પણ, તેઓ જેહાદી બની રહ્યા છે. જ્યારે તેણે આ નિવેદનો આપ્યા ત્યારે પોલીસ કર્મચારીઓએ તેના ભાષણનો વીડિયો રેકોર્ડ કર્યો હતો. પોલીસે કહ્યું કે, અમે ભાષણો રેકોર્ડ કર્યા છે અને તેમના દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓને ચકાસવાની પ્રક્રિયામાં છીએ. જો અમને કોઈ વાંધાજનક સામગ્રી મળશે તો યોગ્ય પગલાં લેવામાં આવશે. હાલમાં, અમે વીડિયોની સમીક્ષા કરી રહ્યા છીએ. એક દુકાનદાર અનિલ કુમારે જણાવ્યું હતું કે, શરૂઆતમાં, માત્ર સ્થાનિક લોકોએ જ યાત્રામાં ભાગ લેતા હતા પરંતુ હવે સમગ્ર શહેર અને રાજ્યના અન્ય ભાગોમાંથી પણ લોકો તેમાં જોડાય છે. પહેલા હજારો સહભાગીઓની જગ્યાએ, હવે લાખો લોકો આ ઉજવણીમાં હાજરી આપે છે. આ સૌથી મોટી રામનવમી રેલી છે. તમને આવું બીજે ક્યાંય નહિ મળે. રાજા સિંહ પોતે ગીતો ગાય છે, અને તેથી જ હું તેનો આનંદ લેવા અહીં આવું છું. રેલીના એક વ્યક્તિ રાકેશે કહ્યું કે, તમને આવી સ્ત્રીઓ અને છોકરીઓ બીજે ક્યાંય જોવા નહીં મળે. તેઓ શુદ્ધ હિંદુ અને ગોરી ચામડીના છે. અમારું અહીં આવવાનું આ એક કારણ છે. હૈદરાબાદમાં ભાજપના લોકસભા ઉમેદવાર માધવીલતા, સિંહના કાફલાની આગળ ખુલ્લી જીપમાં હતા. ભારતના ચૂંટણી પંચે રાજકારણીઓને ધર્મના નામે મત માંગવા પર પ્રતિબંધ મૂક્યો હોવા છતાં, તેણે આવી રેલીઓમાં તેમની ભાગીદારી પર પ્રતિબંધ મૂક્યો નથી. શરૂઆતમાં, લતાએ સ્પષ્ટ રાજકીય નિવેદનો આપવાનું ટાળ્યું. તેણીએ ટિપ્પણી કરી કે, આ વર્ષે, રામ રાજ્ય આવશે અને ભાજપ અને નરેન્દ્ર મોદી સરકાર અંગે સંકેત આપ્યો હતો. જો કે, બેગમ બજાર છત્રી ખાતે, ભારતીય જનતા યુવા મોરચા (BJYM) નેતા લાડુ યાદવે તેણીનો પરિચય ભાજપના સાંસદ ઉમેદવાર તરીકે કર્યો હતો. તેમણે લોકોને તેમને મત આપવા વિનંતી કરી હતી.

મોરબીમાં રામનવમીની શોભાયાત્રા દરમિયાન

# પયગમ્બર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) સાહેબની શાનમાં ગુસ્તાખી કરનાર મહિલા સામે ફરિયાદ

## એ-ડિવિઝન પોલીસ મથકે મુસ્લિમ અગ્રણીઓએ ગુનો દાખલ કરાવ્યો

મોરબી, તા.૧૯

મોરબીમા રામનવમીની શોભાયાત્રામા હઝરત પયગંબર મોહંમદ (સ.અ.વ.) સાહેબની શાનમા ગુસ્તાખી કરી બે કોમ વચ્ચે વૈમ્નસ્ય ફેલાવવાના ઈરાદે નારા લગાવનાર અજાણી મહિલા વિરૂદ્ધ ગુનો દાખલ કરાયો છે. મોરબી સિટી એ-ડિવિઝન પોલીસ મથકે મુસ્લિમ ધર્મની લાગણી દુભાવનાર અજાણી મહિલા વિરૂદ્ધ આઈ.પી.સી. કલમ ૧૫૩ (એ) ૨૯૫ (એ) અને ૫૦૪ મુજબ એફઆઈઆર દાખલ કરાઈ છે. મચ્છીપીઠ મુસ્લીમ વિસ્તારમાં ગેબનશાહપીરની દરગાહ ચોકમાં શોભાયાત્રા પહોંચતા અજાણી મહિલાએ શોભાયાત્રાના ડી.જે સાઉન્ડમા ભજન ચાલુ હોય તે બંધ કરી પોતાના હાથમા માઈક્રોફોન લઈને મુસ્લિમ ધર્મની લાગણી દુભાય અને બંને કોમ વચ્ચે ધિક્કાર અને દુશ્મનાવટ ઊભી થાય તેવા હેતુથી પયગંબર હજરત મોહંમદ (સ.અ.વ.) સાહેબ વિશે અવિવેકી નારાઓ લગાવી વૈયમનસ્ય ઊભું



(તસવીર : રજ્જાક બુખારી, મોરબી)

કરવા અને સુલેહશાંતીનો ભંગ થાય તેવા બદ ઈરાદાથી નારાઓ લગાવી કૃત્ય કરતા પોલીસે અજાણી મહિલા વિરુધ્ધ ભારતીય દંડ સહિતાની કલમ-૧૫૩ (એ) ૨૯૫ (એ) ૫૦૪ મુજબ ગુનો નોંધ્યો હતો.

મુસ્લિમ અગ્રણીઓ અને યુવાનોના ટોળેટોળા એકત્ર થતા એ ડિવિઝનના પી.આઈ.હુકુમતસિંહ જાડેજા અને મોરબી શહેર ખતીબ અબ્દુલ રશીદમિંયા બાપુ તેમજ મુસ્લિમ અગ્રણીઓએ મામલો થાળે પાડ્યો હતો અને બીજા દિવસે મુસ્લિમ ધર્મગુરૂઓ અને સમાજના અગ્રણીઓ બહોળી સંખ્યામા એ ડિવિઝન પોલીસ મથકે આ બનાવની પોલીસ ફરિયાદ નોંધાવવાની રજૂઆત કરવા જતા પીઆઈએ સંતોષકારક જવાબ આપી તટસ્થ કામગીરીના ભાગરૂપે બનાવની પોલીસ ફરિયાદ નોંધી હતી.

૫૪ ડબ્બા કબજે કરાયા

# સુરતના લિંબાયતમાં નકલી તેલનું વેચાણ કરતા ૮ વેપારી ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

નકલી ઘી, પનીર બાદ હવે સુરત શહેરમાંથી નકલી ખાદ્યતેલ વેચાતું હોવાના રેકેટનો પર્દાફાશ થયો છે. જાણીતી બ્રાન્ડેડ કંપનીઓના ડુપ્લીકેટ લોગો, માર્કાનો ઉપયોગ કરી ભેળસેળિયું નીચી ગુણવત્તાનું તેલ વેચનારા સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. લિંબાયત પોલીસ તથા ઝોન ૨ એલસીબી સ્કવોડ દ્વારા બાતમીના આધારે લિંબાયત વિસ્તારની અલગ-અલગ ૮ દુકાનોમાં દરોડા પાડવામાં આવ્યા છે. એન.કે. પ્રોટીન્સ પ્રા.લિ. કંપનીના તેલના લેબલ તથા બૂચની કોપી કરી તેલના ડબ્બાનો ગેરકાયદે દુરૂપયોગ કરતા હતા. કોપી રાઈટ લેબલવાળું તેલ બજારમાં વેચાણ કરનાર આરોપીઓ સામે ગુનો નોંધી કાર્યવાહી કરાઈ છે. લિંબાયત વિસ્તારની અલગ-અલગ આઠ દુકાનોમાં દરોડા કાર્યવાહી કરવામાં આવી હતી. એન.કે. પ્રોટીન્સ પ્રા.લિ. કંપનીના તેલના લેબલ તથા બૂચની કોપી કરી તેલના ડબ્બા પર કોપી રાઈટના લેબલનો ગેરકાયદે દુરૂપયોગ કરી કોપી રાઈટ લેબલવાળું તેલ બજારમાં વેચાણ કરનાર આરોપીઓ સામે ગુનો નોંધી કાર્યવાહી કરાઈ છે. લિંબાયત વિસ્તારમાં અલગ-અલગ આઠ કિરણા સ્ટોર્સની દુકાનોમાં રેઈડ કરાઈ હતી. એન.કે. પ્રોટીન્સ પ્રા.લિ., એક કંપનીના તેલના કુલ ૫૪ ડબ્બા ઉપર લેબલ તથા બૂચની કોપી કરી ડુપ્લીકેટ લેબલવાળું તેલ બજારમાં વેચાણ થતું હોવાનો ખુલાસો થયો હતો. પોલીસે ગેરકાયદે ડુપ્લીકેટ માર્કાવાળું ભેળસેળિયું તેલ વેચાણ કરનારાઓ વિરૂદ્ધ કોપી રાઈટ એક્ટ મુજબ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

### પોલીસના હાથે ઝડપાયેલા દુકાનદારો

(૧) સુપર ટ્રેડર્સ દુકાનના માલિક નૂર મોહમ્મદ જાન મોહમ્મદ શેખ, (૨) દેવનારાયણ કરિયાણા સ્ટોર, માલિક આશિષ સંપતલાલ પ્રજાપતિ, (૩) શક્તિ સુપર સ્ટોર, માલિક નારાયણલાલ બાબુરામ તૈલી, (૪) વિજયાલક્ષ્મી સુપર સ્ટોર્સ, માલિક મનોહર લાદુલા પડિયાર, (૫) શ્રી નારાયણલાલ બાબુરામ તેલી, માલિક, નારાયણલાલ બાબુરામ તૈલી, (૬) મનીષ કિરાણા સ્ટોર્સ, માલિક મનીષ કૈલાશચંદ્ર ભંડારી, (૭) પંકજ જૈન એન્ડ કંપની, માલિક પંકજ રાજમલ જૈન, (૮) ભવાની કિરણ સ્ટોર, માલિક મધુભાઈ અંબાલાલ જાટ.

વારંવાર રજૂઆત કરાઈ હોવા છતાં

# ભરૂચમાં વીજળી આપવામાં ધાંધિયા થતાં લોકો વીજ કચેરીએ ગાદલા-તકિયા લઈ પહોંચ્યા

ભરૂચ, તા.૧૯

ભરૂચમાં વીજળી આપવામાં ધાંધિયા થતાં વીજ કચેરી પર ગાદલા અને તકિયા લઈ જઈને લોકોએ વિરોધ કર્યો હતો. પશ્ચિમ વિસ્તારના લોકોએ હલ્લા બોલનો કાર્યક્રમ કરતા અંતે કલાકો બાદ વીજ કંપનીના અધિકારી ઓએ પોલિસ બોલાવી હતી અને લોકોની રજૂઆત સાંભળી હતી.

ભરૂચના પશ્ચિમ વિસ્તારના વોર્ડ નંબર ૧ અને ૨માં છેલ્લા પાંચેક માસથી વોલ્ટેજ ડ્રોપ થવાની સમસ્યા છે રોજ રોજ વીજળી જવાના કારણે લગભગ ૨૦૦ કરતાં પણ વધુ સોસાયટીમાં અંધાર પટ છવાતા લોકો વીજ કાપથી ત્રાહિમામ્ થયા છે. dgvclના અધિકારીઓને છેલ્લા પાંચ વર્ષથી અહીંના નગર સેવકો અને સોસાયટીના રહીશો દ્વારા વારંવાર લેખિત મૌખિક રજૂઆત કરવામાં આવી છે અને દર વખતે ડીજીવીસીએલ કંપનીના અધિકારીઓ આજે ટીસી બદલી નાખીશું બે દિવસમાં ટીસી બદલી નાખીશું તેમ કહીને હંમેશા લોકોને પાછાવાળી દેતા હતા. પરંતુ હાલ તો ગરમીનો પારો ઊંચકાતા અને ૪૮ કલાક સુધી લાઈટના ધાંધિયા શરૂ થતા લોકો રોષે ભરાયા હતા. પોતાના ઘરેથી બાળકો મહિલાઓ હાથમાં ગાદલા તકિયા લઈને વીજ કંપનીની ઓફિસ ઉપર પહોંચી ગયા હતા અને કહ્યું હતું કે વીજની સમસ્યા દૂર નહીં થાય તો અમે લોકો અહીંયા જ બેસીશું જ્યારે સ્થાનિક નગર સેવકો સાથે લગભગ ૨૦૦ સોસાયટીના આગેવાનો દક્ષિણ વીજ કંપનીની કચેરીએ હલ્લો બોલાવતા અધિકારીઓ ગભરાયા હતા અને પોલીસને ફોન કરી બોલાવી હતી. અવારનવાર ફરિયાદ કરવામાં આવી હોવા છતાં પણ કોઈ કાર્યવાહી ન થતા લોકો અકળાયા હતા. પાલિકાના વિરોધ પક્ષના નેતા સમસાદ સૈયદ, હેમેન્દ્રભાઈ, ઈબ્રાહિમ કલકલ નગર સેવિકાઓ સહિત ૨૦૦ સોસાયટીના આગેવાનો હાજર રહીને અધિકારીને રજૂઆત કરી હતી.

## પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા તરીકે સુરતના ઝમીર શેખની વરણી

સુરત, તા.૧૯

દેશમાં લોકસભા ચૂંટણીઓની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા તરીકે સુરતના સિનિયર એડવોકેટ ઝમીર શેખની નિમણૂક કરવામાં આવી છે. જેને લઈને સ્થાનિક કોંગ્રેસી નેતાઓ અને કાર્યકર્તાઓમાં ભારે હર્ષનું મોજું ફરી વળ્યું છે. સુરતમાં વકીલાત કરતા સિનિયર એડવોકેટ ઝમીર શેખ વિદ્યાર્થી કાળથી જ કોંગ્રેસ સાથે સંકળાયેલા છે. સુરત કોર્ટ બિલ્ડિંગ અઠવાલાઈન્સ વિસ્તારમાંથી સચીનના જીઆવ બુડિયા ખસેડવાના સરકારના નિર્ણય સામે પણ તેઓ લડત ચલાવી રહ્યા છે.

## અલ્પેશ કથીરિયા લેઉવા પટેલની સંસ્થા ખોડલધામમાં જોડાયા

સુરત, તા.૧૯

ગુજરાતમાં લોકસભા ૨૦૨૪ની ચૂંટણી માટેનું મતદાન ત્રીજા તબક્કામાં સાતમી મે એ થવાનું છે તે પહેલા જ ગુરૂવારે આમ આદમી પાર્ટીને મોટો ઝટકો લાગતા સુરતમાં આપ નેતા અલ્પેશ કથીરિયાએ ધાર્મિક માલવિયા સાથે આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હતું. ધાર્મિક રાજીનામું આપી દીધા બાદ અલ્પેશ કથીરિયાએ લેઉવા પાટીદારોની સૌથી મોટી સામાજિક સંસ્થા ખોડલધામમાં જોડાઈને સંસ્થામાં સેવા કરવાનો નિર્ણય લીધો છે. આ સાથે તેમણે સ્પષ્ટતા પણ કરી દીધી છે કે તેમનો હાલ કોઈ રાજકીય પક્ષ સાથે જોડાવાનો વિચાર નથી. તેમની ખોડલધામ સુરત જિલ્લા સમિતિના કન્વીનર તરીકેની નિમણૂક કરવામાં આવી છે.

# પાલનપુરના હનુમાન ટેકરી પર ટ્રેલર અને જીપડાલા વચ્ચે અકસ્માત : બે ઈજાગ્રસ્ત



બનાસકાંઠા જિલ્લામાં અકસ્માતોની વણથંભી વણઝાર વચ્ચે આજે પાલનપુરના આબુ હાઈવે પર આવેલ હનુમાન ટેકરી પાસે કેરેટ ભરેલું જીપડાલુ અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં આગળ જઈ રહેલા ટ્રેલર પાછળ જીપડાલુ ઘૂસી જતા જીપડાલામાં સવાર બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક પોલીસ અને લોકો દ્વારા જીપડાલામાંથી બંને ઈસમોને બહાર કાઢી નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. બનાવના પગલે અકસ્માતને લઈ પાલનપુર પશ્ચિમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. (તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

# એછવાળા ગામે ભાજપના પ્રવેશબંધીના પોસ્ટરો લાગ્યા




પાટડી તાલુકાના એછવાળા ગામના ક્ષત્રિયો તેમજ અન્ય સમાજના લોકોએ સાથે મળી પુરૂષોત્તમ રૂપાલાના નિવેદનના વિરુદ્ધમાં પ્રવેશબંધીના પોસ્ટર લગાવવાની સાથે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો, જેમાં જણાવવામાં આવ્યું છે કે, પુરૂષોત્તમ રૂપાલાની ટિકિટ રદ ના થાય ત્યાં સુધી ભાજપના ઉમેદવાર કે કોઈપણ કાર્યકરે ગામમાં પ્રવેશ કરવો નહીં. (તસવીર :- ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

# ડીસાના ગાયત્રી મંદિર નજીક ટ્રકની અડફેટે બાઈક સવારનું મોત

ડીસા, તા.૧૯

ડીસાના ગાયત્રી મંદિર પાસે બાઈકચાલકને ટ્રકચાલકે ટક્કર મારતા પરપ્રાંતીય બાઈકચાલકને ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

મૂળ મધ્યપ્રદેશના વતની અને ડીસામાં નાસતાની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો રવિ યાદવ નામનો યુવક ગત સાંજે બાઈક લઈને ગાયત્રી મંદિર પાસેથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે સામેથી આવી રહેલી ટ્રકના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવિંગ કરી બાઈકચાલકને ટક્કર મારી હતી. અકસ્માતમાં બાઈક સવાર યુવક રોડ પર પટકાતા ગંભીર ઈજા પહોંચી હતી. બનાવને પગલે આજુબાજુના લોકોએ દોડી આવી રાહત કામગીરી શરૂ કરી હતી. અકસ્માતની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ વાનની ટીમ તરત બનાવ સ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન યુવકનું મોત થયું હતું.

મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત

# જન શિક્ષણ સંસ્થાન ભરૂચ ખાતે રંગોલી કાર્યક્રમ યોજાયો

ભરૂચ, તા.૧૯

ભરૂચની પ્રખ્યાત સ્કીલ ટ્રેનિંગ પ્રોવાઈડર સંસ્થા જન શિક્ષણ સંસ્થાન ખાતે આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં મતદાતાઓમાં મતદાન સંબંધિત જાગૃતિ આવે તેમજ જિલ્લાના તમામ મતદાન મથકો ઉપર મહત્તમ મતદાન થાય અને લોકશાહીના આ અવસરોમાં ઉત્સાહ ઉમંગ સાથે લોકશાહીને મજબૂત કરવામાં સૌ મતદાતા યોગદાન આપે તેવા હેતુસર "સ્વીપ કાર્યક્રમ" હેઠળ નિયામક ઝયનુલ સૈયદના સીધા માર્ગદર્શન હેઠળ "રંગોલી"ના કાર્યક્રમનું આયોજન જે.એસ.એસના મધ્યસ્થ ખંડ ખાતે કરવામાં આવ્યું હતું જેમાં સંસ્થાનાં તાલીમાર્થી બહેનોએ ભાગ લીધો હતો. આ હરિફાઈમાં ભાગ લેનાર તમામને પૂર્ણાહૂતી દિને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રો તેમજ વિજેતા ૧થી ૩નાં હરીફોને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવશે.

કાર્યક્રમનું સફળ સંચાલન ફિલ્ડ સ્ટાફ તેમજ લાઈવલી હૂડ કો.ઓર્ડીનેટર કે.પી.કથોલીયા દ્વારા કરવામાં આવ્યુ હતું.

# આણંદમાં આગામી ૩૦મીએ હજ તરબીયત કેમ્પ યોજાશે

આણંદ,૧૯

આણંદ ખાતે ખ્વાજા ગરીબ નવાઝ સુન્ની બયતુલમાલ વકફ ટ્રસ્ટના ઉપક્રમે આણંદ શહેર ખાતે હજ ૨૦૨૪નો હજ તરબીયત નો કાર્યક્રમ યોજવામાં આવનાર છે.આ અંગે સંસ્થાના પ્રમખ હાજી એમ.યુ. મીરઝાએ જણાવ્યું હતું કે ચાલુ વર્ષે આણંદ અને ખેડા જીલ્લાનાં જે હાજી - હજીયાણી હજે બયતુલ્લાહ હજ પઢવા જવાનાં છે તેઓ માટે એક હજ તાલીમનું કેમ્પ આગામી તા.૩૦.૦૪.૨૦૨૪ મંગળવારના રોજ આણંદ શહેરમાં ૧૦૦ ફુટ રોડ,એવન હોલ ખાતે હજ તરબીયત કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં હજયાત્રાએ જનારા હાજી-હજીયાણીઓને હજ અંગેના નીયમો, હજ અરકાન તેમજ સંપુર્ણ થીયરી અને પ્રેકટીકલ સાથે હજની તાલીમ હજ ટ્રેનર ધ્વારા આપવામાં આવનાર છે. જેમાં બહેનોને હજની તાલીમ નિષ્ણાત હજીયાણી બહેન ધ્વારા તાલીમ આપવામાં આવશે.આ તાલીમ સવારે ૯.૦૦ વાગે પ્રારંભ થશે. એમ બયતુલમાલ સંસ્થાના સેક્રેટરી હાજી રીયાઝુદીન કાદરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ધનસુરા તાલુકાની શાળા ખાતે મહિલા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ભિલોડા, તા.૧૯

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત અરવલ્લી જિલ્લામાં તા.૭મી મેના રોજ મતદાન થનાર છે ત્યારે જિલ્લાના મતદારો વધુમાં વધુ મતદાન કરી લોકશાહીના પર્વમાં ઉમેળકાભેર સહભાગી થાય અને મુક્ત મને મતદાન કરી શકે તેવા સક્રિય પ્રયાસો અરવલ્લી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારીકના માર્ગદર્શન હેઠળ સ્વીપ નોડલ ઓફિસર દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ થઇ રહ્યા છે. અરવલ્લીમાં મતદાન જાગૃતિ અંતર્ગત ધનસુરા તાલુકામાં શ્રી. જે. એસ. હાઈસ્કૂલ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારીકની ઉપસ્થિતિમાં મહિલા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા ચૂંટણી અધિકારીએ મહિલાઓને સંબોધન કરતા મતદાન અને મતનું મહત્ત્વ કેટલું છે તે જણાવ્યું, સાથે તેમણે મતદાન આપણો અધિકાર છે અને અચૂક મતદાન કરીએ આપણા જિલ્લામાં ૧૦૦% મહિલા મતદાન થાય તેવી અપીલ કરી છે અને ૭ તારીખે આપણે સૌએ બહાર નીકળીને મતદાન કરીએ અને લોકશાહીના પર્વમાં ભાગ લઈએ.

## ભરૂચમાં અંતિમ દિવસે નવા ૧૫ ફોર્મ ભરાયા

ભરૂચ, તા.૧૯

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ૨૨-ભરૂચ સંસદીય બેઠક પર તા. ૭ મેના રોજ મતદાન થનાર છે. ત્યારે ૨૨ લોકસભા સંસદીય બેઠકની ચૂંટણી માટે ફોર્મ વિતરણના અંતિમ નવા ૧૫ જેટલા ઉમેદવારી ફોર્મનું નામાંકન થયું હતું. આમ ૨૨-ભરૂચ સંસદીય બેઠક પર કુલ ૨૬ ઉમેદવારી ફોર્મ ભરાયા છે.

# ગુજરાત રાજ્ય વક્ફ ટ્રિબ્યુનલના અનવરહુસૈન શેખની સામે ત્રણ ગંભીર ગુના પેન્ડિંગ છતાંય જજ તરીકેની નિયુક્તિ અંગે સરકારનો જવાબ માંગતી ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ, તા.૧૯

ગુજરાત રાજ્ય ટ્રિબ્યુનલના ત્રીજા સભ્ય જજ તરીકે અનવરહુસૈન શેખની નિયુક્તિ કરવાના રાજ્ય સરકારના વિવાદિત નિર્ણયને પડકારતી જાહેરહિતની રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં આજે સુનાવણી થઈ. અરજદાર બીબીજી મસ્જિદના ત્રણ મૂતવલ્લી તરફે કોર્ટ સમક્ષ રજૂઆત કરી કે અનવરહુસૈન શેખ સામે ખંડણી અને ફોર્જરી જેવા ત્રણ ગંભીર ગુના હાલ પેન્ડિંગ હોવા છતાંય તેમની નિમણૂક ગુજરાત રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલના સભ્ય (જજ) તરીકે કરી છે જે એક ગંભીર બાબત છે અને આવી વ્યક્તિની નિમણૂક રદબાતલ થવી જોઈએ. ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયધીશની ખંડપીઠે નોંધ લેતા સામા પક્ષકાર ગુજરાત



સરકાર તેમજ અનવરહુસૈન શેખને જવાબ આપવા કહ્યું છે. વધુમાં ગુજરાત સરકારને ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલના જજ તરીકે નિમણૂક આપવા અંગે માપદંડ અંગે સોગંદનામું કરવા હુકમ કર્યો છે. અનવરહુસૈન શેખ તરફે રજૂઆત થયેલ કે આ ત્રણેય મુતવલ્લીઓના નામ કાઢી નાંખવામાં આવેલ અને તેઓ મુતવલ્લી તરીકે ચાલુ ન હોવાને કારણે આ અરજી કરી શકે નહીં તેમજ આ ત્રણેય ફરિયાદો ખોટી છે. ના. ગુજરાત હાઈકોર્ટે હવે પછીની મુદત ૨૮/૬/૨૦૨૪ રાખેલ છે.

આ જાહેરહિતની અરજીમાં મુખ્ય રજૂઆત એ છે કે, આ અનવરહુસૈન શેખની એક માત્ર લાયકાત એ છે કે તે શાસક પક્ષ ભાજપના સક્રિય સભ્ય છે. વકફ એક્ટની કલમ - ૮૩ અન્વયે વકફ અને વકફ પ્રોપરતીજના વહીવટ અને જાળવણી માટે બોર્ડ અને ટ્રિબ્યુનલની રચના કરવાની રાજ્ય સરકારને સતત છે. ટ્રિબ્યુનલ એ સિવિલ કોર્ટ સમાન જ દરજ્જો ધરાવે છે અને તેની પાસે એટલી જ સત્તા હોય છે અને તેનો નિર્ણય અંતીમ અને પક્ષકારોને બંધનકર્તા હોય છે. આમ આવા હોદ્દા ઉપર કોઈ ખંડણી માંગનાર આરોપીની નિમણૂક થવી જોઈએ નહીં. કોર્ટે ગંભીર નોંધ લેતા સામા પક્ષકારોને જવાબ આપવા જણાવ્યું છે.

# પાંડેસરામાં સગા માસીના દીકરાએ જ લગ્નની લાલચ આપી બળાત્કાર ગુજાર્યો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

પાંડેસરા વિસ્તારમાં રહેતી યુવતીએ ગતરોજ તેના કઝીનભાઈ સામે બળાત્કારની પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં તેણે જણાવ્યું હતું કે તેના કઝીનભાઈએ તેને લગ્ન કરવાની લાલચ આપી તેની સાથે સુરતમાં બે વર્ષ અલગ રૂમમાં રોકાણ કરી અવારનવાર શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. જો કે ત્યારબાદ ભાઈએ લગ્ન કરવાની ના પાડી દીધી હતી અને અંગતપળોના ઉતારેલા વિડીયો વાયરલ કરવાની ધમકી આપી તેની પાસેથી રૂપિયા ૪,૦૦૦ પડાવી લીધા હતા તથા પરિવાર વિશે એલફેલ ગાળો બોલી આપશબ્દો વાળા મેસેજ કરી હેરાન પરેશાન કરતા આખરે યુવતીએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાંડેસરા વિસ્તારમાં રહેતી યુવતી તેના ઉત્તર પ્રદેશ અયોધ્યાના પાતુપુર ગામમાં રહેતા સગા માસીના દીકરા નિતેશ પરશુરામ પાલ સાથે મિત્રાતા થઈ હતી. યુવતી પાંડેસરા વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં રહેતી હતી. આ દરમિયાન તેના સગા માસીના દીકરાએ તેને લગ્ન કરવાની લાલચ આપી તેને પોતાની પ્રેમ જાળમાં ફસાવી તેના જ ઘરમાં તેની સાથે રહેતો હતો. ગત તારીખ ૨૬/૬/૨૦૨૨ થી ઓગસ્ટ ૨૦૨૩ સુધી અવારનવાર તેની સાથે શારીરિક સંબંધ બાંધી પોતાની હવસ સંતોષી સમય વિતાવ્યો હતો. આ દરમિયાન અવારનવાર તેણે પોતાના અંગત પળોના વિડીયો પણ ઉતારી લીધા હતા. જોકે બાદમાં યુવકે લગ્ન કરવાની ના પાડી દઈ તેણીને તરછોડી વતન ભાગી ગયો હતો.ત્યારબાદ પોતાના તથા બીજા અલગ અલગ ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી અંગતપળોના વિડીયો તેણીને મોકલી આ વિડીયો વાયરલ કરવાની ધમકી આપી મેસેજ કરી પૈસાની માંગણી કરી હતી. યુવતીએ બદનામીના ડરથી રૂપિયા ૪,૦૦૦ ચૂકવી દીધા બાદ પણ તેની પાસે વધુ પૈસાની માંગણી કરી તેના પરિવારના સભ્યો વિષે એલફેલ ગાળો બોલી હેરાન પરેશાન કરવાનું ચાલુ રાખ્યું હતું. જેથી આખરે ભોગ બનનાર યુવતીએ પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તંત્રના પાપે જ હરણી દુર્ઘટનામાં ૧૨ બાળકોનાં મોત થયા હતા

# વડોદરા મનપાએ કોન્ટ્રાક્ટ બાદ મોનિટરિંગ ન કર્યું : સભામાં કોંગ્રેસે આક્ષેપ કર્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મળેલી સમગ્ર સભા વંદેમાતરમના ગાન અને રજા રિપોર્ટના વાચન બાદ તરત મુલતવી કરી દેવામાં આવતા વિરોધ પક્ષ કોંગ્રેસે ઉગ્ર વિરોધ નોંધાવી સભાગૃહના ફલોર પર નીચે બેસી જઈ આક્રોશ વ્યક્ત કર્યોહતો.

વિરોધ પક્ષનું કહેવું હતું કે વડોદરા શહેરમાં પાણીનો કકળાટ છે, લોકોને પાણી મળતું નથી, હોડીકાંડ બાદ પરિવારજનોને આજ સુધી વળતર મળ્યુ નથી, પ્રિ-મોનસૂનની કામગીરી થઈ નથી, અને શહેરીજનોની આવી અનેક સમસ્યા અંગે રજૂઆતો કરવાની હતી, પરંતુ આ સંદર્ભે કોઈ ચર્ચા કર્યા વિના આચારસંહિતાના નામે સભા મુલતવી કરી હતી, જે યોગ્ય કર્યું નહીં. સ્થાયી સમિતિની દર અઠવાડિયે બેઠક મળે છે, તેમાં રોડ, પાણી, ડ્રેનેજની સમસ્યા અંગે ચર્ચા થતી રહે છે. ભૂતકાળમાં પણ ચૂંટણી આચારસંહિતા વખતે ચર્ચાઓ થઈ હતી અને તેમાં કોઈ આચારસંહિતા ભંગની ફરિયાદ થઈ ન હતી. આમ છતાં આજે આ સભા મુલતવી કરી દઈને શાસક પક્ષે બેવડું વલણ છતું કર્યું છે. જોકે સ્થાયી સમિતિના અધ્યક્ષે ફલોર બેઠેલા કોંગ્રેસી સભ્યોને સમજાવ્યા હતા અને વિપક્ષના પૂર્વ નેતા સાથે હરણી બોટકાંડ મુદ્દે ઉગ્ર ગરમાગરમી થઈ હતી. બાર બાળકોને તમે જ મરાવ્યા તેવો આક્ષેપ કરી ઉગ્ર વાક્યુધ્ધ કર્યું હતું. વિપક્ષના પૂર્વ નેતા અમી રાવતે જણાવ્યું હતું કે, હરણી કોન્ટ્રાક્ટરમાં સસ્તા ભાવે જમીન આપી દીધી. તળાવના કોન્ટ્રાક્ટ બાદ મોનિટરિંગ ન કર્યું. બાર બાળકો મરી ગયા. શાળા સામે કોઈ પગલાં ન લીધા. તેઓના પરિવારોને હજી વળતર નથી મળ્યું. આવી સ્થિતિમાં શહેરીજનોની વેદના રજૂ કરવા સમગ્ર સભા જ ચાલુ ન રાખે તે ક્યાંનો ન્યાય ?

વીજચોરી કે મીટરમાં જમ્પિંગ અંગેનું સત્ય છૂપાવવાનો પ્રયાસ કર્યો હતો

# જૂનાગઢમાં પીજીવીસીએલના અધિકારીને રૂા.૩.૧૮ લાખનું વીજબીલ ફટકારાયું

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ,તા.૧૯

જૂનાગઢના પોશ વિસ્તાર રાયજીબાગમાં રહેતા અને માંગરોળ પીજીવીસીએલમાં ઈજનેર તરીકે ફરજ બજાવતા એક અધિકારીના ઘરનું વીજબીલ ૩ લાખ રૂપિયાથી વધારે રકમનું આપવામાં આવ્યું હોવાની વાત ગત અઠવાડિયામાં બહાર આવી હતી. વીજ ચોરી કે પછી મીટરમાં જમ્પિંગ એ અંગે અધિકારીઓએ સત્ય છુપાવવાનો પ્રયત્ન કર્યો હતો. જ્યારે આ ઘટના બની ત્યારે બંને અધિકારીઓએ આવી કોઈ ઘટના બની હોવાની જાણ નથી તેવું જણાવ્યું હતું. જો કે, અધિક્ષક ઈજનેર પરમાર દ્વારા એવું કહેવામાં આવ્યું હતું કે, આવી કોઈ વાત છે પરંતુ મીટર જમ્પિંગ કરે છે કે પછી સાચા આંકડા છે તેની તપાસ ચાલુ છે. ત્યાર બાદ આખરે મનિષ નટવરલાલ સાંખલા નામના અધિકારીને ઘરનું વીજબીલ રૂા. ૩,૧૮,૦૦૦ ફટકારવામાં આવ્યું છે. જે તે સમયે મીટર રીડિંગ દરમ્યાન સામાન્ય બિલ બનાવવામાં આવતું હતું. પરંતુ તપાસ આવતા વીજબીલના આંકડા ખોટા હોવાનું માલુમ પડયું હતું. જે તે સમયે આંકડા છુપાવીને બીલ બનાવવામાં આવ્યું હોય તેવી શકયતા પણ હતી. જો કે આ મામલે આઠ દિવસ પછી પીજીવીસીએલ દ્વારા આ અધિકારીને બીલ આપ્યું હતું. જે અધિકારી દ્વારા ભરી દેવામાં આવ્યું છે.

### અવસાન નોંધ

**પાલિતાણા**

પાલિતાણામાં અબ્દુલભાઈ જમાલભાઈ પાદરથી (ઉ.વ.૬૪)નું તા.૧૮-૪-૨૪ના રોજ અવસાન થયેલ છે. મર્હૂમની દફનવિધિ તા.૧૯-૪-૨૪ના રોજ થઈ હતી. મર્હૂમની ઝિયારત તા.૨૧-૪-૨૪ને રવિવારના રોજ સવારના ૧૦ કલાકે અલ-મદીના મસ્જિદ તથા મહિલાઓ માટે મોહંમદી બાગ, તળાવ, પાલિતાણા ખાતે રાખેલ છે.

## પ્રભાસપાટણની શાહિન કોલોની નજીક રખડતા શ્વાનનો ત્રાસ

પ્રભાસપાટણ, તા.૧૯

સોમનાથ પ્રભાસ પાટણમાં શાહિન કોલોનીથી શાંતિનગર જતા રસ્તા ઉપર પસાર થતાં લોકોને બચકા ભરતા શ્વાનનો ત્રાસ વધી ગયો છે. આ શ્વાન વહેલી સવારે નીકળતા લોકોને જોઈ ભસે છે અને બચકા ભરે છે. તાજેતરમાં લગ્નની જાન આવી હતી. તેમને પણ શ્વાને બચકા ભર્યા હતા. આ રસ્તો વાડી વિસ્તાર, એક કોલોનીથી હાઈવે અને મુખ્ય રોડ જવાનો હોવાથી લોકોની સલામતી માટે નગરપાલિકાએ કંઈક પગલાં લેવા જોઈએ તેવી લોકોમાં માંગ ઉઠી છે.

# ભાજપે કાશ્મીરની ૩ લોકસભા સીટો પર ઉમેદવારો ઊભા રાખ્યા નથી કારણ કે, તે લોકોના દિલ જીતી શકી નથી : ઓમર અબ્દુલ્લા

### જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યપ્રધાને આક્ષેપ કર્યો હતો કે, ભાજપ કાશ્મીર ખીણમાં સીધી ચૂંટણી લડી રહી નથી, પરંતુ તે 'બેકસાઇડ ડ્રાઇવિંગ કરી રહી છે'

(એજન્સી) શ્રીનગર, તા.૧૯

નેશનલ કોન્ફરન્સ (NC)ના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે, ભાજપે કાશ્મીરની ત્રણ લોકસભા બેઠકો પરથી તેના ઉમેદવારો ઊભા કર્યા નથી કારણ કે, કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી પાર્ટી અને તેની સરકાર કથિત રીતે લોકોના દિલ જીતી શકી નથી. અબ્દુલ્લાએ પત્રકારોને જણાવ્યું હતું કે, 'આ ચૂંટણીનું મહત્વ એ છે કે, ઓગસ્ટ ૨૦૧૯ પછી પહેલીવાર અહીં લોકસભાની ચૂંટણી યોજાઈ રહી છે. ઉપરાંત ૨૦૧૯માં ભાજપે તમામ બેઠકો (ખીણમાં) પર તેના ઉમેદવારો ઊભા રાખ્યા હતા. આ વખતે (કેન્દ્રીય) ગૃહમંત્રી (અમિત શાહ) કહે છે કે, અમે પહેલા લોકોના દિલ જીતીશું અને પછી ઉમેદવારો ઊભા કરીશું.' આનો સીધો અર્થ એ છે કે, તેઓ લોકોનું દિલ જીતી શક્યા નથી અને ૨૦૧૯ના નિર્ણયોએ લોકોને બીજેપી પ્રત્યે વધુ ગુસ્સે અને વિમુખ બનાવ્યા છે.' જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યપ્રધાને આક્ષેપ કર્યો હતો કે, ભાજપ કાશ્મીર ખીણમાં સીધી ચૂંટણી લડી રહ્યું નથી, પરંતુ તે 'બેકસાઇડ ડ્રાઇવિંગ કરી રહ્યું છે.' 'જો બીજેપીએ મેદાન છોડી દીધું હોત તો તેનો પોતાનો અર્થ ઘણો હોત. પરંતુ (ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ) તરૂણ ચુગનું છેલ્લા દિવસોમાં અહીં આગમન અને કેટલાક રાજકીય પક્ષોની મુલાકાત દર્શાવે છે કે, તેઓએ મેદાન છોડ્યું નથી. તેઓ પાછળથી લગામ પકડી રહ્યા છે. અબ્દુલ્લાએ ઉમેર્યું કે, '(કેન્દ્રીય) ગૃહપ્રધાન ઈન્ડિયા બ્લોકના એનસી-કોંગ્રેસને હરાવવાની વાત કરે છે, પરંતુ તેઓ અન્ય રાજકીય પક્ષોને હરાવવાની વાત કરતા નથી. તમે જાણો છો કે ભાજપ કોની સાથે જોડાયેલ છે.' જ્યારે પીપલ્સ કોન્ફરન્સ (PC)ના વડા સજ્જાદ લોનને 'પ્રવાસી' અને 'બેઠ વર્ગ' સાથે જોડાયેલા હોવા અંગે ટિપ્પણી કરવા માટે પૂછવામાં આવ્યું ત્યારે NC નેતાએ કહ્યું કે, તે કોઈ રહસ્ય નથી કે ઉત્તર કાશ્મીર મતવિસ્તારમાં તેમની લડાઈ, જ્યાંથી લોન પણ લડે છે, દિલ્હી સામે છે. તેમણે કહ્યું કે, 'તરૂણ ચુગ શ્રીનગર આવે છે અને તરત જ સજ્જાદ લોનને બોલાવે છે અને તે (લોન) તેને મળવા દોડે છે અને ગૃહમંત્રી એનસી, કોંગ્રેસ અને ભારતના ગઠબંધનને હરાવવાની વાત કરે છે, પરંતુ તે પીસીને હરાવવાની વાત કરતા નથી. 'આ રીતે તમે જાણો છો કે તેમની પાછળ કઈ શક્તિ કામ કરી રહી છે.' તેમણે કહ્યું કે, તેમની પાર્ટી અને પીસી અને અલ્તાફ બુખારીની આગેવાની હેઠળની અપની પાર્ટી જેવા અન્ય પક્ષો વચ્ચેનો તફાવત એ છે કે, તેમની પાર્ટીના દરવાજા ભાજપ માટે બંધ છે. અબ્દુલ્લાએ કહ્યું, 'તરૂણ ચુગ માટે અમારા દરવાજા બંધ છે. ન તો તે આવવા માંગશે અને ન તો અમે તેમને પ્રવેશ આપીશું. અલ્તાફ બુખારી અને અમારી વચ્ચે આ જ તફાવત છે.'

# J&K : 'શાંત ગામ'ના મતદારોનું મૂળભૂત સુવિધાઓ માટે મતદાન, ભવિષ્યની ચૂંટણીના બહિષ્કારની ધમકી

### ધડકહી ગામના ૩૫ ટકાથી વધુ લાયક મતદારોએ બપોર સુધીમાં બે મતદાન મથકો પર મતદાન કર્યું હતું

(એજન્સી) ધડકહી, તા.૧૯

જમ્મુ અને કાશ્મીરના ડોડા જિલ્લાના 'શાંત ગામ' તરીકે ઓળખાતા ધડકહીના રહેવાસીઓએ તેની મોટી બહેરા-મૂંગા વસ્તીને કારણે શુક્રવારે લોકસભાની ચૂંટણીમાં તેમના મતના અધિકારનો ઉપયોગ રસ્તા, પાણી, આરોગ્ય સુવિધાઓ અને શિક્ષણ જેવી મૂળભૂત સુવિધાઓ મેળવવાની આશામાં કર્યો હતો. જો કે, જો તેમની માગણીઓ સંતોષવામાં નહીં આવે તો ભવિષ્યની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચેતવણી તેમણે આપી હતી. બરફથી ઢંકાયેલા પહાડોની વચ્ચે સ્થિત, ધડકહીમાં મુખ્યત્વે ગુર્જર સમુદાયના સભ્યો વસે છે, જેઓ તેમની કૃષિ પદ્ધતિઓ અને વિચરતી જીવનશૈલી માટે જાણીતા છે. ગામની વિશિષ્ટ વિશેષતા એ છે કે, તેની અડધાથી વધુ વસ્તીએ ૧૯૫૦થી જન્મજાત તબીબી પરિસ્થિતિઓને કારણે સાંભળવા અને બોલવામાં પડકારોનો સામનો કરવો પડ્યો છે. આ પડકારો હોવા છતાં ગામના ૩૫ ટકાથી વધુ લાયક મતદારોએ બપોર સુધીમાં બે મતદાન મથકો પર પોતાનો મત આપ્યો હતો. સામાજિક કાર્યકર્તા મોહમ્મદ હનીફે જણાવ્યું હતું કે, 'અમે પાયાની સુવિધાઓ માટેની અમારી લાંબા સમયથી ચાલતી માંગને સમર્થન મેળવવા માટે મત આપ્યો છે. અમે સરકારને અમારા ગામમાં બહેરા-મૂંગા બાળકો માટે શાળાઓ શરૂ કરવા વિનંતી કરીએ છીએ.' ગ્રામજનોએ પ્રાથમિક શાળા માટે શિક્ષકો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે ડોક્ટર અને ગામને રસ્તાના નેટવર્ક સાથે જોડવા સહિતના મુદ્દાઓ પર તાત્કાલિક ધ્યાન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. હનીફે કહ્યું, 'પ્રશાસને ગ્રામજનોની સમસ્યાઓ પર ધ્યાન આપવું જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે પ્રાથમિક શાળાને શિક્ષકો મળે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ડોક્ટર મળે અને ગામ રોડ નેટવર્ક સાથે જોડાયેલું હોય.' ગ્રામજનોએ જણાવ્યું હતું કે, જો તેમની માગણીઓનું સત્વરે ધ્યાન આપવામાં નહીં આવે તો તેઓ ભવિષ્યની ચૂંટણીનો બહિષ્કાર કરશે. હનીફે કહ્યું, 'જો અમારી માગણીઓ સંતોષવામાં નહીં આવે તો અમે કોઈપણ ચૂંટણીનો બહિષ્કાર કરીશું પછી ભલે તે વિધાનસભાની હોય કે પંચાયતોની.' હનીફની મદદથી પાંચ બાળકોના બહેરા-મૂંગા પિતા એવા રાહિલ અલીએ સમાન પરિસ્થિતિઓ ધરાવતા બાળકો માટે શાળાના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે સંકેતિકભાષાંમાં જણાવ્યું કે, અમે આ માંગને ધ્યાનમાં રાખીને અમારો મત આપ્યો છે. સરકારે આ બાળકોને શિક્ષિત કરવા માટે બહેરા-મૂંગા શાળાની સ્થાપનાની ખાતરી કરવી જોઈએ. ગ્રામજનોએ બહેરા-મૂંગા યુવાનોને પોતાનો વ્યવસાય શરૂ કરીને આત્મનિર્ભર બનવામાં મદદ કરવા માટે સરકારી સહાયની પણ હાકલ કરી હતી. હનીફે જણાવ્યું હતું કે, સરકારે તેમને આજીવિકા કમાવવામાં મદદ કરવા માટે વિવિધ યોજનાઓ હેઠળ તેમને લોન, તાલીમ અને પ્રાણીઓ પ્રદાન કરવા જોઈએ. તેમની સાંભળવાની અને વાણીની ક્ષતિઓ હોવા છતાં ગ્રામજનો મતદાન પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઉત્સાહી હતા. શબીર અહેમદે કહ્યું કે, 'અમે અમારા સાંસદને પસંદ કરવા માટે મતદાનમાં ભાગ લેવા માટે ખૂબ જ ખુશ છીએ. દરેક જણ ઉત્સાહી છે કે, નવા સાંસદ મૂળભૂત સુવિધાઓ સુનિશ્ચિત કરીને અમને ન્યાય આપશે.' ધડકહીમાં અંદાજે ૪૫૦૦ ગુર્જરો વસે છે. ૧૯૩૯માં ગામમાં શ્રવણ અને વાણીની ક્ષતિનો પ્રથમ કેસ નોંધાયો હતો. આ ગામ ઉધમપુર લોકસભા મતવિસ્તારનો એક ભાગ છે, જે દેશની ૧૦૨ બેઠકોમાંથી એક છે જ્યાં શુક્રવારે મતદાન થયું હતું. ચૂંટણી અધિકારીઓએ જણાવ્યું હતું કે, મુશળધાર વરસાદ છતાં ઉધમપુરના ૫૭.૦૯ ટકાથી વધુ મતદારોએ બપોરે ૩ વાગ્યા સુધીમાં તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતદાન સવારે ૭ વાગ્યે સમગ્ર મતવિસ્તારમાં ૨૬૩૭ મતદાન મથકો પર શરૂ થયું હતું, જેમાં ૧૬.૨૩ લાખથી વધુ મતદારો તેમના મત આપવા માટે પાત્ર હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ક્યાંયથી કોઈ અપ્રિય ઘટનાની જાણ થઈ નથી. ઉધમપુરથી સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી (BJP)ના કેન્દ્રીય મંત્રી જિતેન્દ્રસિંહ, કોંગ્રેસના પૂર્વ સાંસદ ચૌધરી લાલસિંહ અને ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ આઝાદ પાર્ટી (DPAP)ના પૂર્વ મંત્રી જી.એમ. સરોરી સહિત ૧૨ ઉમેદવારો મેદાનમાં છે. જિતેન્દ્ર સિંહ લોકસભામાં સતત ત્રીજી વખત ચૂંટણી જીતવા પર નજર રાખી રહ્યા છે, જ્યારે ૨૦૦૪ અને ૨૦૦૯માં સીટ જીતનાર ચૌધરી લાલસિંહ પણ ત્રીજીવાર જીત માટે પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ બંધારણની કલમ ૩૭૦ની જોગવાઈઓ નાબૂદ કર્યા પછી અને અગાઉના રાજ્યના કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજન થયા પછી જમ્મુ અને કાશ્મીરમાં આ પ્રથમ મોટી ચૂંટણી લડાઈ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે અનામત દળો સહિત ૧૧,૦૦૦થી વધુ મતદાન કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલય અનુસાર ૧૬,૨૩,૧૯૫ મતદારો ધરાવતા મતવિસ્તારમાં ૨૬૩૭ મતદાન મથકોમાંથી ૧૪૭૨ વેબકાસ્ટિંગ સુવિધાઓથી સજ્જ છે. મતદારોમાં ૮,૪૫,૨૮૩ પુરૂષો, ૭,૭૭,૮૯૯ મહિલાઓ અને ૧૩ ત્રીજા લિંગના મતદારો છે. ૨૬૩૭ મતદાન મથકોમાંથી ૨૪૫૭ ગ્રામ્ય વિસ્તારોમાં અને ૧૮૦ શહેરી વિસ્તારોમાં છે. સૌથી વધુ ૭૦૧ મતદાન મથકો કઠુઆમાં, ૬૫૪ ઉધમપુરમાં, ૫૨૯ ડોડામાં, ૪૦૫ કિશ્તવાડમાં અને ૩૪૮ રામબનમાં છે. ઉધમપુરમાં કિશ્તવાડ, ડોડા, રામબન, ઉધમપુર અને કઠુઆ - પાંચ જિલ્લાઓમાં ફેલાયેલા ૧૮ વિધાનસભા વિસ્તારોનો સમાવેશ થાય છે.

# UAE હવામાનની આગાહી : આવતા અઠવાડિયે વધુ વરસાદ અપેક્ષિત

### નોંધનીય રીતે અમીરાત સત્તાવાળાઓ દ્વારા વ્યક્તિઓને હવામાન અપડેટ્સ વિશે માહિતગાર રહેવા અને તેમની સલામતી સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓ દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકાને અનુસરવાની સલાહ આપવામાં આવે છે

(એજન્સી) તા.૧૯

યુનાઈટેડ આરબ અમીરાત (UAE) સતત અસ્થિર હવામાન પરિસ્થિતિઓ માટે તૈયારી કરી રહ્યું છે, જેમાં આગામી સપ્તાહમાં ભારે વરસાદ ચાલુ રહેવાની ધારણા છે. વિવિધ સ્રોતોના તાજેતરના અહેવાલો સૂચવે છે કે, દેશમાં શ્રેણીબદ્ધ તોફાનો, ગર્જના અને વીજળીનો અનુભવ થઈ રહ્યો છે, જે વિવિધ પ્રદેશોમાં નોંધપાત્ર વરસાદ તરફ દોરી જાય છે.

**વર્તમાન હવામાન પરિસ્થિતિ :-** અબુધાબીથી ફુજૈરાહ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જેમાં અલ આઈન, અજમાન, રાસ અલ ખાઈમાહ અને ફુજૈરાહ જેવા વિસ્તારો ખાસ કરીને પ્રભાવિત થયા છે. મંગળવાર, ૧૬ એપ્રિલના અંત સુધીમાં દુબઈમાં એક જ દિવસમાં ૫.૫૯ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. ગર્જના અને વીજળી સાથે વાવાઝોડા ત્રાટક્યા છે, જે સમગ્ર યુએઈમાં ગતિશીલ હવામાન પેટર્ન બનાવે છે.

**ચેતવણીઓ અને આગાહીઓ :-** નેશનલ સેન્ટર ઓફ મીટીરોલોજી (NCM)એ વિવિધ અમીરાત માટે ચેતવણીઓ જારી કરી છે, જેમાં કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ, વાવાઝોડા અને કરા પડવાની સંભાવના જણાવવામાં આવી છે.

**આગામી સપ્તાહ માટે આગાહી :-** NCMએ ૨૩ એપ્રિલ માટે હવામાનની આગાહી જારી કરી છે અને આગાહી કરી છે કે, સમગ્ર દેશમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના સાથે, આગામી સપ્તાહ સુધી ભીનું હવામાન ચાલુ રહેશે. NCM અનુસાર, દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ તાપમાનમાં ઘટાડો જોવા મળી શકે છે. UAE હાલમાં સપાટીના નીચા દબાણ પ્રણાલીના પ્રભાવ હેઠળ છે, જેના કારણે ભેજવાળા પવનો અને વરસાદી વાદળોની રચના થઈ રહી છે. આગાહી દર્શાવે છે કે, દેશના પૂર્વીય અને ઉત્તરીય વિસ્તારોમાં વધુ વરસાદ પડી શકે છે, જેમાં સપ્તાહના અંત સુધીમાં સ્થિતિમાં ધીમે-ધીમે સુધારો થશે. મંગળવારે યુએઈમાં અભૂતપૂર્વ વરસાદ પડ્યો હતો , જેણે સમગ્ર રાષ્ટ્રને ગંભીર રીતે નુકસાન પહોંચાડ્યું હતું, અહીં સ્થિતિ પૂર્વવ્રત કરવાના પ્રયાસો ચાલુ છે. નોંધનીય રીતે અધિકારીઓ દ્વારા વ્યક્તિઓને હવામાન અપડેટ્સ વિશે માહિતગાર રહેવા અને તેમની સલામતી સુનિશ્ચિત કરવા માટે જારી કરાયેલ માર્ગદર્શિકાઓનું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે.

# ગાઝામાં યુદ્ધ રોકવામાં ભારત સક્રિય ભૂમિકા ભજવે તેવી અપીલ : ઈરાન

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

ઈરાન-ઈઝરાયેલ વચ્ચે સંઘર્ષનું કેન્દ્ર ગાઝામાં ચાલી રહેલું યુદ્ધ જ છે અને ઈરાને ભારતને ગાઝામાં યુદ્ધને રોકવા માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા તેની સક્રિય ભૂમિકા જાળવી રાખવા વિનંતી કરી છે. નવી દિલ્હીમાં ઈરાનના રાજદૂત ઈરાજ ઈલાહીએ ગુરૂવારે એક જાણીતા અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં આ વાત કહી હતી. તેમની આ ટિપ્પણી પણ એવા સમયે આવી હતી જ્યારે ટીસા જોસેફ નામની એક મહિલા કેડેટ કે જે ઈરાન દ્વારા કબજે કરાયેલા ઈઝરાયેલી જહાજ પર હાજર હતી તે ઈરાનથી મુક્ત કરાવાયા બાદ આવી હતી. ટીસા જોસેફ એ ૧૭ ભારતીયોમાં સામેલ હતી જે આ જહાજ પર હાજર હતા. વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે, ભારતીય એમ્બેસીએ તેહરાનમાં સરકાર જોડે સંપર્ક બનાવી રાખ્યો છે અને અન્ય ૧૬ ભારતીયોને મુક્ત કરાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે, ઈરાન ક્યારેય કોઈને નુકસાન પહોંચાડવા માગતું નથી કે કોઈ નાગરિકોને હાનિ પહોંચાડવામાં માને છે. અમારા ક્ષેત્રોમાં નાગરિકોની સુરક્ષા જ અમારી પ્રાથમિકતા છે. લોકોની સુરક્ષા અમારા માટે જરૂરી છે અને ભલે પછી તે ભારતીય હોય કે ઈરાની હોય કે પેલેસ્ટીની કે પછી કોઈ અન્ય દેશના. તેમણે ઈઝરાયેલ દ્વારા કબજે કરી લેવાયેલા પેલેસ્ટીનનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ઈઝરાયેલ દ્વારા જે રીતે અમારા મિશન પર હુમલો કરાયો હતો તે અસહનીય હતો અને હવે અમે તેનો બદલો લઈ લીધો છે.

# 'મસ્જિદ ક્યાંથી આવી ગઈ ?' : 'સાંકેતિક તીર' ચલાવવા મુદ્દે હૈદરાબાદ ભાજપના ઉમેદવાર વિવાદમાં ફસાયાં

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૯

હૈદરાબાદ લોકસભા સીટ પરથી ભાજપના ઉમેદવાર માધવી લતા વાયરલ થયેલા એક વીડિયોને લઈને વિવાદમાં ફસાઈ છે. આમાં તે કથિત રીતે એક સરઘસ દરમિયાન મસ્જિદ તરફ તીર ચલાવવાનો સંકેત આપતી જોવા મળે છે. વાયરલ થયેલ વીડિયો શહેરમાં બુધવારે રામનવમીની શોભાયાત્રા દરમિયાન રેકોર્ડ કરવામાં આવ્યો હોવાનું જણાય છે. માધવીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, તેના ધ્યાનમાં આવ્યું છે કે, નકારાત્મકતા પેદા કરવા માટે તેનો અધૂરો વીડિયો વાયરલ કરવામાં આવી રહ્યો છે. તેણીએ કહ્યું, હું સ્પષ્ટ કરવા માંગુ છું કે આ એક અધૂરો વીડિયો છે. જો આવા વીડિયોના કારણે કોઈની ભાવનાઓને ઠેસ પહોંચી હોય તો હું માફી માંગુ છું કારણ કે, હું તમામ વ્યક્તિઓનું સન્માન કરૂ છું. માધવી લતાએ કહ્યું, 'તે રામનવમી હતી અને અમે શ્રી રામજીને યાદ કરી રહ્યા હતા. અમે આકાશ તરફ તીર મારતા હતા જે શેરી તરફ જઈ રહ્યું હતું. પોતાના મોબાઈલ ફોન પરનો વીડિયો બતાવતા તેણે કહ્યું કે, અમે બિલ્ડિંગ તરફ ગયા હતા. તમે તેને બતાવો અને કહો કે મસ્જિદ ક્યાંથી આવી. તેઓ અહીંના લોકોને કોઈ રીતે વાળવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભાજપ પર ખોટા આક્ષેપો કરી રહ્યા છે. બીજેપી ઉમેદવારે કહ્યું, 'મારા તમામ હિન્દુ ભાઈ-બહેનો નથી ઈચ્છતા કે આપણે સાથે આગળ વધીએ. ખાસ કરીને તે યુવાનોને



ઉશ્કેરવામાં એક્સપર્ટ બની ગયો છે. ચોક્કસપણે અમારી વિરુદ્ધ કોઈ ષડ્યંત્ર ચાલી રહ્યું છે. અમે દરેક માટે સારી રીતે કામ કરીએ છીએ. ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)ના વડા અસદુદ્દીન ઓવૈસીએ આ વીડિયો પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘથી શાંતિ જોખમમાં છે. તેણે વીડિયોને 'યોગ્ય મહત્ત્વ' ન આપવા બદલ મીડિયાકર્મીઓની પણ ટીકા કરી હતી. તેમણે કહ્યું, તમે લોકો ભાજપ અને આરએસએસ દ્વારા ધાર્મિક સંરચનાઓની નજીક કરવામાં આવી રહેલા અભદ્ર આક્રમક કૃત્યો દર્શાવતા નથી. તેમના આવા પગલાથી કેવો સંદેશ આપવામાં આવી રહ્યો છે ? જો હું હોત તો તમે લોકોએ મારા ગળામાં સાપ મૂક્યો હોત.' બીજેપી અને આરએસએસ બ્રાન્ડ હૈદરાબાદની છબી ખરાબ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. વીડિયો અંગે પૂછવામાં આવેલા સવાલ પર મુખ્ય ચૂંટણી અધિકારી વિકાસ રાજે કહ્યું કે, આ બાબત હજુ સુધી તેમના ધ્યાન પર આવી નથી.

# ચૂંટણી પંચે પ્રદ્યોત કિશોરને FB પર લાઈવ આવીને એક પાર્ટી જે કેન્દ્રમાં સરકાર બનાવી શકે તેને વોટ આપવાની અપીલ કરવા મામલે નોટિસ ફટકારી

(એજન્સી) અગરતલા, તા.૧૯

ચૂંટણી પંચે શુક્રવારે TIPRA મોથાના સ્થાપક પ્રદ્યોત કિશોર માણિક્ય દેવબર્માને નોટિસ જારી કરીને રાજ્યમાં પ્રથમ તબક્કાના મતદાનના કલાકો પહેલા ગુરૂવારે સાંજે સોશિયલ મીડિયા પર લાઈવ સત્ર દરમિયાન આપેલા નિવેદનો અંગે ખુલાસો માંગ્યો હતો. દેવબર્માને તાત્કાલિક પદ પરથી હટાવવા માટે પણ કહેવામાં આવ્યું હતું.

રાજવી વંશમાંથી રાજકારણી બનેલા જેમના TIPRA મોથા ત્રિપુરામાં સત્તારૂઢ ભાજપ સાથે જોડાણમાં છે. અહેવાલ મુજબ લોકોને ફેસબૂક પર લાઈવ સેશન દરમિયાન શુક્રવારે વહેલી સવારે મતદાન કેન્દ્રો પર પહોંચવા અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે તેમના મત આપવા જણાવ્યું હતું.

કોઈપણ રાજકીય પક્ષનું નામ લીધા વિના પ્રદ્યોતે કહ્યું કે, 'એક પક્ષ' છે જે કેન્દ્રમાં સરકાર બનાવી શકે છે અને લોકોને સમજવું જોઈએ કે તેઓ તેમની માગણીઓ ભારત સરકાર દ્વારા પૂર્ણ કરી શકે છે. એક નિવેદનમાં ત્રિપુરાના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) પુનીત અગ્રવાલે જણાવ્યું હતું કે, જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૨૬ હેઠળ, કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવારને ૪૮ કલાક દરમિયાન કોઈપણ જાહેર સભા અથવા સરઘસ બોલાવવા કે કાર્યક્રમમાં હાજરી આપવા અથવા સંબોધિત કરવાની મંજૂરી નથી. આ સમયગાળો ૧૭ એપ્રિલે સાંજે પાંચ વાગ્યાથી શુક્રવારના રોજ રાજ્યમાં મતદાન પૂર્ણ થવા સુધીનો હતો. ચૂંટણી પંચે દાવો કર્યો હતો કે, તેમની ટિપ્પણીઓ પ્રથમ દૃષ્ટિએ ચૂંટણી કાયદાનું ઉલ્લંઘન કરતી હોવાનું જણાયું હતું. ચૂંટણી પંચે કહ્યું કે, તમારા કથિત સંદેશથી તે સ્પષ્ટ છે કે, તમારી અપીલ ચોક્કસ સમુદાયને ચોક્કસ પક્ષની તરફેણમાં મત આપવા માટે છે. પંચે પ્રદ્યોતને સોશિયલ મીડિયા પોસ્ટને તાત્કાલિક દૂર કરવા અને આદર્શ આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ તેની સામે પગલાં કેમ ન લેવા જોઈએ તે અંગે ખુલાસો કરવા કહ્યું હતું.

# વિશ્વ પર યુદ્ધના વાદળો મંડરાઈ રહ્યા છે, દેશની સુરક્ષા માટે મજબૂત ભાજપ સરકાર જરૂરી : PM મોદી

(એજન્સી) દમોહ, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી MPના દમોહમાં ચૂંટણી રેલી યોજી હતી. તેમણે કહ્યું કે, આ ચૂંટણી દેશની ચૂંટણી છે. દેશને વિશ્વ મહાસત્તા બનાવવાની આ ચૂંટણી છે. પીએમ મોદીએ કહ્યું, વિશ્વમાં યુદ્ધનું વાતાવરણ છે ત્યારે ભારતમાં યુદ્ધના ધોરણે કામ કરતી સરકારની ખૂબ જ જરૂર છે અને આ કામ પૂર્ણ બહુમતી સાથે ભાજપ સરકાર જ કરી શકે છે. બીજા તબક્કામાં દમોહ સહિત MPની ૬ બેઠકો પર ૨૬મી એપ્રિલે મતદાન થશે. બીજા તબક્કાની આ બેઠકોમાં ટીકમગઢ, દમોહ, ખજુરાહો, સતના, રીવા, હોશંગાબાદનો સમાવેશ થાય છે.વડાપ્રધાન મોદી ૧૨ દિવસમાં ચોથી વખત MPના પ્રવાસે છે. આ પહેલા પીએમ મોદીએ ૭ એપ્રિલે જબલપુરમાં રોડ શો કર્યો હતો. ૯ એપ્રિલે તેમણે બાલાઘાટમાં એક બેઠક યોજી હતી. નર્મદાપુરમના પીપરિયામાં ૧૪મી એપ્રિલે સભા કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે યુપીના અમરોહા પહોંચ્યા હતા. સ્ટેજ પર ઢોલક સાથે મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. PMએ કહ્યું, અહીં ઢોલકની ગુંજ દૂર-દૂર સુધી સંભળાય છે. આ સમયે હું ભીડને જોઈ રહ્યો છું. તમારો ઉત્સાહ દેખાઈ રહ્યો છે. આજની એકમાત્ર થાપ છે કમળ છાપ. અમરોહાનો ઢોલક પણ દેશભરમાં ધબકે છે. ક્રિકેટ વર્લ્ડકપમાં ભાઈ મો. શમીએ જે કમાલ કરી. આખી દુનિયાએ તે જોયું. રમતગમતમાં તેમના શાનદાર પ્રદર્શન બદલ કેન્દ્ર સરકારે ભાઈ મો.શમીને અર્જુન એવોર્ડ આપવામાં આવ્યો છે. યોગીજી અહીં યુવાનો માટે સ્ટેડિયમ પણ બનાવી રહ્યા છે. આ માટે હું અમરોહાના લોકોને અભિનંદન આપું છું.

# ભાજપ બ્રહ્માંડનો 'સૌથી મોટો જૂઠ્ઠો' છે : અખિલેશ

(એજન્સી) નોઈડા, તા.૧૯

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે શુક્રવારે ઉત્તરપ્રદેશમાં એક રેલીને સંબોધતાં કહ્યું હતું કે, ભાજપ આખા બ્રહ્માંડમાં સૌથી જૂઠ્ઠો છે. ભાજપે પોતે છેલ્લા ૧૦ વર્ષમાં તેની પોતાની એવી છાપ ઊભી કરી છે. આખા બ્રહ્માંડમાં તે સૌથી જૂઠ્ઠો છે. તે સૌથી મોટો જૂઠ્ઠો છે. સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે લોકસભા ચૂંટણીના પહેલા દિવસે મતદાન પર કટાક્ષ કર્યો અને કહ્યું કે, ભાજપનો પહેલો દિવસ જ ફ્લોપ રહ્યો છે. ભારત બ્લોકના ઉમેદવારો શુક્રવારે પ્રથમ તબક્કાની ચૂંટણી જીતશે અને લોકોએ જોડાણના ઉમેદવારોની તરફેણમાં મતદાન કર્યું છે. ભાજપ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, ભાજપના શાસનમાં યુવાનોને નોકરીઓ નથી મળી રહી, જેના કારણે તેઓ આત્મહત્યા કરી રહ્યા છે. યુવાનોને રોજગાર આપવાનું વચન આપતાં તેમણે કહ્યું, ફિરોઝાબાદની એક પુત્રીએ સ્પર્ધાત્મક પરીક્ષાનું પેપર લીક થયા બાદ આત્મહત્યા કરી લીધી હતી. તમને જણાવી દઈએ કે શુક્રવારે દેશના ૧૦૨ લોકસભા કેન્દ્રો પર મતદાન થયું હતું. જેમાંથી ઉત્તરપ્રદેશની આઠ બેઠકો પર મતદાન થયું હતું. તેમણે કહ્યું કે, ભાજપની વાર્તા કોઈને પસંદ નથી. ભાજપના સંવાદો કોઈને પસંદ નથી. બે છોકરાઓના સવાલ પર તેમણે કહ્યું કે, ભારત ગઠબંધન ભાઈચારો વધારવા માટે છે. નોકરી અને રોજગાર આપવા માટે આ જોડાણ છે. ભાજપ સૌથી મોટી જૂઠ્ઠી પાર્ટી છે. ભારત ગઠબંધન આ ચૂંટણી જીતવા જઈ રહ્યું છે. તેમણે કહ્યું કે, જો ભારતમાં ગઠબંધન સરકાર બનશે તો તેઓ યુવાનોને કાયમી નોકરીઓ આપવા માટે કામ કરશે. ભારત સરકાર ગઠબંધન લોકોને સન્માન સાથે રોજગાર આપવા માટે કામ કરશે. આ દરમિયાન તેમણે ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે, ભાજપ ગુનેગારોની ગોદામ બની ગઈ છે.

પ્રથમ તબક્કાના મતદાન પર કટાક્ષ કરતા સપા પ્રમુખે કહ્યું કે, ભાજપ માટે પ્રથમ દિવસનો પ્રથમ શો ફ્લોપ રહ્યો છે. હવે જનતાને ન તો બીજેપીના લોકોનો અભિનય ગમ્યો છે કે ન તો સ્ટોરી અને ક્લિચ્ડ ડાયલોગ પસંદ છે. ભાજપની બારી ખાલી છે. તે દેશના જાગૃત લોકોને અગાઉથી અભિનંદન પાઠવે છે. જનતાએ પરંપરાથી ભટકીને ઈન્ડિયા એલાયન્સના ઉમેદવારોની તરફેણમાં મતદાન કર્યું છે.

અખિલેશ યાદવે કહ્યું કે, પહેલા તબક્કાનો પવન અને પશ્ચિમનો પવન ભારતીય જનતા પાર્ટીને દેશમાંથી મિટાવી દેશે. જેઓએ ભાજપ વિરુદ્ધ મતદાન કર્યું હતું. તે તેમને નમન કરે છે અને તેમનો આભાર માને છે.

# યોગ શિબિરોમાં દાનના સ્વરૂપમાં ફી વસૂલ કરવામાં આવી : સુપ્રીમ કોર્ટે પતંજલિ ટ્રસ્ટ પર સર્વિસ ટેક્સ વસૂલવા માટે CESTATના ઓર્ડરને સમર્થન આપ્યું

### ટ્રિબ્યુનલે કહ્યું હતું કે, દાનના માધ્યમથી સહભાગીઓ પાસેથી ફી વસૂલવામાં આવી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

પતંજલિ યોગપીઠ ટ્રસ્ટ વિરુદ્ધ ચુકાદાને સમર્થન આપતા સુપ્રીમ કોર્ટે એપેલેટ ટ્રિબ્યુનલના ચુકાદાને સમર્થન આપ્યું હતું કે, આ સંસ્થા રહેણાંક અને બિન-રહેણાંક એમ બંને રીતે યોગ શિબિરોના આયોજન માટે પ્રવેશ ફી વસૂલે છે અને તે માટે સર્વિસ ટેક્સ ચૂકવવા માટે જવાબદાર છે. જસ્ટિસ અભય એસ. ઓકા અને ઉજ્જલ ભૂયાનની બેન્ચે કસ્ટમ્સ, એક્સાઈઝ એન્ડ સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (CESTAT)ની અલ્હાબાદ બેન્ચના પાંચ ઓક્ટોબર, ૨૦૨૩ના નિર્ણયમાં દખલ કરવાનો ઈન્કાર કર્યો હતો.

ખંડપીઠે ટ્રસ્ટની અપીલને ફગાવી દેતા કહ્યું કે, ટ્રિબ્યુનલે યોગ્ય આદેશ આપ્યો છે કે, શિબિરોમાં ફી માટે યોગ એ સેવા છે. આ હુકમમાં દખલ કરવાનું કોઈ કારણ નથી માટે આ અપીલ ફગાવી દેવામાં આવે છે. તેના આદેશમાં CESTATએ જણાવ્યું હતું કે, પતંજલિ યોગપીઠ ટ્રસ્ટ દ્વારા આયોજિત યોગ શિબિરો, જે સહભાગિતા માટે ફી વસૂલ કરે છે, તે 'આરોગ્ય અને ફિટનેસ સેવા'ની શ્રેણી હેઠળ આવે છે અને તેના પર સેવા કર લાગે છે. તેણે નોંધ્યું હતું કે, આ ટ્રસ્ટ, યોગ ગુરુ રામદેવ અને તેમના સહાયક આચાર્ય બાલકૃષ્ણ હેઠળ કામ કરે છે અને તે વિવિધ રહેણાંક અને બિન-રહેણાંક શિબિરોમાં યોગની તાલીમ આપે છે. ટ્રિબ્યુનલે કહ્યું હતું કે, દાનના માધ્યમથી યોગના સહભાગીઓ પાસેથી ફી વસૂલવામાં આવી હતી. તેણે ચુકાદામાં કહ્યું હતું કે, જો કે, આ રકમ દાન તરીકે એકત્રિત કરવામાં આવી હતી, તે ઉપરોક્ત સેવાઓ પ્રદાન કરવા માટેની ફી હતી અને તેથી તે કરની વ્યાખ્યા હેઠળ આવરી લેવામાં આવી હતી. કસ્ટમ્સ અને સેન્ટ્રલ એક્સાઈઝ, મેરઠ રેન્જના કમિશનરે સર્વિસ ટેક્સની માંગ કરી છે અને તે દંડ અને વ્યાજ સાથે આશરે રૂા.૪.૫ કરોડની રકમ છે. તેના જવાબમાં ટ્રસ્ટે દલીલ કરી હતી કે, તે સેવાઓ પૂરી પાડે છે જે બીમારીઓના ઉપચાર માટે છે. તે 'સ્વાસ્થ્ય અને ફિટનેસ સેવા' હેઠળ કરપાત્ર નથી. એપેલેટ ટ્રિબ્યુનલે તેના આદેશમાં જણાવ્યું હતું કે, અમારી દૃષ્ટિએ અપીલકર્તા પતંજલિ ટ્રસ્ટ એવી સેવાઓ પ્રદાન કરે છે જે આરોગ્ય ક્લબ અને ફિટનેસ સેન્ટર દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓની કરપાત્ર શ્રેણી હેઠળ વર્ગીકૃત કરી શકાય તેવી છે, જે કલમ ૬૫ (૫૨) હેઠળ વ્યાખ્યાયિત કરવામાં આવી છે. અપીલકર્તાના એવા દાવા કે તેઓ વ્યક્તિની ચોક્કસ બીમારીઓ માટે સારવાર આપી રહ્યા છે તેને કોઈપણ સકારાત્મક પુરાવા દ્વારા સમર્થન મળતું નથી. આ શિબિરોમાં 'યોગ' અને 'ધ્યાન' વિશેની સૂચનાઓ કોઈ એક વ્યક્તિને નહીં, પરંતુ સમગ્ર સભાને આપવામાં આવે છે. કોઈપણ વ્યક્તિની ચોક્કસ બીમારી/ફરિયાદના લેખિત, નિદાન અને સારવાર માટે કોઈ પણ વ્યક્તિ માટે કોઈ પ્રિસ્ક્રિપ્શન બનાવવામાં આવતું નથી.

એપેલેટ ટ્રિબ્યુનલે જણાવ્યું હતું કે, ટ્રસ્ટે દાનના સ્વરૂપમાં પ્રવેશ ફી વસૂલ કરી હતી. તેઓએ વિવિધ રકમની પ્રવેશ ટિકિટો રાખી હતી. ટિકિટ ધારકને ટિકિટના મૂલ્યના આધારે વિવિધ વિશેષાધિકારો આપવામાં આવ્યા હતા.

# એલોપેથી મામલો : સુપ્રીમ કોર્ટે બાબા રામદેવની ફોજદારી તપાસ પર રોક લગાવવાની અરજીમાં ફરિયાદ દાખલ કરવા કહ્યું

### ખંડપીઠે બાબા રામદેવને ફરિયાદીઓની ઉપર ફરિયાદ દાખલ કરવાની સ્વતંત્રતા આપી અને ઉનાળાના વેકેશન બાદ ૨૦ મેથી શરૂ થતી કોર્ટમાં સુનાવણી માટે મામલો મૂક્યો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

સુપ્રીમ કોર્ટે શુક્રવારે યોગ ગુરૂ રામદેવને કોવિડ રોગચાળા દરમિયાન એલોપેથિક દવાઓના ઉપયોગ સામેની તેમની ટિપ્પણી અંગે તેમની સામે કેસ થયેલા કેસમાં ફોજદારી કાર્યવાહી પર સ્ટે માંગતી તેમની અરજીમાં પક્ષકાર તરીકે તેમની ઉપર ફરિયાદ દાખલ કરનારા ફરિયાદીઓની ઉપર કેસ દાખલ કરવાની અનુમતિ આપી હતી.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)ના પટના અને રાયપુરના પ્રકરણોએ ૨૦૨૧માં ફરિયાદો નોંધાવી હતી, જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, રામદેવની ટિપ્પણી કોવિડ નિયંત્રણ પદ્ધતિ માટે પૂર્વગ્રહનું કારણ બની શકે છે અને લોકોને યોગ્ય સારવાર મેળવવાથી દૂર કરી શકે છે.

જસ્ટિસ એમ.એમ. સુંદરેશ અને પી.બી. વરાલેની ખંડપીઠ, જે રામદેવની ફોજદારી કાર્યવાહી પર સ્ટે માંગતી અરજીની સુનાવણી કરી રહી હતી, તેમણે કહ્યું કે, આ મામલે રાહત મેળવવા માટે તેમણે ફરિયાદીઓને આગ્રહ કરવાની જરૂર છે.

ખંડપીઠે રામદેવને ફરિયાદીઓની ઉપર ફરિયાદ કરવાની સ્વતંત્રતા આપી હતી અને ૨૦ મેથી શરૂ થતી સર્વોચ્ચ અદાલતની ઉનાળાની રજાઓ પછી સુનાવણી માટે મામલો મૂક્યો હતો. બિહાર સરકાર તરફથી હાજર રહેલા વકીલે કહ્યું કે, તેમને આ મામલે જવાબ દાખલ કરવા માટે સમયની જરૂર છે. પોતાની અરજીમાં રામદેવે કેન્દ્ર, બિહાર, છત્તીસગઢ અને IMAને પક્ષકારો તરીકે ગણાવ્યા છે. સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ૯ ઓક્ટોબરે તેમને નોટિસ ફટકારી હતી. અગાઉ રામદેવ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ દવેએ કહ્યું હતું કે, યોગ ગુરૂએ ૨૦૨૧માં નિવેદન આપ્યું હતું કે, તેઓ એલોપેથિક દવાઓમાં વિશ્વાસ કરતા નથી, જેનાથી કેટલાક ડોક્ટરોએ આને ગુનો ગણ્યો હતો અને તેમની સામે અનેક કેસ દાખલ કર્યા હતા. વચગાળાની રાહત તરીકે રામદેવે ફોજદારી ફરિયાદોની તપાસ પર સ્ટે માંગ્યો છે. રોગચાળા દરમિયાન એલોપેથિક દવાઓના ઉપયોગ સામે રામદેવની ટિપ્પણી અંગે IMAએ બિહાર અને છત્તીસગઢમાં ફરિયાદો નોંધાવી હતી. યોગ ગુરૂ પર ભારતીય દંડ સંહિતા અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ની વિવિધ જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. રામદેવ, જેમના નિવેદનોએ એલોપથી વિરુદ્ધ આયુર્વેદ પર રાષ્ટ્રવ્યાપી ચર્ચા જગાવી હતી, જો કે, તત્કાલીન કેન્દ્રીય આરોગ્ય પ્રધાન હર્ષ વર્ધનનો પત્ર મળ્યા બાદ તેમને પાછા ખેંચી લીધા હતા, જેમણે તેમની ટિપ્પણીઓને અયોગ્ય ગણાવી હતી. દિલ્હી મેડિકલ એસોસિએશન (ડીએમએ), દરમિયાનમાં રામદેવે એલોપેથીનું અપમાન કર્યું અને લોકોને રસી અને સારવારના પ્રોટોકોલની અવગણના કરવા માટે 'ઉશ્કેર્યા' હોવાનો આક્ષેપ કરીને કેસમાં પક્ષકાર બનવાની પરવાનગી માંગી છે. સભ્ય તરીકે ૧૫,૦૦૦ ડોક્ટરો ધરાવતા ડીએમએએ દાવો કર્યો છે કે, રામદેવની પતંજલિએ કોરોનિલ કિટ્સ વેચીને રૂા.૧૦૦૦ કરોડથી વધુની કમાણી કરી હતી જેને સક્ષમ અધિકારી દ્વારા મંજૂરી આપવામાં આવી ન હતી.

# સૌથી લાંબો ૩ કલાકનો સમય જેમાં મૃત્યુને નજીકથી જોયું : ઝારખંડમાં એક સ્પેનિશ ટ્રાવેલ વ્લોગર પર 'બળાત્કાર' ગુજારવામાં આવ્યો, તેમણે તેમની આ અગ્નિપરીક્ષાને યાદ કરતો વીડિયો પોસ્ટ કર્યો

### ૫૯ મિનિટના વીડિયોમાં બળાત્કાર કરનાર એક આરોપીને જોઈ શકાય છે, આ સ્પેનિશ ટ્રાવેલ વ્લોગર જ્યાં કેમ્પ કરવાની યોજના બનાવી રહ્યાં હતાં તે સ્થળ પાસે આ નરાધમને તેઓ મળ્યાં હતાં

(એજન્સી) રાંચી, તા.૧૯

આ વર્ષે માર્ચમાં ઝારખંડના દુમકા જિલ્લામાં એક બ્રાઝિલિયન ટ્રાવેલ વ્લોગર, ગેંગરેપનો ભોગ બની હતી. તેના સ્પેનિશ પતિએ તેમના પર થયેલા અત્યાચારના અહેવાલનો વીડિયો બુધવારે યુટ્યુબ ચેનલ પર અપલોડ કર્યો હતો.

આ વીડિયોમાં તેમણે તેમના જીવનના 'સૌથી લાંબા ત્રણ કલાક'ને યાદ કરીને તેમની અગ્નિપરીક્ષા વર્ણવી હતી.

આ દંપતીએ વીડિયોમાં કહ્યું હતું કે, 'અમે મૃત્યુને નજીકથી જોયું છે અને તેનાથી અમને ઘણું પ્રતિબિંબિત થયું છે પણ અમારા જીવની યોજના બદલાશે નહીં. કમનસીબીના સમયમાં આપણે જાણવું જોઈએ કે કેવી રીતે ઊભા રહેવું, મજબૂત બનવું અને આગળ વધવું.'

ઝારખંડ પોલીસ બળાત્કારના બાકી આરોપીઓને શોધી રહી છે ત્યારે સ્પેનિશ ટ્રાવેલ વ્લોગર કહે છે કે, 'મને લાગ્યું કે આપણે મરી જઈશું.'

આ ઘટનાને યાદ કરતાં ૬૩ વર્ષીય સ્પેનિશ પતિએ કહ્યું કે, આરોપીએ તેને ઘણી વખત મુક્કા માર્યા અને છરીના નિશાને તેમને બંધક બનાવ્યા હતા.

તેમણે યાદ કર્યું કે, 'તે વખતે મને ખબર ન હતી કે મારે શું કરવું, મને લાગ્યું કે, તે મરી ગઈ છે પણ તે ત્યાં જે ઝાડીઓમાં હતી ત્યાં અચાનક મેં તેને સળવળતી જોઈ. તેનાથી મને તમે કલ્પના પણ ન કરી શકો તેવો આનંદ મળ્યો. બસ દુઃખ એ હતું કે, હું તેના રક્ષણ માટે કંઈ કરી શક્યો નહીં.'

તેમણે જણાવ્યું કે, આરોપીઓએ તેમની પાસેથી કંઈ લીધું નથી, તેઓ ફક્ત તેના પર બળાત્કાર કરવાનું જ ઈચ્છતા હતા.

કળ વળ્યાના થોડીવાર પછી જ્યારે દંપતી હોસ્પિટલ પહોચ્યું ત્યારે થોડા ચેકઅપ પછી તેમને એક રૂમમાં મોકલવામાં આવ્યા હતા. આ રૂમ જે મચ્છરોથી ભરેલો હતો અને તેની બારીઓ પણ તૂટેલી હતી.

દંપતીએ કહ્યું, 'તે ઓરડો તેમની પાસે જે શ્રેષ્ઠ હતો તેમાંથી એક હતો. અમને ખરેખર ખબર ન હતી કે શું ચાલી રહ્યું છે. જો કે, પોલીસ આ મામલાને ગંભીરતાથી લેશે કે નહીં, તેની અમને ખબર ન હતી. તેથી અમે બધું રેકોર્ડ કરવાનું નક્કી કર્યું હતું.'

આટલું કહીને કે તેઓ આ દુઃખદ બનાવનો અંત લાવીને ભૂલી જવા માંગે છે, તેમણે વીડિયોઝ અપલોડ કર્યા. તેઓએ તેમની સફરને ચાલુ રાખવાનું વચન આપ્યું.

# આંધ્રપ્રદેશ : YSRCPના 'ગરીબ' ઉમેદવારની ૧૬૧ કરોડ રૂપિયાની સંપત્તિ

(એજન્સી) અમરાવતી, તા.૧૯

યેમ્મીગનુર વિધાનસભા મતવિસ્તારના YSRCP ઉમેદવાર બુટ્ટા રેણુકાએ ૧૬૧.૨૧ કરોડ રૂપિયાની કૌટુંબિક સંપત્તિ જાહેર કરી છે. તાજેતરમાં જ મુખ્યમંત્રી વાય.એસ. જગન મોહન રેડ્ડીએ બુટ્ટા રેણુકાને 'ગરીબ' કહ્યા હતા.

પૂર્વ સાંસદ બુટ્ટા રેણુકાએ આંધ્રપ્રદેશના કુર્નૂલ જિલ્લામાં ૧૩ મેના રોજ યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે નોમિનેશન ફાઈલ કરતી વખતે ચૂંટણી પંચને સબમિટ કરેલા સોગંદનામામાં સંપત્તિ જાહેર કરી હતી.

એફિડેવિટ અનુસાર, તે અને તેમના પતિ શિવ નીલકંઠની પાસે ૧૪૨.૪૬ કરોડ રૂપિયાની જંગમ સંપત્તિ અને ૧૮.૭૫ કરોડ રૂપિયાની સ્થાવર સંપત્તિ છે. તેમની પાસે લગભગ રૂા.૭.૮૨ કરોડની જવાબદારી છે.

વ્યવસાયી મહિલાઓ ઓટોમોબાઈલ ડીલરશીપ, હોટલ અને શૈક્ષણિક સંસ્થાઓ ધરાવે છે. તે બુટ્ટા કન્વેન્શનના માલિક પણ છે. તેમની સંપત્તિમાં હૈદરાબાદના માધાપુર અને ઈઝ્ઝત નગર વિસ્તારમાં પ્લોટ અને ઈમારતોનો સમાવેશ થાય છે. ૨૦૧૪માં તે ૨૪૨.૬૨ કરોડ રૂપિયાની જાહેર સંપત્તિ સાથે સૌથી ધનિક સાંસદોમાંની એક હતી.

# ક્ષત્રિય આંદોલન પાર્ટ-૨ની રણનીતિ : હવે રૂપાલા નહીં ભાજપ સામે મંડાણ

## રાજ્યની તમામ બેઠકો પર 'બોયકોટ ભાજપ' સૂત્ર સાથે આગળ વધીશું : ક્ષત્રિય આગેવાન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાની વિવાદાસ્પદ ટિપ્પણીને લઈ તેમની ઉમેદવારી રદ કરવાની ક્ષત્રિયોની માંગ હજુ સુધી પૂર્ણ ન થતાં હવે નારાજ ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલન પાર્ટ- ૨ શરૂ કરવાની રણનીતિ ઘડવામાં આવી રહી છે. આજે ૧૯મી એપ્રિલના રોજ ફોર્મ ભરવાના છેલ્લા દિવસે રાજપૂત સંકલન સમિતિ અને તેની સાથે રાજપૂત સમાજની ૯૨ સંસ્થાના પ્રતિનિધિઓની એક મહત્ત્વની બેઠક ગોતા રાજપૂત ભવન ખાતે રાખવામાં આવી છે. આ બેઠક બાદ પ્રેસ-કોન્ફરન્સ કરી અગત્યની જાહેરાત અને આગામી કાર્યક્રમો ઉમેદવારી વિરુદ્ધ ફોર્મ ભર્યું નથી. તેને લઈને પણ ક્ષત્રિય આંદોલનમાં ફાંટા પડ્યા હોય તેમ જણાય છે.

સંકલન સમિતિની બેઠક ચાલી રહી હતી ત્યાં પદ્મીનીબા વિરોધના મૂડમાં પહોંચી ગયા હતા.સંકલન સમિતિની મહિલાઓ પદ્મિનીબાને હોલમાં લઈ ગયા અને હોલના દરવાજા બંધ કરી દીધા હતા. હવે બેઠકમાં રણનીતિ નક્કી થયા બાદ મોડેથી પ્રેસ કોન્ફરન્સ થશે. પી.ટી. જાડેજા સંકલન સમિતિની બેઠકમાં નહિ આવે તેમ કહ્યું હતું, પરંતુ તેઓ પણ પહોંચ્યા હતા. રાજપૂત ભવન ખાતે પોલીસ ઈન્સ્પેક્ટર સહિતનો પોલીસ સ્ટાફ હાજર રખાયો હતો.

તૃપ્તિબા રાઓલે જણાવ્યું હતું કે, અમે બહેનો દીકરીઓની વાત





માટેની આ બેઠકો છે. તમે સમજી લો કે ભાજપને હરાવવાની છે. વધુમાં જણાવતા તેમણે કહ્યું કે, અમે ૧૦૦ ટકા રૂપાલાને હરાવીશું, અમે બુથ સુધી જઈશું, ૮ સીટો પર ભાજપ ડેમેજ થાય છે, ૨૬ બેઠકો પર અમારે ભાજપને ડેમેજ કરવાનું છે, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, ભાવનગર વગેરે જગ્યાએ ડેમેજ થશે. આજથી ભાજપનો બોયકોટ શરૂ થશે, ભાજપને કાંટાની ટક્કર આપીશું, ૫ લાખની લીડ ભૂલી જવાની હવે રણનીતિના આગામી કાર્યક્રમોમાં આગેવાનો ધર્મ રથમાં ફરશે, ૨૨ એપ્રિલથી ધર્મ રથ ફરશે, દરેક તાલુકામાં જિલ્લા પ્રવક્તાની નિમણૂંક કરાશે. રાજકોટ એ.પી સેન્ટર રહેશે અને જિલ્લા મુજબ બહેનો ૭ મે સુધી ક્રમિક રીતે ૧ દિવસીય પ્રતિક ઉપવાસ કરશે. અમદાવાદના કમિશનરે કાળા વાવટાથી વિરોધ નોંધવાની ના પાડતા PIL કરી છે. આ લોકશાહીનું ખૂન છે, શાંતિ અને સંયમથી કેસરિયા ધ્વજ સાથે વિરોધ કરશે જેમાં રામજી હશે, સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતમાંથી ધર્મ રથ નીકળશે.

પદ્મિની બા સહિતની મહિલાઓ રાજપૂત ભવન પહોંચ્યા બાદ ધાવો બોલાવતા કહ્યું હતું કે, હવે આંદોલન ભાજપ સામે કોંગ્રેસ બન્યું છે, સંકલન સમિતિએ મને પણ આમંત્રણ આપ્યું નથી, હવે સ્ત્રીઓના સન્માનની જગ્યાએ રાજકારણ થઈ રહ્યું છે. હું સંકલન સમિતિના વિરુદ્ધમાં છું, રાજકોટમાં

**● દરેક ચૂંટણીમાં ભાજપનો વિરોધ કરાશે : કરણસિંહ ● વિરોધ થશે અને થશે ભલે PM હોય કે ગૃહમંત્રી, ધરપકડ કરવી હોય તો કરજો : ક્ષત્રિયોનો પડકાર ● પદ્મિનીબા આક્રમક : સંકલન સમિતિની વિરૂદ્ધમાં !**

અંગે જાણ કરવામાં આવશે. ૧૦૮ ક્ષત્રિયાણીઓએ ફોર્મ લીધા હતા અને આજે ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ હતો તેમ છતા એક પણ ક્ષત્રિયાણીએ રૂપાલાની ઉપર સુધી પહોંચાડી, આપણે હિન્દુ અને રામ રાજ્યની વાત કરતા હોઈએ પણ બહેનો દીકરીઓ પર ટિપ્પણી થાય છે. હવે ૨૧ બહેનો ૧૮ દિવસ સુધી પ્રતીક ઉપવાસ કરશે. તમામ લોકોને અમે જોડીશું. આખા ભારતની સ્ત્રીની અસ્મિતાનો સવાલ છે. કોઈપણ નેતા માતા-બહેનો પર ટિપ્પણી કરી જાય અને માફી માગી જાય એ રાજપૂત સમાજ ચલાવી ન લે.

સંકલન સમિતિની બેઠક પૂર્ણ થયા બાદ અગત્યની જાહેરાતો કરવા કરણસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, રાજકોટ બેઠક ભાજપ હારી જશે, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, રાજકોટ, સાબરકાંઠા, કચ્છ, જામનગર બેઠક પણ હારશે. ભાજપનાં તમામ મુદ્દા અમે લઈ લીધા છે. રૂપાલા શેર શાયરીના કલાકાર છે. વિકાસની ક્યાં વાત કરે છે, ૮ બેઠકો પર નુકસાન થશે. આ આંદોલન દેશભરના અલગ અલગ રાજ્યો સુધી પહોંચ્યું છે. કોઈ પક્ષની વાત નથી, કાળા વાવટાથી વિરોધ થશે થશે અને થશે જ, ધરપકડ કરવી હોય તો કરી લેજો, ભાજપને હરાવવા અમે આંદોલન કરીશું, અમને ૨૬ બેઠક પર રૂપાલા જ દેખાય છે. કોઈ પણ સીટ પર કોઈપણ સમાજનો હશે અમે તેમને સપોર્ટ કરીશું, પાટીદાર દૃજ ક્ષત્રિય લાવવાનો પ્રયત્ન કર્યો હતો. વડાપ્રધાન હોય કે ગૃહમંત્રી હોય તમામનો વિરોધ થશે. લોકશાહી ઢબે વિરોધ કરીશું. ૩૦૦ ફોર્મ ભરવા પર બોલ્યા, યુદ્ધમાં રણનીતિ હોય અને રણનીતિ બદલવી પડી છે, સમાજના અન્ય આગેવાનોને મળ્યા ત્યારે ધ્યાનમાં આવ્યું કે જેમને હરાવવામાં મતો તૂટી જશે, અમે મહિલાઓ ફોર્મ ભરવાનું મોકૂફ રાખ્યો, અમે ભાજપનો વિરોધ કરીશું, કયા પક્ષને મત આપવો તેની કોઈ સ્પષ્ટતા ન કરી. ભાજપનો વિરોધ કરીશું એટલે સામે જે પક્ષ હસે એને ફાયદો થશે, સર્વાનુમતે અમે ઠરાવો કર્યા છે, હવે પુરુષોત્તમ રૂપાલાની વાત પૂરી થઈ ગઈ, લોકોને હવે અમારા સુધી લાવવાનું છે, હવે અમારું લક્ષ્ય ભાજપ બોયકોટ છે. પ્રજાને કેવી રીતે જોડી શકાય તેના કમિટી બનાવીશું, યુવા અને લીગલ કમિટી પણ બનશે, લોકલ PIએ અમારો કાર્યક્રમ અટકાવવાનો પ્રયત્ન કર્યો, ભાવનગર ખાતે લોકલ ક્રાઈમ બ્રાન્ચે કાર્યક્રમ રોકવાનો પ્રયાસ કર્યો છે, અમે ગૃહમંત્રી અને પોલીસ મહાનિર્દેશકને રજૂઆત કરીએ કે પોલીસ મોકલશો નહિ, રાજકોટ એપી સેન્ટર છે. અમારું નવું સૂત્ર 'મત એ જ અસ્ત્ર, મત એ જ શસ્ત્ર'. વધુમાં જણાવ્યું હતું કે, ૧૪ તારીખે ડેડ લાઈન આપી હતી, ૧૯ સુધી ઉમેદવારી પાછી નહીં ખેંચાય તો ઓપરેશન ભાજપ શરૂ કરવાનું હતું, ૧૨૦થી વધુ સંસ્થા, ૧૫૦ ક્ષેત્રના આગેવાનો કોર સમિતિમાં હતા, સર્વાનું મતે બહાલી આપી છે, આવતીકાલથી ગુજરાતના તમામ જિલ્લાઓમાં રૂપાલા સામે અનેક ક્ષત્રિયો ફોર્મ ભરવાના હતા શું થયું? રાજપૂત સમાજને ગેરમાર્ગે દોરવામાં ના આવે એવુ તેમણે કહ્યું છે.

રાજપૂત ભવન ખાતે કોર કમિટીની બેઠકમાં ગીતાબા સહિત રાજપૂત અગ્રાણીઓ રાજપૂત સમાજ ભવન ખાતે પહોંચ્યા હતા. ગીતાબાએ કહ્યું હતું કે, આગળની રણનીતિ સમિતિ નક્કી કરશે, ગામડે ગામડે રાજપૂત બહેનો જશે, બીજાં રાજ્યમાં પણ જશે, BJPને નેસ્તનાબૂદ કરવા પ્રયત્ન કરાશે, અલગ અલગ જિલ્લાઓમાંથી આગેવાનો આવ્યા છે. આશરે ૪૦૦ લોકો મિટિંગમાં ભાગ લેવા માટે પહોંચ્યા છે. રાજપૂત સમાજ ભવનના ગ્રાઉન્ડમાં ગાડીઓનો ખડકલો જોવા મળી રહ્યો હતો.

### નવસારીમાં સીઆર પાટીલ તથા રાજકોટમાં પરેશ ધાનાણીએ પણ ભર્યા ફોર્મ

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે છેલ્લા દિવસે ગાંધીનગરમાં ઉમેદવારી નોંધાવી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાન માટે ઉમેદવારી નોંધાવવાના આજે અંતિમ દિવસે ગુજરાતમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગર ખાતે અને ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે નવસારી બેઠક પર વિજય મુહૂર્તમાં ઉમેદવારી પત્ર ભર્યું હતું. તો જામનગર બેઠક પર ભાજપના પૂનમબેન માડમ, રાજકોટ બેઠક પર કોંગ્રેસના પરેશ ધાનાણી અને મહેસાણા બેઠક પર કોંગ્રેસના રામજી ઠાકોરે પણ ઉમેદવારી નોંધાવી હતી. ગાંધીનગર લોકસભા



બેઠક પર ભાજપના ઉમેદવાર અમિત શાહે આજે વિજય મુહૂર્તમાં ઉમેદવારી પત્ર ભર્યું હતું. આ સમયે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ફોર્મ ભર્યા બાદ અમિત શાહે કહ્યું હતું કે,મેં આજે લોકસભા માટે મારું નામાંકન ગાંધીનગર બેઠક પરથી કર્યું છે. મારા માટે ગૌરવનો વિષય છે કે જે સીટ પરથી આ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ એટલે કે અડવાણી, અટલ બિહારી, વાજપેયીએ કર્યું અને જે સીટ પર સ્વયં નરેન્દ્ર મોદી મતદાતા છે એ સીટ પર પ્રતિનિધિત્વ કરવાનો મોકો મને ભાજપે આપ્યો છે. હું આ જ સીટ પરથી ૩૦ વર્ષથી ધારાસભ્ય અને સાંસદ રહ્યો છું. અહીંથી બહુ નાના બુથના કાર્યકર્તાથી સંસદ સુધી પહોંચ્યો છું. આ વિસ્તારના લોકોએ મને અપાર પ્રેમ આપ્યો છે. ગુરૂવારે નવસારી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર સી.આર પાટીલ, CM ભૂપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવી સહિતના સમર્થકો સાથે મોટી સંખ્યામાં બાઈક રેલી યોજી હતી.આ વચ્ચે પાટીલ વિજયમુહૂર્ત ચૂકી ગયા હતા. જેથી આજે તેમણે ઉમેદવારી નોંધાવી હતી. રાજકોટ લોકસભા બેઠક પર આ વખતે લેઉવા વર્સીસ કડવા પાટીદાર ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ થવા જઈ રહ્યો છે. ત્યારે ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા બાદ આજે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે રાજકોટ કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી ૧૨.૩૯ વાગ્યે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. આ ઉમેદવારી નોંધાવતા પહેલાં તેમણે જાહેરસભાને પણ સંબોધન કર્યું હતું.

### ચૂંટણી પછી કોઈ અમને જોતું નથી, આદિવાસી યુવકે ઉઠાવ્યા પ્રશ્નો

# આ લોકશાહી દેશ છે, રાજાશાહી દેશ નથી; કોઈ બોલવા દેતું નથી, બોલવાની જરૂર છે

### ભરૂચમાં ભાજપની જનસભાનો લાઈવ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

વાગરા,તા.૧૯

હાલ લોકસભાની ચૂંટણી ના પડઘમ જોરશોરથી વાગી રહ્યા છે.રાજકીય પક્ષો મત મેળવવા ગામડાઓ ખૂંદી રહ્યા છે.મતદારો ને પોતાની તરફે કરવા શામ,દામ,દંડ,ભેદ ની નીતિ અપનાવી રહ્યા છે.તો કેટલીક જગ્યાએ રાજકીય પક્ષો ના ઉમેદવારો ને મતદારોના જાહેરમાં લાઈવ ચાલુ છે અને બધાને જ ખબર છે કે સમાજ માટે હું કોઈ ને કોઈ જગ્યાએ બોલું છું.પણ આ ચૂંટણી પહેલા અમારા જે મુદ્દાઓ છે તેને કમ્પ્લેટ કરવા પડશે.પહેલી અને છેલ્લી વાત આપણા દયાદરા ગામમાં જેટલા પણ મંદિરો છે તે નામ પર નથી.સ્મશાનમાં જવાનો રસ્તો નો જવાબ આપતા મનસુખભાઈ એ આડકતરી રીતે યુવક પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી જોડવાનું કામ કરે છે.તોડવાનું કામ નથી કરતી.કેટલાક પરિબળો દેશને તોડવાનું કામ કરે છે.જ્ઞાતિ,જાતિ,ધર્મ ની વાતો કરે છે.ભારત દેશ સહુ નો દેશ

## આદિવાસી યુવકે સમાજના પ્રશ્નોને લઈ આવેદન આપતા ચાલુ સભામાં મનસુખ વસાવા ક્ષોભજનક સ્થિતિમાં મૂકાયા

રોષ નો ભોગ પણ બનવું પડે છે.તેવી જ એક ઘટના ભરૂચના દયાદરા ગામે સામે આવી હતી. જેમાં ભરૂચ જિલ્લાના દયાદરા ખાતે ભરૂચ લોકસભા બેઠકના ભાજપ ના ઉમેદવાર મનસુખ વસાવા ની જનસભા યોજાઈ હતી.જેમાં એક આદિવાસી યુવકે ઓન કેમેરા લાઈવ કરી સભા દરમિયાંન મનસુખ વસાવા ને આવેદન પાઠવી આદિવાસી સમાજ ની સમસ્યાઓ દૂર કરવા માંગણી ઉચ્ચારી હતી.જેનો વિડીઓ સોશિયલ મીડિયામાં ખૂબ ઝડપ થી વાયરલ થઈ રહ્યો છે.વિડીઓમાં આવેદન આપવા પહોંચેલા યુવક ને પ્રથમ તો સ્ટેજ પર થી બોલતા ભાજપ ના એક કાર્યકર દ્વારા અટકાવવા નો પ્રયાસ કરાયો હતો.ત્યાર બાદ યુવકે પોતાનો રોષ ઠાલવતા જણાવ્યું હતું કે મનસુખભાઈ આપણા સમાજના છે.એટલે સમાજ માટે ગર્વ ની વાત છે.પણ આપણા ગામમાં જે વિકાસ નથી થયો તેના માટે હું આવેદન પત્ર આપવા આવ્યો છું. નથી.ચોમાસામાં પગ લીલા કરીને કીચડમાં થી જવું પડે છે.ત્યાર પછી તળાવ ની પાળ, બાકરોલી સહિત કેટલાક આદિવાસી સમાજના જે ઝૂંપડાઓ છે તે નામ પર નથી.ચૂંટણી પછી કોઈ અમને જોતું નથી.અમારા સમાજના મનસુખ દાદા બેઠેલા છે.હું એક આદિવાસી સમાજ નો દીકરો છું.કોઈ બોલવા દેતું નથી.બોલવાની જરૂર છે,લોકશાહી દેશ છે,રાજાશાહી દેશ નથી.અનુછેદ માં લખેલું છે કે આદિવાસી આ દેશનો મલિક છે,ચાલક નથી.મલિક હોવા છતાં આપણા જમીન,મકાનો નામ પર નથી.તે શરમજનક બાબત છે.હું તો આદિવાસી સમાજ માટે કાલે પણ બોલતો હતો અને આજે પણ બોલીશ.લાઈવ ચાલુ છે દાદા અમારી જે જે અરજો છે તે સ્વીકારશે.જે આદિવાસી નું કામ કરશે અમે તેની સાથે છીએ તેમ કહી આદિવાસી યુવક પોતાની વાત પૂર્ણ કરતો વિડીઓ માં નજરે પડે છે.ત્યારબાદ યુવક ની વાત છે.આ દેશમાં રહેનારા બધા નો જ દેશ છે.ગરીબ,મધ્યમ ઉચ્ચ વર્ગ ,હિન્દૂ,મુસ્લિમ તમામ નો આ દેશ છે.એક વ્યક્તિ કે એક સમાજ નો નથી.દેશના પ્રધાનમંત્રી બધાને સાથે લઈ ને ચાલવાની વાત કરે છે.ત્યારે ભાગલાવાદી પરિબળો થી આપણે સાવધાન રહેવાનું છે.આ દેશના મલિક આપણે બધા છીએ.કોઈ બહાર નો નથી.માનસિકતા બદલવી પડશે.યુવાનો ને મારી વિનંતી છે કે અલગતાવાદી તત્વો થી સાવધ રહેજો તેમ કહેતા મનસુખભાઈ વિડીઓમાં દેખાઈ રહ્યા છે.હાલ તો આ વાયરલ વિડીઓ ને લઇ ને ભાજપ ની મુશ્કેલીઓ વધે તો નવાઈ નહિ.ઉલ્લેખનિય છે કે આદિવાસી સમાજ ના યુવકો એક પછી બહાર આવી ખુલી ને પોતાની રજૂઆતો કરી રહ્યા છે.દયાદરા ના આદિવાસી યુવક ની રજુઆત ને પગલે ભાજપના લોકસભા ના ઉમેદવાર મનસુખભાઈ વસાવા ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ ગયા હતા.

# મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના કેસમાં ઓરેવા કંપની સામે અદાલતના તિરસ્કારની નોટિસ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના કેસમાં ગુજરાત હાઈકોર્ટે દાખલ કરેલી સુઓમોટો પીઆઈએલની સુનાવણીમાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરૂદ્ધા માયીની ખંડપીઠે આજે આરેવા કંપની સામે અદાલતના તિરસ્કારની નોટિસ કાઢી હતી. કંપનીને એક સપ્તાહમાં ખુલાસા સાથેનું સોગંદનામું રજૂ કરવા હુકમ કર્યો હતો. હાઈકોર્ટે આપેલા આદેશોનું પાલન નહીં કરવામાં આવતા કંપનીના બેજવાબદાર વલણને લઈ ઝાટકણી કાઢી હતી. હાઈકોર્ટ દ્વારા ઓરેવા કંપનીને બે વખત પૂરતી તક આપ્યા છતાં પીડિતોને સહાય બાબતે સોગંદનામું ફાઈલ નહી થતાં હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી હતી અને ઓરેવા કંપનીના ડાયરેક્ટર સામે અદાલતી તિરસ્કાર અંગેની નોટિસ જારી કરી હતી. આ ઉપરાંત હાઈકોર્ટે મોરબી જિલ્લા કલેક્ટર અને ઓરેવા કંપનીને સાથે બેસીને પીડિતોને કેવી રીતે બનતી તમામ મદદ કરી શકાય તે મુદ્દે જવાબ આપવા નિર્દેશ કર્યો હતો.

મોરબી ઝૂલતા પુલ દુર્ઘટનામાં ૧૩૫ લોકોનાં મોત અંગેની જાહેરહિતની રિટની સુનાવણી દરમ્યાન ઓરેવા કંપની તરફથી સોગંદનામાનો જવાબ રજૂ કરવા અમને સમય આપવાની માગણી કરવામાં આવી હતી. જો કે, હાઈકોર્ટે આ બાબતે ભારે નારાજગી વ્યક્ત કરીને જણાવ્યું હતું કે, તમારા મેનેજિંગ ડિરેક્ટર પહેલાં જેલમાં હતા એટલે તમે કશું કરી શકતા ન હતા એમ કહેતા હતા. તો હવે શું કારણ છે. આ હાઈકોર્ટ દ્વારા દાખલ કરાયેલી સુઓમોટો પીઆઈએલ છે. જેમાં કંપનીને સાંભળવા અદાલત બંધાયેલી નથી. તમારે ફક્ત કોર્ટના નિર્દેશોનું પાલન કરવાનું છે. હાઈકોર્ટે પીડિતોને ચૂકવવાના થતાં વળતર મુદ્દે બાંધછોડ કરવાનો ઈન્કાર કરી દીધો હતો. વધુમાં હાઈકોર્ટે ઓરેવા કંપનીને ફટકાર લગાવતાં જણાવ્યું કે, એસઆઈટીના અહેવાલ મુજબ આ દુર્ઘટના પાછળ ઓરેવા કંપનીની જ જવાબદારી છે. ઝૂલતા પુલમાં લાકડાની જગ્યાએ એલ્યુમિનિયમ લગાવાયું હતું અને બ્રિજના રીપેરીંગમાં કોઈ નિષ્ણાતની મદદ લેવાઈ ન હતી. શું કંપની દિવ્યાંગ અને અનાથ બાળકોને વળતર આપવા બાબતે અને પીડિતોને સહાય કરવા ટ્રસ્ટ બનાવવા બાબતે શું કામગીરી કરી બાબતે વેધક સવાલો કર્યા હતા. પીડિત પરિવારોના પુનઃ વસન અંગે કંપની શું કાર્ય કરશે તેનો જવાબ આપવા ત્રણ મહિના પહેલા કીધું હતું, તે મુદ્દે શું કર્યું તેના પણ સવાલો કર્યા હતા.

હાઈકોર્ટે વધુમાં કંપનીને વધુમાં જણાવ્યું હતું કે, અગાઉ કંપનીએ અદાલત સમક્ષ પીડિતોના પુનઃ વસન માટે તમામ સહકાર આપવાની તૈયારી બતાવી હતી પરંતુ પૂરતો સમય આપવા છતાં અને કોર્ટના બબ્બે હુકમ છતાં ઓરેવા કંપની દ્વારા કોઈ કામ કરાયું નથી. હાઈકોર્ટે અનાથ, વૃદ્ધો, વિધવા અને ઈજાગ્રસ્તોને મદદ કરવા જણાવ્યું હતું પરંતુ તેનું પણ પાલન થયું નથી. આમ કહી હાઈકોર્ટે ઓરેવા કંપની ડિરેક્ટર વિરુદ્ધ અદાલતી તિરસ્કાર અંગેની નોટિસ જારી કરી હતી અને આગામી એક સપ્તાહમાં ખુલાસા સાથેનું સોગંદનામું રજૂ કરવા હુકમ કર્યો હતો.

## જુનિયર-સિનિયર ક્લાર્કની પરીક્ષાઓ ચૂંટણીની આચારસંહિતાને લઈ કરાઈ મોકૂફ

અમદાવાદ, તા.૧૯

લોકસભાની ચૂંટણી નજીક આવતા હાલ એક તરફ પ્રચારનો ધમધમાટ શરૂ થયેલ છે. ત્યારે લોકસભાની ચૂંટણીની આચારસંહિતાને લઈ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જુનિયર અને સિનિયર ક્લાર્કની પરીક્ષા હાલ મોકૂફ કરાશે. ૫૫૫૪ જગ્યા માટે પરીક્ષા ચાલી રહી છે. જેની પરીક્ષા પૂરી થઈ છે તેણે ફરીથી પરીક્ષા નહીં આપવી પડે. ચૂંટણી પછી બાકી ઉમેદવારોની પરીક્ષા યથાવત્ રહેશે. હાલ લોકસભાની ચૂંટણીની સાથે ગુજરાત વિધાનસભાની પાંચ બેઠકો પર પેટાચૂંટણી યોજવાની

### ટૂંક સમયમાં નવી તારીખ જાહેર થવાની શકયતા

રાખવામાં આવી છે. ટૂંક સમયમાં નવી તારીખો જાહેર કરવામાં આવશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આગામી તારીખ ૨૦, ૨૧, ૨૭, ૨૮ એપ્રિલ અને તારીખ ૪ અને ૫ મેના રોજ અમુક સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન કરવામાં આવ્યુ હતું, જે હવે મૌકૂફ રહેશે. ચૂંટણીપંચના નિર્દેશ બાદ ગૌણ સેવા પસંદગી મંડળની જુનિયર અને સિનિયર ક્લાર્કની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. લોકસભા ચૂંટણીની આચારસંહિતાને લઈને પરીક્ષા સ્થગિત રખાઈ છે. જો કે, ૮-૯ મેની પરીક્ષા યથાવત્ રહેશે. ટૂંક સમયમાં નવી તારીખ જાહેર છે. ત્યારે દેશભરમાં લોકસભાની ચૂંટણીને લઈને આદર્શ આચારસંહિતા લાગુ છે. આ કારણોસર જુનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્કની પરીક્ષાઓ લેવાવાની હતી, જેને હાલ સ્થગિત કરવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે. જો કે, લોકો એવું અનુમાન લગાવી રહ્યા છે કે, ચૂંટણીનાં પરિણામો બાદ જ પરીક્ષાની નવી તારીખો જાહેર થઈ શકે છે. ત્યાં સુધી ઉમેદવારો તેમના વાંચન પર વધુ ધ્યાન આપી શકે છે. આ સાથે જ ઉમેદવારોમાં જ્યાં સુધી નવું ટાઈમ ટેબલ જાહેર નહિ થાય ત્યાં સુધી પરીક્ષાની તારીખોને લઈને ઉત્સુકતા જળવાયેલી રહેશે.

# રાજ્યમાં પવનની દિશા બદલાતાં આગામી ચાર દિવસ ગરમીથી મળશે આંશિક રાહત

### અનેક સ્થળોએ તાપમાન ૨થી ૩ ડિગ્રી ઘટ્યું

અમદાવાદ,તા.૧૯

રાજ્યમાં માવઠાના માર બાદ વધેલી ગરમીનો માર થોડો મંદ પડયો છે ગુજરાત પર આવતા પવનોની દિશા બદલાતા આગામી ૪ દિવસ સુધી ગુજરાતવાસીઓને ગરમીમાં આંશિક રાહત મળવાની શકયતા છે. પવનોની દિશા બદલાતા મહત્તમ તાપમાનમાં પણ ૨થી ૬ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો છે. રાજ્યમાં અનેક સ્થળોએ પારો ૪૦ ડિગ્રીની કરતા ઓછો નોંધાયો છે. જયારે આગામી એક સપ્તાહ સુધી રાજ્યનું વાતાવરણ શુષ્ક રહેશે. સૌરાષ્ટ્રમાં અને કચ્છમાં આજે હીટવેવની સામાન્ય અસર જોવા મળી હતી જો કે આગામી ચાર દિવસ સુધી હીટવેવની કોઈ આગાહી આપવામાં આવી નથી. વાત કરીએ મહત્તમ તાપમાનની તો અમરેલીમાં સૌથી વધુ ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આમ માત્ર બે દિવસમાં તાપમાનમાં ૪ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. જયારે વડોદરામાં ૩૯.૮, અમદાવાદમાં ૩૯.૫,



મહુવામાં ૩૯.૪, સુરેન્દ્રનગરમાં ૩૯.૨ અને ગાંધીનગર તેમજ સુરતમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી નોંધાયું હતું. જયારે આવનાર દિવસોમાં તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શકયતા નથી. બીજી તરફ રાજયમાં કેટલાક સ્થળોએ અંશતઃ વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીમાં થોડી રાહત મળી હતી. ખાસ કરીને બપોરના સમયે ગરમીનો અનુભવ વધુ રહ્યો હતો જો કે ગરમીની અસરને જોતા બપોરના સમયે લોકોને કામ વગર બહાર ન નીકળવાનું તબીબો અને જાણકારો જણાવી રહ્યા છે. સાથે જ ગરમીથી બચવાના ઉપાયો હાથ ધરવાનું પણ જણાવી રહ્યા છે. જયારે એકાદ સપ્તાહ બાદ ગરમીનો પારો ફરીથી ઉંચે જવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે. ત્યારે સામાન્ય રાહત બાદ ગુજરાતવાસીઓએ ફરીથી કાળઝાળ ગરમીનો ભાર સહન કરવા તૈયાર રહેવું પડશે.

### ક્યાં કેટલું તાપમાન

| સ્થળ | મહત્તમ તાપમાન (ડિગ્રીમાં) |
| --- | --- |
| અમરેલી | ૪૦.૦ |
| વડોદરા | ૩૯.૮ |
| અમદાવાદ | ૩૯.૫ |
| મહુવા | ૩૯.૪ |
| સુરેન્દ્રનગર | ૩૯.૨ |
| ગાંધીનગર | ૩૯.૦ |
| સુરત | ૩૯.૦ |
| કંડલા એરપોર્ટ | ૩૮.૯ |
| રાજકોટ | ૩૮.૭ |
| વલ્લભ વિદ્યાનગર | ૩૮.૫ |
| કેશોદ | ૩૮.૧ |
| ભાવનગર | ૩૮.૦ |

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS